ધિ રત્નાવલિ. રત્ન ૩૯ મું.

એક અપૂર્વ લગ્ન.

અનુવાદક,

છગનલાલ હરિલાલ પંડયા, બી. એ.,

ચીફ એજ્યુકેશનલ ઑફીસર, જુનાગઢ.



પ્રકાશક,

ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ,

પ્રયોજક, વાર્તાવારિધિ,

સરકીવાડ—અમદાવાદ.

વિ. સં. ૧૯૭૨ ઈ. સ. ૧૯૧૬.

પ્રથમાવૃત્તિ. પ્રતિ ૧૫૦૦.

મુલ્ય રૂ. ૦—૮—૦.

शैलेन्द्रप्रतिपाद्यमानगिरिजाहस्तोपगूढोल्लसद्
रोमाञ्चादिविसंष्ठुलाखिलविधिव्यासंगभंगाकुलः।
आः शैत्यं तुहिनाचलस्य करयोरित्यूचिवान् सस्मितम्
शैलान्तःपुरमातृमंडलगणैर्दृष्टोऽवताद्वः शिवः॥

ગૌરીનો કર અર્પિયો હરતણા હસ્તે ગિરીન્દ્રે તદા,
રોમાઞ્ચાદિક વિક્રિયા પ્રસરતાં સ્પર્શે "અહા! હાથ આ
કેવો શીતલ છે હિમાલય તણો" એવું મુખાઇ વદ્યા,
માતાઓ મલકાતીં મ્હોં નિરખતાં, તે શંભુ રક્ષો સદા.

(કે. હ. ધ્રુવ.)

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં—શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.
પાંચ કુવા—અમદાવાદ.

પ્રસ્તાવના.

આ નવલકથા વાચકવર્ગ સમક્ષ મૂકતાં હું નિવેદન કરવાની રજા લઉંછું કે તેનું વસ્તુ એક અતિ લોકપ્રિય ઈંગ્રેજી નાટકને આધારે રચેલું છે પરંતુ ગુર્જર પ્રજાને અધિક રુચિકર થાય તથા આપણા રીતિરીવાજોથી વિરુદ્ધ ન ગણાય એવા હેતુથી તેમાં કેટલાક ફેરફાર અને સુધારા વધારા કરવાની જરૂર પડેલી છે. તેમ કરવા છતાં પણ મૂળની કંઇક છાયા કોઈકોઇ ભાગમાં રહી ગયેલી છે એ મ્હારા જાણ્યા બ્હાર નથી. પરંતુ તેને કેવલ સ્વદેશીય રૂપ આપવા જતાં તેની અસલ ખુબી જતી રહે છે તેથીજ આટલી ન્યૂનતા રહેવા દેવી પડી છે.

મૂળ ગ્રંથ વાંચતાં મને તે એટલો તો હાસ્ય તથા અદ્‌ભુત રસથી છલકાતો જણુયો, તેમાંના ભેદ ભરેલા વૃત્તાન્તો એવા અશ્રુતપૂર્વ લાગ્યા, તેનું ઉદ્‌ઘાટન એવું ચિત્તાકર્ષક માલમ પડ્યું કે મને તેનાથી થયેલા અવર્ણ્ય આનંદનો લાભ મ્હારા ગુજરાતી બંધુઓને આપવાને મ્હારૂં મન તલપી રહ્યું અને તેને પરિણામેજ આ કૃતિ જન-સેવાર્થે ઉત્પન્ન થઇ છે.

ઘણું કરીને અણધાર્યુંજ જગતમાં સર્વ બને છે; દેખીતા દોષમાંથી પણ પ્રભુ-કૃપાએ સારૂં ફળ નીકળી આવે છે, અને નીતિનું બળ અને વિજયપ્રદ થાય છે એ સિદ્ધાન્ત પ્રતિપાદન કરવાને આ કથા સમર્થ નીવડશે એવી મ્હારી માન્યતા છે.

વળી, વાંચનારને તેની સાથે એમ પણ પ્રતીત થયા વિના નહિ રહે કે પૂર્વ જન્મના સંસ્કાર ઉપરની શ્રદ્ધા જુના વિચારના આપણા હિંદવાસીઓમાં છે એટલુંજ નહિ પણ, વિદ્યામાં અને આપણાથી અતિ ઉચ્ચતર સ્થિતિયે પહોચેલા પાશ્ચાત્ય દેશીઓમાં એ તે કંઇ અસ્તિત્વ ભોગવતી નથી એમ નથી.

"વાર્તાવારિધિ" ના પ્રયોજક રા. રા. ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટે આ નવલકથાને પોતાની લોક-પ્રિય વાર્તામાળામાં સ્થાન આપ્યું તે માટે તેમનો હું ઉપકાર માનું છું.

જુનાગઢ.   છ. હ.

તા. ૨૮ નવેમ્બર ૧૯૧૫.

ક. આ નવલકથા વાર્તાવારિધિ નામના માસિકમાં એક વાર માં આવેલી. તેનો લાભ બીજા વાંચનારાઓને પણ મળે તેવા ને પુનઃ જુદા પુસ્તક રૂપમાં પ્રસિદ્ધ કરવાની તક અત્ર અમે લીધી છે.

પ્રકાશક.

અનુક્રમણિકા.

॥ ॐ श्री ॥

એક અપૂર્વ લગ્ન.

પ્રકરણ પેહેલું.

હુતાશની.

હિંદુસ્તાનમાં હુતાશનીનો માંગલિક દિવસ કયા હિંદવાસીથી અજાણ્યો છે ? મેઘરાજાએ મહેર કરીને વર્ષાઋતુને પોતાનો ભાવ બરાબર ભજવવા દીધો હોય છે, ત્યારે ધન ધાન્યની સમૃદ્ધિ સારી જામવાથી પ્રજાનાં મન સર્વ રીતે પ્રસન્ન રહે છે અને આ ઉત્સવમાં ઘણે સ્થળે આબાલ-વૃદ્ધ-જન પીચકારીઓ ભરી ભરીને ગુલાલ તથા કેસુડાંનાં જળ સ્નેહી સંબંધીઓ ઉપર છાંટી તેમનાં વસ્ત્ર તરબોળ કરી પોતે પણ તેવી દશાને પામવામાં અતિ આનંદ માને છે; કોઇ તો ગુલાલની મુઠીઓ ભરીને સામસામાં લઢે છે અને એક બીજાની આંખો ભરી નાંખવામાં જ મોજ માને છે. કોઇક સ્થળે હોરીનાં મધુર ગાયનની લ્હે લાગી રહે છે, તો કોઇ સ્થળે મારવાડીનાં ટોળાં ડફ લઇને ગુલાબી વસ્ત્રોથી સુશોભિત બનીને નાચતાં ગાતાં આમ તેમ ફરતાં જોવામાં આવે છે. ટુંકામાં આખું વાતાવરણ જ કેમ જાણે ઉડતા ગુલાલના રંગથી રંગાઇ ગયું હોય—હોળી રમનારાઓના અંતરમાં છવાઇ રહેલા આનંદની ઉર્મિયોથી ઉભરાતું હોય—ચારે પાસ ગાજી રહેલા મધુર સંગીતના સ્વરથી—હાસ્યધ્વનિથી નિરંતર વ્યાપી ગયું હોય—યુવક તથા યુવતીઓના નર્મ આલાપ સાંભળીને જાણે હસતુ હોય એમ લાગે છે. શોકનું તો એ પ્રસંગે નામ જ નિર્મૂલ થઇ જાય છે, દિલગીરીનો છાંયો પણ કોઇના મ્હોં ઉપર જણાતો નથી, જ્યાં જુઓ ત્યાં હસાહસ

અને રંગની રેલમછેલ સિવાય બીજું કંઇ દેખાતું નથી. દરિદ્ર સ્ત્રી પુરૂષો પણ કાલ શું ખાઇશું પીશું તેની ચિન્તા ભૂલી જઇને, માત્ર વર્ત્તમાન મહોત્સવના આનંદ-તરંગમાં જ ડુબકાં મારતાં કલ્લોલ કરે છે. કહીંક કહીં સામ સામે આવતાં આવાં હર્ષઘેલાં ટોળાં મર્યાદા મૂકીને વાગ્બાણ પ્રહાર કરે છે, તો કહીંક શૂરવીર પુરૂષો પક્ષ બાંધીને સામસામે, ઇંટો વિગેરેના પ્રહાર કરી એક બીજાને લોહી લુહાણ કરવામાં જ કૃતાર્થ થયા એમ ગણે છે.

આવા સર્વ-સામાન્ય ખુશાલીના તહેવારનો લાભ લઇને પોતાના અમુક સ્નેહીવર્ગને બિશનદાસે પોતાને ત્યાં ગંમત તથા ચા પાણી માટે આમંત્રણ કર્યું હતું અને સાંજ પડી જવાથી તેઓ હસતા રમતા તેના મકાન પાસે આવી પહોંચતાંજ તેની ઉઘાડી બારીઓ જોઇ તેમાં કાંકરા, કાગળના તથા લુગડાના ડુચા અને હાથમાં જે કંઇ આવ્યું તે નાંખવા લાગ્યા. તેઓ એમ ધારતા હતા કે આથી તે ચીઢાઇને બારીઓ બંધ કરી દેશે પણ તેવું કાંઇ બન્યું નહિ, તેથી તેના ઘરનું બારણું ઉઘાડીને તેઓ અંદર પેઠા તથા ખાંખા ખોળા કરવા લાગ્યા-કોઇ મેડી ઉપર પણ ચઢી ગયું, પણ કહીંએ બિશનદાસનો પત્તો લાગ્યો નહિ. ઘરમાં તેમના કોલાહલ વિના સર્વ શૂન્યવત્ હતું. આથી તેમને એવો ભાસ થયો કે, બિશનદાસે ખરેખર પોતાની સર્વેની મજાક જ કરી હશે ને ભૂખે પેટ બાળવાનો અખ્તરો અજમાવ્યો હશે! એવો વિચાર આવવાથી તેમને તેના ઉપર ખરેખર ચીઢ ચઢી ને જો તે વખતે તે ત્યાં આવી પહોંચ્યો હત, તો તેમનામાંથી કેટલાકના હાથનો કુંદાપાક ખાધા વિના પણ રહેત નહિ. કેટલાક સારા સ્વભાવના હતા તે એમ માનતા હતા કે એ કંદોઇને ઘેર મીઠાઇ વિગેરે લેવા ગયો હશે તે હમણાં જ આવશે. પણ વખત વીતતો ગયો ને એનાં દર્શન તો એવાં જ દુર્લભ રહ્યાં; તેથી સર્વેને ઘણી ખીજ ચઢી-ભૂખે મિજાજ જાય તેવાં નવાઇ પણ શી ? સપરમો દહાડો ને આનંદમાં ભાગ લેવાનું મળશે એમ ધારીને સૌ આવેલા તેમાં જ્યારે નિમંત્રણ કરનાર પોતે જ ન મળે, ત્યારે પછી બીજી તો આશા જ શી રાખવી ? તેના નામપર ગાળોનો વર્ષાદ વર્ષાવતા કેટલાક ઉછાંછળા માણસો આમથી તેમ ડોકીઆં કરતા હતા, તો કેટલાક દાવકું મ્હોં કરીને બોલતા કે એના ઘરમાં અન્નના જ સાંસા છે તો એ આપણને શું આપનાર હતો ! એ તો આપણે જ ગાંડા તે એનું આમંત્રણ કબુલ રાખીને આવ્યા.

વસ્તુતઃ હતું પણ તેમજ. બિશનદાસ જાતે હતો દેખાવડો ને કદાવર પણ પૈસે ટકે ખાલી. પિતા ગુજરી જતાં તેણે તેમની દુકાનનો માલ વેચી

નાંખીને જે કંઇ ઉપજ્યું, તેમાંથી એક મકાન ભાડે રાખ્યું હતું ને તેમાં પોતે ચિત્રકારનો ધંધો માંડયો હતો. તેના બાપે તેને ઘણું સમજાવ્યો હતો કે એ કામમાં તેની સ્વાભાવિક શક્તિ ન હોવાથી તે ફાવી શકશે નહિ. પણ બાપની હયાતીમાં જો કે તેણે પોતાની મનોવૃત્તિ દાબી રાખીને તેમના જ ધંધામાં જોડાવાનું વલણ દેખાડયું હતું, તો પણ તેમના ગુજરવા પછી તરત જ તે છોડી દઇને નિરંકુશ બની એ કામમાં વગર વિચારે વળ્યો હતો. તેનાં ચિત્રો આવી હકીકતને લીધે કોઈ ખરીદે એમ તો હતું જ નહિ છતાં પોતાને કોઇકિ દહાડો પણ ભાગ્યદેવી પ્રસન્ન થશે એવી દઢ આસ્થાથી તે એ ધંધાને વળગી રહ્યો હતો. તેનો હસમુખો ચહેરો—મોજીલો સ્વભાવ—પૈસા રહ્યા ત્યાં સુધી મિત્રોને પોતાને ખર્ચે ખવડાવવા પીવડાવવાનો શોખ–એ આદિને લઇને તેને સારા માણસોનું પિછાન થયું હતું, અને કેશરીસિંહ નામના એક ઠાકોરનો તથા તેનો સ્વભાવ પૂરેપૂરો મળતો આવવાથી તે બન્ને વચ્ચે ગાઢ મૈત્રી બંધાઇ હતી. કેશરીસિંહ એટલું તો સમજતો કે બિશનદાસનું ગુજરાન કંઇ ચિત્રોનાં નાણાંથી ચાલે એમ નથી તેથી તે પણ તેને એ કામ છોડી દઇને તેના બાપનો મૂળ ધંધો પાછો હાથ કરવાને ઘણી વાર શીખામણ દેતો, પણ તેની અસર ધુળ ઉપર લીંપણ જેવી થતી. ચિત્રો માટે સરસામાન જોઇએ તે ખરીદવામાં જ તેના પૈસાનો ઘણો વ્યય થતો હતો. તેનું લગ્ન તેના પિતાની સારી સ્થિતિને લીધે એક કુળવાન કુટુમ્બમાં થયું હતું, અને તેની સ્ત્રી જાગલકિશોરી સ્વભાવે સુશીલ તથા સુશિક્ષિત હતી તેથ. તે પણ સમજતી હતી કે આ ધંધામાં કંઇ એમનું વળવાનું નથી. તે નરમાશથી વારંવાર તેને આ કામ મૂકી દઇને પાછી તેના પિતાની દુકાન માંડવાનું કહેતી પણ બિશનદાસ એકનો બે થતો નહિ. તે તો એમ જ કહેતો કે, ઉતાવળે આંબા પાકે નહિ. મ્હારાં ચિત્રોને તમે આજ વખોડો છો પણ જોજો તો ખરાં કે આગળ ઉપર તેની કેટલી કિંમત થાય છે; આવા તેના દુરાગ્રહથી કંટાળીને તે તેની સાથે રહેવાનું પસંદ કરતી નહતી, કેમકે ઘર ખર્ચ માટે પણ તેની પાસે જોઇએ તેટલાં નાણાં ન હતાં તેથી તે પોતાના પિયરમાં જ રહેતી અને તેને કહેતી કે, મ્હારો ખપ હોય તો આ ધંધો પડતો મૂકી કોઇ સારો રોજગાર હાથમાં લ્યો. વખતો વખત તે તેને મળવા તેને મકાને જતી ને તેના ઘરનું કામકાજ કરતી. આજ તહેવારનો દિવસ હોવાથી તે બની ઠણીને ત્યાં જવા નીકળી હતી, પણ મકાન પાસે આવી ન હતી એટલામાં તો તેમાં ભરાયેલા તેના દોસ્તદારોની દષ્ટિએ તે દૂરથી જ પડી એટલે કેટલાક તેની સામા

જઇને તેને ઘેરી લઇને પૂછવા લાગ્યા કે, "આજ તે તમારા વરને થયું છે શું કે કહીં દેખાતા જ નથી ? અમને નોત્રીને આમ ખુવાર કરાય ? તમે તો જાણતાં જ હશો કે હમણાં એ ક્યાં રખડવા ગયા છે તેથી ઝટ એને તેડી આવો." જુગલે પોતાના શાન્ત સ્વભાવથી હસતે મ્હોએ ઉત્તર આપીને તેમને ઠંડા પાડયા અને "હમણાં જ તેમને શોધીને લઇ આવું છું" એમ કહેતી ત્યાંથી સટકી ગઈ. તેણે તેનાં હમેશ બેસવા ઉઠવાનાં સ્થાનકે તપાસ કરી પણ ત્યાં કહીં તેનો પત્તો લાગ્યો નહિ તેથી તે પણ ચિન્તામાં પડી કે આજ ક્યાં ઉડ્યા હશે ? કેશરીસિંહની સાથે કદી કંઈક ફરવાને તો નહિ નીકળી પડયા હોય ? એમ તે વિચાર કરતી હતી એટલામાં જ તેને પોતાની સામે આવતો જોઇને તેને નિવૃત્તિ થઇ અને બંને જણાં સાથે પોતાના મકાનમાં પેઠાં. ત્યાંના મેમાનો એવા તો પોતાની જ ગડમથલ ને કુથલીમાં પડયા હતા કે હળવે રહીને બારણું ખોલીને તેઓ અંદર દાખલ થયાં, તે કોઇએ જાણ્યું નહિ અને તેણે જ્યારે જરા ઘાંટો પાડીને સર્વને ચમકાવ્યા ત્યારે જ તેઓની નજર તેમના ઉપર પડી. તેમને જોતાંજ બધા તેમની આસપાસ વીંટળાઇ વળ્યા અને "હુરીઓ ! હુરીઓ !" કરીને "વાહ બિશનદાસ–ગંમત તો હોળીની ખુબ કરાવી ? ઘરમાંથી જ પલાયન કરી ગયા ને અમને બધાને રખડતા રાખ્યા તે જરા શરમાયા પણ નહિ ? એવું હતું તો કોણે તમને બાંધી માર્યા હતા કે આમંત્રણ ચિઠ્ઠીઓ મોકલીને મ્હોટા તિરસ્કારખાનો ડોળ કર્યો ? મેમાનની સરભરા તમારા જેવી તો કોઇએ નહિ કરી હે.– તમારે તો અમને "એપ્રીલ ફુલ" બનાવવાનોજ વિચાર હશે–નહિ વારુ ? હજી આવ્યા તો આવ્યા પણ ચા પાણી ક્યાં લાવ્યા છો ? ઘાંટા પાડી પાડીને અમારૂં તો ગળુંયે સૂકાઈ ગયું" એમ ઠપકો આપવા લાગ્યા. આવા તેમના ક્રોધ યુક્ત ઉદ્ગાર સાંભળીને તેમને વિવેકથી સાન્ત્વન કરતો કરતો બિશનદાસ નરમ અવાજે કરગરતો હોય તેમ કહેવા લાગ્યો કે, "ભાઇઓ, તમારે બેસી રહેવું પડયું ને મ્હારાથી તમારો સત્કાર કરવા ઘર આગળ રહેવાયું નહિ તે માટે મને ક્ષમા કરશો, પણ વાત અણધારી જ એવી બની કે મીઠાઇવાળાને પોતાના ઘરનાં બારણાં ઉપર એક ચિત્ર કઢાવવું હતું તે કઢાવવા મને તે બોલાવી ગયો ને તેના બદલામાં તેણે મને મીઠાઇ આપી તે જુઓ આ તેનો માણસ લઇને આવે. હવે તમારી ખાત્રી થશે કે મ્હેં તમારી મશ્કરી કરવાનો ઇરાદો રાખ્યો ન હતો. આનો આપ સ્વીકાર કરો ને આપની ક્ષુધા–તૃષાને શમાવો. આપને સારૂ કઢેલું દૂધ પણ તૈયાર છે."

સર્વ દોસ્તદારો તેની આ ઉદારતા તથા પોતાના આનંદને માટે કાળજી

જોઇ જંખવાણા પડી ગયા ને પોતે જરા ઉતાવળા થઇ ગયા એમ માંહો-માંહે કહેતા કહેતા, મીઠાઇ ઉપર હાથ ચલાવતા ચલાવતા, એનાં વખાણુ કરવા લાગ્યા. ખાઇ પીને તૃપ્ત થયા બાદ તેમનામાંથી જે સારા ગાનાર હતા તેમને કોઈ મઝાની હોરી લલકારવાની ફરમાશ થઇ. એકાદ જણુ બિશન-દાસના હારમોનિયમપર બેસી ગયો ને એક જણુ ત્યાં ખૂણામાં પડેલાં તબલાં ખસેડી લાવી તેને મેળવવા લાગ્યો. યોગ્ય સમયે સર્વ સજ્જ થતાં ત્યાં ગાયન-ની જમાવટ થઇ ગઇ અને પ્રેક્ષકો 'સાબાશ'-'વાહ વાહ'-'જીતે રહો' કરતા કરતા એક પછી એક ઉપાડાતી ચીજ સાંભળવામાં એવા તો લીન થઇ ગયા કે રાત કેટલી વીતી તેનું કોઇને ભાન પણ રહ્યું નહિ. આખરે થાકીને સર્વેએ વિદાયગીરી માગી એટલે બિશનદાસે સર્વને પાન સોપારી, અત્તર, ગુલાબજળ આદિ આપી ખુશ ખુશ કરી દીધા અને મહેમાનો તેનો ઉપકાર માનતા માનતા એક પછી એક પોતાને યથેચ્છ સ્થાને ગયા.

પ્રકરણ બીજું.

બુરખાવાળા ત્રણ પુરૂષો.

કેશરીસિંહનો વિચાર બિશનદાસને ત્યાં ગમતમાં ભાગ લેવા આવવા-નો હતો. એને એવાં કાર્યમાં ઘણો આનંદ થતો. જીંદગીમાં નવી નવી મોજ મઝા કેમ માણવી એના જ એ રોજ વિચાર કર્યા કરતો હતો. પોતે ઉછરતો યુવાન અને અતિ સ્વરૂપવાન હતો–ઉદયપુરના એક પ્રતિષ્ઠિત જાગીર-દારનો પુત્ર હતો–વિદ્યા સંપાદન કરવા માટે વિલાયત જઇને બારીસ્ટર થઈ આવ્યો હતો. પણ તેનું ફળ એટલું જ આવ્યું હતું કે, બાપના પૈસા હતા તે બધા-ખરચાઇ ગયા હતા ને ભાઇ તો અતોભ્રષ્ટ ને તતોભ્રષ્ટ થઇને પાછા સ્વદેશ આવ્યા હતા. ત્યાં જઇને જો કંઇ શીખી આવ્યા હોય તો કોલર, નેકટાઇ, પાટલુન, બુટ, કોટ, જેકેટ. આદિ કેમ સારી રીતે પહેરવાં, વાળનાં પટિયાં કેવી ચિત્તાકર્ષક રીતે પાડવાં–મકાનમાં સર્વ સામાન કેવી સ્વચ્છતાથી ગોઠવવો ને રાખવો–ખાવા પીવામાં જાતિભેદ ન ગણકારતાં–અભક્ષ્યાભક્ષ્ય-ની ચિંતા ન રાખતાં–કેમ વધારે ઉલ્લાસ આણવો—બીડી ને સીગાર સારામાં સારી કેમ પસંદ કરવી–અને ખાલી ખીસ્સે પણ તવંગરપણાનો ડોળ કેમ રાખવો–એટલું જ હતું. બાપની પુંજી ગુમાવ્યા પછી વળી બાકી રહ્યું હતું

તે દેશમાંએ કરજ કર્યું હતું. બિચારા બિશનદાસનું પણ જે કંઈ નાણું બચત હતું તે પોતે ઉછીનું લીધું હતું અને તે બધું તેની આંગળીઓમાંથી પાણીની માફક સરી ગયું એટલે હવે પાછા ભીખારીના ભીખારી બન્યા હતા. એટલું તો કહેવું જોઇએ કે, આ બધા દુર્ગુણો છતાં ત્હેનું અંતઃકરણ ઘણું જ દયાર્દ્ર હતું. સ્વભાવે તે ઘણો શાન્ત, ઉદાર તથા ધીર હતો ને પોતાના ઉપર પૂર્ણ વિશ્વાસ રાખનારનો કદી પણ વિશ્વાસઘાત કરવાનું તેના મનમાં આવતું નહિ. બિશનદાસની સ્થિતિ નબળી જોઇને ઘડી ઘડી એને એમ જ થઇ આવતું કે હું ક્યારે કંઇ કમાઉં અને આ મ્હારા મિત્રનું ઋણ પતાવું. કમાણી વિના પોતાને જે મુસ્કેલીઓ ભોગવવી પડતી હતી તેનો વિચાર તેને ક્વચિતજ આવતો. જાતે ખુશ મિજાજી હોવાથી તે જે મળતું તેથી ચલાવી લેતો, પણ પોતાના મિત્રનું દુઃખ તેનાથી જોવાતું ન હતું. તે જાણતો હતો કે, જેટલા પૈસા તેણે તેની પાસેથી લીધા હતા તેટલા જો આજ તેના મિત્રના હાથમાં રહ્યા હત, તો એ જોડું બિચારૂં સાથે રહીને સુખમાં દિવસ નિર્ગમન કરી શકત; અને પોતે-તેનો મિત્ર-તેનો હિતૈષી છતાં-આવો તેના સુખમાં અંતરાય થઇ પડયો એ વિચારથી એનું હૃદય બહુ બળતું હતું. બીજી પાસ બિશનદાસ તેને એટલો ચાહતો કે, મ્હોમાંથી એક અક્ષર પણ પોતાનાં નાણાં સંબંધી કોઇ દહાડો ઉચ્ચારતો નહિ. પોતાને ગમે તેવી સંકડામણ પડે તો તે વેઠવી પણ મિત્રને આપેલું ધન પાછું ન માગવું એવો એના મનમાં એણે દૃઢ સંકલ્પ કરી રાખ્યો હતો, તેથી કોઇવાર કેશરીસિંહ એ વાત છેડતો તો બિશનદાસ પોતેજ તરત તે ફેરવી નાંખતો.

આજ કેશરીસિંહ બહારથી પોતાને મકાને પાછો ફર્યો ત્યારે તેના મનમાં વળી એજ વિચાર આવ્યો હતો. પોતાને બિશનદાસને ત્યાં જવું હતું એટલે તેને માટે લાગણી થાય એ સ્વાભાવિક હતી. તેથી મેડીએ ચડતાં શુદ્ધ અંતઃકરણથી પ્રભુ પાસે માગવા લાગ્યો કે, હે દીનદયાળ, ગમે તેમ કરીને એટલી તો સમૃદ્ધિ અપાવો કે આ મ્હારા ગરીબ મિત્રનો હું અનૃણી થાઉં અને એ વિવેકી પણ વિયોગી વરવધુની જીંદગી સુધારી શકું. આવો વિચાર કરતો કરતો તે પોતાના મકાનનું બારણું ઉઘાડીને અંદર પેઠો તો તેની નજરે એવો કોઇક વિચિત્ર દેખાવ પડયો કે, તે જોઇને તે સ્તબ્ધ જ બની ગયો. ક્ષણભર ગભરાટમાં પડયા છતાં તે તરત જ સ્વસ્થ થયો અને તેના ઓરડામાં અગાઉથી ભરાઇ પેઠેલા માણસો તરફ તેણે સાભિમાન તિરસ્કારયુક્ત દૃષ્ટિ નાંખી.

ત્રણ માણસો કાળો બુરખો ઓઢીને પોતાનાં સર્વ અવયવ સંતાડીને ખુરશી ઉપર બેઠેલા હતા. થોડીવાર સુધી તો કોઇ કંઇ બોલ્યું નહિ એટલે કેશરીસિંહે જરા આગળ આવીને તેમને હિંમતથી ટકોરતાં સવાલ કર્યો.

"કેમ સાહેબો ? આ અજાણ્યા ઘરમાં ઘોલ્લઇગા થઇને આવવાનું આપને શું પ્રયોજન ?"

ત્રણમાંનો એક જણ આ પ્રશ્ન સાંભળી જરા ચળ્યો અને બદલેલા અવાજે જરા ખોખરા શબ્દમાં પુછવા લાગ્યો કે—"તમારૂં નામ કેશરીસિંહ ?"

કેશરીસિંહે હાકારમાં ડોકું ધુણાવીને જવાબ આપ્યો એટલે તે કહેવા લાગ્યો:—

"તમારૂં દેવું ઘણું વધી ગયું છે તે પતાવવા તમે સમર્થ થાઓ તો તેના બદલામાં કાંઇ કામ કરો ખરા ?"

કેશરીસિંહ આ સાભળી ચમક્યો. શું પ્રભુને તેની અરજ એટલામાં જ પહોંચી ગઇ હશે અને તેમણે જ આ ગુપ્ત દૂતોને મોકલ્યા હશે ? એ વિચાર આવતાં તેના મુખ ઉપર સ્મિત પ્રકટ થયું અને તેણે ખુશાલી જણાવતાં ઉત્તર આપ્યો કે:—

"મને કોઇપણ કામ પ્રમાણિકપણે કરી શકાય એવું આપ બતાવશો તો તે કરવાને હું તત્પર છું. આપ નાણું મને ધીરશો તો પછી હું આપને તે ભરી આપીશ."

"અરે એમાં તો તમે વધારે વધારે ઉંડા ખાડામાં ઉતરતા જાઓ છો તે જોતા નથી ? અમો તો તમને એથી વધારે સારો રસ્તો બતાવવા માગીએ છીએ.'

કેશરીસિંહ ફરીથી હસ્યો અને કહેવા લાગ્યો—"ઠીક. ભાઇઓ, આપનું કામ મ્હેં જાણ્યું છે તેમ કેવળ પ્રમાણિક હશે તો હું આપની સાથે તે સંબંધી કરાર કરવા તૈયાર છું."

"તમારે કેટલી રકમ જોઇશું ?"—બુરખાવાળા ત્રીજા શખ્સે પૂછ્યું.

કેશરીસિંહ વિચારમાં પડયો પણ તેણે ઝટ જવાબ વાળ્યો કે—'એ તો આપ જે કામ સોંપો તેના ઉપરથી નક્કી થ.ય."

"અમે તો એમ પૂછીએ છીએ કે તમારૂં તમામ દેવું વાળવા માટે તમારે શું જોઇએ ?" પહેલા બુરખાવાળાએ કહ્યું.

"એમ ? ત્યારે તો પચાસ-સાઠ હજાર રૂપિયા હોય તો બસ ?"

"અમે તમને પચીસ હજાર રૂપિયા આપવાને તૈયાર છીએ."

કેશરીસિંહને આ વાત સાંભળતાં જાણે બંદૂકની ગોળી વાગી હોય એમ ચમકારો થયો. પચીસ હજાર રૂપિયા !–એકદમ–વગર મહેનતે !–મ્હારા વ્હાલા મશ્કરી તો નહિ કરતા હોય ?–પણ કોણ જાણે કંઇ કાવતરૂં રચીને આવ્યા હોય તો ?–આજ હોળીનો દિવસ છે ને મ્હારા મિત્રોમાંથી જ આમ કોઇ છેતરવા આવ્યા હોય તો કેમ ના બને ?–આવી શંકાઓ ઉત્પન્ન થવાથી તેણે તેમની પરીક્ષા વધારે કરવાનું ઉચિત ધાર્યું ને તેથી તે બોલ્યો કેઃ—

"ભાઇઓ, તમારી દરખાસ્ત કંઇક રમુજી લાગે છે. હું એમ સમજું છું કે મ્હારી પાસે તમે કંઇક કામ કરાવવા માગો છો ને તેના બદલામાં તમે મને પચીસ હજાર રૂપિયા આપવાનું કહો છો. કેમ ખરૂં ?"

તે ત્રણે જણે ડોકું હલાવી પોતાની સંમતિ આપી.

"ઠીક–ત્યારે હવે સવાલ એટલો જ રહ્યો કે, મ્હારે કેવા પ્રકારનું કામ કરવાનું છે. રકમ જેવી તેવી નથી તેથી મને મ્હારા મનનો વહેમ દૂર કરવા પૂછવા દેશો કે મ્હારે કંઇ ગુન્હો તો કરવાનો નથી ?–કોઇનું મ્હારે હાથે તમે ખુન બુન તો કરાવવાનું ધારતા નથી ને ?"

ત્રણે જણે પોતાનાં ડોકાં હલાવીને ના પાડી.

"ત્યારે એટલી તો નિરાંત થઇ. હવે શું કંઈ ચોરી બોરી કરવાની છે?"

"ના–ના"–તેઓએ એકી અવાજે કહ્યું. "અમે તો તમારૂં લગ્ન કરવા માગીએ છીએ."

લગ્ન શબ્દ સાંભળી કેશરીસિંહ ચમકે એમાં નવાઇ નહતી. લગ્ન કરવા માટે કોઇ ઉલટા પચીસ હજાર રૂપયા તે આપતું હશે ? આ વાત તેના માન્યામાં ન આવી તેથી તે બોલ્યોઃ–"બસ લગ્ન જ–બીજું કંઇ નહિ ?" એમ બોલી તે ત્રણેના તરફ તાકીને જોવા લાગ્યો પણ તેમના બુરખાવાળા ચહેરા ઉપર તેમના મનની લાગણીની અસર કંઇ જણાય ?

"વારૂ ત્યારે હવે કહો કે મ્હારે કોની સાથે પરણવાનું છે ?"

"તમારાથી તેનું મ્હોં જોઇ શકાશે નહિ, તેમ તમને તેનું નામ પણ કહેવામાં આવશે નહિ."

"શું મ્હારે વગર જોયે–વગર જાણે–પરણવું ?–આ તે કેવી વાત કરો છો ?"

"હા–અમારે શરત એટલી જ કરવાની છે કે તમારે તે સંબંધી કંઇ પૂછગાછ કરવી નહિ ને લગ્ન થઇ રહે કે તરત તમારે આ શહેર છોડીને દૂર દેશાવરમાં ચાલ્યા જવું."

" બસ—એટલું જ—કે હવે કંઇ વધારે છે ? "

"હાલ તો એટલું જ—પણ થોડા મહિના પછી તમારી સ્ત્રી છુટા છેડા મેળવે ત્યારબાદ તમારે પાછું આ ભૂમિમાં આવવું હોય તો આવવું. તે પહેલાં પગ મુકશો તો પરિણામ જોખમકારક આવશે."

કેશરીસિંહનું મન તો આ સાંભળીને ચગડોળે ચઢયું. આવી વિચિત્ર રીતે લગ્ન કરાવવામાં એમને કંઇ લાભ હશે કે એઓ માત્ર મશ્કરી કરતા હશે તે પણ હાલ નક્કી થાય એમ નહતું, પણ તેને એમ જ લાગ્યું કે તેમની વાતમાં હાજીઓ ભણવાથી જ ધીમે ધીમે તેમનો હેતુ કંઇક જાણી શકાશે. વધુ વિચાર કરતાં પ્રથમ તો તેને એમ થયું કે આવી હલકી રીતે કોઇ સારી સ્ત્રી સાથે લગ્ન કરીને તેને ફસાવવા કરતાં—કોઇ અજાણી સ્ત્રી જોડે અંધારામાં જોડાવા કરતાં ભલે પોતે દેવાદાર ને નિર્ધન રહે. પણ આવું હીણું કામ તો ન કરવું, તેથી તેને એકદમ ના કહેવાનો સંકલ્પ થયો—પણ વળી વિચાર આવ્યો કે રકમ ઘણી મ્હોટી હતી;—પોતાને કમાઇનાં સાધન કંઇ હતાં નહિ-" બ્રીફલેસ-બારીસ્ટર " એટલે બીજું શું પૂછવું ? રોજ કોર્ટમાં ધક્કા ખાઇને બૂટ ફાડે તેમાં શું વળવાનું ? પોતાના મિત્રનું દેવું પતાવી દેવાની તીવ્ર ઇચ્છા છતાં સાધન કંઇ હતું નહિ તેથી આ લાગ હાથમાંથી જશે તો ફરી એવો અવસર આવશે નહિ. લક્ષ્મી ચાંલ્લો કરવા ત્યારે મ્હોં ધોવા ન જવું. જોઇએ તો ખરા શું થાય છે—પરણ્યા પછી એ સ્ત્રીની કંઇક નિશાની હાથમાં નહિ આવે ? એ પણ શાણી હશે તો મ્હારી તપાસ કર્યા વિના નહિ રહે. તેથી કંઇક પણ પત્તો જરૂર લાગશે ને આ લોકોનું કાવતરૂ ઉઘાડું પાડી શકાશે. એની શોધ ખોળ કરવામાં પણ મ્હારો કંઇક ઉત્સાહ વધશે ને ગંમત પડશે. એ લોક ધારતા હશે તેમ જ સર્વ બનશે એમ પણ કોણે કહ્યું ? એ કન્યા કેવી હશે તે તો એના હસ્તનો સ્પર્શ થએથી જણાશે.-મ્હારી જીંદગીમાં આ એક નવું સાહસ થશે તેથી લાવને ઝંપલાવું.-એમ સંકલ્પ વિકલ્પ કરતાં તેણે તે લોકને હકારમાં જવાબ આપ્યો ને લગ્ન ક્યારે થવાનાં તે પૂછ્યું. તેના ઉત્તરમાં તેઓએ કહ્યું કે:—

" આજ રાતે. "

આ શબ્દ કાને પડતાંજ તે વળી વધારે ચમકયો. "આજ રાતેજ." એથી તો વળી હદ વળી ગઇ. ફરી મનમાં એમ થવા લાગ્યું કે આ બધા પંચાતમાં મ્હારે શું કરવા પડવું જોઇએ ? એટલામાં પાછો બિશનદાસનો અને જુગલનો વિચાર આવ્યો; અને આ ભેદ ભરેલા બનાવમાંથી શા શા

ફણગા ફૂટશે તે જોવા જાણવાનું કુતૂહલ પણ પ્રદીપ્ત થયું; એટલે તરત જ તેનો સંકલ્પ દૃઢ થયો.

"ઠીક ત્યારે-મ્હારે તો આજની રાત ને બીજી કોઈ રાત સરખી જ છે. જેવી આપની ઇચ્છા. લગ્નરૂપી ઠંડા દરિયામાં ઝંપલાવવાનો જ્યારે મ્હેં નિશ્ચય જ કર્યો ત્યારે પછી કિનારે ઉભે ઉભે ધ્રુજવું એ શા કામનું? હવે એ વિધિ થવાની કયાં?"

બુરખાવાળા ત્રણે જણ ઉભા થઇ કહેવા લાગ્યા "જ્યાં તમારી ઇચ્છા-પણ એટલી વાત ધ્યાનમાં રાખવાની છે કે તે તદ્દન ખાનગીમાં થવી જોઇએ."

"ત્યારે તો મ્હારા મિત્ર બિશનદાસના મકાનમાં થાય તો શું ખોટું! આપને તો તેનું ઠેકાણું કદાચ જાણવામાં હશે કે નહિ પણ તે ઘણું એકાંત સ્થળ છે. ચિંચપોગલી નં. ૫૮૬. ત્યાં આપને કોઇ પણ પ્રકારનું વિઘ્ન નડશે નહિ. પણ મ્હારા મિત્રને મ્હારે આ ગુપ્ત પ્રકરણમાં સામેલ કરવો પડશે."

"ભલે તેની કંઇ ચિન્તા નહિ પણ એણે એ આપની સાથે આજ રાત્રે જ અંહીથી કૂચ કરી જવી પડશે, અને આપને જે શરત લાગુ છે તે જ એને પણ લાગુ પડશે. આપ બેમાંથી કોઇએ આપના બીજા મિત્રો જોડે પત્ર વ્યવહાર પણ કરવાનો નથી. આજ રાત્રે બરાબર બાર વાગતાં લગ્ન થશે. તે પૂર્ણ થતાં જ આપના હાથમાં મુંબઇબેંક ઉપરનો પચીસ હજાર રૂપિયાનો ચેક મૂકવામાં આવશે."

"સદ્ગૃહસ્થો, આપનો હું ઘણોજ ઉપકાર માનું છું." એમ કહેતાં કેશરીસિંહે એક હાથે બારણું ખોલી તેમને જવાની નિશાની કરી. "હું અચુક બાર વાગે ત્યાં હાજર થઇશ."

એક પછી એક આ કાળા બુરખાવાળા ત્રણ જણ ત્યાંથી ભૂતની માફક અંધાર પીછેડામાં વીંટલાયલા ચાલ્યા ગયા અને ઘરની બહાર નીકળ્યા કે કેશરીસિંહ પોતાના ઓરડાનું દ્વાર બંધ કરી, ધબ લઇને આરામ ખુરશીમાં પડયો. સ્વાભાવિક રીતે તેનું મન આ અવનવા, અણધાર્યા, આશ્ચર્યજનક, ભેદ ભરેલા વૃત્તાન્તથી ઉશ્કેરાઇ ગયું હતું. પોતે હમણાં તે કાળા કાળા-ભયાનક લાગતા પુરૂષોની સાથે મળ્યો-લગ્નનો ઠરાવ કર્યો-પચીસ હજારની કબૂલત થઇ-એ સર્વ સ્વપ્નુ હશે કે સાચું એનો પણ હવે એને વહેમ પડવા લાગ્યો. આ મસલતનાં મૂળ ક્યાં સુધી પહોંચ્યાં હશે, કઇ નિરાપરાધી બાળાને એ લોક ફસાવવા માગતા હશે-શા હેતુથી-શી સ્વાર્થ-બુદ્ધિથી-

કોના હિતની ખાતર-કોની પ્રેરણાથી-અને પોતાને હમણાંનો દેખાતો લાભ પરિણામે તેવે જ રૂપે રહેશે કે વિપરીત રૂપાન્તર પામશે-પોતાને આ અજાણી દિશામાં જવાથી કેટલું જોખમ વેઠવું પડશે-એ સર્વના ઉપરા ઉપરી વિચાર તેને આવવા લાગ્યા અને તેની સાથે બિચારા બિશનદાસને પણ પોતાની જોડે પોતાને માટે દેશનિકાલની સજા ભોગવવી પડશે-જુગલ જેવી સુશીલ સ્ત્રીને તેના પતિનો વિયોગ થશે-તેને કારણ જણાવ્યા વિના-ક્યાં જઇએ છીએ તે પણ કહ્યા વિના-ફરીથી મળ્યા વિના-તેનાથી એ છૂટા પડશે કે નહિ એ પણ શંકા થવા લાગી. આવી રીતે એ માયાળુ જોડું છૂટું પડવાથી જુગલને કદાચ બિશનદાસને માટે કંઇ ખોટો વિચાર ભરાઇ જાય એ પણ સ્વાભાવિક હતું તેથી તેનું કેમ નિવારણ કરવું એ વિષે એણે ઘણા તર્ક વિતર્ક કર્યા પણ કંઇ સૂઝ પડી નહિ. ઘડીક પહેલાં પોતે દરિદ્રાવસ્થામાં ડૂબેલો હતો ને ઘડીક પછી મ્હોટો તવંગર બની જશે-કુંવારો મટીને પરણેલો બની જશે-પણ તે કોને—કોનો ભવ બાળવાને?—એ બિચારીએ શાં પાપ કર્યાં હશે કે એને આવી શિક્ષા થતી હશે?-જેને એણે જોયો નહિ હોય એવા પુરૂષની સાથે લગ્ન કરવાને એણે શું ખુશીથી હા પાડી હશે? કયા બળથી એના ઉપર એ લોક આમ ફાવી શકયા હશે? શું એને બેડીમાં નાંખીને-કે આંખે પાટા બાંધીને લાવશે? અરે કયાં ગયું મ્હારૂં જાતીય ક્ષત્રીયત્વ—મ્હારા જેવો બાયલો નામરદ કોણ હશે કે માત્ર તુચ્છકારા દામની ખાતર એક નિર્દોષ બાળાનો વધ કરવાને-તેને જીવતો રંડાપો આપવાને તૈયાર થાય? મ્હારે જ હવે તો હાથે ચુડીઓ પહેરવી ઘટે છે—શામાટે હું એનું રક્ષણ કરીને આ દુષ્ટોનો સંહાર કરવાના ઉપાય શોધતો નથી?-પણ હું એકલો ને એ ત્રણ જણ, ને કદી હું પ્રહાર કરવા ગયો હત તોપણ મ્હારૂં શું ચાલત?-પોલીસને ખબર આપું? -ના, ના, એમાં તો ઉલટી બાજી બગડે. આમ સાહસ કરવા કરતાં કળે કરીને એ બાળાને એ પ્રપંચીઓની જાળમાંથી મુક્ત કરવી એ જ ડહાપણ છે. થોડી વાર કદી એને મ્હારા વિષે હલકો વિચાર આવશે—મને એ કેવળ સ્વાર્થી ગણશે-પણ ફિકર નહિ—સર્વાન્તર્યામી પ્રભુના સાહાય્યથી હું એને આખરે આ વરૂઓના પંઝામાંથી છોડાવીશ—બચાવીશ-એનું મ્હોં જોવા પામીશ-એના સુખદુઃખની કથાથી વાકેફ થઇશ અને સદ્ભાગ્યે એ મને ચાહતાં શીખશે તો અમારૂં આ અપૂર્વ લગ્ન સુખી પણ નીવડશે. એ રૂપવતી તો હશે જ-નહિ તો આ લોક આટલો જાપ્તો શામાટે રાખે?—

આ વિચાર આવતાંજ એણે ઝટ પોતાનાં ઉત્તમ વસ્ત્રો પહેરીને નીકળવાની તૈયારી કરવા માંડી. બન્નેને એ મને ના જુવે કે હું એને ના જોઉં.

પણ લગ્નનો પ્રસંગ શું વારંવાર આ ભવમાં આવવાનો છે ? હસ્ત-મેળાપ થશે તે વેળા એનો હાથ કેવો છે, એણે શું આભૂષણ પહેર્યું છે-એનું શરીર કેવું કોમળ-કેવું ગોરૂં છે એ વિગેરેનું કંઇક પણ ભાન થશે. એને મ્હારો હસ્ત સ્પર્શ કેવો લાગે છે એ તો એ જાણશે. તે કંઈ મ્હારાથી સમજાય ? પણ સ્વચ્છ અને સબળ ગોરા હાથ—મજબુત આંગળીઓ,—સુંદર, ગોળ, સરખા ઘાટના શ્વેત નખ કંઇકિ પણ મ્હારો પક્ષપાત તો કરાવશે જ.

આ પ્રમાણે વિચારની લ્હેમાં તણાતો તણાતો, તકતા સામે ઉભો રહીને સર્વ પ્રકારે સુંદર જણાવવા માટે યોગ્ય ઉપચાર કરતો કરતો, ગળામાં કંઇક ઝીણું તાન લલકારતો લલકારતો તે શંગરાઇને બારણું બંધ કરી બિશનદાસના ચિત્રભવનમાં જવા નીકળી પડયો.

પ્રકરણ ૩ જું.

ચિત્રકળાને છેલ્લી સલામ.

ખાઈ પી, ધમ્માચકડી મચાવી, રંગ રાગથી તૃપ્ત થઇ, સર્વ વસ્તુ અસ્ત વ્યસ્ત કરી મુકી એક બીજાની મજાક મશ્કરી કરતા કરતા બિશનદાસના મેમાનો મોડી રાતે મ્હોટેથી હસતા હસતા પોત પોતાના સ્થાને ગયા એટલે એ દંપતી એકલાં પડયાં ને બિશનદાસે કંઇક નિવૃત્તિ મળવાથી નીરાંતનો નિશ્વાસ નાંખ્યો. જુગલ તો મુગી મુગી બેસી જ રહી હતી. તેના તરફથી કંઇ વાતચીતની શરૂઆત થશે એમ એ ધારતો હતો પણ તેમાં નિષ્ફળ થવાથી, આ ઉત્સવને દિવસે પોતાની પત્ની સાથે એકાન્તમાં બેસીને આનંદના ગપાટા સપાટા મારવાનો જે લાગ મળ્યો હતો તે ન જવા દેવાના હેતુથી આખરે બિશનદાસે જ પહેલ માંડી.

" જુગલ-મ્હેં તો હવે નક્કીજ કર્યું છે કે આપણે કાલથી ઘર માંડવું. "

" એ હો ? "

" કેમ એમાં શી મ્હોટી વાત છે ? તને ગૃહિણી-ધર્મ બજાવવામાં કંટાળો આવતો હોય તો તું જાણે-બાકી તો મ્હારી સર્વ તૈયારી છે જ. કહે ના કહે પણ આજ ત્હારૂં મન કંઇક ઉદાસ લાગે છે. "

" હોગે ખરૂં. તમારે કોઇનું કહ્યું માનવું નહિ. પાઇની પેદાશ નહિ

ને ખર્ચ તો મોટા શાહુકાર જેવું રાખવું તે ક્યાં સુધી પહોંચશે ? ઘર તે શું મ્હોએ બોલ્યા એટલે મંડાઇ ગયું ? એ તો તાંબાની તોલડી તેર વાનાં માગે. ઘરમાં શું ના જોઇએ ? અત્યાર સુધી તો એકલા રહો છો તે કંઇ લાગતું નથી; પણ કાલ સવારે હું મ્હારા બાપને ઘેરથી આવીને અહીં રહું તો શા વિના ચાલે ? ને તે બધું લાવવું ક્યાંથી ? તમારે ચિત્રનો ધંધો છોડવો નહિ ને કમાણી બીજી કંઇ કરવી નહિ એટલે શો ઉપાય ? ”

“ ગાંડી રે ગાંડી ! ચિત્રના કામમાં તું શું સમજે ? અરે મ્હારાં ચિત્રોની આજ કિંમત નહિ થાય તો તેની ચિંતા નહિ. લોકો એની ખરી ખુબી સમજશે ત્યારે તો એને માટે માગાં ઉપર માગાં આવશે એવા પણ દિવસો નક્કી આવવાના છે. મ્હારી કીર્ત્તિ દશે દિશામાં જામવાની છે અને મને એટલું બધું કામ મળશે કે મ્હારાથી તે કરી પણ શકાશે નહિ. જો ને આજની મીજબાનીમાં મ્હારે કાંઇ ઝાઝો ખર્ચ થયો છે ? મીઠાઇ તો બધી મફત આવી. કંદોઇની દુકાનના બારણા ઉપર એવું એક સુંદર ચિત્ર હું કાઢી આવ્યો છું કે તે જોઇને એનાં ગ્રાહક લલચાઇને એને ત્યાં પડાપડી કરવાનાં અને એની ઘરાકી વધશે તથા મ્હારૂં નામ મશહૂર થશે. એમ ધીમે ધીમે સઉ સારાં વાનાં થાય. ઉતાવળે કંઇ આંબા પાકતા હશે ? ”

“ એમ એવી ધુળ જેવી વાતમાં તે શું ફુલાઇ જાઓ છો ? એમાં જ શું તમે તવંગર બનવાના હતા કે ? જવાદો ને હવે મ્હારે મ્હોંએ વધારે વાત કરાવ્યામાં શું ફળ છે ? મ્હેં તો નક્કીજ કર્યું છે કે આ ભવમાં તમારી સાથે મ્હારે ઘર માંડીને રહેવા વારો આવવાનોજ નથી. તમે તમારી જીદ છોડવાના નથી ને કેશરીસિંહભાઇને ઘેર મ્હોટી રકમ નાંખી આવ્યા છો તે પાછી માગવાના એ નથી એટલે ઘર તે શામાંથી ચલાવવું ? એ કંઇ પોતાની મેળે પાઇએ આવીને આપી જાય એમ નથી. ભૂખડી બારશ. લાલચોળ થઈને આમ ટાપટીપ કરીને બહાર ફરે તેમાં શું રંધાયું ? એમને શી તમારી પડી છે ? ”

“ અરે તું ભૂલે છે—એ એવા નથી. એ પૈસા તો જ્યારે જોઇએ ત્યારે આપણને મળે તેમ છે. એ તો આપણો દાટેલો ખજાનો સમજજે;— એમના મનમાં આપણે વિષે કેવું થાય છે તે હુંજ જાણું છું. હાલ એમનો હાથ જરા ભીડમાં છે પણ તે શું કંઇ રોજ એવી ને એવી દશા રહેશે ? ગામ ગરાસ તો મંડાઇ ગયો છે પણ પોતે છે બુદ્ધિશાળી તેથી કમાયા

વિના નહિ રહે. ”

“ ભલેને તમે તમારા મનમાં મોતીના ચોક પૂરો પણ એ ઘુંટડો મ્હારે ગળે ઉતરવાનો નથી. એમની વાતો લોકોમાં કેવી કેવી થાય છે તે તમે કયાં જાણો છો ? તમારા એ દોસ્ત મ્હારી સાથે બહુ માનથી વર્તે છે એ વાત ખરી પણ દેવું વાળવાનો દુર્ગુણજ એ શીખ્યા નથી.”

“ વ્હાલી ! તું જાણે છે કે એમના પિતાએ મ્હારા પિતા ઉપર કેવો હાથ રાખ્યો હતો ? દુકાન પણ બધી એમણે જ મંડાવી આપી હતી, તો પછી તે વેચીને તેનાં નાણાં જે આવ્યાં તેમાંથી એમને ખપ લાગે તેટલાં આપ્યા વિના મ્હારે ચાલે ? આપણું તો વળી થઇ પડશે. પ્રભુ સરખો દાતાર છે. ભૂખ્યાં ઉઠાડે પણ ભૂખ્યાં સુવાડતો નથી.”

“ હાલ તો એ નાણાં તમારા કામમાં આવવાની આશા રાખશો જ નહિ, ને તમને એ ન મળે ત્યાં સુધી ઘર ચલાવવાની વાત પણ કરશો જ નહિ. એક વખતે પૂછી તો જુઓ. ”

“ શું હું નાણાંની વાત પણ એમને મ્હોંએ કરૂં ? ભલેને ભૂખે મરી જાઉં તો શું થયું. ”

“ ઠીક, ત્યારે રહો એકલા ને બગાડો બીજા કાગળ, મ્હારે શું ? પ્રભુ મ્હારા પિતાનુ ઘર સલામત રાખે. એ મને ટાઢો રોટલો આપે છે ને ઢાંકે છે ત્યાં સુધી મ્હારે કયાં કમાવા જવું છે ? મ્હારૂં માનો તો હવે કંઇક ધંધે વળગો—નવરાશના વખતમાં કયાં ચિત્ર નથી કઢાતાં ? કાઢજો ને ધરાઓ એટલાં; પણ દુકાન પાછી ઉઘાડો. એટલે આવક તો ચાલતી થાય ?”

“ અરે ભગવાન્ ! શું સાચી કળાની કદર આ જગતમાં છે જ નહિ ? બૈરાંની બુદ્ધિ પાનીએ એટલે આને તે શું વધારે કહેવું ? પત્થર ઉપર પાણી. તમે તો ભલભલાનુએ મન ડગાવી નાંખો એવાં છો પણ મને મ્હારા નિશ્ચયમાંથી ફેરવી શકો એમ નથી. હું પાછો દુકાનદાર તો આ અવતારે થઇશ જ નહિ. ’

“ જોજો ને તમારૂં અભિમાન જ તમને નડશે. આજના તમારા મિજમાનો જ તમારી કેવી મશ્કરી કરતા હતા ? જરાક મોડા થયા એટલામાં તો પીસ્તાલ પાડી મૂકી ને ઘરમાં ખાવા હોયતો આપે ને ? એવા એવા તો શુકન કાઢતા હતા. તમને એ સાંભળીને પણ કંઇ સાન ન આવતી હોય તો પછી મ્હારા જેવી અબળાનો શો ઉપાય ? આમ લાંબી લાંબી વાતો કર્યામાં શો માલ છે ? હું તો હવે મ્હારે ઘેર જાઉં છું. રાત બહુ ગઈ છે. ”

"ત્યારે શું મ્હારૂં કહ્યું નહિ જ માને?" બારણા તરફ જુગલ જતી હતી તેનો હાથ પકડીને બિશનદાસે છેલીવાર કાલાવાલા કરતાં પૂછયું.

"ના—મને જવા દો."

"હઠીલી તું કે હું?—ભલે-ત્હારી ઇચ્છા પ્રમાણે કરૂં તો કેમ? હું જ કમાવા નીકળી પડીશ-તું ઘર સંભાળજે. પણ હવે ત્હારા પિતાનું ઘર મૂકીને આ મકાનને ત્હારૂં ઘર બનાવ-મને ત્હારા નિરંતર સહવાસનો લાભ આપ-મ્હારા ધંધામાં નવો ઉત્સાહ રેડ-ત્હારા મધુર સ્વરથી આશ્વાસન આપીને મને ઉત્તેજિત કર."

પોતાની આજીજીની આટલી અસર થઈ-પત્થર જેવું એનું હૃદય પીગળ્યું-ધંધે વળગવાની આખરે એણે હા પાડી-પોતાની હાજરીની આટલી જરૂર બતાવી-એ સર્વ જોતાં જુગલના દિલમાં પણ પ્રેમ-જ્યોતિ વિશેષ પ્રદીપ્ત થઈ—પોતાના પ્રાણ-વલ્લભનો પોતાને વિયોગ થશે તો કેમ ગમશે-એ વિચાર આવતાં તેના કોમળ અંતઃકરણમાં મ્હોટો આઘાત થયો અને એને કંઠે વળગીને હર્ષાશ્રુ પાડતી એ વિનવવા લાગી કે-"વ્હાલા-મ્હારી ખાતર આ દેશ છોડીને તો ન જશો. નશીબમાં લખ્યું હશે તો અહીં જ મળી રહેશે. આપણે ક્યાં ઝાઝું જોઇએ છીએ? તમે પ્રયત્ન કરીને કહીં નોકરીએ વળગો તો એ ઘણું."

"વ્હાલી જુગલ! ત્હારો પ્રેમ મ્હારા દીર્ઘકાળના દૃઢ નિશ્ચયને પણ તોડવાને સમર્થ નીવડયો છે. આજથી હું મ્હારાં ચિત્રોને છેલી સલામ કરૂં છું-એમ કહેતો તે પાસેના કબાટ ભણી ગયો ને તેમાંથી ચિત્રોના થોકડે થોકડા બહાર ફેંકતો ગયો. પછી તેમાંથી એક એક લઇને તેની પાસે ઉભે ઉભેજ ચરડ ચરડ ફાડવા મંડયો.

"લે. મ્હારા પ્રેમનો ભોગ-મ્હારી સર્વ આશાઓનો વિનાશ. આજ એની પણ ભેગા ભેગી હોળી સળગાવીએ. મ્હારૂં નશીબ એનાથી ઉઘડશે-કોઇક દિવસ એનાથી જ હું ધનાઢય બનીને તને ત્હારૂં યોગ્ય સ્થાન આપી શકીશ, એમ હું માનતો હતો પણ એ આગામી સુખની મૃગ-તૃષ્ણિકાના જળની પેઠે વાંચ્છના રાખીને ત્હારા સહવાસના વર્ત્તમાન સુખનો ત્યાગ કરવો એ કેવળ મૂર્ખાઇ જ છે એમ હવે હું સમજ્યો છું."

"હવેજ તમે જગતની આંખે પણ કંઇક ડહાપણ ભર્યું પગલું ભર્યું કહેવાશે. તમે એમ ના માનશો કે તમને એકલાને જ હું આ સંસારની ધુંસરી તાણવા દઇશ. તમારી સાથે જ હું જોડાયલી છું તેથી તનમનથી મહેનત કરીને મ્હારામાં પ્રભુએ જે કાંઇ બુદ્ધિબળ આપ્યું હશે તો તેનો સદ્-

પયોગ કરીને તમારો શ્રમ હળવો કરીશ-તમારી ચિન્તા દૂર કરીશ—તમારી કમાઇમાં મ્હારાથી બની શકયા પ્રમાણે નીતિને રસ્તે મહેનત કરીને કંઇક ઉમેરો કરીશ અને સાબિત કરી આપીશ કે તમને તમારી વ્હાલી કળાથી વિખૂટા પાડવામાં મ્હેં કેવળ મ્હારો જ સ્વાર્થ તાકયો નથી."

"હવે તું ખુશી થઇ? હવે ત્હારા મનગમતું મળ્યું?"

"હા–વ્હાલા"–એમ કહેતી તે એને આલિંગવા જતી હતી એટલામાં જ કબાટ પાછળ કંઇક ખખડાટ થયો અને

"જુગલ બેન!" એવો શબ્દ નીકળ્યો તે સાંભળી બંને જણુ ગભરાટમાં પડયાં. પોતાની ખાનગી વાતચીત અત્યાર સુધી આમ છાને માને ભરાઇ રહીને કોણ સાંભળતું હશે તે તેમના ખ્યાલમાં જ ન હતું. તેથી આમ પોતાને કોણ બોલાવતું હશે તે એકદમ સમજી પણ શકાયું નહિ. બંને જણુ દિગ્મૂઢ જેવાં બની ગયાં. એટલામાં કબાટ પાછળથી બોલનાર પુરૂષ બહાર આવીને તેમની સન્મુખ ઉભો રહેતાં જ બંને એકી અવાજે અધિક આશ્ચર્યથી બોલી ઉઠયાં-"કોણ કેશરીસિંહ ભાઇ?"

મેમાનો ગયા પછી બંને જણાં પોતાના વિચારમાં એટલાં તો ગરકાવ થઇ ગયાં હતાં કે બારણું બંધ કરવું ભૂલી ગયાં હતાં અને તેમને જરા તપી જઇને વાત કરતાં સાંભળી કેશરીસિંહે થોડા વખત પહેલાં હળવે રહીને પ્રવેશ કર્યો હતો, તથા લાગ જોઇને તે કબાટ પાછળ સંતાઇ રહ્યો હતો તેથી તેમના જાણવામાં તે વાત આવી ન હતી પણ કેશરીસિંહના સાંભળવામાં આ સર્વ હકીકત આવી ગઇ.

પ્રકરણ ચોથું.

બિશનદાસની બહાદુરી.

"હું અણુધાર્યો વગર બોલાવે, આવે કવખતે આવી ચઢયો—તમારા રંગમાં મ્હેં ભંગ કર્યો તે માટે મને માફ કરશો"–જરા હસતે હસતે પણુ વ્હાલ સહિત દિલગીરી દેખાડતાં કેશરીસિંહે જણાવ્યું.

"અરે ભાઇસાહેબ? એવું શું બોલો છો? આપનાથી શું અમારે છાનું છે? આપની અમે આજ સાંજે ઘણી વાટ જોઇ પણ કોણ જાણે કેમે આપ પધારી શકયા નહિ. આ તો અમે કંઇક સમાધાનનો રસ્તો કાઢતાં હતાં."

"એ તો હું પણ સમજ્યો. પરિણામ સંતોષકારક આવવાને માટે મ્હારી મુબારકબાદી આપું તો કેમ ?"

"કેશરીભાઇ-હવે તો એમણે ચિત્રવાનો ધંધો છોડી દેવાનું કબૂલ કર્યું તે જાણ્યું કે નહિ ?"

"હાસ્તો." "તેટલા માટેજ મ્હારે હવે તમને મુબારકબાદી આપવાની છે."—હસતાં હસતાં પોતાના સુંદર સ્વચ્છ દંતકિરણોની પ્રભા પ્રસરાવતો તે બોલ્યો.—"પણ આમ કંઇ એકાએક ઠેકાણે આવી ગયા એ નવાઇ જેવું લાગે છે."

"જુઓની એજ મને સાથે રહેવાનો દુરાગ્રહ કરે છે ને ઘર ચલાવવામાં તો નાણાં પહેલાં જોઇએ તે આપ ક્યાં નથી જાણતા ?"

"એ કહે છે કે, ચિતારાનો ધંધો મૂકી નહિ દ્યો ત્યાં સુધી હું ઘરમાં રહેવાની નથી. ત્યારે મ્હારે હવે કરવું શું ? એને તો હુન્નરની કંઇ કદર નથી."

"વાહ રે શાણી બાઇ ! તેં પણ ઠીક જમાવી હો ! હઠીલાની હઠ છોડાવી એ કંઇ ઓછી વાત ! અલબત મ્હારો પણ એજ મત છે કે ગંમત તરીકે ભલે એ હુન્નર હાથમાં લ્યો પણ ગજવાં તર કરવાનું કંઇ એનાથી બને નહિ. એ તો જેને પ્રભુએ અસાધારણ બુદ્ધિ-બળ આપ્યું હોય તેનું જ કામ છે, પણ હવે તમે ત્યારે કરશો શું ? નવરા બેઠા વખત શામાં ગાળશો તેનો કંઇ વિચાર કર્યો ?"

ઉત્તર કંઇ મળ્યો નહિ. પણ જુગલ ડબક લઇને બોલી ઉઠી—

"હું તો કહું છું પાછી દુકાન માંડો."

"પણ તેમાં તો પહેલી મુડી જોઇએ ને ?" કેશરસિંહે ઉત્તર દીધો.

"અરે સાહેબ એમાં તે કેટલુંક જોઇએ ? એ તો અમે બેએ થઇને કૂટી કાઢીશું"—બિશનદાસને ચિન્તા થઇ કે રખેને જુગલના કહેવાનો ધ્વનિ કેશરીસિંહ પોતાની પાસેની રકમ પાછી માગવાનો સમજીને તેની વાત પાછી છેડે, તેથી તેણે તેનું મૂળજ કાપી નાંખવાને ઉત્તર વાળ્યો.

"અરે ભાઇ એ તો કહેવું સહેલુ છે પણ કરવું મુશ્કેલ છે. હું ઘણુંએ ફાંફાં મારૂં છું, પણ મ્હારૂંજ કયાં ઠેકાણું પડે છે ? એટલું ખરૂં કે મહેનત મજુરી કે ધંધો કરવાનું હું શીખ્યો નથી. એટલે તમારી વાત જુદી કહેવાય."

" જુઓને કેશરીભાઇ! મ્હારૂં તો ક્યારનુંએ ઠેકાણું પડી જાય એમ હતું. મને તો આ કાગળ મળ્યો છે તેથી તે લખનારની માગણી સ્વીકારૂં એટલીજ વાર છે. "

" માગણી ! " બિશનદાસે જરા આભા બનીને પૂછ્યું. " ત્હારી વળી માગણી કેવી? શું તું મને છોડીને જતી રહેવા માગે છે ? "

" કેમ અમારી બીજા કોઇને જરૂર નહિ હોય ! " જરા મશ્કરીમાં કેશરીસિંહને આંખ મારીને-બિશનદાસને ચમકાવવા બોલી.

" લ્યો–જોવો હોયતો જુવો–મને તો એક મ્હોટું માણસ તેડાવે છે ને હું તો ક્યારનીએ જવાની હતી પણ.—

" અરે બિચારાને નાહક શું કામ વહેમમાં નાંખે છે ? "

કેશરીસિંહનું હાસ્ય ખાળ્યું ખાળી શકાય એવું ન રહ્યું તેથી બિશનદાસનું ઉતરી ગએલું મ્હોં જોઇ તેની દયા ખાતર તેણે તેને સમજાવી.

" એ તો એટલા બધા વહેમી છે કે કોઇ મ્હારા સામું જોઇ રહે તે તોપણ એમનો જીવ નીકળી જાય. લ્યો કેશરીભાઇ આપ વાંચીને શી સલાહ આપો છો ? "

" અરે આ તો કોઇ સ્ત્રીનો લખેલો લાગે છે ? " કેશરીસિંહે કાગળ હાથમાં લેતાં જ જરા ભમર ચઢાવીને કહ્યું.

બિશનદાસનો જીવ તલપાપડ થઇ રહ્યો હતો તે હવે જરા શાન્ત પડયો.

" સ્ત્રીનો ? ત્યારે તો મને ટાઢક વળી– હવે કાંઇ બ્હીવાનું ન રહ્યું. પણ એ છે કોણ તે તો કહો. "

" લખનાર તો કોઇ ચંદ્રપ્રભા જણાય છે. "

" ચંદ્રપ્રભા ! પેલી નાયકા ?"—બિશનદાસે આશ્ચર્યદર્શક સ્વરે જાણે એ વાત માન્યામાં જ ન આવતી હોય તેમ પૂછ્યું.

" કઇ નાયકા ? " કેશરીસિંહે અજાણ્યો હોય તેમ પ્રશ્ન કર્યો.

" જાઓ જાઓ કેશરીભાઇ! એમ તે શું પૂછતા હશો ? તમારા જેવા શોખી માણસથી તે કંઇ અજાણ્યું હોય ? આખું ગામ તો વાતો કરે છે ને ? "

" મ્હારા સમ–જુગલ મ્હેન–હું એને નથી ઓળખતો. "

" અરે એના ઉપર તો આખા મુંબઇની નાટક જોનારી પ્રજા અત્યારે ફીદા ફીદા થઇ જાય છે–અને શી એની કાન્તિ છે ! અમે તો એક વાર નાટકશાળામાં ભેગાં થઇ ગયાં હતાં ત્યારે મને કોઇએ એનું ઓળખાણ કરાવ્યું હતું તેથી એમની પાસે જવા આવવાનો પરિચય પડી ગયો છે. એ મુંબઇમાં હમણાં થોડાકજ દિવસ થયાં આવ્યાં છે અને જાતે એ-

કલવાયાં તેથી કોઇ સભ્ય સ્ત્રીની સોબતની તેમને જરૂર હતી. મને પૂછતાં હતાં કે તું મ્હારી સાથે રહીશ? પણ મ્હેં કંઇ એમને જવાબ આપ્યો નહતો.-શો એમનો મધુર કંઠ છે! મ્હોં તો ખરેખરો જાણે પુનેમનો ચંદ્ર જ. એમની ફોઇએ એમનું નામ તો બરાબર પાડયું જણાય છે. કહે છે જે યથા નામા તથા ગુણા. કેશરીભાઇ-તમારે તો કહો ના કહો પણ એવી જ કોઇ સ્ત્રી જોઇએ. તમારૂં જોડું એવું શોભી રહે કે કંઇ મણા નહિ."

'વાહરે જુગલભાભી? તમે તો જોડાં ઠીક ગોઠવતાં જાણો છો ને શું? મ્હેં તો હજી એને દીઠીએ નથી-પણ મ્હારે કયાં હમણાં પરણવું છે?'

બોલતાં શું બોલાઈ ગયું પણ તેની સાથે જ પેલા બુરખાવાળાઓની જોડેની તરત જ થએલી કબુલત એકદમ સાંભરી આવી અને એક કલાકમાં તો આ સ્થળે શા નવા નવા ભેદ ખુલશે તે કળી શકાયું નહિ. ક્ષણભર એ વાત આ નિર્દોષ દંપતીના નિષ્કપટ પ્રેમની પરીક્ષા કરવામાં વિસારે પડી ગઇ હતી, તે પાછી જોસથી તાજી થઇ આવી. પોતે શા કારણસર આવ્યો હતો તેનું ભાન જાગૃત થયું. હાથમાં પેલો કાગળ લઇને તેની ઉપર દૃષ્ટિ સ્થિર કરવા છતાં હજી તેમાંનો એક અક્ષરે એણે વાંચ્યો નહતો. આમ વિચારમાં નિમગ્ન થયો હતો એટલામાં બિશનદાસનો સ્વર સાંભળી સચેત થઇ ગયો.

"ભાઇ કહો તો ખરા એમાં શું લખ્યું છે?"

સ્વપ્નમાંથી એકદમ જાગૃત થયો હોય તેમ તે આ સાંભળી જરા ચમકયો અને કાગળ વાંચવા મંડયો.

"એ તો લખે છે કે-જુગલ બેન પોતાની સાથે થોડો વખત રહેવા આવે તો સારૂં-મકાનમાં એકલાં એને ગમતું નથી."

'થોડો વખત તે કયાં સુધી? કોઇક એને પરણી જાય ત્યાં સુધી? પરણશે એટલે એને પણ બીચારીને સંગીત કળા છોડવી પડશે-એ વળી બીજો ભોગ."

"અરે બિશન!-પરણનારાં બિચારાંને ત્હારા મત પ્રમાણે તો ભોગ જ આપવો પડે છે; પણ એ પરિણામે તેમના પોતાના જ ફાયદા માટે હશે કે કેમ એ તો આજથી કોણ કહી શકે?"

એમ બોલતો બોલતો ફરી એ પોતાની દૃષ્ટિ તે કાગળ ઉપર ફેરવવા લાગ્યો અને તેમ કરતાં તેના ચહેરા ઉપર જરા ચળકાટ આવ્યો.

"અક્ષર તો બહુ મરોડદાર છે હો! સ્ત્રીઓ આવો સુંદર કાગળ

લખનારી થોડી જ જોવામાં આવે છે. અક્ષર ઉપરથી જ હવે તો ચારિત્ર્ય પણ અંકાય છે અને મ્હારી સમજ પ્રમાણે આ લખનાર લલના કંઈ કાચી પોચી મૂર્તિ નહિ હોય. એને જોવાનું બને તો ઠીક—"

"એમાં તે શી મ્હોટી વાત છે?" જુગલ બોલી. "જ્યારે ચાહો ત્યારે કોટની એમ્પાયર નાટકશાળામાં એને જોઇ શકો. સ્યોને કાલે જ ખેલ છે. આવવું છે?"

"આહા! કાલ રાત્રે? અલબત્ત—"

એના બોલવામાં કંઇક ભેદ હશે કે કેમ એવો બિશનદાસને તથા તેની સ્ત્રીને જરા વહેમ પડયો એટલે તેઓ કંઇ વિશેષ બોલ્યાં નહિ અને જુગલને હવે વાર બહુ થઇ ગઇ હતી તેથી એ પોતાને પિયેર જવા માટે રજા માગવાને ઉઠી પણ ઉઠતે ઉઠતે કાગળ લેવાને હાથ લંબાવીને પૂછવા લાગી કેઃ—

"ત્યારે આપ મને, ભાઈ, શી સલાહ આપો છો?"

"અરે એમાં તે કંઇ બે મત હોય? ધર્મના કામમાં ઢીલ શી? એનું કામ થાય છે ને તમને કમાણી થાય છે. તમને એ સારો પગાર જરૂર આપશે. એની કમાઇ તમારા કહેવા પ્રમાણે સારી હશે જ, તો પછી આવો લાગ શું કરવા જવા દેવો? મ્હારા બિશનભાઇને તમારી કંઇક મદદ મળશે તો એ બિચારા ઠરીને ઠેકાણે બેસશે ને તમને પણ બે ચાર મહિના ઠીક સોબત મળશે.

"બે ચાર મહિના કેમ?"—જુગલે સામો પ્રશ્ન કર્યો.

કેશરીસિંહ જરા ગભરાયો—અચકાયો—મનની વાત મનમાં રહી શકી નહિ. ઓઠ સુધી આવેલી પાછી ગળી જવાઇ નહિ.

"હું તો એમ માનું છું કે એટલામાં એ કોઇને પરણી જશેજ." જરા અચકાતે અચકાતે એણે વાત ફેરવીને ઉત્તર વાળ્યો.

"કાગળમાં એવું કંઇ લખ્યું છે ખરૂં, નહિ?" (ફરી વાંચીને)—ના—એમાં તો કંઈ સ્પષ્ટ નથી—કોણ જાણે કેમ મ્હારા મનમાં એ વાત ઠસી ગઇ હશે?"

પોતે બચાવ કરવા ગયો પણ તે કેવો લૂલો હતો તે એ સારી રીતે સમજતો હતો તેથી પોતાની જ ભૂલને માટે હવે જીભ કરડવા લાગ્યો. જો જુગલને ખરી વાતનો ભણકારો પણ વાગે—એ એમ સમજે કે બિશનદાસને તે પોતાની સાથે લઇને એકદમ સવારમાં ત્યાંથી ઉપડી જનાર છે તો પછી એ એને જવા દે જ નહિ. એકલાં બહાર જવાની તેની ઇચ્છા ન હતી.

પણ સદ્દભાગ્યે જુગલના મનનું હવે સમાધાન થઇ ગયું હતું તેથી તે બોલી કે—"ત્યારે તો હું હા કહીશ." એમ કહેતી વળી હાથ લાંબો કરીને કાગળ માગવા લાગી–"મને આપશો? હું એનો જવાબ લખાવું."—

કેશરીસિંહને કંઇ આ વેળા ભૂત ભરાયું તેથી એ બોલી ઉઠયો—"મને રાખવા આપો તો કેમ? મને એ અક્ષર બહુ જ ગમે છે. મ્હારે કામ તો કંઇ એનું છે જ નહિ–પણ એમ થાય છે કે છો પડયો."

"ભલે જેમ આપની ઇચ્છા. હું એમને એમ જ જવાબ મોકલીશ. ત્યારે હવે મને રજા આપશો? બારની તૈયારી છે ને મ્હારા પિતા કદાચ વઢશે કે આટલી મોડી આવા દિવસે બહાર રખડતાં શરમાતી નથી?"

બિશનદાસ ઉઠીને તેની પાસે ગયો—"ચાલ હું તને મૂકવા આવું–કોણ જાણે રસ્તામાં કોઇ તોફાન કરે તો? આજ કંઇ કહેવાય નહિ. ત્હારે આઘે તો જવાનું નથી–પણ એકથી બે ભલાં."

"અરે જાઓ જાઓ, મને કોઇ શું કરનાર છે? કોની મગદુર છે કે મને આંગળી પણ અરકાડે? જોઇ છે આ?" એમ કહીને પોતાની છાતી સાથે સંતાડી રાખેલી એક નાની સરખી પણ વીજળીની માફક ચમકતી કટાર કાઢીને તેને બતાવી તેથી તે સ્તબ્ધજ બની ગયો. પોતાની પ્રિયા આવી બહાદુર-નિડર હશે એની એને ખબર આજ જ પડી.

"ધન્ય છે વ્હાલી–હવે મને ખાત્રી થઇ કે તને કોઇ તુંકારો પણ કરે એમ નથી–સાચને આંચ હોય? પ્રભુ ત્હારૂં રક્ષણ કરો."

કેશરીસિંહની આંખમાં આ દેખાવ જોઇ આંસુ ભરાઇ આવ્યાં–આવા સુખી દંપતીને તે વિખૂટાં પાડવાનું કરતો હતો–નિર્દોષ ચક્વાક ને ચક્વાકીનો વિયોગ દીર્ઘકાળ સુધી કરાવવાનો હતો–અને તે પણ એક બીજાને છેલ્લી વખત મળવાનો પણ પ્રસંગ આવ્યા વિના–એ પાપમાંથી પોતે ક્યારે છૂટશે? એ નિસાસાનું ફળ પોતાને કેમ ભોગવવું નહિ પડે? સવાર પડશે ને આ બિચારી ભોળી ભામા આ મકાનમાં આવશે ને પોતાના પ્રિયતમને નહિ જુવે ત્યારે એની શી દશા થશે? કાગળથી પણ તે એને જણાવી શકશે નહિ કે પોતે ક્યાં ને શા કારણથી ગયો છે ત્યારે એ કેવા તર્ક વિર્તક કરશે? એના વિયોગના દિવસ અને રાત કેમ જશે? ચિન્તામાં એનું શરીર તો નહિ પડી જાય? પોતાના દુઃખની વાત કોને કહીને દિલાસો મેળવશે? બિશનદાસ તો નક્કી પોતાની સાથે આવશેજ એવી એને ખાત્રી હતી કેમકે પોતાના ઉપર એને દૃઢ શ્રદ્ધા હતી તે એ જાણતો હતો. એની

સ્ત્રીને એકલી મૂકીને અચબુચ જવાનું એને પસંદ પડે એવું ન હતું પણ કેશરીસિંહની ખાતર જીવ આપવાથી પણ એ હઠે એવો ન હતો-એક કૂતરો પોતાના ધણીની સેવા જેવી નિમકહલાલીથી કરે તેવીજ તે દર્શાવતો તેથી તેની તો કંઇ ચિન્તા ન હતી પણ આ બિચારીનો જીવ બળશે-લોકો એને મ્હેણાં મારશે તે એનાથી કેમ સહન થશે? એના બાપ એને પૂછશે ત્યારે એ શો જવાબ દેશે? રીસાઇને નાસી જવાનું કંઇ કારણ પણ નથી કે જે ઉપર એ અનુમાન બાંધે.

આ બધો વિચાર કરતાં એને પોતાના સ્વાર્થીપણા માટે તિરસ્કાર આવવા લાગ્યો. હજી કંઇ બાજી બગડી ન હતી-એ લોક આવે તેને સાફ ના કહી પાછા કાઢી શકાય એમ હતું-પણ બિશનદાસનું દેવું વાળવાનો એના મનમાં જે ખટકો હતો તે પાછો સાલવા લાગ્યો-હું આ વાત ના કબુલ કરૂં-રૂપિયા ના લઉં-તો પછી મ્હારે એની રકમ આપવી શામાંથી? હમણાં એકે દિશા ખુલ્લી ન હતી-એકે આશાનું કિરણ મળતું ન હતું-હમણાં મ્હારી આ નિર્દય કૃતિથી એને દુઃખ થશે પણ તે સારાને જ માટે છે એમ હું માનું છું. આમ વિચારમાં પડયો હતો એટલામાં બિશનદાસ જુગલને વળાવીને બારણું બંધ કરી પાછો આવ્યો કે તરત એણે એ વાત છેડી.

" બિશન-મ્હારે તને કેટલા રૂપિયા પાછા આપવાના છે? "

" ઓ બાપરે? અત્યારે વળી આ શી વાત? ભાઇ સાહેબ મને તો સાંભરતું એ નથી. જવા દોને-એનું આપણે શું કામ છે "

" પણ એમ કંઇ ચાલે? " કેશરીસિંહે જરા આગ્રહથી કહ્યું. "શું તું એટલું એ નથી સમજતો કે મ્હારે તને પાછા ભરી દેવા છે? "

બિશનદાસને બિચારાને વીંછી કરડયો હોય તેમ આથી ચટકો લાગ્યો —ભાઇને શું પોતાના ઉપર ખોટું લાગ્યું હશે? પોતે ઘણી ઘણીઆણી વાતો કરતાં હતાં તે એમણે અચાનક સાંભળી તેથી જ એમને એમ થયું હશે? નક્કી, જુગલે મ્હેણું માર્યું તેથી જ ભાઇ આમ દેવું વાળવાની વાત સંભારે છે. આવી ગડભાંગ કરતાં કરતાં......

" ભાઇ શું તમે એમ ધારો છો કે એ વાતનો મને ખ્યાલ પણ હતો? " આખરે તેણે જવાબ દીધો.

" ના-ના, ત્હારી તો મને ખાત્રી છે કે તું પોતે ભૂખે મરતો હોઇશ તો પણ મ્હારી પાસેથી એક પાઇની પણ માગણી નહિ કરે. પણ જોને દોસ્ત, હમણાં કંઇક એવો પ્રસંગ આવ્યો છે કે મ્હારાથી તે આપવાનું બની શકે એમ છે. "

" ભાઈ સાહેબ—મહેરબાની કરીને મને માફ કરશો-મ્હારે એ નથી જોયતા-પણ કહો તો ખરા કંઇ તડાકો પડયો છે કે શું ? "

" હા-પણ તેમાં ત્હારે એ થોડો ભોગ આપવાનો છે. "

" હું તો ભાઇ કયારનોએ મ્હારી ચિત્રકળાનો ભોગ આપી ચૂકયો છું. "

કેશરીસિંહથી હસી પડયા વિના રહેવાયું નહિ—શા બિચારાની પોતાનાં કામપર અંધ શ્રદ્ધા ને પ્રીતિ ! !

" ભલા ભાઇ, હવે એ વાત તો વિસારે પાડી દે. એમાં તને શો લાભ થવાનો હતો ? એ તો ત્હેં છોડી દીધું તેમાં જ ડહાપણ કર્યું છે. ત્હારા વિશુદ્ધ મનના મિત્રાની શિખામણ ત્હારે ઔષધરૂપે જ ગ્રહણ કરવી જોઇએ. પણ હું તો તને એક બીજીજ જાતના ભોગ વિષે કહું છું. "

બિશનદાસને કંઇ સમજ પડી નહિ તેથી આગળ કંઇ વધારે સાંભળવાની આશાએ સામું જ જોતો બેઠો. કેશરીસિંહને પણ કેમ કરીને વાત છેડવી એની જરા ગડભાંગ થઇ તેથી થોડીવારે તેણે કહ્યું:—

" સાચું કહી દઉં ? હું પરણવાનો છું. "

" **પરણવાના—તમે** ? "—બિશન જરા ધાંટો પાડીને બોલી ઉઠયો.
કેશરીસિંહે ડોકું હલાવી હા પાડી.

" પણ કોને તે તો કહો ?—પેલી ચંદ્રપ્રભાને તો નહિ ને ? "

' અરે ના રે ના "—હસતે હસતે કેશરીસિંહે જવાબ દીધો-એવું તો કંઇ હું જાણતો નથી. "—પણ આમ બોલતે બોલતે જ એના મનમાં ઉંડો વિચાર ક્ષણવાર સ્ફુરિત થઇ આવ્યો કે એવું બને તો કેમ ?—વિચાર ઉદ્‌ભવવાની સાથે જ તેની અશકયતાને લીધે તે પાછો શાન્ત થઇ ગયો.

" પણ ભાઇ આમ તે કંઇ એકદમ હોય ? તમે તો હજી કોઈ દહાડો મને વાતે કરી નથી. "

" ખરેખર તું કહે છે તેમજ છે, ને તું ધારે છે તે કરતાં પણ વળી વિશેષ વિચિત્રતા એમાં સમાએલી છે. લગ્ન **આજ રાત્રે જ** થવાનું છે. અર્ધા કલાકની પણ અંદર ! સમજ્યો ? "

" કયાં ? કોની સાથે " બિચારે આશ્ચર્યથી ચકિત બનીને પૂછ્યું.

" અંહીઆં-ત્હારા મકાનમાં જ—પણ કોની સાથે, તે તો હું એ નથી જાણતો.

" અજાણી અબળા સાથે ? એમ તે બને ? એવું તે વળી લગ્ન હોતું હશે ? "

"હા-હા-પડદાનશીન-અદૃશ્ય-અબળા સાથે-પછી કંઇ વધારે જોઇએ?"

બિશનને બિચારાને એમ જ થયું કે ભાઈ સાહેબનો મિજાજ આજ બહાલ નથી-એના ચહેરા ઉપર તેને માટેની ચિન્તા છવાઇ ગઇ તે જોઇ કેશરીસિંહે હસતાં હસતાં કહ્યું:—

" ભાઇ, ગભરા નહિ. હું ગાંડો બાંડો નથી થયો, મ્હારૂં દિલ કાયમ જ છે ને હું કહું છું તે સત્ય જ છે. જરા ધીરજ રાખીશ તો હું તને બધી વાત અથથી ઇતિ સુધી કહી સંભળાવીશ. "

પછી એણે પેલા કાળા બુરખાવાળા ત્રણ જણની અચાનક થએલી મુલાકાતની તથા તેમણે કરેલી શરતોની અને પોતે તે કબુલ કર્યાની વાત વર્ણવી બતાવી. બિશન તો તે સાંભળતાં ગાભરો જ બની ગયો હતો અને છેવટે જ્યારે કથા સંપૂર્ણ થઇ ત્યારે જ તે બોલ્યો કે:—

" હાં-હવે હું સમજ્યો. કંઇક ભેદ તો જબરો હોવો જોઇએ હો-ભાઇ, નહિ તો આવડી મ્હોટી રકમ કોઈ ઝટ લઇને આપે ખરૂં ? પણ આપે તો ભાઇ મ્હારી ખાતર જ આ અંધારામાં ડુબકી મારી જણાય છે. આપના સુખનો—આપની આબરૂનો—ભોગ—મ્હારી તુચ્છ જેવી રકમ પાછી આપવા માટે આપને દેવો પડે છે એ કંઇ મને ગમતું નથી. હું એ પાછી લેવાનો પણ નથી. પ્રતિજ્ઞાપૂર્વક હું આપને ફરી ફરીને કહું છું કે મ્હારે એક પાઇ પણ જોઇતી નથી. આપે શું મ્હારા કુટુમ્બ ઉપર ને મ્હારા પોતાના ઉપર આજ સુધી ઓછા ઉપકાર કર્યા છે ? આ ચામડી આપના જુતાના કામમાં આવે તોપણ હું ભાગ્યશાળી ગણાઉં. "

" ધીરો થા ભાઇ-ધીરો. આમ એકદમ ઉતાવળથી શું કરવા મનસ્વી તરંગો બાંધે છે ? જો તો ખરો, શું ત્હારી રકમ એકલી જ મ્હારે વાળવાની છે? મ્હારે માથે કેટલું દેવું થઇ ગયું છે તે તું જાણતો નથી ? એ બધાના ઋણમાંથી હું છૂટું તો જાણે ગંગા ન્હાયો. તેમ કરતાં થોડું બચત પણ રહેશે તો આપણે ખર્ચમાં કામ લાગશે. વળી બીજું એ કે આમાં મને કંઇક ગંમત પણ મળશે એમ લાગે છે. આમાં અદ્‌ભુતતા એવી સમાએલી છે કે મને હાથે કરીને જોખમમાં ઉતરવાનું મન થાય છે. એ ચાર મહિનામાં તો આપણે આકાશ પાતાળ ખોળી વળીશું ને પત્તો મેળવવાને જે તગડ પડશે તેથી મ્હારા મનને તથા તનને સારી કસરત મળશે. "

" પણ ધારો કે એની ખરી ઓળખાણ ન પડી શકી તો ? "

" અરે એમ તે કંઇ હોય ? પૃથ્વીના છેડા ઉપર ભલે ને હોય નહિ. હિંમતે મરદા તો મદદે ખોદા. પોચકણુજી થયે કંઇ વળે નહિ. જે બિચારી મ્હારે માટે આત્મભોગ આપવાને તૈયાર થઇ છે તેનું રક્ષણ હું ન કરૂં તો મ્હારૂં નામ ક્ષત્રી બચ્ચો શાનો ? "

" પણ ભાઇ–મને આ વાત રૂચતી નથી. "

" પહેલાં તો મને પણ એ ગળે ઉતરી નહિ. પણ શી વિશ્વકર્તાની વિચિત્રતા છે કે ગમે તેવી વસ્તુ અણગમતી હોય તોપણ ધીમે ધીમે પરિચય પડતાં તેનું રૂપ બદલાઇ જાય છે ને આપણે તેની સાથે હળી જઇએ છીએ. "

થોડીવાર બંને મિત્રો શાન્ત રહ્યા પછી બિશનદાસે પાછી વાત ઉપાડી.

" પણ ભાઇ, મ્હારૂં તો આમાં કંઇ નામે ન આવ્યું ત્યારે મ્હારે શાનો ભોગ આપવાનું આપ કહેતા હતા ? "

" અહા—એ તો હું ભૂલી જ ગયો. મ્હેં તને કહેવાનું ધાર્યું હતું પણ વાત અર્ધેથી જ અટકી ગઇ. જો ને, મ્હેં એ લોકને વચન આપ્યું છે કે આ વાત મ્હારે કોઇની આગળ કરવાની નથી, પણ એક દોસ્તને માટે મ્હને એમણે અપવાદ રાખવા દીધો છે ને તે પણ અમુક શરતે. "

" ત્યારે તો એમાં હું જ આવતો હઇશ. "—પોતાનો સંબંધ અંદર આવવા લાગ્યો તેથી જરા વિશેષ ખુશી બતાવતાં મલકાતો મલકાતો તે બોલ્યો—" અને તે શરતો કેવી છે ? "

" એ કે મ્હારે લગ્ન થયા પછી તરત જ મુંબઇ છોડી જવું અને જે દોસ્તનો મ્હારે વિશ્વાસ કરવો હોય તેણે પણ તેમ જ કરવું. એટલે આપણે બંનેએ મુંબઇની હાલ તો થોડા માસ સુધી રજા લેવી પડશે ને કોઇ જોડે કાગળ પત્રનો વ્યવહાર પણ રાખવાનો નથી. "

" ત્યારે બિચારી જુગલનું શું થશે ? " જરા ઉદાસ થઇને બિશને પૂછ્યું.

" હા-ભાઇ,—મને પણ એની જ ચિન્તા થયાં કરે છે. એ આંટી ઘુંટી એવી આવી છે કે એનો મને કંઇ રસ્તો સૂઝતો નથી. તને ભોગ આપવાનું હું કહેતો હતો તે પણ એટલા માટે જ. "

" ભાઇ! એમ હું એને છોડીને—વાત પણ કર્યા વગર—છાનોમાનો નાસી જાઉં ત્યારે એ મને બેવફા-બાયલો-બ્હીકણ ના ગણે?"

" જરાએ નહિ. ત્હારા ઉપર એનો એટલો તો પ્રેમ છે કે એવી કંઇ ભીતિ રાખવાનું કારણ હું જોતો નથી."

બિશનદાસ નિશ્વાસ નાંખતો નાંખતો ઉંડા વિચારમાં પડ્યો.

" એને જરા મળી પણ ના લેવાય? કંઇક ખુલાસો પણ કરતા ન જવાય ?"

" બીલકુલ નહિ."—દિલ દુઃખવા છતાં લાચારીથી કેશરીસિંહે કહ્યું:—

બંને જણ વળી પાછા શાન્ત થઇ ગયા, એટલામાં કોઇએ બારણું ઠોક્યું.

" એ લોક બરાબર વખતસર આવ્યા જણાય છે." કેશરીસિંહે અનુમાન કરતાં જરા હસીને કહ્યું.

" હવે ભાઇ તું શો જવાબ દે છે ?"

બિશને ઝટ હાથ લાંબો કર્યો ને બંને જણનો હસ્તમેળાપ થયો તેની સાથે જ કહ્યું કે—" હું તૈયાર છું. જ્યાં આપ ત્યાં હું."

બારણું ખોલતાં જ પેલા ત્રણ બુરખાવાળા અંદર દાખલ થયા.

પ્રકરણ પાંચમું.

ચંદ્રપ્રભા.

" * * * you lighted then,
" From off your horse, and handed over the child
" Wrapped in your mantle. * * *

—*Nathan the Wise.*

મુંબઇની નાટકશાળામાં એક નવો તારો એકાએક ઝળક્યો હતો. તે ક્યાંથી આવ્યો એ કોઇના જાણવામાં ન હતું, પણ નાટકની શોખીન પ્રજા તેનાં એકી અવાજે વખાણ કરતી હતી. થોડા દિવસ ઉપર ચંદ્રપ્રભાનું નામ

પણ કોઇ જાણતું ન હતું અને આજ તો તેનાથી અજાણ્યું ભાગ્યે જ કોઇ હતું. એનું આગમન જાહેરખબરો રૂપી દુંદુભી-નાદથી પ્રજાને અગાઉથી સૂચવવામાં આવ્યું ન હતું. એનાથી ઘણા ઉતરતા દરજ્જાની નર્તકીઓને માટે પણ હમણાં એવા ઉપાય લેવાનો રિવાજ પડી ગયો છે પણ આ વ્યક્તિને માટે તો એટલું જ થયું હતું કે તેણે રંગભૂમિ ઉપર પ્રવેશ કર્યો તેની સાથે જ તેના શરીરની નાજુકતા, કાળા ભ્રમર જેવા કેશકલાપ, કદલી સમાન પાતળો પણ કોમળ બાંધો-માદક યૌવનાવસ્થા, અપ્રતીમ રૂપ-લાવણ્ય, અદ્‌ભુત અંગમરોડ, વસ્ત્રાલંકાર પરિધાન કરવાની અવનવી ખુબી, કંઠની અસાધારણ મધુરતા, અને અતિ સુરીલા ગાયન તથા શાસ્ત્રીય અભિનયથી સર્વ પ્રેક્ષકોનાં મન તેણે હરી લીધાં હતાં. આજસુધી મુંબાઈ નગરીમાં એવી કોઇ અલૌકિક ગાનારી આવી નથી એમ સર્વ કોઈ કહેતા હતા. તેમાં વળી સુસ્વરની સાથે ઉચ્ચારની શુદ્ધતા, અને મધુર છતાં તેનો મરદાની અવાજ-આખી નાટકશાળામાં પ્રસરીને ચોપાસ ઘુમતો ઘુમતો-સર્વનાં દિલમાં એવો તો વ્યાપી જતો કે તેના ભણકારા તેમનાં દિલમાંથી હઠતા જ ન હતા ને ફરી પાછા ક્યારે આવીને એ દિવ્ય રંભાનાં દર્શન કરીએ—એ કિન્નર કંઠીનું નૃત્ય સાથેનું ગાયન સાંભળીએ-એવા જ વિચાર સર્વને આવતા. બીજે દિવસ પ્રાતઃકાળથી જ સર્વ વર્તમાનોમાં એની પ્રશંસા પણ એવા જોરથી આવવા લાગી કે જેઓ તેને જોવાને ભાગ્યશાળી થયા ન હતા તેમનું મન પણ એ નાટકમાં જવાને ઉશ્કેરાયું અને પ્રતિદિવસ તે નાટકશાળા એટલી ચીકાર ભરાતી કે તે કંપનીવાળાનાં ગજવાં તર થયાં હોય તેમાં કંઇ નવાઈ નથી.

ચંદ્રપ્રભાનો વિજય કંઇ સ્વલ્પ કાળનો જ ન હતો. દિવસે દિવસે જેમ જેમ તેની ખુબી વધારે વધારે જોવામાં આવતી ગઇ-પાત્ર તરીકેની તેની કુશળતા વધારે વધારે ખુલતી ગઇ-તેનામાં પોતાની નૈસર્ગિક શક્તિ વિષે વિશ્વાસ દૃઢતર થતો ગયો-તેમ તેમ તેના ગુણ વધારે પ્રકાશમાં આવતા ગયા અને શોખીલી પ્રજાનો તેના ઉપરનો ભાવ પણ તેની સાથે જ વૃદ્ધિ પામવા લાગ્યો.

મુંબઇ જેવી મોહક નગરીમાં આવી ઉત્તમ નર્તકીની કદર પીછાનવાવાળાની કંઇ ખોટ હોય? પુરૂષો તો શું પણ સ્ત્રીઓ એ એના આશ્ચર્યજનક કામથી એટલી પ્રસન્ન થઇ હતી કે એનું મકાન શોધી કાઢીને, એનો મેળાપ કરીને, એની સાથે વાતચીત કરવામાં રસ લેતી. અસંખ્ય ફુલના હાર, તોરા

અને કિંમતી ભેટોથી સર્વે તેને વધાવી લેવા લાગ્યાં. ફેશનની શિરાયારીમાં ફસેલા કેટલાક માતબર જુવાનીઆઓ તેની સાથે ગાઢ સંબંધ બાંધવાને હુંસાતુંશી કરવા લાગ્યા. સુગંધી પત્રોમાં હીરા-મોતીનાં આભૂષણ તથા ચલણી નોટો મોકલીને પોતાના ઉપર તેની પ્રીતિ ખેંચવાને પડાપડી કરવા લાગ્યા. પોતે તેને કેવી દીલોજાન ગણતા હતા-તેના મોહમાં કેવા લપટાયા હતા—તેના વિના પોતાનું જીવતર વૃથા છે એમ માનતા હતા—પોતાના ઉપર એક કટાક્ષ પણ નાંખશે તો તેઓ ભાગ્યશાળી થશે એમ ગણતા હતા-એ વિગેરે લખી લખીને તેના મેળાપને માટે તરફડતા હતા—મુલાકાતને માટે સ્થળ નીમવાની માગણી કરતા હતા—પોતાના બાગ બગીચામાં ફરવા આવવાને કાલાવાલા કરતા હતા-પોતાની મોટરો તેને જ્યારે જોઇએ ત્યારે હાજર છે-પોતાના ગાડી ઘોડા ને બંગલા તો શું પણ પોતાનું સર્વસ્વ તેની પ્રીતિ આગળ કુરબાન છે એમ જણાવતા હતા. તેમાં માત્ર યુવકો જ નહિ પણ કેટલાક વૃદ્ધો પણ મર્યાદા ઓળંગીને પોતાનું હૃદય ખોલી તેને વિનવતા-તેના કાલાવાલા કરતા-તેની દયા ખેંચતા-તેને પગે પડવાની તક માગતા-ને જણાવતા કે જો તેમના પ્રેમનો સ્વીકાર કરવામાં નહિ આવે તો તેઓ આપઘાત કરીને પ્રાણ આપશે. તેના સસ્મિત પ્રફુલ્લ વદન-કમળની ઝાંખી પણ થાય તો તેઓ કૃતાર્થ થશે એમ કહેતા હતા. ટુંકામાં એનો વિજય સર્વાંશે સંપૂર્ણ હતો. એણે તો મહાન્ નરેશ સીઝરની પેઠે આવીને દૃષ્ટિપાતથી જ સર્વનો પરાજય કર્યો હતો. આટલું છતાં, ન્હાના મ્હોટા-ગરીબ અને લક્ષાધિપતિયોના માનનું પાત્ર છતાં, એના એક પ્રીતિયુક્ત શબ્દને માટે હજારો પોતાનો જીવ આપવાને તત્પર છે એવું જાણવા છતાં, પોતે ધારે તો અત્યારે કરોડોની મિલ્કત એક પળમાં મેળવી શકે એવી સમર્થ છતાં, ચંદ્રપ્રભા લેશ માત્ર પણ ફુલાઇ કે છકી ગઈ ન હતી, અને સત્ય ધર્માચરણથી ડગી ન હતી. તે પોતાનું માથું સર્વદા ઉંચું રાખીને જ કોઇની પરવા રાખ્યા વિના-કોઇથી ડર્યા વિના-કોઇની ખુશામત કર્યા વિના પોતાને સોંપેલું કામ ઉમંગથી અને આનંદથી કરે જતી. તેનાં સુંદર ઝગઝગતાં નેત્રો ચારે પાસ પ્રબળ પ્રકાશ પાડતાં. ન ડાબું કે ન જમણું તે જોતી પણ સિદ્ધે સિદ્ધી પોતાના કામપર જતી આવતી ને પોતાની પૂજા કરવાને આટલા આટલા ભક્તો તલપાપડ થઇ રહ્યા છે-પોતાના પ્યારના ભૂખ્યા તલખ્યા કરે છે-ટળવળે છે—તે વાત જાણે એ સમજતી જ ન હોય-કેવળ બાલ્યાવસ્થામાં જ હોય તેમ અજ્ઞાનવત્ વર્તતી.

મુંબઈ જેવી રંગીલી નગરીમાં આ પણ એક મ્હોટી ચર્ચાનો વિષય થઇ પડયો. આટલી જુવાન ઉમર છતાં, આટલી લોકપ્રિયતા સંપાદન કર્યા છતાં, ઘણા જણ તેને પોતાનું સર્વસ્વ આપવા તૈયાર છતાં, જાતે કંઇ શ્રીમંત નહિ છતાં, આવી ધીરજ—આવો અનાદર—આવી નિઃસ્પૃહા કોઇ રાખે એ ત્યાંના શોખીલા જુવાનોના માન્યામાં જ ન આવ્યું. તેઓ તેને માટે અનેક કારણો કલ્પવા લાગ્યા. કેટલાક તો કહે એને હૈયું જ નથી-નહિ તો આપણી આવી કિંમતી ભેટો—આપણી પ્રેમથી ઉભરાતી ચિઠ્ઠીઓ-તે આમ તુચ્છકારી કાઢે? સ્ત્રીઓને પણ આ બાબત માંહોમાંહે કુથલી કરવામાં બહુ રસ પડવા લાગ્યો. કોઇક કહે એનું દિલ એણે ક્યારનુંએ કોઇને સોંપી દીધું હશે—કોઇક કહે એની પ્રીતિના પાત્રે એનો અનાદર કર્યો હશે તેથી સંસાર ઉપર જ એને નિર્વેદ કે વિરાગ ઉત્પન્ન થયો હશે—એના હૃદયના દરવાજા બંધ થઇ ગયા હશે-લાગણી કે મનોભાવના ઝરા સુકાઇ ગયા હશે.

આ બધા ગામગપાટા ચંદ્રપ્રભાના સાંભળવામાં આવ્યા હત તો તે પોતે જ તેમને હસી કાઢત. વાસ્તવિક વાત એમ હતી કે જગત્ બધું અંધારે જ ગોથાં ખાતું હતું. રજનું ગજ કરી બેસાડતું હતું. પાયા વગર જ મ્હોટી ઇમારત ચણતું હતું. એ પોતાના પૂજકોનો અનાદર કરતી નહતી પણ શાન્તિથી—વગર ઉશ્કેરાયે સ્વીકાર કરતી હતી તેનું કારણ એટલુંજ હતું કે તેમનાં વખાણ, તેમની ભક્તિ—જોઇ તેને માત્ર ગંમતજ પડતી. તેની અસર તેના હૃદય સુધી ઉંડી પહોંચતી નાહ. તેના હૃદય મંદિરમાં ભૂતકાળનો કોઇ કીસ્સો—પ્રેમાપર્ણ સંબંધી-સંતાઇ રહેલો ન હતો. એવી કોઇ વાત કદી બની જ ન હતી. તેનું કારણ કેટલેક અંશે ભવિતવ્યતા અને કેટલેક અંશે તેને ઉછેરવામાં આવ્યાની શૈલી હતાં. એ હૃદયશૂન્ય ન હતી એ તો એની સાથે બેસનાર ઉઠનાર હરકોઈ એની વાતચીત ઉપરથી સત્વર પારખી શકે એમ હતું. એનો સ્નેહાળ સ્વભાવ કાંઈ ઢાંકયો રહે એમ ન હતો. એનું હૃદય તો હતું જ-પણ હજી સુધી સુષુપ્તિમાં હતું. કોઇક દિવસ તેને જાગૃત કરનાર કોઇ જાદુગર મળે તો એ નિઃશંક ખુલવાનું જ. પણ તેવો નશીબદાર કોણ નીકળશે—એ કળીને શુદ્ધ સ્નેહજળથી સિંચન કરીને ખીલવવાને કોણ શક્તિમાન્ થશે એટલો જ પ્રશ્ન હતો. **न जाने भोक्तारं कमिह समुपस्थास्यति विधिः** એવો ભાગ્યશાળી પુરૂષ એના જીતાયલા અંતઃકરણના પૂરેપૂરા પ્રેમનું પાત્ર થઇ નિઃસીમ સુખનો ભોક્તા થશે એ તો નિર્વિવાદ હતું.

ચંદ્રપ્રભાને આટલું મનોબળ—આવી વિચિત્ર પ્રકારની સ્થિરતા પ્રાપ્ત કરાવનાર હકીકત એ હતી કે એનાં માતાપિતા બાળપણથી જ ગુજરી ગયાં હતાં—માતાનો તો સ્વર્ગવાસ થયો હતો એ ચોક્કસ હતું પણ પિતાનું શું થયું હશે તે કોઇ જાણતું ન હતું. એનું જન્મ સ્થળ પણ તેવું જ ગુપ્ત રહ્યું હતું. ઉદયપુરના મહારાણા સાહેબના ખાનગી કારભારી ભૂપતસિંહ ચાતુર્માસના રમણીય દિવસોમાં શહેરની બહાર પોતાના બગીચામાં ઝરમર વરસતા વરસાદથી લીલાંછમ બની ગએલાં વૃક્ષ-વેલની આસપાસ લીલોતરીથી છવાઇ ગએલી રળિઆમણી ટેકરીઓની પાસે ખળખળ વહેતા નિર્મળ ઝરણની, કાળા કાળા મેઘથી ગાઢ આચ્છાદિત થએલા આકાશમાં વચ્ચે વચ્ચે સૂર્ય કિરણોના કહીંક કહીંક પડતા પ્રકાશ વડે બદલાતા નવા નવા ચિત્તાકર્ષક રંગની, વાદળાંના ક્ષણે ક્ષણે બદલાતા અદ્‌ભુત આકારોની, આમ તેમ આનંદમાં નિઃશ્રૃંખલ ભ્રમણ કરતાં, નાચતાં, કૂદતાં, મદમત્ત હરિણોની શોભા નિહાળતાં—લતાકુંજમાં ટૌકા કરતી કોયલોનું મધુર કૂજન—બંગલાના છાપરા પરથી ટપકતા જલબિન્દુઓનો મીઠો ઘોષ—પાસેના ખેતરમાં રમતાં ખેડુનાં બાળકોનો નિર્દોષ કોલાહલ—છેટેથી આવતો ગોવાળીઆની બંસરીનો મૃદુ સુર, કયારે કયારે બાંધેલી કિનારી ઉપરની વધી ગએલી મેંદીને કાપતા બાગવાનોની કાતરનો ખડખડાટ—અને કહીંક કહીંક પોતાના બાળની શોધમાં બરાડતી ગાયો ભેંસોનો ચિંતાતુર શબ્દ સાંભળતા સાંભળતા—પ્રભુની અપરંપાર લીલાનાં પોતાના મનની અંદર સ્તવન કરતા કરતા, થોડા દિવસ ઉપર જ સૂર્યના પ્રચંડ તેજથી બળીને ભસ્મ જેવી થઇ ગએલી ભૂમિને પુનરપિ વર્ષાગમ સુખ પ્રાપ્ત થયાથી લાખો બીજનો પ્રાદુર્ભાવ કરતી—નવ યૌવનમાં મત્ત બની ગએલી જોઇ હર્ષ પામતા પામતા બેઠા હતા એટલામાં તેમની નજર તેમના બાગની પાસે થઇને જોરથી ઘોડો દોડાવતે દોડાવતે જતા એક સ્વાર ઉપર પડી. તેની સાથે તેમને એક વિચિત્ર દેખાવ એવો જણાયો કે તેણે પોતાના હાથમાં એક કુમળા બાળકને ગરમ વસ્ત્રોમાં ખુબ લપેટીને માત્ર ખુલ્લે મ્હોંએ સંભાળથી રાખેલું હતું. ઠાકોરની અને તેની નજર મળતાં જ તે સ્તંભ્યો અને આગળ નહિ વધતાં બાગમાં પેઠો. તેના ચહેરા તથા પોશાક ઉપરથી તે કોઇ ઉંચા કુટુમ્બનો ગૃહસ્થ હોય એમ લાગતું પણ તેણે બોકાનીથી પોતાના મ્હોંનો ઘણો ખરો ભાગ ઢાંકી દીધો હતો ને કપાળ વિગેરે, નીચી આવેલી બત્તીથી સ્પષ્ટ દેખાતું ન હતું. વરસાદથી પોતાનું તથા પોતાની પાસેના નાજુક

બાળકનું રક્ષણ કરવા ખાતર જાડો ડગલો ઉપર ઓઢી લીધો હતો, અને અવાજ પણ કંઇક કૃત્રિમ રીતે કાઢતો હોય એમ જણાતું હતું તેથી ભૂપતસિંહને તેનું ઓળખાણ પડી શક્યું નહિ, પરંતુ તે સ્વાર એને ઓળખતો હશે એવી ભૂપતસિંહને શંકા થઇ કેમકે બાગમાં તેની સમીપ આવતાંજ તેણે "આપનું નામ ભૂપતસિંહ?" એવો પ્રશ્ન કર્યો. તેનો ઉત્તર હકારમાં મળતાં તેણે પોતાના હાથમાંના બાળક તરફ આંગળી કરીને કહ્યું કે—"ભાઇ સાહેબ, આ બાળકની માતા આજ સવારે જ સ્વર્ગવાસી થઇ છે અને હવે એને ઉછેરે એવું કોઇ મ્હારા મકાનમાં ન હોવાથી હું મ્હારા સગામાં કોઈ યોગ્ય સ્ત્રીની તલાસ કરવા જાઉં છું. પરંતુ વરસાદ ચઢી આવ્યો છે અને અત્યાર સુધી તો હું એને સંભાળીને લાવ્યો પણ જો વૃષ્ટિ થાય તો એ બિચારૂં કૂમળું ફૂલ કરમાઇ ગયા વિના રહે નહિ. મ્હારે દૂર પલ્લે જવાનું છે. આપના આવાસમાં અનેક સ્ત્રીઓ થોડીવાર એનું પોષણ કરે એવી હશે માટે આપ કૃપા કરીને એનું આજની રાત રક્ષણ કરાવશો? કાલે તો હું આવીને એને આપની પાસેથી જરૂર લઇ જઇશ. અનાથનો બેલી પ્રભુ આપનું કલ્યાણ કરશે."

ભૂપતસિંહને આ સાંભળી બિચારા મા વિનાના બાળકનો દયામણો ચહેરો જોતાં તેને માટે સ્વાભાવિક દયાની લાગણી થઇ આવી. તેથી તેણે વધુ પડપૂછ કરવાને બદલે તેને તે સ્વારના હાથમાંથી બહુ જ નરમાશથી લઈ લીધું અને તરત પોતાની દાસીને બોલાવીને તેની સંભાળ લેવાની આજ્ઞા આપી. પેલા સ્વારને તેણે જરા વિશ્રાન્તિ લીધા બાદ જવાનું કહ્યું પણ તેણે ઉપકારની સાથે તેની ના પાડી અને પોતાને લાંબો પંથ કાપતાં રાત પડી જશે એવો ભય બતાવી તત્કાળ ત્યાંથી રજા લીધી.

ભૂપતસિંહ આશા રાખતો હતો કે બીજે દિવસ તે સ્વાર પાછો આવીને એ બાળકને સંભાળી જશે પણ આખો દિવસ વીતીને રાત પડવા આવી ત્યાં સુધી કોઇ આવ્યું નહિ અને રાત ગયા પછી સવાર થતાં સુધીમાંએ કોઇએ દેખા દીધી નહિ તેથી એના મનમાં અનેક તર્ક વિતર્ક થવા લાગ્યા. એ બાળક કોનું હશે?—કોણે એને પોતાને ત્યાં આણ્યું હશે? પાછા લઈ જવાનું કહી ગયા છતાં તે લાવનાર માણસ કેમ ખોટો પડ્યો હશે? પોતે જરા વિશેષ હકીકત પણ માગી નહિ ને વગર પૂછે ગાછે બાળકને લઇ લીધું તે ઠીક કર્યું નહિ—એ વિગેરે ઘણા વિચારો તેને આવવા લાગ્યા—પણ હવે પસ્તાવો કરવો નકામો હતો ને એના મ્હોટા કુટુમ્બમાં એક બાળકના

વધારાથી કંઇ ખર્ચનો વધારો થઇ જાય તેમ ન હતું તેથી એણે જે બની તે બની, હવે ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો એમ નિશ્ચય કરીને દાસીને બોલાવી બાળક જોવા મંગાવ્યું. રાત્રિયે ગાઢ નિદ્રા મળ્યાથી તેમ જ તાજા દૂધનું પોષણ પામવાથી, તેનું વદન કમળ પ્રફુલ્લ થયું હતું, અને હસતું ને હાથ પગ હલાવતું, કાલા કાલા અસમંજસ અક્ષર બોલતું તે તેના બીછાનામાં સૂતું હતું, ત્યાંથી દાસી તેને ગરમ કપડામાં વીંટાળીને લઇ આવી. અત્યાર સુધી તે છોકરો હશે કે છોકરી એ પણ જાણવાની ભૂપતસિંહને ઇચ્છા થઇ ન હતી. કેમકે તે કંઇ પોતાને ત્યાં રહેશે એમ તે માનતો ન હતો પણ હવે જ્યારે તે આમ અણધાર્યું પોતાને માથે પડયું—તેને ઉછેરવાનું જોખમ દૈવે જ જાણે તેના ઉપર નાંખ્યું-તેના સુખ દુઃખનો સાથી પોતાને જ બનાવ્યો—ત્યારે તેને તે જાણવાની સહજ જિજ્ઞાસા થઈ અને દાસીના કહેવાથી જણાયું કે તે છોકરી છે. પોતાની ઉમર માત્ર ૩૦ વર્ષની હતી અને સંતાન કંઇ હજી પ્રાપ્ત થયું ન હતું તેથી એક રીતે પોતાની સ્ત્રીને આ રમકડું અવકાશના સમયમાં આનંદ આપશે—એને ઉછેરવામાં તેને ખરા સંસારનું ભાન આગળથી જ થશે—કંઇક કંઇક નવું નવું શિક્ષણ મળશે-એ આદિ લાભ તે હવે જોવા લાગ્યો. બાળકનું વદન ગૌર અને ભરેલું હોવાથી તેણે તેનું નામ ચંદ્રપ્રભા રાખ્યું અને શુકલ પક્ષના ચંદ્રની પેઠે જ તે પ્રતિદિવસ વૃદ્ધિ પામતું ગયું. ઘડી અધઘડી પોતાની પાસે કલ્લોલ કરાવવાને રોજ તે તેને મંગાવતો અને તેના રૂપથી મોહિત થતો. ઇશ્વર પોતાને પણ આવીજ સંતતિ આપે તો કેવું એવો તેને સ્વાભાવિક વિચાર થઇ આવતો. કાળે કરીને મમત્વ બંધાતાં તે તેને પોતાનું જ ગણવા લાગ્યો અને ગૃહશિક્ષણની સાથે સારા શિક્ષકો રાખીને તેને વ્યવહારોપયોગી જ્ઞાન પણ અપાવવા લાગ્યો. સદ્-ભાગ્યે શિક્ષક સારા કંઠવાળો અને કવિતા મીઠાશથી ગાઇ જાણતો મળ્યો તેથી ચંદ્રપ્રભાને તેના જેવું જ ગાવાનું કુદરતી વલણ થઇ આવ્યું, અને તે એટલે સુધી કે શિક્ષક જે ઢબે ગાતો તે જ ઢબે તે પોતાના કોમળ સ્વરથી કવિતા ગાતી અને એની સ્મરણશક્તિ પણ એવી તીવ્ર હતી કે એક બે વાર સાંભળતી એટલામાં ગીત મ્હોંએ પણ કરી લેતી તથા શિક્ષકના ગયા પછી પોતાની મેળે જ તે એકલી એકલી રમતાં રમતાં ગાતી. આથી ઘરમાં સર્વને તે વધારે પ્રિય થઇ પડી અને જ્યારે કોઇ સ્નેહી સંબંધી મળવા આવતાં ત્યારે 'બહેન ફલાણું ગીત ગાઓ જોઇએ'-એમ એને ફરમાશ થતી. બાળકનો સ્વભાવ ઘણો જ શરમાળ હોય છે તેથી એકદમ તો એને આ જરા વસમું લાગવા માંડયું પણ ધીમે ધીમે ટેવ પડવાથી ને ગાયન

ઉપર તેની પ્રીતિ હોવાથી તેનો અણગમો ઓછો થતો ગયો. પછી તો જ્યારે તેનાં વડીલો તેને ફરમાવતાં ત્યારે તે બેધડક શરમાયા વિના પોતાને આવડતું તે ગાઇ સંભળાવતી તેથી સર્વ કોઇને ઘણો જ હર્ષ થતો. તેને ઓળખનારાં સર્વે એકમતે કહેવા લાગ્યાં કે આને જો સંગીતનો અભ્યાસ કરાવવામાં આવે તો બહુ સારી ગાનારી નીવડે. તે ઉપરથી ભૂપતસિંહે તેને એક સારા વૃદ્ધ ગવૈયાની તાલીમ નીચે મૂકી અને તેની પાસે અભ્યાસ કરવાનું એને એટલું તો રૂચિકર થઇ પડયું—ઉસ્તાદજીનું મન પોતાની અદ્ભુત શક્તિથી એણે એવું તો થોડા વખતમાં જ હરી લીધું કે તેઓ તેને પોતાની જેટલી વિદ્યા હતી તેટલી બધી વગર સંકોચે શીખવવાને તૈયાર થયા. ગવૈયા સ્વાભાવિક રીતે દીલચોર કહેવાય છે પણ આ તો પોતાની શિષ્યા માટે એટલા મગરૂર હતા કે પોતાની વાહ વાહ કેમ વધે ને પોતાની શાગીતનું પણ કેમ નામ પ્રસિદ્ધિમાં આવે એ બંને ઉદ્દેશથી મન મૂકીને કામ કરવા લાગ્યા. સંગીતની સાથે તંબુર, સીતાર, સારંગી તાઉસ આદિ વાદ્યો બજાવવામાં પણ તેણે એટલી જ કુશળતા મેળવી. જેવું એનું ગળું તેવું જ એનું વાદ્ય. કહેવત છે કે કુવામાં હોય તો હવાડામાં આવે. અંહી તો કુવો ટોચ સુધી ભરેલો હતો. એના ગળામાં તાન પલટાની ધુન મચી જ રહી હતી—શુદ્ધ આલાપ પણ એવા કરતી કે રાગ રાગિણી સ્વરૂપ ધારીને હમણાં જ તેની પાસે ખડાં થશે એમ શ્રોતાઓને લાગતું. એનો કંઠ "**क्वणत् कनककिंकिणीझणझणायित**"—સુવર્ણની નાની ઘુઘરીઓના ઝણકાર જેવો કોમળ તથા મધુર છતાં, ટીપમાં મૃદુતા મૂકયા વિના, એવો ઉંચો જતો કે એનું તાલુ ફાટીને એના પ્રાણ બહાર નીકળી જશે એવો કલાભિજ્ઞ પુરૂષોને પણ ભય રહેતો. આવી રસપોષિત લાવણ્યવતી બાળાનો યૌવનકાળ ચિંતાતુર કેમ ન હોય ? તે પોતે તો પોતાની પ્રિય સંગીત કળામાં એટલી લીન થઈ ગઈ હતી કે આસપાસ શું બને છે—પોતાના સામું કોણ કેવી દૃષ્ટિથી જુએ છે—પોતાની નાજુક વેલીને કોઇ સબળ વૃક્ષના આધારની અપેક્ષા છે કે કેમ, તેનો તેને ખ્યાલ પણ આવતો નહિ. ભૂપતસિંહનું ઘર તે પોતાનાં માતપિતાનું જ છે એમ એ ઘણાં વર્ષસુધી માનતી, પણ સમજણી થયા પછી દાસીઓની અંદર અંદર થતી વાતો તેને કાને પડતી તે ઉપરથી તેને પોતાની ખરી સ્થિતિનું ભાન આવ્યું હતું. પોતે કોણ છે, પોતાની શી જ્ઞાતિ છે, પોતાનાં ખરાં માબાપ કોણ હશે, પોતાને અંહી શામાટે મૂકી ગયાં હશે, તેઓ હાલ હયાત હશે તો કયાં હશે, શી દશામાં હશે, પોતાની ખબર સરખી પણ કાઢવા કોઇ દહાડો કેમ આવતાં નહિ હોય

–એ આદિ અનેક પ્રશ્ન તેના મનમાં ઘોળાયાં કરવા લાગ્યા, પણ તેનો નિવેડો કોણ લાવી શકે? કોની પાસે પોતાના દિલનો ભેદ ખુલ્લો કરવો તે તે સમજતી નહિ. ઘરનાં સર્વ માણસો તેની ઉપર અગાધ પ્રીતિ રાખતાં –તેના સરલ સ્વભાવથી, હસમુખા ચહેરાથી, કોમળ કંઠથી, તેણે સર્વને વશ કરી લીધાં હતાં એટલે કોઇ રીતે તેને અણગમો થવાનું કારણ ન હતું, પણ ખરી સ્થિતિ જાણનાર એક ભૂપતસિંહ જ હોવાથી–અને તેમની સાથે બહુ બોલવાનો પરિચય વયોવૃદ્ધિ સાથે કમી થવાથી તેમને પૂછતાં તે જરા શરમાતી. અન્ય સર્વની વૃત્તિ પોતા તરફની તે યથાર્થ કળી શકતી પણ ભૂપતસિંહના મનમાં શું હશે તે હજી એ બરાબર સમજી શકતી નહિ. દસ બાર વર્ષની તે થઇ ત્યાં સુધી તો તેના અંતઃકરણમાંનો પુત્રીભાવ કાયમ પ્રકટ રહ્યો. પણ કાળે કરીને કાંઇક બીજી જ વૃત્તિ ઉદ્ભવતી હોય એવી કોઇ કોઇ વેળા તેને શંકા થવા લાગી. તેની દૃષ્ટિમાં કંઈ ફેરફાર જણાવા લાગ્યો. એકાંતમાં તેની સાથે બેસતાં તેના મનમાં કોણ જાણે શા કારણથી કંઇક સંકોચ ઉત્પન્ન થવા લાગ્યો. વિચારો આપોઆપ વિદ્યુદ્બળે કેટલીકવાર એક મગજમાંથી બીજા મગજમાં પ્રવેશ કરે છે. આપણા મનનું આદર્શ જ સામાનું મન બને છે. આપણું મન સામાની તરફ કેવું છે તે આપણી મુખ–મુદ્રા ઉપરથી જ તે સમજી શકે છે. આવે વખતે જો આપણો આત્મા તેના તરફ સમભાવ રાખતો હોય છે–આપણને તેના ઉપર સ્નેહ ઉત્પન્ન થતો હોય છે તો આપણે તેના સ્નેહનો સ્વીકાર કરીએ છીએ, અને આપણી મનોવૃત્તિ બીજા પ્રકારની હોય છે તો આપણે તેનાથી દરતા રહીએ છીએ, તેની સોબતથી દૂર ભાગીએ છીએ, તેના સાથે વાર્તાલાપનો પ્રસંગ જ થોડો આવે એમ ચાહીએ છીએ તો પછી એકાંતની તો વાત જ શી? પ્રેમનો ઉમળકો સામો ઉછળવાને બદલે અનાદર તેનું સ્થાન લે છે. ચન્દ્રપ્રભા હજી એક રીતે શૈશવ અવસ્થામાં છતાં, તેના મનમાં ભૂપતસિંહ માટે કોણ જાણે કેમે આવી વૃત્તિ ઉદ્ભવવા માંડી હતી. તેણે કોઇ દિવસ તેને કડવો શુકન કહ્યો ન હતો. તે તેનો પાલક પિતા હતો. તેના હાથમાં જ તે ઉછરીને મ્હોટી થઇ હતી. તેની પાસે લાડમાં રમી હતી. પોતાના જ હિતની ખાતર તેણે સારા સારા શિક્ષક રાખીને ખર્ચ સામું ન જોતાં તેને સારી કેળવણી આપી હતી. એટલે ઉપકારની તો કંઇ સીમા ન હતી. તેનો ખરો પિતા પણ આટલી બધી કાળજી તેને માટે રાખત કે કેમ એ શંકાભરેલું હતું છતાં, કોણ જાણે શાએ કારણથી તેના મનમાં કંઇક વહેમ પડવા માંડ્યો હતો. તેથી તે તેની પાસે જેમ બને

તેમ ઓછું જતી આવતી ને ઘણો કાળ સ્ત્રીવર્ગમાં કાઢતી. ઉમરલાયક થતાં ઉત્પન્ન થતી સ્વાભાવિક લજ્જા પણ આનું કારણભૂત હતી.

આણી તરફ એના મનની આ સ્થિતિ હતી ત્યારે સામી તરફ ભૂપતસિંહના વિચાર કેવા થતા હતા તે આપણે જોઇએ. જ્યાં સુધી તેની રક્ષિતામાં કેવળ નિર્દોષ બાળભાવ જ રહ્યો ત્યાં સુધી તો તેના મનમાં કંઇ જ વિકાર જન્મ પામ્યો નહિ. પરંતુ પોતે સુનીતિનું શિક્ષણ પામેલો નહિ—દરબારમાં જ ઉછરેલો ને દરબારીઓની રીતભાત શીખેલો તેથી કાળે કરીને તેને યૌવનાવસ્થામાં આવતી જોતાં તેના જેવાના વિચારો બદલાય એ અસ્વાભાવિક ન હતું. તેને એમ થતું કે એની જાત પણ હજી જાણવામાં નથી તો પછી મ્હારે એને હવે વાસ્તવિક રીતે પુત્રીવત્ જ ગણવાની શી જરૂર છે? મ્હેં એને પાળી પોષીને મ્હોટી કરી તેથી જ શું મ્હારા ઉપર એવી ફરજ આવી છે એમ મ્હારે માની લેવું જોઇએ? ક્ષત્રીઓમાં એક કરતાં વધારે સ્ત્રીઓને પરણવામાં કઇ બાધ હોતો નથી તેથી પુખ્ત વયે પહોંચતાં હું જ તેની સાથે લગ્ન કરૂં તો શી અડચણ? અજાણ્યા કરતાં જાણીતું, સર્વ રીતે પરિચિત ઐરૂં પરણવાથી ઉલટો ~~વિશેષ લાભ~~ થશે—ઘરમાં કુસંપને બદલે સંપ વધશે ને મ્હારે એને સારૂ કોઇ વર શોધવાની તસ્દી લેવી રહેશે નહિ. આવા વિચાર રાત દિવસ તેના મનમાં ઘોળાયાં કરતા તેથીજ તેની દૃષ્ટિ અગાઉના જેવી નિર્વિકાર રહેતી ન હતી અને તેના મનની છાપ તેની પ્રીતિના પાત્ર ઉપર અજાણે પડવાથી જ તે કંઇક જાગૃત બની હતી. આવી રીતે લાંબો વખત અસ્ફુટ મનોભાવ રાખવાને બદલે એક વાર તેણે લાગ જોઇને ચંદ્રપ્રભાને પોતાની ઇચ્છા જણાવી અને તેને સંપૂર્ણ આશા હતી કે તેણે કરેલા અનહદ ઉપકારના બદલામાં તે તેનો ઘણી ખુશીથી સ્વીકાર કરશે—પોતે આવી હલકી સ્થિતિમાંથી ઉંચી પદ્વી પામવાને માટે પોતને ભાગ્યશાળી માનશે. પણ જવાબમાં જ્યારે ઉમળકો અને પ્રેમનો ઉભરો તો કોરે રહ્યો પણ સ્વાભાવિક વિવેકનો પણ અભાવ તેને જણાયો–પોતાના પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે તે જ્યારે નિઃશબ્દ નીચું વદન કરીને બેસી રહી, ત્યારે તેને સમજાયું કે આના મનને કંઇક આ વાત રૂચતી નથી, તેથી તેનું કુતૂહલ દ્વિગુણિત થયું–કંઇ કંઇ નવા તર્ક વિતર્ક ઉત્પન્ન થવા લાગ્યા–અને શા કારણથી તે પોતાનો સ્વીકાર કરતી નથી તે જાણવાની જિજ્ઞાસા અતિ પ્રબલ થઇ. તેથી તેણે એને ઉપરાઉપરી સવાલો પૂછીને એનું હૃદય ખાલી કરવાને-તાણ કરી–ને છેવટ પ્રભુત્વનો હક બતાવીને હુકમ કર્યો.

ચંદ્રપ્રભાના મનમાં જો કે આ વાત ઘણા દિવસથી ઘોળાયાં કરતી હતી, અને કોઇક વાર પણ એવો પ્રસંગ આવશે—ધુમાડાના ગોટામાંથી અગ્નિજ્વાલા ભભુકશે એવી એને બ્હીક રહેતી હતી તોપણ આજ તો કંઇક અચાનક આવું બની ગયું તેથી કે, પોતે તે વેળા ઉત્તર આપવાને તત્પર નહિ હોય તેથી કે તેના પાલકને મ્હોંએ આવી બાબતમાં શો જવાબ દેવો તે નહિ સમજાયાથી–પોતાનો ખરો વિચાર જણાવ્યાથી તે ક્રોધે ભરાશે ને પોતાને ઘરમાંથી કદાચ કાઢી મૂકશે તો પોતે નિરાધાર રખડતી થશે એવી પણ ભીતિ ઉત્પન્ન થવાથી તે કંઇ બોલી શકી નહિ ને જેમ જેમ ભૂપતસિંહનો આગ્રહ વધતો ગયો તેમ તેમ તેનું અંતઃકરણ તથા મ્હોં વધારે વધારે બંધ થતું ગયું. આખરે કંઇ નહિ ચાલતાં તેની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં ને ગળગળે સ્વરે તેણે એટલું જ કહ્યું કે "મ્હારા પિતા ઉઠીને આવો સવાલ કરશે એમ મ્હેં કદી ધાર્યું ન હતું. હું તો આપનું બચ્ચું છું ને આપના આભાર તળે ડૂબી ગઇ છું તેથી મ્હારે આપની આજ્ઞા શિરસા વંદ્ય છે પણ ક્યાં હું ને ક્યાં આપ ? હું કઇ જાતિની છું તે જ હજી જણાયું નથી તો પછી બીજો વિચાર કરવાનું રહે જ ક્યાંથી ? માટે લાચાર છું કે આ બાબતમાં હું આપની ઇચ્છા અનુસાર વર્તી શકતી નથી."

ભૂપતસિંહે જોયું કે હમણાં વધારે દાબણી કરવાનો વખત નથી. કાળે કરીને સર્વ થઈ રહેશે તેથી તે વાત તેણે તરતને માટે જતી કરી. પણ ત્યારથી ચંદ્રપ્રભાના મનમાં એવો જ સંકલ્પ થયો કે જ્યારે ત્યારે પણ એ મને આ પ્રશ્ન ફરી પૂછ્યા વિના નહિ રહે માટે મ્હારે અહીંથી જેમ બને તેમ વહેલાં ઉપડીને કોઇ અન્ય સ્થળે રહેણાક રાખવી—કોઈ બીજા જ પ્રદેશમાં જવું. આ ઉપરથી તે તેવા કોઇ અનુકૂળ પ્રસંગની રાહ જોતી હતી, એટલામાં મુંબઇથી એમ્પાયર નાટકશાળાના માલિક તરફથી કોઇ એજંટ સારાં પાત્રોની શોધમાં ફરતો ફરતો ઉદયપુર આવી પહોંચ્યો. તેના બાતમીદારોથી તેને ખબર મળી કે ચંદ્રપ્રભા નામે કોઇ કન્યા ઘણુંજ સારૂં ગાઈબજાવી જાણેછે ને તેનાં માબાપ કે જાતિની કોઇને ખબર ન હોવાથી તેની મરજી ઉદયપુર છોડીને કહીંક બહાર જવાની છે. તે ઉપરથી તે એજંટે ગુપ્ત સંદેશા કોઇ સ્ત્રીઓ દ્વારા મોકલીને તેના મનની પરીક્ષા કરી જોઇ તો તેને જણાયું કે એ બાળા ગમે તેમ કરીને પણ પોતાનું મકાન છોડવાને તત્પર થઇ રહી હતી. તેણે તેને વચન આપ્યું કે પોતાની સાથે જો તે મુંબઇ આવશે તો તેને સારો પગાર આપવા ઉપરાંત, રહેવાને માટે વગર ભાડે અલાયદી જગા લઇ આપવામાં આવશે અને તેની સાથે એક પુખ્ત ઉંમરની સ્ત્રીને પણ જો ભેગી

લેવી હશે તો લઇ શકાશે, તથા ત્યાં રાખી શકાશે. આ વિચાર ચંદ્રપ્રભાને અનુકૂળ આવતાં તેણે તેની સાથે જવાનું કબૂલ કર્યું અને એક રાત્રે ઘરમાં સર્વ શાન્ત થઇ ગયું હતું, સઘળાં માણસો નિદ્રાવશ થયાં હતાં, ચંદ્રપ્રકાશ પણ ન હોવાથી પોતાને કોઇ ઓળખી કાઢશે એવો ભય પણ રાખવાનું કારણ ન હતું—ત્યારે તે પોતાનું સર્વસ્વ ત્યાં જ રહેવા દઇને માત્ર પહેરેલાં કપડાં તથા બીજી એક જોડ બદલવાની લઇને સંકેત કરેલે સ્થળે પહોંચી ગઇ. ત્યાં તેને માટે સર્વ સાધન તૈયાર હતાં. નાટકવાળાએ તેની આજીજીથી ગામમાંથી કોઇ આધેડ ઉમરની સ્ત્રીને તેની સાથે રહેવાનું ઠરાવીને લઇ લીધી હતી તેથી તે બંને જણ મુસાફરી માટે ઉપડી ગયાં અને યોગ્ય સમયે મુંબઇ આવી પહોંચ્યાં.

મુંબઇ શહેરના વૈભવની વાતો તેણે સાંભળી હતી પણ પ્રત્યક્ષ જોવાનો પ્રસંગ તેને આ પહેલોજ આવ્યો તેથી શહેરમાં પ્રવેશ કરતાં જ તેની ભવ્ય ઇમારતો, પહોળા રાજમાર્ગ, રસ્તાની નીચે થઇને જતી આગ ગાડીઓ, જથાબંધ આમ તેમ ફરતી ઘોડા ગાડીઓ, ટ્રામકાર, મોટરકાર, બાઇસીકલો અને મનુષ્યોની ધમાલ જોઇને તે એકદમ અંજાઇ જ ગઇ. આટલી બધી સ્ફૂરતા, ચંચળતા, વ્યાપાર ઉદ્યોગ ત્યાં જોવામાં આવશે એમ તેણે ધારેલું નહિ તેથી તેનો ખ્યાલ પણ તેને ક્યાંથી હોય? નાટકવાળાઓએ તેને માટે મુકરર કરેલું મકાન એક નાજુક બંગલા ઘાટનું, વાલકેશ્વરને રસ્તે આવેલું હતું. તેની પાછળના ભાગમાં અહર્નિશ સમુદ્રનાં દર્શન થતાં હતાં, ને કોઇ કોઇ વાર આગબોટો પણ દૂર જતી આવતી જોવામાં આવતી હતી. સમુદ્રતરંગની છોળો પોતાના બંગલાની પછીતની છેક પાસે જ વાગતી હતી અને આગલી પાસ ગાડી ઘોડા તથા મોટરકારોના ઘડઘડાટ અંતરે અંતરે થયાં કરતા હતા તેથી મકાન ખાલી છતાં તેને અણગમો થશે એમ લાગ્યું નહિ. સ્વસ્થ થયા પછી તેને નાટકશાળામાં તેડી જવામાં આવી. ત્યાંનો ઠાઠ જોઇને તો એ દિગ્મૂઢ જ બની ગઇ. પ્રથમ તો તેને પ્રેક્ષક વર્ગમાં બેસાડવામાં આવી તેથી વીજળીની બત્તીઓ તથા પંખા, પડદાની વિવિધ રચના, પાત્રોના વિચિત્ર પોશાકો, નાનાં બાળકોની નાચવાની તથા ગાવાની ખુબી એ આદિ જોઇને એને ઘણું જ સાનંદાશ્ચર્ય થયું. મ્હોટાં પાત્રોમાંથી કેટલાંકની ઉત્તમ કળા જોઇને તેમને માટે તેને માનની પણ લાગણી થઇ અને પોતે કોના જેવું થવાની કોશીસ કરવી તે પણ મનમાં નક્કી થયું. ધીમે ધીમે તેને આ કામની ગમ પડતી ગઇ. જાતે બુદ્ધિશાળી, ગાવામાં એકકો

અને સ્મરણશક્તિ પણ સારી તેથી તેને ભજવવાનો વેશ તે ઉત્તમ રીતે ભજવી પ્રેક્ષકોનાં મન રંજન કરશે એમ તેને કામે લગાડનારાઓના મનમાં તરત જ આવ્યું તેથી તેને ખુશી રાખવામાં તેઓ કાંઇ પણ બાબતની ન્યૂનતા રાખતા નહિ. તેના પગાર ઉપરાંત તેના મકાનને માટે રાચ રચીલું પણ તેમણે પુરૂં પાડયું. રસોયાની ગોઠવણ પોતાને ખર્ચે કરી આપી અને આવવા જવા માટે પોતાની ગાડી તેને સ્વાધીન કરી. જે નાટકમાં તેને ઉતરવાનું હતું તેનું છેવટનું " રીહર્સલ ", જે પોશાકમાં તેને રંગભૂમિપર આવવાનું હતું તેની અંદર જ કરવામાં આવ્યું ત્યારે વીજળીના પૂર્ણ પ્રકાશમાં એનું લાવણ્ય એવું તો ખીલી રહ્યું—વસ્ત્રાલંકાર એને એવા તો બરાબર બંધ બેસતા આવી ગયા કે જાણે તે ઘણા દિવસથી આ કામ કરતી હોય તેમ સર્વેને જણાયું, અને પ્રેક્ષકવર્ગ સન્મુખ જ્યારે તેના પ્રથમ પ્રવેશમાં જ તે ખડી થશે ત્યારે માત્ર તેના અદ્દભુત દેખાવથી જ સર્વ અંજાઇ જશે એમ તેમની ખાત્રી થઇ.

નાટક બહાર પાડવાનો પહેલો દિવસ પણ આવી પહોંચ્યો. લોકોમાં મોઘમ એમ વાત ચાલી હતી કે—આજ મુખ્ય નાયિકાનો પાર્ટ કોઇ નવી યુવતી ભજવનાર છે અને તેના ગુણનાં વખાણ પહેલેથી જ કેટલાક જાણીતા માણસો દ્વારા થવા માંડયાં હતાં તેથી 'હાઉસ" ચીકાર ભરાયું હતું અને રંગભૂમિ ઉપર તેનો દેખાવ થતાં જ આકાશમાંથી કેમ જાણે કોઇ અપ્સરા ઉતરી આવી હોય-કેમ જાણે કોઇ દેવાંગના શાપ-ગ્રસ્ત થવાથી મનુષ્ય રૂપ ધારણ કરીને પૃથ્વી ઉપર ઉતરી આવી હોય—એમ સર્વ લોકો તેની સામું તાકી તાકીને જોવા લાગ્યા અને એ શું બોલશે ને શું ગાશે—કેમ નૃત્ય કરશે ને કેમ ભાવ ભજવશે એ સાંભળવાની તથા જોવાની સર્વ આતુરતાથી રાહ જોતા જોતા બેઠા. પ્રથમ સંવાદમાં જ તેનો મંજુલ સ્વર એવો તો કર્ણભેદી બન્યો કે તે મૃદુ છતાં, આખી નાટકશાળામાં સર્વેના સાંભળવામાં આવ્યો, અને તેના ગળામાંથી જ્યારે સંગીતનો ધ્વનિ બહાર પડયો ત્યારે તો તેની એ કળામાં શ્રેષ્ઠતા એવી સ્પષ્ટ જોવામાં આવી —એનો અભિનય એવા ઉત્તમ પ્રકારનો જણાયો—એની ભાવવ્યંજક ચેષ્ટાઓ એવી હૃદયાહ્‌લાદક નીવડી કે સર્વ કોઇ તેનાથી પ્રસન્ન થઇ ગયાં અને આજ સુધી એવી કોઇ સર્વગુણસંપન્ન નર્તકી રંગભૂમિ ઉપર આવી જ નથી એમ એકમતે કહેવા લાગ્યાં.

ધીમે ધીમે એનો વિજ્ય કેવો સંપૂર્ણ થયો-સર્વ પ્રેક્ષકોનાં મન

એણે કેવાં હરી લીધાં-સર્વેનું પ્રીતિભાજન છતાં, પોતે કોઇના ઉપર પણ પક્ષપાત દર્શાવ્યા વિના પોતાનું કામ કેવી શુદ્ધ ભાવનાથી તે કરે જતી તે આપણે આગળ જોયું છે. આમ તેનો કાળ નવાં નવાં નાટકોમાં પોતાને ભજવવાના વેશને માટે તૈયાર થવામાં-નવાં નવાં ગાયનો શીખવામાં-નવા નવા વસ્ત્રાલંકારથી સજ્જ થઇને નાટ્યભૂમિ ઉપર સર્વની સાબાશી મેળવવામાં જતો હતો અને ભૂતકાળનું ભાન ભૂલીને ભવિષ્યની મીઠી મીઠી આશાનાં સ્વપ્નાં જોતી તે નિર્દોષ આનંદ ભોગવતી હતી. એટલામાં એક દિવસ અચાનક તેના બંગલા આગળ એક મોટરકાર સાંજને વખતે આવીને ઉભી રહી ને તેની અજાયબી વચ્ચે તેમાંથી ભૂપતસિંહે બહાર નીકળીને તેના બારણા ભણી પગલાં કર્યાં. તેને જોતાં જ તે સ્તબ્ધ બની ગઇ. મને એમણે ક્યાંથી શોધી કાઢી હશે? હવે એ મને શું કરશે? શું કહેશે?—એકલી હું મ્હારો બચાવ કેમ કરી શકીશ? મ્હારા ઉપર કંઇ બળાત્કાર કરશે તો મ્હારો બેલી કોણ? એ વિચારે તેને ઘેરી લીધી. પરંતુ ધીરજથી પ્રભુ ઉપર દૃઢ આસ્થા રાખીને જે થાય તે થવા દેવું એવા નિશ્ચય ઉપર તે આવી તેથી ભૂપતસિંહ બારણામાં પેઠો એટલામાં તો ઉઠીને તે સામી આવીને સાષ્ટાંગ દંડવત્ કરતી કરતી તેને ચરણે પડી આવા સત્કારને માટે તે તૈયાર ન હતો. પોતાને કહ્યા વિના નાસી ગઇ હતી તેથી સંતાતી છુપાતી ફરશે ને પોતાનું મ્હોં દેખાડતાં પણ શરમાશે; એમ એણે અનુમાન કર્યું હતું પણ તે તો ખોટું પડયું. પોતે જે રોષ ઠાલવવા માટે, ક્રોધાગ્નિ વરસાવવા માટે બળ્યો બળ્યો આવ્યો હતો તે તો બધો તેના પ્રશાન્ત આદરભાવથી ઠરી ગયો અને તેને બદલે આ નવા ધંધામાં તેના મુખ ઉપર આવેલી વિશેષ રોશની તથા લાલી-તેનાં અધિક સૌષ્ઠવ પામેલાં અવયવો-તેની હાલવા ચાલવાની નવી પણ અતિ મનોરંજક ઢબછબ—સાદા છતાં અધિક કાન્તિ આપતા તેના વસ્ત્રાલંકારની ખુબી નિહાળતો ચકિત બનીને તે ત્યાં બેસી જ રહ્યો. શી રીતે વાત છેડવી તે બેમાંથી કોઇને કેમ જાણે સૂઝતું ન હોય તેમ થોડીવાર તો કોઇ બોલ્યું ચાલ્યું પણ નહિ. ચંદ્રપ્રભા જાણતી હતી કે તે પોતાને ઠપકો દેવાને—પાછી તેડી જવાને-પોતાની ઇચ્છાનુસાર વર્તવાની શીખામણ દેવાને આવેલ હતો તેથી એને તો કંઇ પ્રથમથી બોલવાનું હતું જ નહિ, એટલે એ તો શું બને છે તે જોતી જ બેઠી હતી. બહુ વારે ભૂપતસિંહે ધુરકતા સિંહની પેઠે કઠોર અવાજે શરૂઆત કરી:—

"ત્હારા જન્મકાળથી મ્હેં લીધેલી ત્હારી સંભાળના આ બદલો?

—આવી કૃતઘ્નતા ત્હારામાં હશે એમ તો હું માનતો જ ન હતો. પરંતુ જગતમાં શું નથી બનતું ? મ્હારી જ ભૂલ કે મ્હેં તને વિશ્વાસની નજરે જોઇને વિખૂટી રાખી. ત્હારે મુંબઇ આવવું હતું તો મને શામાટે જણાવ્યું નહિ ? હું તને ખુશીની સાથે મ્હારા નોકરો જોડે મોકલત. પણ આવા નીચ ધંધામાં ઉતરીને મ્હારી આબરૂને બટ્ટો લગાડવામાં તને શરમ ન આવી ?"

" પિતાજી, આપનું મ્હેં કંઇ બગાડયું હોય એમ હું સમજતી નથી. આપે મને ભણાવી ગણાવી મ્હોટી કરી તેનો બદલો તો હું વાળી શકું એમ છેજ નહિ, પરંતુ આપના ઉપર બોજારૂપ થઇને આખું જીવન દાસત્વ પણે કાઢવું મને ઉચિત લાગ્યું નહિ, તેથી આપે જે કળાનો મ્હારામાં પ્રાદુર્ભાવ કરાવ્યો છે, તેના બળવડે જ પ્રમાણિકપણાથી આજીવિકા પ્રાપ્ત કરીને મ્હારો નિર્વાહ સ્વતંત્રપણે કરવાનું મને સૂઝયું, અને એવો પ્રસંગ મળતાં હું અંહી આવી છું. હવે હું સર્વ વાતે સુખી છું તેથી આપે મ્હારી ચિન્તા કરવાની નથી. આપને મ્હેં છેતર્યા, આપને મ્હારે માટે અંહી સુધી આવવાની તસ્દી લેવી પડી—તે માટે હું ક્ષમા ચાહું છું. પણ આ પગલું ભરવાથી મ્હેં મ્હારી આબરૂ ખોઇ હોય એમ હું માનતી નથી. વળી મ્હારે જાતિ અભિમાન છે જ ક્યાં ? મ્હારે આબરૂ હતી જ ક્યાં કે ખોવાય ? હું તો રખડતા ઢોર જેવી આપને મળી હતી એટલે મને તો કોઇ વાતે લાંછન લાગે એમ છે જ નહિ—પરંતુ હું જે કામ કરૂં છું તે કોઇ પણ રીતે અયોગ્ય કે હલકું ગણાય એવું નથી. આપ જોતા હશો કે ઇંગ્લાંડમાં મ્હોટા મ્હોટા એકટરો ને નામદાર શહેનશાહ સાહેબ તથા તેમનાં ધર્મપત્નિ આપણાં મહારાણી સાહેબ પોતાના રાજ્ય મહેલમાં ખાસ આમંત્રણ કરીને તેમના ખેલો જોવામાં—તેમનો માન મર્તબો અને ગૌરવ તથા પ્રતિષ્ઠા વધારવામાં અતિ આનંદ માને છે, તો મ્હારા જેવી અલ્પ વ્યકિતયે માત્ર પ્રજાનાં મન રંજન કરીને કૃતાર્થ થવાનો ઉદ્દેશ રાખવો એ કંઇ હલકું નહિ ગણાય."

" હવે એ વાત જવા દે. તને યાદ હશે કે બચપણામાં મ્હેં તને સંગીતનો અભ્યાસ કરાવવા માંડયો હતો ત્યારે મ્હેં તને પૂછયું હતું કે ચંદ્રપ્રભા તું મ્હારી થઇશ ? ત્યારે ત્હેં હા ન્હોતી પાડી ? એ અભ્યાસ કરાવવાની મ્હારી શરત પણ એજ હતી અને હવે તું મ્હારાથી નાસભાગ કરે છે તેનું કંઇ કારણ ?"

" કારણ એ જ કે-પિતાજી મ્હારૂં મન માનતું નથી. નાનપણમાં અણસમજમાં મ્હેં એ પ્રમાણે કર્યું હશે પણ એક નાદાન બચ્ચાનું વચન

તે કંઇ વચન કહેવાય ? હવે મ્હોટપણે મ્હને એમ થાય છે કે એ સંબંધ મને રૂચિકર નથી. મ્હારા થનાર સ્વામી પ્રતિ મને જે પ્રેમભાવના થવી જોઇએ-તેને જોતાં જ મને જે રોમોદ્‌ગમ થવો જોઇએ-મ્હારૂં સર્વસ્વ તેને અર્પણ કરીને તેની જ થઇ રહેવાનો-તેને માટે જીવિત ત્યાગ કરવાની જરૂર પડે તો તેમ કરવાનો-તેના સુખમાં મ્હારૂં સુખ-ને તેના દુઃખમાં દુઃખ માનવાનો દૃઢ સંકલ્પ થવો જોઇએ તે આપને જોતાં મને થતો નથી તો એવો નિઃસ્નેહ સંબંધ બાંધવાથી શું ફળ ? વયમાં પણ આપ મ્હારાથી વૃદ્ધ છો ને બચપણથી હું આપને મ્હારા પિતા જ ગણુતી આવી છું તેથી મ્હારા મનમાં તો આપનો એ વિચાર જ કાંટારૂપે સાલે છે. માટે કૃપા કરીને એ વાત આપ જવા દો ને મને છૂટી કરો. આપે અત્યાર સુધી મ્હારા સુખને માટે ઘણી કાળજી બતાવી છે, તો હવે પછીની મ્હારી જીદંગી જેણે કરીને સુખી થાય એવાં પગલાં મને લેવા દો. આપના ઋણમાંથી તો હું જીવનભર છૂટું એમ નથી.”

“અરે આમ મૂર્ખ ન થા. ત્હારે માટે હું શું શું દુઃખ ભોગવું છું તેનો તને જરા પણ ખ્યાલ હોય તો તું આવું બોલે જ નહિ. હજી તો તું બાળક છે પણ એટલું નક્કી સમજજે કે મ્હારી મુરાદ પાર પાડયા વિના હું રહેવાનો નથી. હાલ મ્હેં અમુક અનિવાર્ય કારણોને લીધે જો કે એ વિચાર માંડી વાળ્યો છે તોપણ ત્હારે હું કહું તે ગોઠવણને તરત તાબે થવું પડશે, ને તે વાત બીજા કોઇને કહેવી નહિ એવી પ્રતિજ્ઞા લેવી પડશે. તું સહેલાઇથી નહિ માને તો મ્હારે જોરજુલમથી ત્હારી પાસે એ પ્રમાણે કરાવવું પડશે.”

ચંદ્રપ્રભાએ જોયું કે આ વેળા તેને આ જાળમાંથી છૂટવાનો ઉપાય બીજો કંઇ નહોતો. પોતે એકલી અબળા અને આ બળવાન રજપૂત. બૂમ પાડીને આબરૂ ગુમાવવી તેના કરતાં તેના જાતિ અભિમાન પર જ વિશ્વાસ રાખીને હા પાડવી એ ઠીક હતું. હજી તે તેને પોતાનો પિતા જ ગણુતી હતી તેથી એ કંઇ નીતિવિરૂદ્ધ વર્ત્તન કરશે એમ તો તે માનતી જ ન હતી. પણ જરૂર પડે તો આત્મરક્ષણ કરવાનું સાધન તેની પાસે તૈયાર હતું તેથી જે ઇશ્વરે ધાર્યું હશે તે ખરૂં-જેને રામ રાખે તેને કોઇ આંચ પણ લગાડી શકતું નથી એવો દૃઢ નિશ્ચય કરીને બોલી અને.......

“આપ કઈ ગોઠવણ વિષે કહો છો ?” એવો પ્રશ્ન કર્યો.

પ્રકરણ છઠ્ઠું.

ભૂપતસિંહનો ભેદ.

ચંદ્રપ્રભા એકદમ ઉદયપુરમાંથી અદૃશ્ય થઇ ગઇ એ વાત કંઇ છાની રહી નહિ. એના સંસર્ગમાં ઘણાં જણ આવ્યાં હતાં તેથી તેમ. જ્યારે એનું સ્થાન ખાલી જણાયું ત્યારે તે સંબંધમાં અનેક ગામગપાટા ચાલવા માંડ્યા. કોઈ કહે એ તો અમુક માણસની સાથે નાસી ગઇ. કોઇ કહે ભૂપતસિંહનો એણે અનાદર કર્યો તેથી એણે છાની રીતે એનો વધ કરાવ્યો. કોઇ કહે અંહીથી ઉપાડીને એને કોઇ ગુપ્તસ્થાનમાં રાખવામાં આવી છે ને ત્યાં બળાત્કારે એની સાથે ભૂપતસિંહ લગ્ન કરનાર છે. આ વાતો ઉડતી ઉડતી મહારાણા સાહેબના દરબારમાં પહોંચી અને દરબાર સાહેબે ભૂપતસિંહનો ખુલાસો પૂછ્યો. તેના ઉત્તરમાં તેણે ખરી વાત કહી સંભળાવી તથા પોતે તેના હાથની માગણી કરી હતી એ પણ કબૂલ કર્યું. મહારાણાશ્રી ઉદાર વૃત્તિના છતાં આવો અનિષ્ટ સંબંધ પોતાના ભાયાતોમાંથી કોઇ કરે એમ ઇચ્છતા નહતા. ગમે તે જાતિની સ્ત્રીને રજપૂતાણી સાથે લાવીને બેસાડવી અને પોતાના જનાનામાં પણ તેને પ્રવેશ કરવાની છૂટ આપવી એ તેમને ગમતું ન હતું. તેથી તેમને ભૂપતસિંહનો આ વિચાર પસંદ પડ્યો નહિ અને તેમણે એને ચોખ્ખું જણાવી દીધું કે ન્યાત જાતની તપાસ કર્યા વિના ગમે તેવી કુશળ સ્ત્રીને પણ તેના જનાનામાં દાખલ કરવાની તેઓ પરવાનગી આપી શકશે નહિ. તેમણે કદી ચંદ્રપ્રભાને જોઇ ન હતી તેથી તેની કાન્તિ વિષે તેઓ કંઇ જાણતા ન હતા પણ જાતિ ભેદને તોડવો નહિ એ તેમના સિદ્ધાન્ત હતા. જૂના વિચારોને તથા રીતિ રિવાજોને તેઓ મજબૂતપણે વળગી રહેનાર હતા. સ્વધર્મ ઉપર દૃઢ શ્રદ્ધા રાખનાર હતા. આમ સેળભેળ થવાથી વર્ણસંકર પ્રજા થાય તે તેમના રાજ્યમાં પોસાય નહિ તેથી તેઓ વિશેષે કરીને ક્ષત્રિયોમાં પ્રત્યેક લગ્ન યોગ્ય સ્ત્રી પુરૂષો વચ્ચે જ થાય એ બાબત ખાસ કાળજી રાખતા.

ભૂપતસિંહ જાણતો હતો કે આ બાબતમાં એઓ ડગે એવા નહતા તેથી તેણે મિથ્યા પ્રયત્ન કરવાનું માંડી વાળીને એમની મરજીને તુરત તો અધીન થવાનું કબુલ કર્યું પણ મનમાં ગાંઠ વાળી કે એમની આંખમાં ધૂળ

નાંખીને ચંદ્રપ્રભાને ઘરમાં લાવું તો જ ખરો. આવો વિચાર આવતાં તત્કાળ તો તેણે મહારાણા સાહેબ પાસે તેની જીદ છોડી દીધી પણ ગુપ્ત રીતે ચંદ્રપ્રભાની શોધ કરાવવા માંડી અને આખર તેને માલૂમ પડયું કે મુંબઇમાં તે અમુક નાટક કંપનીમાં જોડાઇ છે તેથી ત્યાં તે તેને શોધતો શોધતો કંઇક બ્હાનું કાઢીને રજા મેળવીને આવ્યો હતો.

તેણે એવી યુક્તિ રચી રાખી હતી કે પોતાની સાથે ચંદ્રપ્રભાનાં એકદમ લગ્ન કરવાને બદલે તેને પોતાની જ જાતના પણ કોઇ બીજા માણસ સાથે ગુપ્ત રીતે પરણાવી દેવી અને તે પરણનાર નિર્ધન શોધવો કે દ્રવ્યની મ્હોટી લાલચે પોતાની વૃત્તિને અનુસરીને પોતે કહે તેમ કરવા હા પાડે. પછીથી તે માણસને દેશ પાર કરવો એટલે તેનો પત્તો કહીં લાગે નહિ અને થોડા મહિનામાં વાત જરા વિસારે પડે એટલે તે–તેની સ્ત્રીને છોડીને–નિરાધાર મૂકીને નાસી ગયો છે એવું કારણ બતાવી ચંદ્રપ્રભા પાસે તેની સામે છૂટા છેડાનો દાવો કરાવવો. પછી મહારાણા સાહેબને કાલાવાલા કરીને એવી નિરાધાર ગરીબ સ્ત્રીના કલ્યાણને માટે જ તેની સાથે પોતાનાં લગ્ન કરવાની સંમતિ મેળવવી. એકવાર તે ક્ષત્રીને પરણી ચૂકી એટલે રાણાસાહેબને તેનું ઓળખાણ પડે તોપણ તેઓ તેની વિનતિ સ્વીકારવા ના નહિ પાડે એવી તે આશા રાખતો હતો. તેના રૂપરંગ ઉપરથી જ હરકોઇ કહી શકે એમ હતું કે તે કોઇ ઉંચા કુળની તો છે જ. તેને સોંપી જનાર માણસ પણ રજપૂત જેવો જ લાગ્યો હતો તેથી આ પ્રમાણે બાજી રચીને તેણે કેશરીસિંહને શોધી કાઢયો હતો. તે " સુધરેલો " હોવાથી ગમે તે જાતની સ્ત્રીને પરણવા ના પાડશે નહિ એમ એ માનતો હતો ને તેમાં વળી મનમાનતી રકમ રોકડી મળવાથી તે દેવાદાર મટીને માતબર થશે એટલે પછી પોતાની ધારણા પાર પાડવામાં કંઇ વિઘ્ન નડશે જ નહિ એવી તેની ખાત્રી હતી. કેશરીસિંહ દૂર પેઢીએ કંઇક તેનો સગો પણ થતો હતો પરંતુ તેની પાસે હાલ તે પોતાનું નામ જાહેર કરાવવા માગતો ન હતો તેથી જ તેણે બુરખાવાળા માણસો દ્વારા આપણે આગળ જોઇ ગયા તે ગોઠવણ કરાવી તેની સંમતિ મેળવી હતી.

હવે ચંદ્રપ્રભાની સંમતિ લેવાને તે આવ્યો હતો અને તેણે જ્યારે, આપણે ગયા પ્રકરણને છેડે જોયું તેમ, પોતે શી ગોઠવણ કરવા માગે છે એવો પ્રશ્ન કર્યો ત્યારે તેણે જવાબ દીધો કેઃ–

" ત્હારે, હું બતાવું તે માણસની સાથે હાલ પરણવું પડશે. "

"મ્હારે પરણવું પડશે ? ને તે પણ આપ કહો તેની સાથે ? એવું તે કેમ બને ?"

"બનાવવું જ પડશે. મ્હારી આજ્ઞાને આમ નહિ તો તેમ પણ ત્હારે અધીન થવું જ પડશે—નહિ તો તું જાણે છે કે ત્હારો નાશ કરવામાં મને કંઇ વાર લાગે એમ નથી."

"કદી હું આપની ધારણા પ્રમાણે હા પાડું તોપણ મને એટલું તો કહો કે મ્હારે પરણવાનું આપે કોની સાથે ઠરાવ્યું છે ?"

"તે ત્હારે જાણવાની જરૂર નથી."

"એટલે ? એક તો મ્હારે પરણવાની ઇચ્છા ન છતાં પરણવું ને તેમાં વળી મ્હારે કોની સાથે મ્હારો ભવ ગાળવાનો છે તે જાણ્યા વિના ? એ જાણવાની મ્હારે જરૂર ન હોય તો બીજા કોને હોય ? જેને હું પસંદ કરૂં તેને વરવાનું તો આ ભવમાં જ્યારે મ્હારા નશીબમાં લખેલું નથી ને જેને તમે મ્હારે માટે લાવો તેને જ મ્હારે વરવું એમ તમારી ઇચ્છા હોય તો પછી એટલું તો કહો કે તે કોણ છે, કેટલી વયના છે, કેવા છે ?"

"અરે ગાંડી છોકરી ? ત્હારે તેની શી પંચાત ? એ કંઇ હમેશને માટે ત્હારો પતિ થનાર નથી. આખરે તો ત્હારે મને જ પરણવાનું છે. પણ હાલ મ્હારી ગોઠવણમાં નડતું વિઘ્ન દૂર કરવા માટે મ્હારે આ રસ્તો લેવો પડે છે તેથી ત્હારે ઝાઝી પડપૂછ શા માટે કરવી જોઇએ ? પરણીને તરત જ તે માણસ અંહીથી જતો રહેશે તે ફરીથી આવવાનો જ નથી અને અંતે તેનાથી છૂટા છેડા મેળવાવીને હું તને મ્હારી કરવા માગું છું. હવે સમજી ?"

"મ્હારા ઉપર આટલો બધો જૂલમ ? એક ભવમાં બે ભવ ? મને અણગમતા વર સાથે પરણાવો છો ને પાછી તેનાથી છૂટી પાડો છો એ શું આપ વ્યાજબી કરો છો ? કેવળ આપના જ સ્વાર્થ માટે અમારા બંનેના ભવ બાળો છો ? હમણાં તો મ્હારે પરણવાનો વિચારે નથી પણ તમારૂં મન મનાવવા ખાતર હું એ વાત કદી કબૂલ કરૂં—મ્હારૂં જીવતર ધૂળધાણી કરી નાંખું—તોએ આવું કાવતરૂં રચવાનું શું પ્રયોજન હશે તે હું સમજી શકતી નથી ને તેથી તેની કબુલત આપી શકતી નથી."

"ત્હેં મને પરણવાનું વચન આપ્યું છે તે ત્હારે પાળવું પડશે જ ને તેને માટે આ રસ્તો લેવાની મને જરૂર પડી છે તેથી તે પણ ત્હારે કબુલ કરવોજ પડશે. આપણા મહારાણા સાહેબને ભૂત ભરાયું છે તેથી તને આ-

મની આમ–ત્હારાં માતાપિતા અને ત્હારૂં કુળ જણાયા વિના તું ક્ષત્રિય છે એમ ખાત્રી થયા વિના–પરણવાની મને ના કહે છે માટે જ તને મ્હારે અમારા કુળમાં કોઇપણ રીતે દાખલ કરવી જોઇએ અને કુલીન બનાવવી જોઇએ. એક વાર ત્હારી પદ્વી આમ સ્થપાઇ ચૂકી પછી તને હાલ પરણનારથી છોડાવીને હું મહારાણા સાહેબની ખાસ પરવાનગી મેળવીને મ્હારી ગૃહિણી બનાવી શકીશ."

ચંદ્રપ્રભાએ જાણ્યું કે હાલ એની મરજીને અનુકૂળ જવાબ દીધા વિના છૂટકો ન હતો.–છૂટવાનો બીજો રસ્તો ન હતો. ભવિષ્યમાં પોતાને માટે પ્રભુએ શું સુખદુઃખ સરજ્યું હશે તે કંઇ આજ જાણી શકાય? કોણ જાણે આ તેની યોજના સફળ થશે કે કેમ? ઇશ્વરને સુખ આપવું હશે તો તેમાંથી કંઇપણ બારી કાઢશે. બાકી દુઃખ તો દેખીતું છે જ. આમ મન વાળવા છતાં પોતાનો સંબંધ જેની સાથે હાલ થવાનો હતો તેના સંબંધી જિજ્ઞાસા તે દાબી શકી નહિ તેથી ફરીથી પૂછવા લાગી કે:—

"તમે ગમે તેવો વિચાર કરતા હો પણ તેનું મને નામ ઠામ તો બતાવો? તેમાં તમારૂં શું જાય છે?"

"હું તને ફરીથી કહું છું કે એ સવાલ નકામો છે. ત્હારૂં લગ્ન અમારી જ જાતિના એક ઠાકોર જોડે થવાનું છે પણ તેનું ત્હારે મ્હોં સરખું એ જોવાનું નથી. તમારી એની વચ્ચે એક પડદો રહેશે."

"અરે પ્રભુ! આવું તે કોઇને એ થયું હશે? મ્હારે એકલીને માટે જ આવો ન્યાય? ન જોવું મ્હોં–કે ન જાણવું નામ! પરણીને તરત છૂટાં પડવું ને ફરીથી મળવું જ નહિ ને પછી પરણ્યાં તે ન પરણ્યાં થવું ને પાછું ફરી પરણવું? આવું તો કોઇને એ બન્યું હોય એમ મ્હારા જાણવામાં નથી. લગ્ન થવાનું ક્યારે?"

"આજ રાતે જ."

"આજ જ? એકદમ? પણ એટલું તો કહો કે એ ઠાકોર કેવા છે?"

"તું હજી એવી ને એવી જ અધીરી રહી! જેનાથી ત્હારે પરણીને તરત જ છૂટાં થવાનું છે તે રૂપાળો હોય કે કદરૂપો હોય તેની ત્હારે શી ચિન્તા?"

"ના—પણ જેની સાથે મ્હારાં લગ્ન ક્ષણ ભરે થવાનાં છે તેના સંબંધી એટલું તો મને કુતૂહલ થાય એમાં તમને શી નવાઈ લાગે છે?

મને તેનું સ્મરણ તો થયાંજ કરશે તો પછી જાણવામાં શો બાધ ? "

" ઠીક છે-પછી કહીશું-લગ્ન વખતે વાત. "

" ના—પણ હમણાં જ કહો. "

" એટલી જીદ શું કામ કરે છે ? "

" હું કદી એમને મળું તો ઓળખું તો ખરી-ભલે એ મને ના ઓળખે પણ હું તો જાણું. "

" પણ ત્હારો એની સાથે ફરી મેળાપ થવાનો જ નથી, ને ખરૂં પૂછે તો મ્હેં પંડે એને હાલ જોયો નથી. "

" ત્યારે એ કેવા છે તે તમે એ જાણતા નથી એમ કહોને-અરે રામ ? આમ અંધારામાં જ કુવે પડવાનું મ્હારે નસીબે લખેલું હશે ? "

" હા-પણ એના સંબંધી મ્હેં કેટલીક હકીકત મેળવી છે તે ઉપરથી હું એટલું તો જાણું છું કે એ કંઇ બહુ નામ કાઢે એવો નથી. "

" એ તો ઉઘાડું છે. એવા હોય તો આમ લક્ષ્મીની લાલચે મને ફસાવવા એ આવે ? અને આવે તો આમ મને એકદમ ત્યજી પણ દેવાને તત્પર થાય ? "

કેશરીસિંહને જેમ આ અણધાર્યા ગુપ્ત બનાવમાં કંઇકિ અદ્‌ભુત રસનાં ચિહ્ન જણાયાં હતાં તેમ ચંદ્રપ્રભાને પણ હતું. તેનું મન એમ સાક્ષી પૂરતું હતું કે ભૂપતસિંહનો દાવ મોળો પડશે, પ્રભુ મને સાહાય્ય કરશે, માટે આમાં શું થાય છે તે જોવું. કેશરીસિંહના સંબધમાં નાણાંની ભીડ વિશેષ કારણરૂપ હતી. પણ આને જેમ તેમ કરીને ભૂપતસિંહ સાથે પોતાનું જીવતર ન જોડાય એમ કરવાનું હતું તેથી તેનાથી જેટલાં દૂર જવાય તેટલો લાભ એ સમજતી હતી. કોઇક બીજાની થઇ રહ્યા પછી તરત તો એને સતાવવા આવી શકશે નહિ, ને એ ધારે છે તેટલા વખતમાં તો કોણ જાણે શોએ ભેદ ખુલશે માટે હવે તો યા હોમ કરીને ઝંપલાવે જ છૂટકો.

આવો નિશ્ચય કરીને તે ભૂપતસિંહના પ્રથમ પ્રશ્નના જવાબમાં આખરે બોલી ઉઠી કેઃ—

" ભલે-આ ગાયને કસાઇ વાડે લઇ જવી હોય તો લઇ જાઓ, તમારે કરવું હોય તે કરો. "

એમ કહેતી કહેતી, મિજાજમાં પોતાનું ડોકું ઉંચું રાખતી-સદર્પ-સાવજ્ઞ-ત્યાંથી તે ચાલી ગઇ.

એકલા પડતાં ભૂપતસિંહને પણ તેની આ કોઇ મહારાણીને છાજે એવી સગર્વાવસ્થાનો ખ્યાલ આવતાં-તેના ચહેરા ઉપર છવાઈ રહેલો પોતાના ઉપરનો તિરસ્કાર આબેહૂબ જણાઇ આવતાં, ભિન્ન ભિન્ન લાગણીઓ થવા માંડી, ને સાડાઅગીયાર વાગ્યાને સુમારે પોતે મોટર લઇને આવશે એમ તેની સાથે રહેનારી સ્ત્રીને બ્હારના ભાગમાં કહીને ત્યાંથી તે ચાલતો થયો.

પ્રકરણ સાતમું.

મધ્ય રાત્રિનું લગ્ન.

બુરખાવાળા ત્રણે જણ કેશરીસિંહ તરફ વગર બોલે ગયા અને ઇશારતથી તેને પૂછવા લાગ્યા કે કેમ બધું બરાબર તો છે ને? જવાબ હકારમાં મળતાં બિશનદાસ તરફ આંગળી કરીને પૂછવા લાગ્યા કે આ કોણ છે? તેના ઉત્તરમાં કેશરીસિંહે જણાવ્યું કે "એ મ્હારો મિત્ર છે અને તેના વિષે જ મેં આપને કહ્યું હતું. એ સર્વ વાત મ્હારી પેઠે જ ગુપ્ત રાખવાને બંધાય છે અને મ્હારી સાથે જ આજ અહીંથી ઉપડી જશે. એનું નામ બિશનદાસ છે. હવે આપનાં નામ કૃપા કરીને જણાવશો?"

"અમારાં નામ જાણવાની તમારે શી જરૂર છે?"-તેમાંના એકે જરા આગળ આવીને કહ્યું.

"ભલે, તમને ઠીક લાગે તો તે પણ અંધારામાં જ રહેવા દેજો." જરા હસતે હસતે તેણે જવાબ દીધો. "આપની સાથે મ્હારે જે થોડો પરિચય થયો છે તે ઉપરથી મને આપનું વધારે ઓળખાણ કરવાની ઇચ્છા પણ થતી નથી, પણ શું કરૂં? લાચારીથી મ્હારે તમારી શરત કબૂલ કરવી પડી છે. હવે કન્યા ક્યાં છે?"

તેમનામાંથી કોઈ ઉત્તર દે તે પહેલાં તો બારણું ઉઘડયું અને ભૂપતસિંહ પોતે જ દાખલ થયો. તેણે કોઇ દહાડો કેશરીસિંહને જોયો હશે પણ તેની સાથે વાતચીત કરવાનો તો પ્રસંગ આવ્યો જ ન હતો, કેમકે કેશરીસિંહ ઘણાં વર્ષથી બહાર ફરતો હતો. ચંદ્રપ્રભાને બહાર રાખીને તે અંદર આવ્યો હતો.

આવતાં જ તેણે જરા મજાકમાં પૂછ્યું કે, " વરરાજા તૈયાર છે ? "

કેશરીસિંહે સામા આવીને કહ્યું–" હાજી, હું તો તૈયાર જ છું. "

ભૂપતસિંહે તેને નખથી શિખ સુધી નિહાળી જોતાં પૂછ્યું:–" તમારૂં નામ કેશરીસિંહ ?"

" હા, જી. "

" તમારૂં ઓળખાણ થવાથી મને ઘણો આનંદ થયો. "

" હું ધારૂં છું કે મ્હારી તંગ સ્થિતિ ના હત તો હું આપને એ જ શબ્દોમાં વધાવી લેવાને શક્તિમાન થાત નહિ. "

" હવે એ તો જાણી તમારી શેખાઇ. તમે કોની સાથે વાત કરોછો તે જ તમે જાણતા નથી તેથી વધારે હું તમારી સાથે બોલવા માગતો નથી. મુદ્દો તો એ છે કે તમે નાણાંની ભીડમાં છો. "

" એમાં સવાલ શો ? નહિ તો આવું હીણું કામ કરવાને હું લલચાઉં એ ખરો કે ? "

" એ નાણાં કંઇ એમને પોતાને માટે જોઇતાં નથી. "–બિશનદાસે વચમાં પડીને ખુલાસો કર્યો. " એ તો એક એમના મિત્રની પાસેથી ઉછીના લીધેલા રૂપિયા પાછા આપવાનો કંઇ રસ્તો ન હતો માટે જ એમને આમ કરવું પડે છે."

"જવા દે બિશન–આપણા હેતુ જાણવાની એમને શી ગરજ છે ? કદાચ આપણે કહીએ તોપણ એમને ગળે એ વાત ઉતરે કે ના ઉતરે. "

" આ કોણ છે ? "–ભૂપતસિંહે બિશનદાસ ભણી ફરીને પૂછ્યું. તેનો ખુલાસો કરતાં કેશરીસિંહે કહ્યું કે " એ મ્હારો વિશ્વાસુ મિત્ર છે. "

" ત્યારે બધું તૈયાર છે એમ હું સમજું છું. હવે તમે આ ઓરડામાં બધી ગોઠવણ કરો એટલે હું કન્યાને લઇ આવું. "

" જરા થોભો–શું આપ એમ નક્કી જ કહો છો કે ત્રણ ચાર મહિનામાં એ મ્હારાથી છૂટા છેડા મેળવશે ? "

" એમાં શો શક ? શું તમે એમ સમજો છો કે તમારી સાથે આ એનું હમેશનું લગ્ન છે ? જોજો ભૂલતા. તમારે તો હમણાંથી જ ખસી જવાનું છે ને પાછા દેખાવાનું જ નથી. એક સુંદર સ્ત્રીને તમારી સાથે પરણવા તમે લલચાવીને તેને એકદમ છોડીને ચાલ્યા જશો ને પછી તમારૂં નામ નિશાન પણ નહિ જણાય ત્યારે શું તે તેનો જન્મારો વૃથા ગુમાવશે ?

એવી સ્થિતિમાં તમે એને રખડતી અને ભરણપોષણની કંઇ પણ ગોઠવણ વગર મૂકી દેશો તો હરકોઇ કોર્ટ એને તમારાથી છૂટકારો આપશે જ. તમારી રીતભાત ઉપર સર્વ કોઇને તિરસ્કાર ઉપજશે જ. એના જેવું હીચકારાપણું—ઘાતકીપણું કયું કહેવાય ?"

"અલબત—એમાં શો શક ?"

"તો પછી તમારે હવે શંકાનું કંઇ કારણ રહેતું નથી. તમે તમારે રસ્તે અને એ એને રસ્તે. તમારે તો પૈસાનું કામ છે તે તમને મળ્યા એટલે બસ.—હા, એટલું તમારે વચન આપવું પડશે કે તમારે એ સ્ત્રીને સતાવવી નહિ. છૂટા છેડા થતાં પહેલાં તમે કદી એને ન કરે નારાયણને મળો તો તમારે તેના સ્વામી તરીકે કોઇ પણ હક તેની ઉપરનો બજાવવાનો નથી. સમજ્યા કે ?"

"એની તો હું તમને સહેલાઇથી ખાત્રી આપું છું. મ્હારે એ સ્ત્રીને ફરીથી મળવાની જરા પણ ઇચ્છા નથી."

"ઠીક, ત્યારે હવે બધું બંધ બેસતું થઇ જશે—જાઓ ગૃહસ્થો પેલો પડદો લાવીને બારણાની આડે મૂકો."

તે ત્રણે જણે આજ્ઞા થયા પ્રમાણે પડદો લાવીને ગોઠવ્યો તેથી ઘરમાં ગમે તે પ્રવેશ કરે તો અંદરના માણસોની દૃષ્ટિયે પડે એમ ન હતું. પછી કેશરીસિંહને તથા બિશનદાસને તેની પાછળ અંદરની પાસ બેસાડવામાં આવ્યા એટલે ભૂપતસિંહે સંજ્ઞા કરી તે ઉપરથી એ ત્રણમાંનો એક જણ બહારથી ચંદ્રપ્રભાને તેડી લાવવા ગયો.

ઓરડાની અંદર બધે શાન્તિ ફેલાઇ ગઇ. કોઇ બોલે કે ચાલે. એક ટાંકણી પડે તોપણ સંભળાય એવું થઇ રહ્યું. મધ્યરાત્રિનો વખત એટલે તો પૂછવુંજ શું ? બાકીના બે અંધાર પછેડાવાળા બીલકુલ હાલ્યા ચાલ્યા વિના ચોકી માટે બારણા પાસે ઉભા હતા. ભૂપતસિંહ જરા આકુળ વ્યાકુળ ચહેરે ઓરડામાં ધીમે ધીમે આંટા મારવા લાગ્યો. તેને શંકા થવા લાગી કે આ અણીને વખતે કંઇ અણધારી આફત આવીને, તેણે તૈયાર કરેલી બાજી બગાડી તો નહિ નાંખે ? ફરતાં ફરતાં તે કેશરીસિંહ તરફ દૃષ્ટિ નાંખતો. તેનો કદાવર દેખાવ, સુંદર આકૃતિ અને ગરીબાઇ જોતાં તેને કદાચ દયા આવી હોય તો પ્રભુ જાણે. આવો ખાનદાન કુટુમ્બનો ગૃહસ્થ દરિદ્રાવસ્થામાં ન હત તો મ્હારી કપટજાળમાં ફસાત નહિ. એનું ભવિષ્ય બગાડનાર હું જ છું. એને લોભી કે સ્વાર્થી કેમ કહેવાય ? પૈસા પોતાને ખાવા માટે નહિ પણ પોતાના મિત્રનું દેવું વાળવા માટે જોઇએ છીએ

તેમાં જ આટલો પરવશ બન્યો છે. બાકી હું ધારતો નથી કે આવું કામ કરવા લલચાય. આવા વિચારો એના મનમાં ઘોળાયાં કરતા હતા તે વખતે કેશરીસિંહના મનમાં શું થતું હશે તેનો ખ્યાલ તેનો અતિ વિશ્વાસુ બિશનદાસ પણ કરી શકે એમ ન હતું. તેના મ્હોં ઉપરથી તો કંઇ કોઇ કળી શકે એમ હતું જ નહિ. તે કેવળ નિઃસ્પૃહવત્ ઉભો હતો. તેની આંખોમાંથી શીત પ્રકાશ એક ચળકતી કટારીમાંથી નીકળે તેમ પ્રકટ થતો હતો—ઓઠ દઢ નિશ્ચય સૂચક મજબૂત રીતે બંધ થએલા હતા. વચમાં વચમાં એના મ્હોં ઉપરની રેખાઓ જરા ઢીલી પડતી ને કંઇક સ્મિત તેના ખુણા ઉપર છવાઇ રહેતું—કેમ જાણે આ બધી ગંમત જોતાં પોતાને અંદરખાનેથી આનંદ થતો હોયની ? પણ આવું સ્મિત ઝાઝીવાર ટકતું નહિ. પોતે હીણું કામ કરવાને તત્પર થયો છે એ વિચાર આવતાં જ તે પાછું દબાઇ જતું, ઓઠ પાછા સજ્જડ બંધ થઇ જતા અને એના કપાળ ઉપર કરચલીઓ પડવાની સાથે ભ્રભંગ થઇ આવતો. પોતે આ લોકોની આગળ કેવો હલકો, લાલચુ દેખાતો હતો—તેમાં વળી પેલી સ્ત્રી પણ પોતાને માટે શું નહિ ધારતી હોય—એ વિચાર આવતાં તેના મુખ ઉપરથી તેજ બધું ઉડી જતું. અત્યારસુધી તે ઘણી સ્ત્રીઓના સમાગમમાં આવી ગયો હશે પણ કોઇને તેની ફરિયાદ કરવાનું કારણ મળે એવી વર્ત્તણુંક તેણે કદી ચલાવી ન હતી. ખરે આ અજાણી, અદૃશ્ય અને રૂપાળી સ્ત્રીએ મ્હારે માટે કેવો વિચાર બાંધ્યો હશે ? એવું એને ઘણી વાર થઇ આવતું. તેને કોઇક પ્રેરણાશક્તિ એમ જ કહેતી કે એ કોઇ યુવતી અને લાવણ્યવતી હશે જ !—નહિ તો આટલી બધી ધાંધલ—આવું કાવતરૂં આ લોક શામાટે કરે ?—કોઇ આધેડ વયની અને કદ્રૂપી સ્ત્રી હોય તો તેને માટે આવી ખટપટમાં—પૈસાની ખુવારીમાં, કોણ ઉતરે ? મશ્કરી તો આ હોઈ શકે જ નહિ એમ મ્હારૂં મન સાક્ષી પૂરે છે. એ લલના મને ધિક્કારતી હશે જ, એમાં તો શક નહિ અને એમાં ખોટુંએ શું ? મ્હારી દશા પ્રભુએ એવી શા માટે કરી હશે કે મ્હારે અણગમતે પણ એને એવું મનાવવાને કારણ આપવું પડયું ? હજી હું પાછો હઠું—ના પાડું—છટકી જાઉં તો શું ?—મ્હારા નામપર આવું કલંક હું હમેશને માટે લગાડવા નથી માગતો. ભલે હું ભૂખે મરી જાઉં પણ આવું કાળું કામ તો નહિં જ કરૂં—પેલા ડોસાને, મ્હારૂં ચાલે તો હું આ વેળા ગળકી દાબીને ભોંય ભેગો જ કરી દઉં—બધા તોફાનનું મૂળ એજ જણાય છે. પછી મ્હારૂં ભલેને થવાનું હોય તે થાય, પણ અહીંથી તો હું એકવાર ઉજળે મ્હોંએ સ્વતંત્ર છું તેવોને તેવો જ બહાર નીકળું ને

એ નિર્દોષ બાળાને આ કારાગૃહમાંથી છોડાવું. આ બધા વિચારો વીજળીના ચમકારાની પેઠે એના મગજમાં ઉત્પન્ન થતા ને વિરમતા—પણ આખરે બિશનદાસની ઉપર નજર પડતાં તે હાથ ઉગામતો અટકી ગયો. આ પોતાનો દોસ્ત અત્યારે નાણાં વિના કેવો દુ:ખી થાય છે—એની ભલી સ્ત્રીની સ્થિતિ કેવી દયામણી છે ? અને એ બધું મ્હારા અવિચારી ઉડાઉપણાને લીધે જ. મ્હારે એને તો બદલો આપવો જ જોઇએ—મ્હારામાં જે એણે અડગ શ્રદ્ધા આજસુધી રાખી છે તેનું ફળ પ્રભુ એને અપાવવાને મને સમર્થ બનાવે છે તો મ્હારે હવે પાછા હઠવું વ્યાજબી નથી. ભલે મ્હારૂં નામ કલંકિત થાય પણ એમનું જીવતર મ્હારે લીધે ધુળધાણી થવા બેઠું છે તે સુધરે તો મને મ્હારે માટે કંઇ દરકાર નથી.

આમ વિચારના વમળમાં ગોથાં ખાતો તે રાહ જોતો હતો. એટલામાં બારણા આગળ કંઇ કડકડતા નવા રેશમી વસ્ત્રનો—કોઇ લલનાને હાથે પહેરેલી બંગડીઓનો—એના પગની સુંદર પણ નાજુક મોજડીઓનો મધુર ખડખડાટ થયો. તે કર્ણે પડતાં જ તેનું લોહી બધું તપી આવ્યું. તેના તનમાં તાલાવેલી થવા લાગી—તેના અંગેઅંગમાં ધિગધિગતો અગ્નિ પ્રસરવા લાગ્યો—તેણે એકદમ એવો નિશ્ચય કર્યો કે હવે તો મરદાની બતાવવી જ. કાલાવાલા કરીને પગે પડીને નશીબને તાબે થયા કરતાં હિંમતથી સામા થઇને જે બને તે સહન કરવું એ જ વધારે ઉચિત હતું—એમાં જ ખરૂં પુરૂષાતન હતું—તેથી આ બધું કેમ જાણે ફારસ થવાનું હોય એવો સંકલ્પ કરીને, હસતે મ્હોંએ—સામા થઇ ટક્કર ઝીલવાનો દેખાવ કરીને, કેવળ નિ:સ્પૃહતા ધારણ કરીને—યદ્‌-ભાવી ઉપર જ શ્રદ્ધા રાખીને, જાણે રમવા કે મઝા કરવા જતો હોય તેમ, તે જરા જોરથી આગળ ધસ્યો. એટલામાં "કન્યા હાજર છે. ગોર મહારાજ તૈયાર થાઓ." એવા ભૂપતસિંહના જરાક મરોડદાર શબ્દ સભળાયા. તેની સાથે જ પેલા ત્રણ બુરખાવાળામાંથી જે શખ્સ ગાડી પાસે ગયો હતો તેણે આવીને શાસ્ત્રીયરીતિ પ્રમાણે હસ્તમેલાપ કરાવવાની સામગ્રી ગોઠવવા માંડી અને સહજસાજ નામની કેટલીક ક્રિયા થઈ રહી કે તે બોલ્યો:—

"ઉદયપુરના મહારાણા સાહેબ પ્રતાપસિંહજીના રાજ્યમાં વસનાર ઠાકોર કેશરીસિંહ રણમલસિંહનું લગન આજરોજ શુભ મૂહુર્તે......અમુક જાતિનાં અમુક નામનાં બાઇ (નામ પાછળથી કહેવામાં આવશે તેમ) ની સાથે કરવામાં આવે છે, તે તમને બંને ધણીધણીયાણીને કબૂલ છે ? કબુલ હોય તો બંને જણે સ્પષ્ટ સંભળાય એમ હકારમાં જવાબ આપવો."

આ વિચિત્ર લગ્નવિધિ આવા ભેદ ભરેલા સંબંધને છાજે તેવી જ હતી એમ કેશરીસિંહને લાગ્યું પણ તેની સામે વાંધો લેવામાં કંઇ ફળ ન હતું, તેથી તેણે આનાકાની કર્યા વિના ચોખ્ખા રણકતા અવાજે "હા" કહ્યું. તે પછી પડદાની બીજી તરફથી જે હકાર બોલાયો તે એવો તો નરમ અને ધીમે સ્વરે હતો કે સર્વ સાંભળનારાઓને રાજીખુશીની સંમતિને બદલે દુઃખના નિઃશ્વાસવત્ લાગ્યો. તોપણ કેશરીસિંહને એટલું તો મનમાં આવ્યું કે એ અવાજ મધુર હોવો જોઇએ.

આ પ્રમાણે બંનેની કબુલત થઇ ગયા પછી ગોર મહારાજે સમયવર્તે સાવધાન કરીને બન્નેનો હસ્તમેલાપ કરાવવાની સંજ્ઞા કરી. ચંદ્રપ્રભાને પડદા પાછળથી તેનો હાથ લંબાવવાનું કહેવામાં આવ્યું એટલે તેણે તે પડદામાં કાણું પાડીને તેની અંદરથી પોતાનો હાથ બહાર કાઢયો. કેશરીસિંહની દૃષ્ટિ તે ગૌરવર્ણના, માંસલ, ગોળ, ભરેલા છતાં નાજુક, હીરામાણેકની સુંદર બંગડીઓથી અલંકૃત હસ્ત ઉપર, તેની દીર્ઘ કિરણસમ પ્રસરતી શ્વેત આંગળીઓ ઉપર પડતાં જ તેને લાગ્યું કે આ હાથ કોઇ અસાધારણ લાવણ્યવતી લલનાનો હોવો જોઇએ. વય પણ તેનું વીશ બાવીશથી વધારે હોવું ન જોઇએ. શરીરનો બાંધો પણ સુકુમાર હોવો જોઇએ. તે હસ્ત પોતાના હાથમાં લેતાં જ તેના કોમળ સ્પર્શથી તેના શરીરમાં—તેની નસેનસમાં વિદ્યુત્પ્રવાહ પ્રસરી ગયો. તેનું લોહી જાણે તપી આવ્યું–તેનું અંતઃકરણ અતિ વેગથી ધબકારા મારવા લાગ્યું. ચિરકાળ સુધી તે સ્પર્શ કાયમ રાખવાની તેને સ્વાભાવિક ઉર્મિ થઇ આવી પરંતુ તે તો અસંભવિત હોવાથી તેને તેણે જરા નરમાશથી દબાવ્યો અને તેના સહજ ધ્રૂજારાથી જ અનુમાન કર્યું કે તેની અસર તે હાથ ધરનાર ઉપર પણ કંઇક અસાધારણ થએલી હોવી જોઇએ. બહુ વાર હાથ રોકી રાખવાથી પાસેના માણસોના મનમાં વહેમ આવે—તેમને અણગમો થાય—પોતે વધારે પડતી છૂટ લે છે એવું મનાય—પોતાનો વિચાર તરત જ છૂટા પડીને ફરીથી તે યુવતીની કંઇ દરકાર ન રાખવાનો નહિ પણ તેની સાથે સંબંધ ગાઢ કરવાનો છે એવું કળાઇ જાય—તેથી લાચારીથી—ચીરાતે હૈયે—નિરાશા ભરેલે ચહેરે તેણે તેને છોડવાનો પ્રયત્ન કર્યો પણ, તેમ કરતાં પહેલાં પોતાના મનમાં કંઇ પૂર્વથી ધારી રાખેલું નહિ છતાં કોણ જાણે કોની પ્રેરણાથી તેનાથી તે હાથ ઉંચો થઇ ગયો–પોતે કરેલા પાપની જાણે ક્ષમા માગવા માટે તેનું ડોકું તત્કાળ આપોઆપ નમી ગયું, અને તરત જ તેની મુખમુદ્રા તે હાથ ઉપર પૂર્ણ પ્રેમના બળથી–શુદ્ધ અંતઃકરણના ઉમળકાથી—બહાર પ્રસરતા

ઉષ્ણ નિઃશ્વાસદ્વારા પોતાની મનોવૃત્તિ જાહેર કરવાના હેતુથી-ભવિષ્યમાં આ સ્વલ્પ સમાગમના સ્મરણચિહ્નરૂપે રહેવા માટે જ છપાઇ ગઇ. ચંદ્રપ્રભાએ પણ આમ તેનો મુખ-સ્પર્શ પોતાના હાથને થશે એવું સ્વપ્નામાં પણ ધારેલું નહિ તેથી તે શું કરવા માગે છે તે નહિ સમજાયાથી હાથને ઉંચો થવા દીધો હતો પણ, તેના ઉપર મધુર ચુમ્બનની વૈદ્યુતિક છાપ પડતાં જ તેણે તે એકદમ પાછો ખેંચી લીધો. તેના અંગેઅંગમાં રોમોદ્‌ગમ વ્યાપી ગયો. પોતાને આવી રીતે પરણીને છોડી જનાર-રઝળાવનાર-નિષ્ઠુર અંતઃકરણનો નહિ પણ રસિક યુવાન છે એવી તેને આટલાથી જ પ્રતીતિ થઇ. ક્યા સંજોગે તેને આવી અઘટિત રીત પસંદ કરવી પડી હશે તે તો કંઇ તે વેળા તેના સમજવામાં આવે એમ ન હતું પરંતુ પ્રસંગ આવે જો પોતાને તેના આશ્રયની અપેક્ષા રહે તો તેમાં તેને નિરાશ થવું નહિ પડે એવી કંઇક ખાત્રી થઇ. કેશરીસિંહને આ દેવતાઇ સ્પર્શ-સુખ અનુભવતાં થએલા હર્ષની તો વાત જ શી કરવી ?

કાયદાની બારીકી નહિ નડવા ખાતર ભૂપતસિંહે પરણનાર યુગલની એક પત્ર ઉપર સહીઓ કરાવી લીધી અને બિશનદાસની સાક્ષી કરાવી. કેશરીસિંહની સહી ચંદ્રપ્રભા જોઇ શકી પણ તેની સહી જોવા વારો કેશરીસિંહને આવ્યો નહિ. તે ઘણુંએ ઇચ્છતો હતો કે કોઇપણ મિષે તે કાગળ પછીથી તેના જોવામાં આવે, પણ આ લોકે એવી યુક્તિ રચી હતી કે તે મનોરથ તેનો મનમાં ને મનમાં જ રહી ગયો. તે સ્વપ્નાવસ્થા ભોગવતો હોય તેમ પેલી હસ્તાંગુલિના સુખદ સ્પર્શને સંભારતો સંભારતો તેના જ વિચારમાં લીન થઇ ગયો હતો એટલામાં તો એ લોક ત્યાંથી ચાલી ગયા. પોતાની પરિણીતા પણ પલાયન કરી ગઇ-પોતાને તરછોડીને ગઇ-એવી કંઇક લાગણીઓ તેને થવા માંડી પણ પાછું તરત વસ્તુતઃ તેમ થવાનું જ હતું એવું સ્મરણ આવતાં તે સાવધ થયો અને બિશનદાસ પોતાની સામુ નિર્નિમેષ દૃષ્ટિથી જોયાં કરે છે એમ તેને જણાયું. કેશરીસિંહને એમ પણ લાગ્યું કે પોતાના હાથમાં કોઇક ચીજ તેણે પકડી રાખેલી હતી અને આંખો ઉઘાડીને જોયું તો તે મુંબઇએંક ઉપરનો રૂપિયા પચીશ હજારનો ચેક હતો. ચેક લખનારનું નામ હાથ આવે તો તેનાથી પણ કંઇક બાતમી મળે એવો વિચાર આવતાં તે નામ ધારીધારીને વાંચવા લાગ્યો પણ તેના અક્ષર કોઈ એવી ભાષામાં લખેલા હતા કે તે તેને ઉકલ્યા જ નહિ.

પ્રકરણ આઠમું.

નસીબની બલિહારી.

બંને જણ ઘણીવાર શાન્ત બેસી રહ્યા. ન કોઇ બોલે કે ચાલે. પાછલા એક કલાકના બનાવો એવા તો અવનવા બની ગયા હતા કે તે સ્વપ્ન જ હતા કે વાસ્તવિક ચર્મચક્ષુ આગળ પ્રત્યક્ષ ખડા થયા હતા તેની પણ તેમને શંકા થવા લાગી પરંતુ કેશરીસિંહના હાથમાંનું કાગળીયું એ શંકાને દૂર કરાવનાર નીવડયું. લગ્ન થઇ ગયાં–કોઇક કામણગારી, કોયલકંઠી, કોમળાંગી, કામિનીનો કિંકિણીવત્ મૃદુ સ્વર–તેનાં રેશમી વસ્ત્રોનો કડકડાટ–હજી કર્ણેન્દ્રિય આગળ તાજો જ હતો—તેનાં અંગે અંગમાંથી નીકળતો મગમગાટ ઘ્રાણેન્દ્રિને હજી તૃપ્ત કરી રહ્યો હતો–એની સુંદર નાજુક ગૌર કરાંગુલિનો મીઠો–મોહક–સ્પર્શ હજી હોઠ આગળ રવરવાટ કરી રહ્યો હતો–ચોમેર તેનું અવ્યક્ત ભાન કરાવનાર સંયોગો–પડદામાં પડેલું કાર્ણું–તેની હાજરીની સાક્ષી પૂરતાં હતાં. પણ હવે તો તે ખરેખર સ્વપ્નવત્ જ હતું–તે આવીને ગઇ–કોણ હતી–કેવી હતી–શા કારણ તેને આવો આત્મભોગ આપવો પડયો —જુવાન–ધનવાન–રૂપવાન છતાં આ પ્રમાણે આ કપટી લોકની જાળમાં ફસાવવાનું તેને શું પ્રયોજન હતું–તે પ્રપંચીઓ હવે એની શી દશા કરશે–આ ગુપ્ત હસ્ત–પ્રદાનથી શો લાભ મેળવશે—એને શી હાનિ થશે—પોતાના અધમ આચરણની એના ઉપર શી અસર થઇ હશે—પોતે માત્ર દ્રવ્યલોભથી જ આ પ્રમાણે વેચાયો છે અને એક અનાથ અબળાનો ભોગ આપનાર નીવડયો છે એમ જ એ માનતી હશે કે, પોતાના અંતઃકરણમાં તેને માટે જે નવી જ લાગણી જાગૃત થઇ હતી તે કંઇ એના સમજવામાં આવી હશે —એ વિચારોથી એનું મગજ ઘેરાઇ ગયું હતું. હવે શું કરવું—ફરીથી એનો મેળાપ ક્યારે અને કેવા સંજોગમાં થશે—પોતે કોઇપણ રીતે એને આ કાવતરામાંથી બચાવી શકશે કે કેમ? એ હવે જોવાનું રહ્યું. એટલામાં તેની નજર પાસે બેઠેલા બિશનદાસ ઉપર પડતાં તેની નિઃસીમ માયા—નિઃસ્વાર્થતા —દૃઢતા માટે ખુશાલી થવા લાગી. તેની સાથે તે બિચારાને પણ હવે થોડા કલાકમાં જ પોતાની ધર્મપત્નિનો વિયોગ અચાનક થવાનો–પોતાને લીધે તે પણ ઘરબાર મૂકીને રખડતો થવાનો–તેની પ્રિયાનો પ્રેમ ખોવાના જોખમમાં આવી પડવાનો—એ વિચાર આવતાં તેને માટે દયા આવવા લાગી. તેનું

મ્હોં હમણાંથી જ ઉતરી ગયું હતું. પોતાની સ્ત્રીનો આગામી વિયોગ તેને અત્યારથી જ સાલવા લાગ્યો હતો એ સ્પષ્ટ હતું. પાછલા વિચિત્ર બનાવોમાં ભાગ લેવાથી ઉત્પન્ન થએલી એક જાતની કેફ ઉતરી જતાં તે હવે નરમ ઘેંસ થઇ ગયો હતો. હવે આ પચીશ હજાર રૂપિયા મળશે એટલે કેશરીસિંહ પોતાની રકમ પાછી આપી દેશે એ તો ચોક્કસ હતું; પણ તે શા કામની? જે સુખને માટે તે જોઇતી હતી તે તો ગયું. જેના મનના સમાધાન માટે તે આપવાની હતી તે તો બિચારી તે દેખવા પણ પામશે નહિ તો પછી તેનો ઉપયોગ તો પોતાના વિના ક્યાંથી જ લઈ શકશે? તેને તો ઉલટો એ દ્રવ્યલાભ વિયોગનું કારણ થઇ પડશે -ચિન્તાનું મૂળ થશે-અવિશ્વાસનો હેતુ થશે -પ્રેમની આશંકાનો ઉત્પન્નકર્ત્તા થશે-પોતાના ઉપર અશ્રદ્ધા આણનાર બનશે —પોતાને બાયલો-બ્હીકણ-નાહિંમત ઠરાવવાનો પુરાવો બનશે—પોતાની પ્રાણપ્રિયાના સુખની કાળજી વિનાનો-નિષ્ઠુર અંતઃકરણનો સાબિત કરી આપશે- તેના કરતાં તો એ રૂપિયા ન આવ્યા હત તો એ વધારે સુખી થાત-તેની અર્ધાંગનાને મન અંગારો ન ગણાત-તેની પાસે સદા રહેવાથી, દારિદ્ર ભોગવવા છતાં નિશ્ચિંત બનત પણ હવે શું થાય? પાણી પી ને ઘર પૂછવું શા કામનું? પોતે વચનથી બંધાઇ ચૂક્યો હતો-આ ગુહ્ય ભેદનો સાક્ષી બન્યો હતો-શહેર છોડવાની કબૂલત આપી ચૂક્યો હતો એટલે હવે તો પાછાં હઠાય એમ હતું જ નહિ. પ્રભુ સર્વ સારાં વાનાં કરશે. પોતે અનીતિના કામ માટે નહિ પણ પોતાના મિત્રને માટે આજ સુધી લક્ષ્મીની પણ અવગણના કરીને-પોતાની પ્રિયાનાં મહેણાં સહન કરીને-નિરૂદ્યમી જેવો જ રહ્યો હતો-કમાણી વિના ખર્ચ કરીને દેવું વધારે જતો હતો-ઇજ્જત આબરૂ ખોતો હતો—તેના જ હિત ખાતર પોતાને તથા પોતાની સ્ત્રીને હજી વધારે કષ્ટ વેઠવું પડે તો તે એક જાતની પ્રભુસેવા છે—પોતાના મુરબ્બી તરફનો પોતાનો ધર્મ છે એમ માનવા લાગ્યો ને તેટલાથી જ કંઇક એને દિલાસો મળ્યો.

આણી પાસ કેશરીસિંહ સ્વપ્નમાંથી જાગૃત થયો એટલે નિઃશ્વાસ નાંખીને-હાથ લાંબા કરીને-આંગળીઓના ટચાકા ફોડીને-આંખો ખૂબ ખોલીને તેની સામું જોવા લાગ્યો કે તરત બિશનદાસે ઉઠીને તેને ખભે હાથ મૂક્યો. તેને પોતાની પાસે ઉભેલો જોઈ કેશરીસિંહ કહેવા લાગ્યોઃ— 'બાપ-દાવ નંખાઇ ગયો. થવાનું હતું તે થઇ ગયું.હું તો પરણેલો પુરૂષ બન્યો-પુરૂષ! ના-ના, મ્હારામાં પુરૂષત્વ છે જ ક્યાં? હું તો એક નિર્જીવ પદાર્થ છું—

બજારમાં વધારેમાં વધારે દ્રવ્ય આપનારને વેચાયો છું."

એમ બોલતો બોલતો જાણે ગાંડો બની ગયો હોય-ભાન ભૂલી ગયો હોય-બુદ્ધિ ખોઇ બેઠો હોય-મગજ ઠેકાણે ન હોય-તેમ હસવા લાગ્યો.

"ભાઇ સાહેબ,—આમ આપ પશ્ચાત્તાપ ન કરો. આપણે કંઇ અંધારામાં કૂદકો માર્યો નથી-જાણી જોઇ હાથમાં દીવો લઇને ખાડામાં પડયા છીએ તો હવે ભીરૂત્વ દર્શાવ્યે શું ફળ?-રોદણાં રડયામાં શો ફાયદો-પોતાને જ નિંદવામાં શો લાભ-હવે કાયર થઇને બેસી રહેવું એ જ નામર્દાની છે.—બાજી શરૂ કરી તો પૂરી કરો-શત્રુઓને હરાવો-તેમના કાવાદાવા ઉઘાડા કરો-એક નિર્દોષ અબળાને બચાવો ને તમારા બાપદાદાની કીર્ત્તિને અમર કરો. એ ટોળીનો આગેવાન પણ મને તો કોઇ રજપૂત જ લાગે છે તો.શું તમારા કરતાં તે ચઢી જશે?—તમે તો પશ્ચિમની વિદ્યા સંપાદન કરી આવ્યા છો-ત્યાંના સામ, દામ, દંડ, ભેદથી પણ વાકેફ થયા છો અને એ તો અહીંનો કીડો અહીં જ ઉછરીને મ્હોટો થયો છે. તમારી બુદ્ધિ આગળ એની હિકમત શું ચાલવાની છે?"

"માફ કર, ભાઇ.—ખરેખર હું નિરાશામાં જ ડૂબી ગયો હતો. કેવળ મ્હારા સ્વાર્થ સામું જ જોતો હતો પણ ત્હેં મ્હારા યથાયોગ્ય કર્તવ્ય તરફ મ્હારી દૃષ્ટિ ફેરવીને મને ઉપકૃત કર્યો છે. ચાલ, સામાન બાંધવા માંડ.-આપણે હવે તરત અહીંથી ઉપડી જવું જોઇએ. કોણ જાણે એ લોકનો કોઈ છુપો જાસુસ અહીં ફરતો હશે ને જો આપણે આપણું વચન નહિ પાળીએ તો આપણી ખરાબી કરશે. પણ લે આ ચેક-હવે એ વટાવીને ત્હારાં નાણાં હું તને પાછાં આપી શકીશ-મ્હારા દિલને જે કીડો ઘણા વખતથી કોરી ખાતો હતો તેને હવે હું શાન્ત કરી શકીશ. ત્હારા પોતાના સુખનો ભોગ આપીને મને જે ત્હેં અણીને વખતે કિંમતી મદદ આપી હતી તેનો બદલો હું હવે વાળી શકીશ. એટલે અંશે મ્હારી પ્રતિષ્ઠા મ્હેં ગુમાવી નથી એ જ મને આ બુરા કામમાં સંતોષનું કારણ છે."

"નહિ સાહેબ-મ્હારે એનું કામ નથી-મ્હેં આપને નથી કહ્યું કે હું એમાંની પાઇ પણ લેવાનો નથી?-મને તો એમ થાય છે કે એ આપના હાથમાં આવ્યો ન હત તો જ ઘણું સારૂં થાત..."

"વ્હાલા ભાઇ! ત્હારા ઉદાર દિલનાં હું શાં વખાણ કરૂં? ત્હારા જેવી નિઃસ્વાર્થતા પણ મ્હારામાં નથી. ત્હેં જે સબુરી રાખી છે તેવી ભાગ્યે જ

બીજું કોઇ રાખી શકશે-પણ હવે તો તેની એ હદ વળી. હવે હું કંઇ દરિદ્ર નથી-હવે તો મ્હારી પાસે નાણાંની મ્હોટી રકમ આવી છે તો પછી શા માટે ત્હારે વધારે વખત સુધી દુઃખ ભોગવવું? મ્હારે એ નાણાંનું બીજું કામે શું છે? હું સમજું છું કે હવે ત્હારી પ્રિયાથી છૂટા પડવાનું ઘણું જ પાસે આવવાથી શોકાગ્નિની જ્વાલા ત્હારા દિલને બાળી નાંખે છે પણ ધીરજ ધર. ભાઇ, આપણે કંઇ જન્મારો બહાર રહેવાનું નથી. મ્હારૂં ચાલશે તો થોડા જ મહિનામાં આપણે છાનામાના પાછા આવીને તેમનો નાશ કરીએ એવી કંઇક યુક્તિ રચીશું. કરૂણારસાત્મકને બદલે હાસ્યરસાત્મક નાટક ભજવી બતાવીશું. તું શું કરવા આંખમાં આંસુ લાવે છે? મ્હારી પેઠે આ બધી વાત મશ્કરી ઠઠ્ઠાની જ માન, એટલે ત્હારૂં મન પણ પ્રફુલ્લ રહેશે. આપણે બે ચાર મહિના બહાર સ્હેલ કરવા જ નીકળી પડીશું. પછી જોઇએ શું થાય છે. બિચારી જુગલની મને ખરેખર દયા આવે છે પણ એના મનનું સમાધાન હમણાંથી કરાય એમ નથી."

બિશનદાસ ડસકાં ભરતો ભરતો પોતાની સર્વ ચીજો ઠીક ઠાક કરી બંધ કરવા લાગ્યો ને સાથે લઇ જવાનો સામાન અલગ કરતો ગયો. એટલામાં કેશરીસિંહ આમતેમ ફરવા લાગ્યો. તેની નજર પેલા પડદામાં પડેલાં કાણા તરફ જતાંજ તે સ્તંભ્યો. તેમાંથી આવેલા કદલીગર્ભસમ કોમળ કરનું પાછું તેને સ્મરણ થયું. તે જાતે હતો ખુશમિજાજી તેથી આ વેળા બિશનદાસ ભણી ફરીને પૂછવા લાગ્યોઃ—

"બિશન! કહે તો ખરો તને એ કેવી લાગી?"

બિશન જરા ચમક્યો પણ એની ખાત્રી થઇ કે હવે પાછો પોતાના શેઠનો મિજાજ ઠેકાણે આવી ગયો હતો તેથી તેણે પણ તે રમુજમાં આનંદથી ભાગ લેવા માંડયો.

"મને તો લાગ્યું કે એ નવજુવાન સુંદરી હતી."

"અરે પણ શો એનો કોમળ હાથ!-કેવો ગૌર!-કેવો નાનો!-કેવો નાજુક! જાણે એક કુમળું પક્ષી એના માળામાં લપાઇ ગયું હોય તેમ એ મ્હારા હાથમાં આવી ગયો હતો. તું જાણે છે! બિશન!—મને તો એમજ તે વેળા થતું હતું કે એને હમેશને માટે મ્હારા હાથમાં જ રહેવા દઉં તો કેવી મઝા પડે?"

બિશનને હવે પહેલીજ વાર હસવું આવ્યું.

"હવે તો આપ અગાઉના જેવા જ ખુશમિજાજી બન્યા ખરા. સુંદર

મુખારવિંદ–સુંદર કરકમળ–સુંદર પાદપદ્મ જોઇને ક્યારે આપ વખાણ કર્યા વિના રહ્યા છો ?"

બિશનના દિલમાંથી પણ હવે સર્પ જેમ કાંચળી ફેંકી દે છે તેમ ગમગીનીનું આવરણ દૂર થયું હતું અને તે મજાકમાં ભાગ લેવા મંડયો હતો.

"અલ્યા, ફરીથી એ મુખડાનું દર્શન થશે ખરૂં ? તને શું લાગે છે?"

"પણ તમે હજી એને મુદ્દલ જોઇ છે જ ક્યાં ?" મુછમાં હસતાં હસતાં તેણે જવાબ દીધો. "તમે તો પેલા ડોકરાને કહેતા હતા કે ફરીથી એનું મ્હોંએ જોવા માગતો નથી ને પાછા આમ કેમ બોલો છો ?"

"કહે ના કહે પણ મને તો મ્હારા દિલમાં એમજ થાય છે કે અમે નક્કી મળવાનાં છીએ."

"ભલે મહારાજ, એવો જોગ થાય ને આપની વાણી ફળે. પણ એ ડોકરાનું તમને કાંઇ ઓળખાણ પડે છે ?"

"રજપૂત બચ્ચો તો છે એમ એની મૂછોના મરોડ ઉપરથી ને તમામ દેખાવ ઉપરથી હું કળી શક્યો છું; પણ ક્યાંનો હશે ? ને કોણ હશે ! તે કંઇ બરાબર ખ્યાલ આવતો નથી. બોલી પણ અમારા જેવી જ મને તો લાગી. પણ આપણે તેની સાથે શું લેવા દેવા છે ? મ્હારે તો એ બિચારી કોણ છે એ પહેલું જાણી લેવાનું છે."

"બે ચાર મહિનામાં તો તમારે છૂટા છેડા થવાના છે. પછી જાણીને એ શું કરશો ? તમે ત્યાં અને એ અંહીઆં."

"અરે જો તો ખરો દોસ્ત, એમ કંઇ એનુંજ ધાર્યું થશે ?–પણ તું હવે ઝટ કર. હજી તો આપણે મ્હારે મકાને જઇને મ્હારો સામન બાંધવાનો છે અને આપણે જવું ક્યાં તે નક્કી કરવાનું છે. ત્હારો શો મત છે ?"

"પહેલાં તો મુંબઇએંકનો ચેક શીકરાવશો કે એમને એમ ચાલશો?"

"હા અલ્યા, એ તો મને સાંભર્યુંએ નહિ, પણ એ કંઇ રાતમાં બને ?–એને માટે તો કાલનો દિવસ રોકાવું પડે ને તે કંઇ આપણાથી થાય એમ નથી–માટે હમણાં તો ચેક ભલે એમને એમ પડયો. મ્હારી પાસે કંઇક પૈસા છે તેથી હાલ તો આપણું ગાડું ચાલશે–કેમ હવે તૈયાર થયો ?"

"હા જી. ચાલો," એમ કહેતાં કહેતાં તેણે પેલો પડદો ખસેડીને તેને હમેશને ઠેકાણે મૂક્યો. કંઇક ચીજો પોતાની સાથે લેવાની બાંધી લીધી અને બારણે તાળું દઇ બંને જણ ત્યાંથી નીકળ્યા. બહાર નીકળતાં જ બિશનદાસે

બંધ બારણા તરફ નજર નાંખીને એક લાંબો નિઃશ્વાસ નાંખ્યો—બિચારી સવારમાં હોંશભરી મને મળવા આવશે ને નહિ જુએ મ્હને કે નહિ જુવે મ્હારી ચીઠ્ઠીને–બાંખા ખોળા કરશે–બધી જગાએ રખડી આવશે–ને પછી નિરાશ થઇને આંસુ પાડશે–મને એ કેવો કૃતઘ્ન માનશે? આવા દુરાચરણને એ શું પાત્ર છે? એણે મ્હારા સુખ માટે કાળજી બતાવી છે તેનો હું આવો બદલો આપીને જાઉં છું! પાછી મને ક્યારે મળશે? પ્રભુ એનું રક્ષણ કરો—

આમ વિચાર કરતો કરતો, મનમાં તેની પ્રિયાના ભાવી સુખને માટે પ્રાર્થના કરતો કરતો તે પોતાના મિત્ર જોડે ચાલ્યો. રાત્રિ અજવાળી હતી. ચંદ્રપ્રકાશ પૂર્ણ હતો. સર્વ નિઃશબ્દ પ્રશાન્ત હતું. ઠંડો પવન તેમનાં મ્હોં અને હાથ ઉપર લાગતો હતો. તારા સર્વ સંતાઇ ગયા હતા. અને વિશાળ રાજમાર્ગ ઉપર ગણ્યા ગાંઠયા માણસો આવ જા કરતા હતા એવે વખતે અદ્દ્ભુત વિચારો અને સુખનાં સ્વપ્નાં સહજ આવે છે. આ બંને જણના મનમાં એ વેળા જુદા જુદા તરંગ ચાલતા હતા. કેશરીસિંહ કંઇક ભાવી સાહસનો દેખાવ—પોતાની માનેલી પ્રિયાનો આફતમાંથી છૂટકારો—કલ્પીને તેમાં આનંદ માનતો હતો. પ્રિયા? એ શબ્દ મનમાં આવતાં જ એના નિરર્થકપણાનો ખ્યાલ આવ્યો–પૈસા માટે પરણેલાને એમ કહેવાનો શો હક છે? એ પોતાને થોડુંજ એવું વિશેષણ આપવાની હતી; તો પછી એક તરફી વિચાર કર્યો કામનો એ શો?

બિશનદાસની ધુન બીજી જ ચાલતી હતી. પોતે જેમ જેમ આગળ ચાલતો હતો તેમ તેમ પોતાની ધર્મપત્નીથી દૂર જતો હતો–ત્રણ ચાર મહિના માટે કે હમેશને માટે તે તો પ્રભુ જાણે–પણ હવે તેનું નાજુકડું મુખ જોવાને પોતે ભાગ્યશાળી થશે નહિ–એ વિચારમાં એ ગરક થઇ ગયો હતો અને તેથીજ દિલગીરીના ભારમાં દબાઇ ગયો હતો.

કેશરીસિંહના મકાનમાં તેઓ પેઠા અને બત્તી સળગાવી તો નોકરે ટેબલ ઉપર એક તાર મૂકેલો તેમના જોવામાં આવ્યો.

"મ્હારો તાર?" કેશરીસિંહ જરા ચમકીને બોલ્યો? "શું આ એ પણ આ કાવતરાનો જ ભાગ હશે?"

તેણે એકદમ તેનું પરબીડીયું ફોડીને તાર બહાર કાઢી વાંચ્યો. બિશનદાસ પણ ચકિત થઇને તેની સામું–એ તારમાં શું હશે—કોણે મૂક્યોહશે—

તે જાણવાની આતુરતાથી જોઇ રહ્યો હતો. વાંચતે વાંચતે કેશરિસિંહના કપાળ ઉપર પડતી કરચલી જોઇને તે જરા ગભરાઇ ઉઠયો.

" ભાઇ, કાંઇ માઠા ખબર તો નથીને ? "

કેશરીસિંહ આ સાંભળી જરા ઘર્ઘરા અવાજે હસતો હસતો બોલી ઉઠયો–"માઠા સમાચાર ! હા...એક...રીતે પણ ના...ના આતો આપણને શુભ સમાચાર છે. ઘણા જ આનંદ ભર્યા છે. પણ સારૂં થવાનું હોય છે તો મોડું જ થાય છે તેમ આમાં પણ બન્યું છે. નશીબ તો ખૂલ્યું પણ તે નાક કપાઇ ગયા પછી. બે ઘડી પહેલાં આ ખબર જાણવામાં આવી હત તો હું આ તોફાનીઓના મ્હોં પર થુંકત પણ નહિ ને એમને લાત મારીને મ્હારા ઘરમાંથી કાઢત." એમ કહેતાં કહેતાં એને જોરથી હસવું આવ્યું તેથી બિશનદાસની જિજ્ઞાસા વધતી ગઇ અને તેનાથી મૌન ધારણ કરીને વધારે વાર બેસી રહેવાયું નહિ તેથી તેણે પૂછ્યું કેઃ—" ભાઇ સાહેબ, કહો તો ખરા એમાં તે શી ખુશ ખબર આવી છે કે આપ આમ મલકાઇ જાઓ છો ? "

" અરે બિશન ! નશીબની દેવી ઘડીમાં મૂર્ખ બનાવે છે ને ઘડીમાં ડાહ્યા બનાવે છે. અત્યાર સુધી મને એ લોકો સ્વાર્થી—લોભીઓ–મૂર્ખ માને અને હસે એવું કામ મ્હારે કરવું પડયું, માન પ્રતિષ્ઠાને કોરે મૂકવાં પડયાં—પગતળે છુંદી નાંખવાં પડયાં.—અને એ તો એ, હવે હું આટલો બધો લાભ પામવાથી બીજી જ રીતે વર્તવાને શક્તિમાન થયો. એ ભાગ્યદેવીના વિલાસ નહિ તો બીજું શું ? જગતમાં માણસે તે જેમ નચાવે તેમ નાચવાનું છે. પુરૂષાર્થ ગમે એટલો કરે પણ **भाग्यं फलति सर्वत्र–न विद्या न च पौरुषम्** એ કંઇ કહેનારે ખોટું કહ્યું છે ? આપણા સંબંધમાં પણ એમ જ થયું છે. લે વાંચ, આ તાર " એમ કહેતો કહેતો તાર તેના તરફ ફેંકીને આરામ ખુરશીમાં પડયો. બિશનની આંખો તો તાર વાંચતાં વાંચતાં જાણે બમણી પહોળી થઈ. તેનાં મ્હોં ઉપર આનંદ છવાઇ રહ્યો. તેનું અંતઃકરણ ઉડીને તેના હોઠ આગળજ આવી ગયું.

" કેમ વાંચ્યું કે ? ડાહ્યા માણસને પણ ગાંડો બનાવે એવું છે કે નહિ ? કાકા મરી ગયા. તેમાં કંઇ મને શોક થાય એવું છે જ નહિ એમ મ્હારે કબુલ કરવું જોઇએ કેમકે મ્હેં તો એમને ભાગ્યે જ એક બેવાર જોયા હશે. એઓ એકાન્તવાસી હતા ને અમારી જોડે કંઇ ગાઢ સંબંધ રાખતા ન હતા પણ એ બિચારાએ મ્હારા માટેજ કમાઇ કમાઇને ભેગું કર્યું હશે તે મને તો મ્હોટો વારસો મૂકતા ગયા. બિશન ! સમજે છે ! હવે આ શરી-

રને લાખો રૂપિયાની જાગીરનું સ્વામિત્વ મળ્યું અને એજ શરીરે બે ઘડી પહેલાં પોતાનું માન-ઇજ્જત-આબરૂ જે કહો તે આ કાગળની ચબરકી માટે વેચ્યું-કોઈ અનાથ બાળાનો ઘાત કર્યો-અવતાર બગાડયો-શાપ હોરી લીધો-જન્મારાને માટે પોતાના નામને કાળી ટીલી લગાડી મ્હો કાળું કર્યું-હવે હું શી રીતે એ બગડેલી બાજી સુધારી શકીશ? લાખો રૂપીયા ખર્ચતાં પણ ગઇ આબરૂ પાછી મળવાની છે? વિધિના લેખ ફેરવ્યા ફરતા નથી. મ્હારી આમ મશ્કરી થવાની હશે તેથી જ મને આવું સૂઝયું, પણ કોણ જાણતું હતું કે ઘડીકમાં હું ગટરમાં ભટકતા ભીખારીમાંથી સોનાની અંબાડીએ ચઢીને હાથીપર સ્વારી કરવાને સમર્થ થઇશ? હવે તો બસ **अर्थं साधयामि वा देहं पातयामि** જ્યાં સુધી આ ખોળીયામાં જીવ છે ત્યાં સુધી બનતો પ્રયત્ન કરીને આ લફંગાઓની બુરી મતલબ પાર ન પડે એમ કરવા હું તત્પર છું. મ્હારૂં સર્વસ્વ જાય તો ભલે પણ આ બિચારી દુ:ખીઆરી બાળાને તેમનું ભક્ષ થતું હું, પ્રભુ સાહાય્ય કરશે તો, જરૂર અટકાવીશ—મ્હારા નામ ઉપર આવેલું કલંક ધોઈ નાંખીશ ને જો હજી પણ ભાગ્યદેવી વિશેષ પ્રસન્ન થવાની હશે તો, એની ખાત્રી કરાવીને-મ્હારા વિષે બંધાએલો ખોટો વિચાર દૂર કરાવીને એનો પ્યાર મેળવવાને-એને યોગ્ય નીવડવાને શક્તિમાન થઇશ."

એમ કહેતો કહેતો એ પેલો ચેક લઇને ફાડી નાંખવાનું-એના ટુકડે ટુકડા કરવાનું કરતો હતો એટલામાં બિશનદાસે એને રોકી દીધો.

"કોણ જાણે ભાઇ સાહેબ-એ પણ પુરાવાના કામમાં આવે તો? ફાડવો હશે તો આગળે કયાં નથી ફડાતો?"

"ઠીક કહ્યું-બિશન-હું જરા ઉશ્કેરાઇ ગયો હતો. ભલે, લાવ મ્હારી પાસે, હું એને સંભાળીને રાખી મૂકીશ-એ લખનારના મ્હોંમાં આ ચેક મારૂ નહિ તો મ્હારૂં નામ કેશરી નહિ."

પ્રકરણ નવમું.

પ્રણય-જ્યોતિનું પ્રદીપન.

બીજે દિવસે જુગલ સવારે ન્હાઇ ધોઇને પોતાના પતિને ઘેર કામ-કાજ માટે આવી તો બારણે તાળું જોઇને જ તેને આશ્ચર્ય થયું. કોઈ દહાડો નહિ ને આજ સવારે આટલા વહેલા ક્યાં ગયા હશે એમ તેને સ્વાભાવિક વિચાર આવ્યો પણ કંઇ અણચિંતવ્યું કામ આવી પડયું હશે-એમ મન વાળી પોતાની પાસે હમેશ તે બીજી કુંચી રાખતી હતી તેના વડે તેણે તાળું ઉઘાડયું અને અંદર પેઠી. રોજ એ આવીને વાસીદું વાળતી-વાસણ સાજતી ને બિશન બેઠો બેઠો ચિત્ર કાઢતો હોય તેની સાથે વાતો કરવામાં આનંદ પામતી; પણ આજ તો એને એનો એજ ઓરડો ખાવા ધાતો હોય એમ બીહામણો લાગવા માંડયો. પોતે જગતમાં એકલી પડી હોય-નિરાધાર બની હોય એવી કંઇક ભીતિ ઉત્પન્ન થવા લાગી. હજી એ કેમ ન આવ્યા? હવે ક્યારે આવશે? એવું તે વળી એમને શું આજ કામ આવ્યું હશે? કાલ રાતે હું મોડી ગઇ તે વેળા પણ કંઇ એમણે વાત કરી નથી. કદાચ કંઇ ધંધો રોજગાર શોધવા નીકળી પડ્યા હોય તો કોણ જાણે. કાલ એમણે વચન આપ્યું હતું કે હવેથી ચિત્રને અડકવું જ નથી તે પ્રમાણે અમલ કરવાને કોઇની પાસે નોકરી માગવા ગયા હશે? એમની ઇચ્છા સફળ થાય ને બે પૈસા પાસે ભેગા થાય તો કેવું સારૂં! આ તો મ્હારે જન્મારાનું વૈતરૂં જ રહ્યું. પરણીને એ શું સુખ દીઠું? હતો ત્યારે ઘણોએ પૈસો હતો પણ એમણે જાળવી ન જાણ્યો. છતે પૈસે દેવાળવું કાઢયાનો ધંધો માંડયો એમજ છે ને? નહિ તો કેશરીભાઇને શું કરવા ધીરવા જાત? ધીર્યો તો ધીર્યો પણ પાછા માગતાંએ શરમાય છે. એ ભાઈ તો પારકે પૈસે પરમાનંદ-તાકડધીન્ના કરે છે અને અમારે ત્યારે આવું દુઃખ ભોગવવું. રાત્રે મોડા મોડા આવીને ડાહી ડાહી વાતો કરવા મંડયા પણ એમ થયું કે લાવ પાંચ રૂપીયા આજ સપરમે દહાડે હાથમાં મૂકું? પણ પાસે હોયે શું તે આપે?

વાશીદું વાળતે વાળતે આવા વિચાર મનમાં આવે જ જતા હતા-આખરે ઘરકામ પણ બધું પૂરૂં થયું-બપોર થવા આવ્યા પણ બિશનદાસનાં દર્શન થયાં નહિ-જેમ જેમ દિવસ ચઢતો ગયો તેમ તેમ એની અધીરતા

વધતી ગઇ-આખરે તો ઘણી જ કંટાળી અને પાસેની ચાની દુકાનવાળાને ત્યાં ખબર કાઢવા ગઇ.

દુકાનવાળાએ કહ્યું—"બેન, અમે આજ સવારે વહેલા ઉઠીને દુકાન ખોલી છે ત્યાર પછી હું અંહીનો અહીં જ છું પણ મ્હેં એમને બહાર નીકળતાં જોયા નથી." આ સાંભળીને એને વધારે વધારે ખેદ થતો ગયો. સવારના ન ગયા હોય તો શું રાત્રે જ કંહી ઉડયા હશે તે હજી પાછા એ નથી આવ્યા? એમણે તો હોળીની ગમ્મત કરી હશે પણ મ્હારા હૈયામાં આ હોળી સળગાવી તેનું કેમ? હવે ખોળું એ ક્યાં? બૈરૂં માણસ થઇને શું બધે પૂછતી ફરૂં? એ તે કંઇ નાનું છોકરૂં છે કે ખોવાઇ ગયું કહેવાય? લોકોએ બધા હસે. બળી આવી તે શી નઠારી ટેવ પડી હશે કે સામા માણસની કંઇ ચિન્તા જ નહિ? ભલેને એ એમને મન ગમતું કરે! હું એ ક્યાં કાચી છું-હું પણ હવે ઘેર જાઉં છું ને બોલાવવા આવશે તોએ આવીશ નહિ-પગે પડશે તોએ મનાઇશ નહિ-એમને પણ દેખાડું કે હું કંઇ કાચીપોચી નથી-આમ હિંમત આણવા તો ગઇ પણ પાછળથી મનમાં ઉદ્વેગ થતો હતો તેને દાબી શકી નહિ-કદાચ એમને કંઇ થયું હશે તો! અજાણી જગાએ કેશરીભાઇ ને એ બે ગયા હશે તો કેશરીભાઇએ આવીને કંઇક વાત તો કરશે. જાઉં, ઘેર જઇને જરા વાટ જોઉં. નહિ તો પછી એમને ત્યાં કોઇને મોકલીને ખબર કઢાવીશ.

ઘેર ગઇ—આમ તેમ ફરવા લાગી—મન તો તલપાપડ થઇ ગયું—ઘડી ઉપર ઘડી ગઇ—પણ ન મળે બિશનદાસ કે ન મળે કેશરીસિંહ-નહિ કોઇ તેમના સામાચાર લાવનાર. પરાણે પરાણે-બાપને વહેમ ન પડે માટે ખાવા તો બેઠી પણ મ્હોંમાં કાળીઓએ પેંઠો નહિ. ખોટો ઢોંગ કરીને પાટલે જરાવાર બેસી રહીને ઉઠી. હવે શું કરૂં? કોને પૂછું? કોણ એમની ખબર લાવે? ઘરમાં કોઇ મળે નહિ? કંઇ પોતાના બાપને તે મોકલાય? એટલામાં પડોશીનો એક છોકરો ઘરમાંથી બહાર જતો હતો તેને બોલાવીને છાને માને કહેવા લાગી કેઃ—"ભાઇ લલ્લુ! જા તો બા-કેશરીસિંહ ભાઇને ત્યાં એ હોય તો બોલાવી લાવને."-છોકરો જરા મ્હોટી ઉમરનો હતો તેથી સમજ્યો કે કોને બોલાવવાનું કહે છે. તેથી "વારૂ, જાઉં છું" કહીને દોડયો. તે અદશ્ય થયો ત્યારથી બિચારીનું હૈયું ધબકવા માંડયું-ક્યારે આવશે--શી ખબર લાવશે? કયમ હજી આવ્યો નહિ? રમતીઆળ બહુ છે તેથી વચમાં કહીંક ધૂળ ઉરાડવા રોકાઇ ગયો હશે-કોણ જાણે બીજા છોક-

રાઓએ એને આંતર્યો પણ હોય ને જવા ન દીધો હોય-આજ ધૂળેટીને દહાડે પૂછવું શું? રાહ જોનાર સર્વને અનુભવ છે કે એવે વખતે એક મિનિટ પણ એક કલાક જેટલી લાંબી લાગે છે-મન બીજા કોઇ વિષય ઉપર ન ટકતાં એની એ જ વાત ઉપર સ્થિર થાય છે તેથી કેમ કરીને કાળ વીતતો નથી એવું ભાસે છે. પણ વાસ્તવિક રીતે કંઇ કાળના પ્રમાણમાં વધઘટ થતી નથી. થોડીવારે લલ્લુ પાછો દોડતો આવ્યો તેને શેરીને નાકેથી જ જોતાં જુગલના ખોળીઆમાં જીવ આવ્યો. આવે છે તો દોડતો જોરભેર—નક્કી કંઇ સારા સમાચાર લાવતો હશે. તે હજી થોડે દૂર હતો એટલામાં તો બુમ પાડીને તેને પૂછવા લાગી:-"કેમ ભાઇ લલ્લુ-શું કહ્યું એમણે?"-"બેન, ત્યાં તો તાળું છે." આ સાંભળતાં જ એના હોશ ઉડી ગયા—કેશરીસિંહ પણ ઘરમાં હજી નથી આવ્યા એ શું? લાવ પાછી એમની કોટડીએ જઇ આવું. ત્યાં તો બે જણ આવીને મ્હારી વાટ જોતા બેઠા નહિ હોય?—એમ કરી પાછી બિશનદાસના મકાન પાસે આવી તો ત્યાં પણ તાળું! હવે એને ગભરાટ થવા લાગ્યો. પોતાની મશ્કરી કોઇ કરે તો ભલે કરે પણ હવે ખબર કાઢ્યા વિના શાન્તિ વળે એમ ન હતી તેથી એમના દોસ્ત ભાઇઓના ઘરમાં મિષે મિષે સ્ત્રી—વર્ગ સાથે વાત કરતી કરતી જોવા લાગી—કે કહીંએ એમનો ઘાંટો સંભળાય છે—એમના બૂટ નજરે પડે છે? પણ જ્યાં ગઇ ત્યાંથી નિરાશ થઇને જ પાછી આવી. કદાચ કોઇ તેનો બેબાકળો ચહેરો જોઇને તેની ચિન્તાનું કારણ સમજી જતું તો તેની મજાક કરતું.-"હોળી રમવાને તેડવા આવ્યાં હશો? પણ તમારી એમને દરકાર હોય તો આમ તમને રખડતાં મૂકીને જાયે ખરા કે?" એને હવે ખાત્રીજ થઇ કે નક્કી એ બીજે કહીં ભરાઇ પડેલા કે કાં તો માહીમ —વસાઇ દોડેલા.—પણ આમ મને કહ્યા કે ચેતવ્યા વિના? ઠીક છે, એ પણ ભલે જોઇ લે—કે મ્હારે એ એમની દરકાર નથી. હવે હું ઘરની બહાર નીકળું ત્યારે ને. એમ કહીને ઢીલે પગે જેમ તેમ કરતી ઘેર પહોંચી પણ ઘરે ખાવા ધાતું હોય એમ લાગ્યું.—સાંજ પડી—અંધારૂં થતાં ભય વધવા લાગ્યો—સુવાની વખત થઇ પણ ઉંઘ કોને આવે? આખી રાત તરફડતે તરફડતે કાઢી—સવારે કંઇ ખબર નક્કી આવશે—એ પોતે જ મને તેડવા આવશે—માફી માગશે પણ હું એકની બે થવાની નથી—એમ વિચાર કરતી કરતી પાછલી રાતે ઠંડો પવન વાવાથી કંઇક આંખ મીચાઇ ગઇ, તે દિવસ ચઢે મોડી ઉઠી-આંફળી ફાંફળી આમ તેમ જોવા લાગી—હું ક્યાં છું?—એ હમણાં મ્હારી પાસે હતા તે ક્યાં જતા રહ્યા? હમણાં તો અમે વાતો કરતાં હતાં-

અરે પણ એ તો સ્વપ્નું જ હશે. એમ થવાથી ઉઠીને બેઠી થઇ દંતધાવન આદિ કરીને પિતા પાસે ગઇ. એઓ કદાચ કંઇ જાણતા હશે? હું ઉંઘતી હતી તેવામાં કોઇ આવી ગયું હશે? વખત છે ને પિતા કંઇ સમાચાર આપે તો;–પણ એ બિચારાને ખબર હોય તો કહે ને? એ તો જાણતા એ ન હતા કે બિશનદાસનો પત્તો નથી.

આમ બે ત્રણ દિવસ મહા દુઃખમાં–અતિશય આકુળ વ્યાકુળ થઇને કાઢયા, પછી તો દિવસ કેમે કરીને ખૂટે નહિ તેથી ચંદ્રપ્રભાને ત્યાં પોતે તેની ઇચ્છા પ્રમાણે રહેવાનું કબૂલ કર્યું હતું એટલે તેને મળવા ગઇ. બીજા કામમાં આ ચિન્તા ભૂલી જવાશે—પત્રદ્વારા કંઇ સમાચાર આવશે એવી આશામાં એ દિવસ નિર્ગમન કરવા લાગી. ચંદ્રપ્રભાની સાથે એનું મન મળી ગયું હતું તેથી બંનેને બ્હેનો જેવો જ ગાઢ સબંધ બંધાયો. ઘડી કોઇથી વિખૂટાં પડતાં તો પાછાં કયારે મળીશું એમ થતું. પોતાની વાત એક બીજાને કહેવાની ટેવ સ્ત્રીઓને સામાન્ય રીતે હોય છે તેથી જુગલને ઘણી વાર પોતાનું હૈયું પોતાની સખી પાસે ખાલી કરવાનું મન થઇ જતું—હમણાં કહું એમ જીભની અણી ઉપર વાત આવી જતી—મ્હારા ઘરમાંથી એ કહીંક જતા રહ્યા છે ને સાથે એમના પ્રિય કેશરીસિંહનો પણ પત્તો નથી એમ કહેવા જતી હતી–પણ કોણ જાણે કેમે અચકાઇ. હજી એમની જોડે મ્હારે કંઇ સહીપણું બહુ થયું નથી ને હું વાત કરવા જાઉં તે કદાચ એમને ના ગમે તો મ્હારી હલકાઇ ગણાય મ્હારા દુઃખની એમને શી પડી છે? એ તો ખાસી મજાથી અમન ચમન કરે છે માટે જવા ેની–હાથે કરીને શું કરવા દુઃખી થું એમ જણાવવું?–આવા વિચાર આવતાં તે અટકી જતી.

ચંદ્રપ્રભાના મનમાં પણ પોતાની વાત જુગલને કહેવાની તીવ્ર ઇચ્છા થતી. અનિચ્છાએ થએલાં તેનાં ગુપ્ત લગ્નનો ભેદ કોઇ સ્ત્રીએ હજી જાણ્યો ન હતો તેથી કોઇની અનુકંપા પણ તે મેળવી શકી ન હતી–પણ ભૂપતસિંહે તેને ડારો દીધો હતો ને હાલ સર્વ વાત છુપી રાખવાનું તેની પાસેથી પણ વચન લીધું હતું તેથી એની જીભ ઉપડતી ન હતી. જુગલને વાત કરૂં ને એ કદાચ કોઇને કહી દે તો!–આમ બ્હીક લાગવાથી એ પણ મૌન ધારણ કરી રહી હતી.

પરંતુ પડદા પાછળ રહેલા જે મનુષ્યે પોતાનો હાથ ઉચો કરીને એક-દમ તેને ચુમીથી વધાવી લીધો હતો તેનું સ્મરણ તેના અંતઃકરણમાં કોતરાઇ

રહ્યું હતું તે કંઇ ભુસાયું ભુસાય એમ ન હતું—આ તેનો અણધાર્યો ઓષ્ઠ-સ્પર્શ થતાં જ એના અંતઃકરણમાં જાણે અમૃતરસનું સિંચન થયું હોય એમ એને લાગ્યું હતું અને તેને બળે, આજસુધી દબાઇ રહેલી પ્રણય-જ્યોતિની દીપશિખા દેદીપ્યમાન થઇ હોય તેમ જ્વલન્ત પ્રકાશ આપવા લાગી હતી.—તેની ઉષ્ણતા આખા શરીરમાં વ્યાપી ગઇ હતી-રસમય નવજીવનનો જન્મ થયો હતો-આજ સુધી જેને લોકો હૈયાસુની ધારતા હતા તેનું હૃદય હવે જોરથી ધબકવા લાગ્યું હતું-તે સહૃદય બની હતી-સંસારમાં તેને કંઇક પ્રીતિ ઉત્પન્ન થવા લાગી હતી-એકલાં રહીને જીવન ગાળવા કરતાં કોઇ પ્રેમી સત્પુરૂષનું અર્ધાંગ બનીને ભવસાગર તરવામાં જ સાર્થકતા છે એમ પ્રતીત થવા લાગ્યું હતું-પોતાનું પાણિગ્રહણ કરનાર જ પોતાના પતિ રૂપે પોતાની સાથે રહે એમ તો તે ઇચ્છતી ન હતી કેમકે તેણે લક્ષ્મીને વશ થઇ જઇને તેની જાત વેચી હતી અને પોતાના જેવી કોઇ દહાડો નહિ દીઠેલી અબળાને પણ દુઃખદરિયામાં ડૂબાવી હતી. પ્રેમ શું તે એ માણસ સમજતો હશે કે કેમ એની એને શંકા થવા લાગી હતી. પણ એના અમૃતમય સ્પર્શથી થએલા રોમોદ્દગમનું સ્મરણ થતાં,-હજી સુધી તેના વાગતા ભણકારાનું પ્રત્યક્ષ ભાન થતાં—વળી તેનું મન એમ પણ સાક્ષી પૂરતું હતું કે, ના-એ એવો નિષ્ઠુર તો ન જ હોવો જોઇએ-નહિ તો આમ મ્હારો હાથ લઇને શું કરવા પોતાને મુખે ધરે? પૈસાના લોભી હોય તેનામાં આવો મૃદુભાવ ઉત્પન્ન થાય જ શાનો? કોણ જાણે શા કારણથી આવા તરકટમાં ભાગ લેવાની ફરજ પડી હશે? ઇશ્વરેચ્છા બલીયસી છે. હવે વળી મ્હારા ભાગ્યમાં કોણ જાણે શુંએ લખ્યું હશે? ગમે તેમ થાઓ પણ હું મ્હારા રક્ષક પિતાને તો પરણવામાંથી હાલ છૂટી છું. એમને આટલે વરસે આવી બુદ્ધિ સૂઝી એ પણ મ્હારા નશીબનો જ વાંક-નહિ તો એવી અણસર્જી પીડા મ્હારે શું કામ વ્હોરવા વખત આવે? મને પાળી પોષીને મ્હોટી એમણે કરી તે શું આટલા માટે? હજી એ તો એ જ ધૂનમાં છે ને એનું ચાલશે ત્યાં સુધી મને છોડશે નહિ. જો ન કરે નારાયણ ને એની હિકમતમાં એ ફાવે તો મ્હારો જન્મારો કેમ જશે? આ ધંધામાં જોડાયા પછી-તેમાં વળી તે મધ્ય રાત્રિનાં ભેદી લગ્ન થયા પછી મ્હારામાં જે નવી સ્ફુર્તી આવી છે તેનો વેગ એવો તો ઉછાળા મારે છે કે, મ્હારૂં જીવતર એવા અરસિક વૃદ્ધ પુરૂષને સ્વાધીન થાય તેના કરતાં તો હું જીવિત ત્યાગ કરીને પરલોકવાસી થાઉં એ જ મને વધારે સુખકર માર્ગ લાગે છે. મને તો એ વિચાર આવતાં જ કમકમાટ વછુટે છે.

યાં એ ને ક્યાં હું ? અત્યાર સુધી તો મ્હેં મ્હારો તિરસ્કાર જેમ તેમ
ને દબાવી રાખ્યો છે. મ્હારા અંતઃકરણમાં નવીન વૃત્તિ જાગૃત ન થવાથી
એના બોલ શાન્તિથી સાંભળ્યાં કરતી હતી પણ હવે જો મને એ
ારે છેડશે તો મ્હારાથી એનું જાહેર રીતે અપમાન થઇ જશે એમ પણ
ે બ્હીક લાગે છે. પછી પરિણામ શું આવશે તે તો ઇશ્વર જાણે પણ હું
ની માગણીનો એક શબ્દ પણ હવે સાંભળી શકું એમ નથી. આવા અનેક
ચારમાં એ ગરક થઈ જતી હતી.

ભૂપતસિંહ એને મનથી તો દાવપેચ રમવા ગયો હતો પણ એણે
ાટી ભૂલ ખાધી હતી તે એ સમજતો ન હતો. કેશરીસિંહ જેવા નિર્ધન
રસિક યુવાનનો માત્ર સ્પર્શ જ થવાથી એની રક્ષિતાના મનમાં શો
ાર થઇ જશે, પોતાના પ્રતિ કેવી કટુતા ઉત્પન્ન થશે, લોહીનો સ્વાદ
ખવાથી, આજ સુધી પાળેલી ને નરમ બનેલી વાઘણ કેવા ફુંફાડા મારતાં
ખશે-રૂધિર પાન માટે કેવી તલપી રહેશે-તે તેના સમજવામાં આવ્યું ન
. કોઇ પત્થરનું ખડક તોડવા માટે ખાડામાં દારૂ ભરીને ઉરાડે છે ત્યારે
થી એક ચીનગારી જ સળગાવવામાં આવે છે તેની અસર કેવી ભયંકર
ય છે—ઘાસની ગંજીમાં દીવાસળી જેવી અથવા તો ઝીણા તનખા જેવી
છ ચીજ પડવાથી આખી ગંજી સળગીને મ્હોટો ભડકો કેવો થાય છે તે
ણે વિચાર્યું ન હતું. માત્ર પોતાનો સ્વાર્થ સાધવામાં તે અંધ બની ગયો
ા. તેથી તેની દૃષ્ટિ દૂર પહોંચી ન હતી. તેના મનમાં એમ જ હતું કે
ત્ર યાંત્રિક બળવડે જેમ બે પદાર્થને થોડી વાર સાથે સાથે રાખવામાં
વે ને પછી જુદા પાડવામાં આવે તો એક બીજાની અસર તેમાં રહેતી
ી તેમ આ સ્ત્રી પુરૂષ-એક બીજાથી કેવળ અજાણ્યાં ને અંધારામાં
લાં હોવાથી તેમનો કરસ્પર્શ થયો ન થયો એ સરખો જ હતો. તરત જ
ો છૂટાં પડવાનાં ને ફરી કોઇને મળવાનાં નહિ, પછી એમાં ભય શો
? પરન્તુ વિદ્યુત્ પ્રવાહના અગાધ આંતરિક બળની તેણે ઉપેક્ષા કરી
ી. બ્હારથી ચર્મચક્ષુને પ્રત્યક્ષ જણાયા વિના તે જે માનસિક અસર
ન્ન કરે છે તે તો જેને થતી હોય તેજ સમજી અને અનુભવી શકે છે.
પ્રસંગે પણ એમ જ બન્યું હતું. ભુપતસિંહ માત્ર બહારનો દેખાવ જ
તો હતો ને બંને જણ છૂટાં પડયાં એટલે બધી વાત પતી ગઇ માનતો
પણ મનોબળની ગણત્રી તેણે કરી ન હતી. તેમના મનમાં ફુટેલી
ગની તેના જોવાને શી ખબર પડે ? એક ચીનગારીની અસર ક્યાં સુધી
ંચે છે તે તે સમજતો ન હતો. એ ક્ષણેજ પ્રદીપ્ત થએલો અગ્નિ ક્યાં

સુધી ફેલાશે-કોનું કોનું ભક્ષ કરશે, એનો એને ખ્યાલ પણ ન હતો. પોતે જ તે અગ્નિનો ભોગ થઇ પડવાનો છે એવું તો એ સ્વપ્ને પણ શાનો માને? લાંબા વખતથી પોતે ધારી રાખેલી ગોઠવણ—પોતે રચી રાખેલી ઇમારત—બરબાદ જશે એવું એની કલ્પનામાં પણ આવ્યું હત તો તે આ પ્રસંગ બનવા દેત જ નહિ.

ભૂપતસિંહ ઉપરનો તેનો કંટાળો જેમ જેમ વધતો ગયો તેમ તેમ પોતે હાલ જેની થઇ હતી-જેણે તેના હૃદયમાં સુકાઇ ગએલા પ્રેમના ઝરાને સજીવન કરી પાછો ખળખળ વહેતો કર્યો હતો-તેના રૂપ રંગ વિષે, તેની કાન્તિ-તેની આકૃતિ-તેના ગુણ અવગુણ-વિષે તે હજારો જાતના તર્ક વધારે વધારે કરવા લાગી. ગમે તેટલું તેને ભૂલી જવાનો પ્રયત્ન કરતી-તેની આ હીણી વર્તણુંકને માટે તેની અવગણના કરતી-તોપણ તે કોણ જાણે કેમ તેના મનમાંથી ખસતો તો ન હતો જ પણ ઉલટો ઉંડો ઉંડો પ્રવેશ કરતો હતો. આ ઉપરથી તે ઘણીવાર વિસ્મય પામતી-પોતે કદાચ તેને મળશે તો ઓળખી શકશે ખરી? એવો વિચાર કરતી. તેની સાથે એમ પણ નિશ્ચય કરતી કે હું જો એને ઓળખી શકું તો એના સામું પણ ન જોઉં. મને એણે કેવી હલકી પાડી છે-હું એને કેવો હલકો ગણુંછું-મ્હારે મન એ કેવો તુચ્છ છે એ હું એને જરૂર બતાવું.

વિચિત્ર વાત તો એ હતી કે આ બધી શંકાઓનું નિરાકરણ કરે-એના મનનું સમાધાન કરે-એને જોઇતી સર્વ માહિતી પૂરી પાડે-એની સાથે હસ્તમેળાપ કરનાર કોણ હતો—કેવો હતો-એ બધી હકીકત કહે-એવું માણસ એની પાસે છતાં-હર ઘડી એના સંબંધમાં આવતું છતાં,-તેનો લાભ તે લઇ શકતી ન હતી. જાગલને જરા જો એણે (ભૂપતસિંહને વચન આપ્યા છતાં) દીલ ખોલીને વાત કરી હત—પોતાને કાને જે નામનો શબ્દ તે મધ્યરાત્રે પડ્યો હતો તે નામ વિષે કાંઈ જાણવા માગ્યું હત તો બધો ભેદ ખુલ્લો પડી જાત અને એની ચિન્તા દૂર થાત, તેમ જાગલે પણ જો પોતાના દુ:ખની વાત એને કરવાની હિંમત ધરી હત તો એમાંથીએ આ ભેદ ખુલ્લો પડત-અંધારાનો પડદો દૂર થાત-સર્વ યથાર્થ સમજાત અને બંનેના જીવને નિવૃત્તિ થાત. આવો એક બીજા સાથે ખુલ્લા દીલે વાતચીત કરવાનો સંબંધ સ્ત્રીઓમાં કંઇ અસાધારણ નથી હોતો. પરંતુ જગતમાં જેમ ઘણી વાર બને છે તેમ, જે સાધારણ ને સહેલું હોય છે તે જ ભૂલી જવાય છે-નજર બહાર રહે છે-વસ્તુ પાસે પડેલી છતાં, આપણે તેને દૂર અન્ય સ્થળે શોધવાનાં ફાંફાં મારીએ છીએ. આ પ્રમાણે આ બિચારી બે

બાળાઓનાં મન તલપી રહેલાં છતાં તેઓ પોતાના અંતઃકરણમાંથી ઉભરાઇ જતી પોતપોતાની હકીકત કોઇને કહી શકી નહિ.

એક દિવસ તો એ વાત લગભગ ઉઘાડી પડી જાય એવો જ પ્રસંગ આવ્યો. જુગલે કહીંકથી સાંભળ્યું હશે તેથી પૂછવા લાગી કે-"બેન તમે પરણો તો આ નાટકનું કામ છોડી ઘો ?"

ચંદ્રપ્રભા જરા મ્હોં મચકોડીને હસી પડી.

"નાટકમાં એકલાં જીવન ગાળવા કરતાં પરણવું એ શું વધારે જરૂરનું નથી ?"

"પરણવું ? ના બા !-એકલું પરણવું તો શા કામનું ? એ તો જ્યાં પ્રેમ હોય ત્યાં જ પરણવું એ ઠીક. પણ તમારા જેવાંને આવો ઇજત આબરૂ વધારનાર—કમાણી કરાવનાર ધંધો છોડાવીને પરણવાની લાલચ કરાવે એવું તો કોઇકજ મનુષ્ય હશે ?"

"પ્રેમ વગર પરણીએ તો શું ?"

"મ્હેં તો બા એવા ઘણાએ દાખલા જોયા છે ને સાંભળ્યા છે. એમાં કંઇ સુખી થવાતું નથી. હા-કેટલીક વાર પરણ્યા પછી પણ પ્રેમ ઉત્પન્ન થાય છે. આપણામાં તો કયાં કોઇને પહેલેથી ઓળખે છે કે જાણીને પરણે છે ? માબાપ બધું જોઇ નક્કી કરીને જોડું ઠરાવે છે ને પરમેશ્વર પાંશરો હોય તો ઘણે ભાગે એવાં જોડાં પણ સુખી થાય છે પણ તમે તો બા હવે મ્હોટાં થયાં ને તમારે તો માબાપનું કામ પણ હાથે કરવાનું આવ્યું ત્યારે તમે તે કંઈ અજાણ્યાં થઇને અંધારા કુવામાં પડો ? તમને તો કોઇ મનનો માન્યો મળે ને મ્હોં માગ્યાં લાડ લડાવે ત્યારે તમારો કોડ પૂરાય."

"જા-જા-ઘેલી-એવું શું બોલે છે ?—મ્હારા નસીબમાં પ્રભુએ કોણ જાણે શું એ લખ્યું હશે ? માણસ કંઇ પોતાનું ધાર્યું જ કરી શકે છે ? હજાર જાતની જંજાળ આવી પડે છે. કોઇ તો અજાણ્યે પણ પારધીની જાળમાં ફસાઇ જાય છે. સારા ધારીએ ને નઠારા નીવડે."

જુગલ શાન્ત થઇ રહી પણ ચંદ્રપ્રભાએ જરા થોભીને ઓચિંતી પાછી વાત ચલાવી.

"જુગલ, તુ શું પ્રેમમાં સમજે છે ? તુ પરણી છે એમ તો હું જાણું છું પણ ત્હારો સંસાર કેમ ચાલે છે તેની મને ખબર નથી."

જુગલની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. તેણે તરત જ આડું જોઇને ખાળવાનો પ્રયત્ન કર્યો પણ તે કંઇ ચંદ્રપ્રભાથી છાનું રહ્યું નહિ.

" ત્યારે શું જુગલ ! પ્રેમી યુગલ દુઃખી પણ થાય છે ! પ્રેમનું ફળ આવું હોય ! "

" ના–બા–બધાંને તે કંઇ આવું થાય ? કોઇને નશીબે દુઃખ તો કોઇને નશીબે સુખ, પણ ઘણાંને દુઃખ વધારે થતું હશે. મન માનતું સુખ તો કોઇકને જ મળતું હશે. "

" ત્યારે તું ત્હારી પોતાની જ વાતને આ ઉપરથી તોડી પાડે છે. એવી રીતે પરણીને મને પણ શું સુખ થવાનું છે ? પ્રેમ છતાં સુખ મળશે કે નહિ એની જ જ્યારે શંકા રહે છે ત્યારે પ્રેમ વગર પરણ્યામાં પણ દુઃખ જ છે એમ કેમ કહેવાય ? "

" અરે બેન ! એવી બૈરીનું તે કંઇ જીવતર કહેવાય ? એ તો જીવતાં નરક ભોગવવા જેવું જ. "

ચંદ્રપ્રભાના કાળજામાં આ શબ્દો કોરાઇ ગયા. એનું મન પણ એ વાત કબુલ કરતું હતું. માત્ર મજાકની ખાતર એણે સામી દલીલ લંબાવી હતી. ખરે પોતાનો ભવ જો પેલા વૃદ્ધ પુરૂષ જોડે ગાળવાનો વખત આવે તો પછી શું દુઃખ બાકી રહે ? એનો દેખાવ નજર આગળ તરી આવતાં જ એને કંપારી છૂટી. તે પછી તરત જ પેલો કોમળ ઓષ્ઠ-સ્પર્શ સાંભરી આવ્યો. હાથની જે આંગળીઓ તે પામવાને ભાગ્યશાળી થઇ હતી તેમાં ઝણઝણાટ થઇ આવ્યો. રોમેરોમ પાછો તે સ્મરણથી જ આનંદ વ્યાપી ગયો. જે મનુષ્યના સુખ-સ્પર્શથી આવી સુખદ લાગણી થતી હતી તેનું તો કંઇ ભાન થતું નહિ; તે તો અદૃશ્ય જ રહેતો પણ માત્ર તે સ્પર્શ સજીવ બનીને તેના અંતઃકરણને ડોલાવતો-તેની રગેરગમાં પ્રેમરસ ફેલાવતો. એ સુખ જ માત્ર ભોગવવાનું મળે તો જીવ્યું સાર્થક છે એમ એ માનવા લાગી. હવે એના મનમાં પ્રેમ–પ્રેમ–ને પ્રેમનો જ જપ જપાવા લાગ્યો. હરતાં ફરતાં એના એ જ વિચાર આવવા લાગ્યા અને ભૂપતસિંહ પોતાના પંઝામાં તેને સપડાવે તે પહેલાં તેમાંથી છટકી જવાનો ઉપાય તે શોધવા લાગી.

પ્રકરણ દશમું.

કેશરીસિંહનું પ્રત્યાગમન.

"મનુષ્યની જીંદગી ગમે તે કહો પણ, સાહસ-શ્રેણી નહિ તો બીજું શું છે?"—કેશરીસિંહ મુંબઈથી પ્રાતઃકાળમાં ટ્રેનમાં બિશનદાસ સાથે પ્રયાણ કરતાં કહેવા લાગ્યો. "અને આપણા સંબંધમાં આજ શ્રી ગણેશાય નમઃ થયું છે તેનું પરિણામ કોણ જાણે શું એ આવશે. હજી સુધી તો એ શ્લોકનું ધાર્યું થયું છે. આપણા પ્રયત્નનો પ્રારંભ કદાચ બહુ મોડો થાય ને આપણે ન ફાવીએ તો?"

"ના-ના-ભાઇસાહેબ, હજી કંઇ આપણે વખત ખોયો નથી. ચઢતી પડતીની તો કોને અગમચેતી હોય?"

"વાહરે મ્હારા શાણા દોસ્ત!" બિશનદાસનો ખભો ઠોકતે ઠોકતે કેશરીસિંહે ઉત્તર આપ્યોઃ—"અરે! તું કહે છે તેમજ છે. કાલની કોને ખબર છે? રામચંદ્રજી જેવા મહાત્માને પણ વનવાસી રહવારે થશે, એવી કયાં અગાઉથી ખબર હતી? પ્રભુ કરે ને આપણા પાસા સવળા પડે. મ્હારૂં મન તો, બિશન, એમ જ કહે છે કે આપણે ફાવીશું. આપણે જો નિરૂદ્યમી થઇને બેસી રહ્યા હત ને ખરી પડેલું પાન જેમ પવનની ગતિ અનુસાર-આમથી તેમ ઉડે છે તેમ આસપાસના વાતાવરણને વશ થઇ તે દોરે તેમ દોરાયા હત તો આપણી દશા સુધરત નહિ. પણ હવે તો આપણે ભટકવાના દિવસનો અંત આવ્યો છે. હવે હું ભાગ્યચક્રને મ્હારા બાહુબળથી ચલાવવા માગું છું. ગઇ કાલ સુધી હું આળસુ રખડતો રંક હતો—આજ મને મનુષ્યત્વ વાસ્તવિક રીતે પ્રાપ્ત થયું છે.—મ્હારામાં કંઇક કૌવત-નવીન ચેતન-આવ્યું છે એમ મને લાગે છે. ગઇ રાતના અદ્‌ભુત બનાવોએ મ્હારા આત્માને એવો તો ઉશ્કેર્યો છે કે તે ગાઢ નિદ્રામાંથી જાગૃત થયો છે અને હવે મ્હારી ભાગ્યદેવી મને સારા દિવસો બતાવશે એવી મ્હારી ખાત્રી થઇ છે. પરિણામે આપણો વિજય-વિજય અને વિજય જ છે."

"વાહ-મ્હારા મહેરબાન! હવે તો આપે આપનું ખરૂં સ્વરૂપ પ્રકટ કર્યું હોં! ખરી ક્ષત્રીવટ તે આ જ કહેવાય. કાયર થઇને બેસી રહેવાથી કંઈ કીર્તિ મળતી નથી. એ તો રણમાં કેસરીયાં કરવાથી જ જશ ગવાય. અત્યાર

સુધી હું ન્હોતો ધારતો કે આપનામાં આવું ગૌરવ-આવું આત્મબળ હશે. મને પણ હવે તો આપના જુસ્સાનો ચેપ લાગ્યો જણાય છે-મ્હારામાં પણ કંઇક નવીન પ્રકારની હિંમત આવી છે. અને મને લાગે છે કે આ સાહસ-માંથી આપ, અગ્નિમાંથી જેમ સુવર્ણ પ્રકાશમાન થઇને નીકળે છે તેમ જ ઉજ્જ્વલ યશ પ્રાપ્ત કરશો."

કેશરીસિંહની પહેલી ફરજ તો પોતાને મ્હોટો વારસો આપી જનાર કાકાની ઉત્તર ક્રિયામાં હાજર રહેવાની હતી તેથી તે બિશનદાસની સાથે ઉદયપુરની પાસે આવેલી પોતાની નવી જાગીર સંભાળવા ત્યાં પહોંચી ગયો. પોતાના નવા માલિકને ગામની વસ્તીએ સારો આવકાર આપ્યો-કુંકુમાક્ષતથી વધાવી લીધો-અને તેણે પણ તેમના કલ્યાણ માટે પોતાનાથી બનતો પ્રયાસ કરવા વચન આપી તેમનાં મન સંતુષ્ટ કર્યાં. પોતાના ગરાસની વ્યવસ્થા કરવામાં-તેને માટે યોગ્ય કારભારીની ગોઠવણ કરવામાં-સર્વ સ્થળે ફરીને જાત માહિતી મેળવવામાં લગભગ ત્રણેક અઠવાડીઆં તો પસાર થઇ ગયાં. પછી ત્યાંનું કામ નિયમસર ચાલવા માંડયું એટલે તેને પ્રવૃત્તિ થોડી રહી તેથી પાછો અણુગમો થવા લાગ્યો ને સ્ફુર્તિ આણે એવા કંઇક કામમાં ઝંપલાવવાની પાછી તેની ઉત્સુકતા વધતી ગઇ. તેથી હવે પાછું કહીંક દેશાટન કરવા નીકળવાનું મન થયું. તેને જવાનું જાણીને તેની વસ્તી દીલગીર થવા લાગી. થોડા દિવસ તે તેમની સાથે રહ્યો એટલામાં તેણે પોતાની ઉદારતાથી તથા સમભાવ દૃષ્ટિથી તેમની એવી તો પ્રીતિ સંપાદન કરી હતી કે તેઓને તેનો વિયોગ ભારે થઇ પડશે એમ લાગ્યું. તેઓ ખુલ્લા શબ્દોમાં તેને કહેવા લાગ્યા કે "ભલે આપ કામકાજને માટે બહાર પધારો પણ પાછા ઝટ આવીને અમારી સંભાળ લેજો."

"અચ્છા બિશન !—નીકળતાં નીકળતાં તેણે કહ્યું-" એમ પણ શું ના બને કે આપણે પાછા ફરીએ ત્યારે આપણી સાથે મ્હારી સહધર્મચારિણીને પણ લેતા આવીએ? એનાં દર્શનથી વળી મ્હારી પ્રજાનું હું વિશેષ રંજન કરી શકીશ. આજ સુધી એકલો પુરૂષ વર્ગજ મને મળી શકયો છે ને તેમનાં દુઃખસુખથી હું વાકેફ થયો છું, પણ એ જો મ્હારી સાથે હોય તો અંહીનું સ્ત્રીમંડળ પણ એના સહવાસમાં આવે અને એની દ્વારા હું તેમની ખરી સ્થિતિ સમજી લઇને તેમના હિત માટે કંઇ વિશેષ પ્રયત્ન કરી શકું."

"ધન્ય દિવસ ધન્ય ઘડી!—પ્રજાનાં એવાં ભાગ્ય કયાંથી હોય?

પણ પ્રભુને શું અસાધ્ય છે? આપણે જે નિર્દોષ બાળાને બચાવવા માગીએ છીએ તે આપને યોગ્ય કુળની હશે જ એમ મ્હારૂં મન કહે છે, અને તેને પાછી મેળવવામાં આપ ભાગ્યશાળી થાઓ તો પછી દુધમાં સાકર!"

બંને જણ આવા શેખચલ્લીના વિચાર કરતા કરતા પેટ દુઃખી જાય એમ હસવા લાગ્યા. કેશરીસિંહના મ્હો ઉપર, આ થોડા દિવસમાં ચિંતાનો નાશ થવાથી-લક્ષ્મીની પ્રાપ્તિથી અને હમેશની ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિથી લોહીનો ભરાવો થયો હતો. તેની જુવાની ખીલવા માંડી હતી ને નવીન તેજ પ્રકટ થયું હતું. હવે તે વધારે અક્કડ રહી શકતો. તેની આંખમાં ચળકાટ પણ વિશેષ લાગતો અને તેનામાં દૃઢતા વિશેષ પ્રદીપ્ત થઈ જણાતી. તેના કપાળ ઉપરની અને આંખો નીચેની કરચલીઓ સાફ જતી રહી હતી -ગાલ ઉપર સુરખી જામી હતી. અત્યાર સુધી બે પૈસા જેમ તેમ કરીને પેદા કરવામાં—દેવું વધતું જતું જોવા છતાં તે વાળવાનો ઉપાય હાથમાં નહિ હોવાથી આમ તેમ ફાંફાં મારવામાં—તેનો જુસ્સો સર્વ ખપી ગયો હતો તે બધો હવે પાછો એકઠો થવા લાગ્યો. જાણે કોઇ નવીન પુરૂષ જ તેના અંતરમાં પ્રકટ થયો હોય અને તે વિજય પામવાનાં સર્વ શુભ ચિન્હથી અંકિત હોય એમ લાગતું.

મકાનેથી નીકળીને તેણે જુદાં જુદાં સ્થાને પર્યટન કરવા માંડયું. નવાં નવાં નગરોની શોભા નિહાળવામાં, નવીન રીતિરિવાજ જોવામાં, અનેક દેવમંદિરોનાં દર્શન કરવામાં, પુણ્ય સ્થળો પ્રેક્ષવામાં, તીર્થોદક પીવામાં, ભિન્ન ભિન્ન જનોનો પરિચય મેળવવામાં, કહીંક કહીંક રમ્ય ક્ષેત્રોએ પહોંચવા સારૂ પગે પ્રવાસ કરવામાં, નિશ્ચિંત મને સર્વ સૃષ્ટિ-સૌંદર્ય નિરીક્ષવામાં બંને મિત્રોને અત્યાર સુધી નહિ અનુભવેલો એવો મહાન્ આનંદ થયો. તેમની સમજ શક્તિ વિશેષ ખીલવા લાગી. આપણામાં કહ્યું છે તેમ ખરેખર દેશાટન એ પાંચ ચાતુર્ય-મૂળમાંનું એક અને તેમાં પણ પ્રથમ સ્થાનને યોગ્ય છે. સમજીને યથાર્થ અનુભવ કરનારને અવશ્ય તેનાથી અનેક પ્રકારના લાભ પ્રાપ્ત થાય છે. આપણા બંને મિત્રોની યાત્રા આ પ્રમાણે તેમને ઘણીજ હિતકારક નીવડી.

પર્યટનની સમાપ્તિ થતાં ત્રણ ચાર મહિના થઇ ગયા, એટલે પેલી આંતરિક ચક્ષુ સમીપ ઉભી રહેલી ઝાંખી ઝાંખી—અસ્પષ્ટ મુખારવિંદવાળી પણ અલૌકિક મૃદુતા ધારણ કરતી—કોમળ કરાંગુલિથી જ સજીવન ભાસતી—પ્રિય પ્રતિમાનું સ્મરણ પાછું તાજું થઇ આવ્યું. આટલા દીર્ઘકાળમાં એની

શી દશા થઇ હશે ?–પોતે આમ તેમ ફરવામાં કાલક્ષેપ કર્યો તેનું પરિણામ એને દુઃસહ થઇ પડયું હશે ?–એની હાલ શી સ્થિતિ હશે ? શા વ્યાપારમાં એ પ્રવૃત્ત હશે ? – શા વિચાર કરતી હશે ? એ સંકલ્પ વિકલ્પ થવા લાગ્યા અને પોતે વચન આપ્યા પ્રમાણે હવે પાછા મુંબઇ જવામાં કંઇ બાધ નથી એમ એને લાગ્યું તેથી ત્યાં જવાને બંને મિત્રો ઉપડયા. પહોંચતાં સુધીમાં તેને અજંપો ઘણો જ રહ્યો. ત્યાં ગયા પછી પણ એનું નામ ઠામ જાણ્યા વિના એનો પત્તો શીરીતે મેળવવો ?—પોતાની સાથે કરાર કરનાર કોણ હતો તેની ખબર વિના, તે પક્ષવાળા કયાંસુધી ફાવ્યા હતા ?—તે બિચારી અબળાની તેમણે શી દશા કરી હતી ?—એ પણ શા રીતે શોધી કાઢવું એની એના મનમાં ગડભાંગ થવા લાગી પણ પ્રભુ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખીને જેમ દરિયામાં પડેલો માણસ પાસે આવતા પાટિયાના કડકાને આધારે સમુદ્ર તરી શકે છે તેમ તેણે જે કંઇ કુંચી હાથ લાગે તેના વડે પ્રયત્ન ચાલુ કરવાનો નિશ્ચય કર્યો—દોરીનો છેડો મળે તો તેને આધારે આધારે પણ અંધારા કારાગૃહમાં માર્ગ કરવાનું ધાર્યું. તેના વિચાર માત્ર જ્યારે આમ તે અજાણી સ્ત્રીને શોધી કાઢવાનો માર્ગ નક્કી કરવામાં ગુંથાયા હતા ત્યારે બિશનદાસનું મન બીજી રીતે જ વ્યાપૃત થયું હતું. તે પોતાની વ્હાલી જુગલને પાછો મળવાનો—તેના મનનું સમાધાન કરીને પુનરપિ પોતાનો ગૃહ-સંસાર સારી રીતે ચલાવવાનો—સમય નજીક આવે છે એમ સમજી મનમાં હર્ષ પામતો હતો,—કંઇક કંઇક સુખમય સ્વમાં જોતો હતો. આટલા દિવસ એણે કેવા કષ્ટમય કાઢયા હશે ?--પોતાની આ અઘટિત વર્તણુંકનો તેના મનથી તેણે શો ખુલાસો કર્યો હશે ?—પોતાનો આ અપરાધ તે માફ કરશે કે નહિ ? એવી શંકાનું કંઇ તે હજી નિવારણ કરી શકતો ન હતો. એ તો એને મળીને એની મ્હોં-કળા નિહાળીને, પોતાને આવકાર કેવો મળે છે તે જોયા પછી જ સમજાય એવું હતું. મ્હારા ઉપર ચીઢાઇને, મ્હારી સાથે અબોલા રાખીને--એ પોતાના પિતાને ત્યાં જ હજી રહેવાનો દુરાગ્રહ પકડી તો નહિ રાખે ? પોતાને જ કદી તે પૂછશે તો પોતે કંઇ ખરૂં કારણ આપી નહિ શકે —તેથી એનું મન વધારે વધારે તો નહિ વહેમાય ? જેમ જેમ મુંબઇ પાસે આવતું ગયું તેમ તેમ આ શંકાઓ વધારે જોર પકડવા લાગી—પોતાની બ્હીક વધારે વધારે દૃઢ થતી ગઇ-તે એટલે સુધી કે ગ્રાન્ટરોડ સ્ટેશને ઉતરીને પગ મૂકયો ત્યારે તો એનું મન મ્હોટા ચગડોળે ચઢયું હતું અને આજસુધી બહાર ખુલી હવામાં હરવા ફરવાથી, ચિન્તા-મુક્ત રહેવાથી, સારા આહાર વિહારથી, એના મન તથા શરીર ઉપર જે સારી અસર થઇ હતી તે જાણે

તદન ધોવાઇ ગઇ હોય ને પોતે અતિશ્રમિત—અતિચિંતાતુર—કે વ્યાધિગ્રસ્ત હોય એમ તેને મળનારને લાગ્યા વિના રહે એમ ન હતું.

કેશરીસિંહના મનની સ્થિતિ એથી ઉલટી હતી—જેમ જેમ પોતે પાસે આવતો ગયો તેમ તેમ તેનો ઉલ્લાસ વધતો ગયો. પોતે કંઇક પણ પ્રયત્ન કરવાને હવે સમર્થ થશે એવી ખાત્રી થવાથી તેનો ઉત્સાહ દ્વિગુણિત થયો—ઝીણે સ્વરે તે કોઇ મનગમતી શહ ગાયાં કરતો હતો તે જ તેનાં આનંદિત અંતઃકરણનો પ્રત્યક્ષ પુરાવો હતો. બિશનદાસને આ તેનો ખુશનુમા દેખાવ જોતાં સહજ અદેખાઇ આવી પણ તે ઝાઝીવાર ટકી નહિ. ઉતરવાની ગડમથલમાં, સર્વ સામન સંભાળી હેલકરીને સોંપી બહાર કઢાવવામાં, ગાડી ભાડે કરવામાં, તેના વિચારને, તેના શરીરને, કંઇક કામ મળ્યું તેથી તેની સુસ્તી જરા ઉડી ગઇ. થોડી વારમાં તો તેઓ મુંબઇના વિશાળ રસ્તા ઉપર ગાડીમાં બેઠા બેઠા પાછા સહેલ મારતા નીકળ્યા. કેશરીસિંહને મકાને આવતાં જ તેણે સર્વ વસ્તુ પોતે જેવી રીતે મૂકી રાખી હતી તેવી જ રહેલી જણાઇ. પણ પેલા ત્રણ બુરખાવાળા માણસોનો દેખાવ પાછો તેની નજર આગળ તરી આવ્યો અને તેની સાથે પેલો તાર મળ્યો હતો તે વાત પણ તાજી થઇ. પોતાની દશા કેવી જોતજોતાંમાં બદલાઇ ગઇ, પોતે ગયો ત્યારે કેવી નિર્ધન અવસ્થામાં હતો અને હવે મ્હોટા ગરાસનો માલીક થયો હતો—હજારો માણસના સુખ દુઃખનો આધાર બન્યો હતો—લાખો રૂપિયાનો ધણી થયો હતો—એ વાત તેને પ્રત્યક્ષ થઇ.

“ કેમ–બિશન !—આપણા હાસ્યરસાત્મક નાટકના પહેલા બે અંક તો આપણે હવે ભજવી રહ્યા. હવે માત્ર ત્રીજો બાકી રહે છે—પણ તેમાં જ સર્વ જોખમના—અગત્યના બનાવો બનવાના છે. પ્રભુ જાણે અંત કેવો આવશે-—” એમ કહેતાં કહેતાં તેણે પોતાની નોટબુક ગજવામાંથી કાઢીને તેમાંનો પેલો ચેક ટેબલ ઉપર મૂકયો.

“ આપણી ગુપ્ત વાત—આપણો ભેદ—ખુલ્લો કરવાને સમર્થ માત્ર આ ચબરકી જ છે—એનાથી જ સર્વ વેષ હવે ભજવવાના છે. એમાં સહી કોની છે તે જો આપણે સમજી શકતા હત તો તો ખુલાસો તરત થઇ જાત પણ હવે તો માત્ર બેંકમાં જઇને તપાસ કરવાથી કંઇક પત્તો મળશે. આજ તો થાકયા પાકયા છીએ તેથી કાલ જોઇશું. એ ચેક લખનાર જણાયા પછી તેની હકીકત મેળવવામાં કદાચ મ્હારી અજાણી પાણિ–ગૃહીતાનો પણ પત્તો મળી શકશે. ચાલ દોસ્ત, હવે ત્રીજા અંકનો પડદો ઉઘડવાની તૈયારી થાય

છે. વગાડ ઘંટ. હું તો મ્હારો વેષ ભજવવાને તત્પર થઇ રહ્યો છું અને મ્હારી મન-કામના પૂર્ણ થશે જ એવી મ્હારી ખાત્રી છે. તે વિના હું પાછો હઠું એમ નથી."

આમ બોલતે બોલતે તેણે પાછો તે ચેક પોતાની નોટબુકમાં મૂકી દીધો, અને હાલ તુરત શું કરવું તેનો વિચાર કરવા બંને જણુ બેઠા.

બિશનદાસને તો આમાં કંઇ અત્યારે રસ પડતો ન હતો. એ તો ક્યારે જાઉં ને જુગલને મળું એ જ વિચારમાં લીન થઇ ગયો હતો પણ કેશરીસિંહે એને જરા વહાલથી વાર્યો.

"ભાઇ આમ ઉતાવળો ન થા. હવે આટલા દિવસ જુદો રહ્યો તો એક વધારે. ત્હારી જુગલ કહીં નાશી તો જવાની નથી ને? હું તને જેમ બને તેમ વહેલો એની પાસે જવા દઇશ પણ હમણાં નહિ. તને યાદ છે કે અમુક શરતે મુંબઇ આવવાનું આપણે કબુલ કરેલું છે. તે શરત તું હમણાં ત્હારી અધીરાઇમાં ભૂલી ગયો જણાય છે. આપણે તો હજી છાનેમાને કોઇ ન ઓળખે તેમ હરતે ફરતે દુશ્મનોની છાવણીમાં શું બને છે તે જોવાનું છે. જો જુગલ તને મળશે તો કદાચ વાત વાચે ચડશે. ત્હારાથી એને મ્હોંએ બધું કહ્યા વિના રહેવાશે જ નહિ."

"ના-ના--ભાઇ સાહેબ—શું હું એવો મૂર્ખ છું કે આપણી છાની વાત એને કહું?"

"અરે ભાઇ—હમણાં તો તું બધું કહે છે પણ એનો સમાગમ ઘણે દિવસે થતાં—એનું ચિન્તાતુર મ્હોં જોતાં—એના કાલા કાલા શબ્દના પ્રશ્ન સાંભળતાં ત્હારૂં ધૈર્ય રહેશે નહિ એવી મ્હારી ખાત્રી છે. હું પોતે એવી સ્થિતિમાં હોઉં તો મ્હારો જ વિશ્વાસ ન કરૂં. એક બે દહાડા રાહ જો. પછી મળજે. એટલામાં તો કંઇનું કંઇ નવું જૂનું થઇ જશે. કોણ જાણે શીએ કિંમતી બાતમી આપણુને મળી જશે. હું તને વચન આપું છું કે જરૂર કરતાં વધારે વાર તને હું રોકીશ નહિ."

બિચારા બિશનદાસને હાલ તો કસાણું મ્હોં થવા છતાં—આ કડવા ઓસડનો ઘુંટડો ગળી જવો પડયો—અણુગમતે અણુગમતે—મન ઉડીને તેની પ્રિયા પાસે પહોંચ્યા છતાં શરીરને બળાત્કારે રોકી રાખવું પડયું.

પ્રકરણ અગીયારમું.

નાટકશાળામાં.

મુસાફરીમાંથી પાછા ફર્યા પછી બંને જણ સર્વ વાતે સ્વસ્થ થયા એટલે રાત્રિ કેવી ગમ્મતમાં ગાળવી તેનો વિચાર કરવા લાગ્યા. સાંજના ફરતે ફરતે એમ્પાયર નાટકશાળા પાસેથી જતા હતા તેવામાં તેમની દૃષ્ટિ તેજ રાત્રે થવાના ખેલની જાહેરખબર ઉપર પડી—તેમાં ચંદ્રપ્રભા મુખ્ય નાયિકાનો વેષ ભજવશે એ વાત પણ તેમના જાણવામાં આવી. એના વિષે જુગલકિશોરી જોડે ચર્ચા થઇ હતી, પણ જે દિવસે એણે જોવા જવાનું કહ્યું હતું તે દિવસ તો તેમને પ્રયાણ કરવાનું હતું એટલે તે વાત બંધ રહી હતી. હવે પાછા મુંબઇ આવતાં તે વિચાર સ્ફુરિત થયો અને બંનેએ એમ નિશ્ચય કર્યો કે આજ તો નક્કી એને જોવી. એનું નામ જોતાં જ પાછું બિશનદાસને જુગલનું સ્મરણ થઇ આવ્યું ને એનો ચહેરો ઉદાસ થઇ ગયો.

“મ્હારી જુગલ એની સાથે રહેવાનું કહેતી હતી તે હવે ત્યાં ગઇ હશે કે કેમ એ પણ કંઇ કહેવાતું નથી. કોણ જાણે ક્યારેએ પાછો હું એને મળીશ.”

“ભાઇ પાછો તું દીલગીર થાઉં છું એ કંઇ તને શોભે? આપણે મુંબઇ એ દિવસ મોડા આવ્યા હત તો શું કરત? જો તો ખરો.—આ બાજીમાં આગળ દાવ કેમ પડે છે? કદી આપણને એ ટોળીમાંનું કોઇ ઓળખી જશે તો તેનીએ મને ચિન્તા નથી. બહુ તો એ લોક કરાર તોડયાનું તહોમત લાવીને રૂપિયા પાછા માગશે તો તેની મ્હારે કંઇ દરકાર નથી. આ રહ્યો એમનો ચેક—તે લેતા પરવારે. હું ગુપ્ત વેષે નથી ફરતો એનું કારણ પણ એજ છે કે મને પાછો આવ્યો જાણીને એ લોક કંઇક પગલું ભરે ને તેની આપણને બાતમી મળે તો આપણે સચેત રહીએ—શોધમાં આગળ વધીએ. પણ જુગલ કાંઇ ગાંડી નથી કે તને મૂકીને જતી રહે. કદી રહેતી હશે તોપણ એ ચન્દ્રપ્રભાની સાથે જ કે એના બાપને ત્યાં. બીજે ક્યાં હોય? મને એણે જે કાગળ બતાવ્યો હતો તે પણ હજી મ્હારી પાસે જ છે. મ્હેં ચેકની સાથે જ રાખી મૂક્યો છે.”

“એમાં તે એવડું બધું શું છે કે તમે આટલા દિવસ એને સંઘરી

શાખ્યો છે ? "–પોતાનું દુઃખ જરા વિસ્મરીને બિશન આતુરતાથી પૂછવા લાગ્યો.

" કોણ જાણે ?—એ અક્ષર જોયા ત્યારથી જ મને કંઇક લેહેર આવી ગઇ છે કે એવું સુંદર લખવાવાળી કેવી હશે ? આજ એને પ્રત્યક્ષ જોઇશ ત્યારે મ્હારા મનની શાન્તિ થશે. તમે ઘણી ઘણીયાણીએ એનાં વખાણ કર્યાં છે તે ઉપરથી તો એ કોઇ અદ્ભુત સૌંદર્ય–સંપન્ન હોવી જોઇએ."

" ભાઇ મને તો કંઇ નાટક બાટક જોવાનું આજ ગમતું નથી."

" અરે મૂર્ખા !—ઘેર જઇને સુઇ રહેવામાં તને શી ગમ્મત પડવાની હતી ? ત્યાં તો ઉલટો ત્હારો જીવ વધારે મુંઝાશે ને એ ના એ જ વિચાર આવ્યાં કરશે. તેથી ઉંઘ તો તને ત્યાંએ નથી આવવાની. ત્યારે જરા ઘણે દહાડે નાટકનું ચેટક તો જો. ત્હારી પ્રિયતમા એની સહીપણીની સાથે કદાચ તને અંહી મળે એ ખરી ! "

આ સાંભળતાં બિશનદાસના કાન ઉંચા થયા—પોતાના મિત્રના કથનમાં કંઇક સત્યતા હોવાનો ભાસ થયો. ઘેર રહેવાથી તો કંઈ પોતાની પરિણીતાનો મેળાપ થાય એમ હતું જ નહિ અને અંહી આવવાથી તેનો સંભવ હતો તેથી તેટલા વિચારે જ તેનો સંકલ્પ દૃઢ કર્યો અને બંને જણ જઇને રીઝર્વ ટીકીટ લઇ આવ્યા.

નાટક શરૂ થવાને હજી વાર હતી તેથી વચલો વખત તેઓએ પાસેના વિશ્રાન્તિ–ગૃહમાં ગાળ્યો ને પડદો ઉઘડવાની વેળા થતાં જ તેઓ આવીને પોતાને સ્થાને બેસી ગયા.

" તું જાણે છે બિશન !—મ્હારૂં મન એમ જ સાક્ષી પૂરે છે કે આ ચંદ્રપ્રભા સાથે મ્હારૂં ભવિષ્ય કોઇ પણ પ્રકારે જોડાવાનું છે. હજી તો મ્હેં એને જોઇ નથી પણ કોણ જાણે કેમે મને કંઇક દૈવી પ્રેરણા જ એ પ્રકારની થાય છે. એને બીજું શું નામ આપવું તે હું જાણતો નથી, પણ એ લાગણી મ્હારા મનમાં ઉત્કટ વ્યાપી રહી છે."

" અરે ભાઇ સાહેબ !—જવા દોને એ વાત–એવું તો બધા ઘણાઓને થતું હશે. નાટકના ધંધામાં એવી કોઇ સ્ત્રી મળે તેને તે કંઇ એક જ જણ ચાહે એવું બને ? એ તો બધી જૂઠી વાત. તમારૂં મન વલખાં મારતું હશે. તમે જેને તમારી કરી છે તે જ તમને મળે તો ધનભાગ્ય સમજજો. અત્યાર સુધી તમારે તો ઘણાંની જોડે ઓળખાણ થયું હશે. તમારે ક્યાં એક ઉપર છાપું છે ?

"અલ્યા પાછો મ્હારીએ મશ્કરી કરવા લાગ્યો કે? તને ત્હારી જુગલ પાછી સાંભરી આવતી હશે!"

"હાસ્તો, ભાઇ સાહેબ! અંહી એ કદાચ આ નાટકના પડદા પછવાડે હોયે ખરી. તમને પણ કોઇક એવું ગળે વળગે તો મ્હારા મનમાં અત્યારે કેવી લે મુક થાય છે તે સમજો."

"જેનું મ્હેં પાણિ-ગ્રહણ કર્યું છે તેને માટે હું કદી ઉત્સુક હોઉં પણ તેને મ્હારી શી દરકાર હોય? અત્યાર સુધી તો એના તરફથી કંઇ આપણે માટે પ્રવૃત્તિ થતી જણાતી નથી ને થાયે શાની? એ તો મને માત્ર દ્રવ્ય-લોભી-હૃદય-શૂન્ય માનતી હશે એટલે એને શાની ગરજ હોય! પણ મને તો એનો એ હિમવત્ ગૌર-ગોળ-સુચક્ર સુંદર હાથ હજી બહુ સાંભરે છે. જોઇએ હવે ભાગ્યદેવી શું કરે છે."

આમ વાત ચાલતી હતી એટલામાં ત્રીજી ઘંટડીનો નાદ થવાની સાથે પડદો ઉઘડયો.

ચંદ્રપ્રભાનું ચિત્ત આજ સવારથી ચગડોળે ચઢયું હતું. તેનાં ગુપ્ત લગ્ન થયે આજ ચારેક માસ થવા આવેલા હોવાથી હવે ભૂપતસિંહ તેની પેરવીમાં પાછો પ્રવૃત્ત થયો હતો. તે કોર્ટ પાસેથી તેના છુટા છેડાનો હુકમ ક્યારે મળે તેની જ રાહ જોતો હતો. ચંદ્રપ્રભાને તે માટે પ્રથમ પગલું ભરવાને તેણે સમજાવી જરૂરના કાગળમાં સહી કરવા કહ્યું ત્યારથી જ તેનું મન ઉદ્વિગ્ન થયું હતું. અત્યાર સુધી તે બીજા કોઇકની હતી તેથી ભૂપતસિંહનો તેને ડર ન હતો પણ હવે જો એ પોતાની ધારેલી ગોઠવણમાં સફળ થાય તો પછી એને સ્વાધીન થયા વિના છૂટકો જ ન હતો, કેમકે જગતમાં હજી બીજું કોઈ તેનો પક્ષ લે એવું હતું નહિ, ને પોતાની વાત કોઇને જણાવી તેની અનુકંપા મેળવવાનું તેને ગમતું ન હતું.

એક બે વખત તેણે ભૂપતસિંહને કંઇક બ્હાનું બતાવીને વાત લંબાવી પણ જ્યારે તે દુરાગ્રહ ઉપર ચઢયો ત્યારે તેણે છેલ્લીવારે, ભલે પોતાનો જીવ જાય પણ એને તો હું પરણવાની નથી એવો દૃઢ નિશ્ચય કરીને, તેનાથી થાય તે કરી લે-જે જૂલમ ગુજારવો હોય તે ગુજારે, પણ તેનું ધાર્યું થવા ન દેવું-એ નિર્ણય બાંધ્યો હતો. આવી રીતે પોતાના ઉપર આવી પડવાના ભયનો પ્રતીકાર માત્ર તેને પોતાનું પાણિગ્રહણ કરનારના નામ-સ્મરણમાં જ સમાએલો જણાતો. વખતો વખત તેને એ પુરૂષના સંબંધી વિચાર આવતાં,

એનું મન વળી એમ કહેતુ કે હવે એ પાછા અંહી આવ્યા હશે, પણ મ્હારી શી એમને પરવા પડી હોય તે ખબર પણ કાઢે, ને કાઢે તો એ પત્તો ક્યાંથી મળવાનો ? વળી વિચાર આવતો કે એવા આપ મતલબીઆ આવીને પણ શું દળદર ફુંકવાના હતા ? એને તો બારીસ્ટરની ફીની માફક રકમ મ્હોટી મળી હશે એટલે પછી મ્હારો શો ખપ હોય ? મ્હારા સંબંધે એના મનમાં લાગણીએ શાની હોય ?–પણ પાછો વિચાર પલટો મારતો, ને તે મધ્ય-રાત્રે પોતાના હાથને હળવેથી ઉંચો કરીને તેણે લીધેલા ચુમ્બનનું–તેના કોમળ મુખસ્પર્શથી થએલા અણધાર્યા અપૂર્વ સુખનું–તેનાથી ઉદ્દભવેલા રોમાંચ્યનું હજી સુધી ચાલુ રહેલા તેના ઝણઝણાટનું ભાન આવતું ત્યારે વળી એનું મન એમ પણ કહેતું કે, ના–ના–એ એવા કઠોર હૈયાના તો નહિ જ હોય—એમનું ચાલશે તો મ્હારી શોધ કર્યા વિના એ રહેશે જ નહિ—મને આ કસાઇને ઘેરથી જરૂર છોડાવશે.

આવી ઘોળાઘોળ હમણાં હમણાં એને લગભગ રોજ થયાં કરતી. તેમાં વળી ભૂપતસિંહ તરફથી એને આજ સવારે જ એક ચિઠ્ઠી મળી હતી તેથી એના ઉદ્વેગમાં વધારો થયો હતો. ભૂપતસિંહને તેની વૃત્તિમાં થએલા ફેરફારની ખબર તો હતી જ. સહેલાઇથી એ પોતાને વશ થવાની નથી એમ તો એ જાણતો હતો—તેથી એણે બળને બદલે કળથી કામ લેવાનું હવે પસંદ કર્યું હતું. આજ પોતાની વર્ષગાંઠ હતી તે નિમિત્તે એણે એક મ્હોટી "પાર્ટી" આપવાની તૈયારી કરી હતી ને ત્યાં તેને ગાવા આવવા માટે આમંત્રણ મોકલ્યું હતું તેથી આજ રાત્રે નાટકમાંથી છૂટ્યા બાદ એને તે મીજલસમાં જવાનું હતું એટલે એનું હૈયું ધબકારા મારતું હતું. મને ત્યાં બોલાવીને એણે શો દાવપેચ રમવા ધાર્યો હશે એ વિચાર આજ સવારથી એને થયાં કરતો હતો, અને તેને લીધે જ એ ઉદાસ બની ગઇ હતી. જુગલને એણે એ વાત કહી હતી તેથી જુગલ એને દીલાસો આપતી આપતી કહેતી હતી કે—

" ત્યારે બેન ! લખોને કે આજ મ્હારાથી નહિ અવાય. એમાં શું ? તમને એ શું કરી નાંખનાર છે ? મ્હારી તબીઅત ઠીક નથી એમ જણાવો."

" પણ ભલી જુગલ !—મ્હારા ઉપરનો એમનો ઉપકાર હું કેમ ભૂલી શકું ? હું તો હજીએ એમને મ્હારા પિતાને સ્થાને ગણું છું. મ્હારામાં જે કાંઇ યોગ્યતા આવી છે તે એમની કૃપાનું—એમની સંભાળનું ફળ છે. એમણે મને આટલું શિક્ષણ ન આપ્યું હત તો મ્હારો આજ કોણ ભાવે પૂછત ?

મુંબઇમાં મને ઓળખત પણ કોણ? ભલે મ્હારા શરીરનું ગમે તે થાઓ પણ હું કૃતઘ્ન તો નહિ થાઉં."

"પણ એ તો એના સ્વાર્થમાં રમે છે ને? શું એ નથી સમજતો કે તમારા જેવી યુવતીને આમ સતાવવાથી ઉલટું દુઃખ થતું હોતું જોઇએ? મ્હારા જેવી હોય તો એવા એવા કંઇકને ઉડાવે. તમે ક્યાં એને કહ્યું હતું કે મને તાલીમ અપાવો. એણે એની ગરજે અપાવી તેમાં તમારે શું?"

"બ્હેન ત્હારા જેવો જુસ્સો મ્હારામાં હત તો કેવું સારૂં? પણ મ્હારૂં મન તો નબળું છે."

"અરે તમે એ વખત આવે માથે પડશે ત્યારે બધુંએ શીખશો. આ દુનિયામાં કંઇ કાયર થયે કામ બને છે? આમ રોઇ રોઇને આંખો બગાડશો તેથી શું વળશે? જરાક પાણી બતાવશો તો કોઇ પાસે આવવાની હિંમત પણ નહિ ધરે ને ઉલટા સૌ તમારે પગે પડતા આવશે."

જુગલનું આવું ઉત્સાહ-પ્રેરક બોલવું સાંભળી તેને ખભે વહાલથી હાથ મૂકતી મૂકતી એ કહેવા લાગી કે—"બ્હેન! માન ન માન પણ ત્હારા જીવનમાં તને પણ કંઇક દુઃખનો અનુભવ થયો જણાય છે. મને ત્હારી વાત કોઇ દહાડો ત્હેં હજી કરી નથી. તું પણ મનમાં ને મનમાં જ દુઃખી થતી હઇશ, માટે પડદો ખોલીને જે હોય તે મને ખુલ્લે દિલથી જણાવું તો સારૂં. વિભક્ત થવાથી શોકનું બળ ઘટી જાય છે. તળાવ બહુ ભરાયું હોય ને પાણીને જવાનો માર્ગ ન હોય તો તે આપોઆપ પાળ તોડીને બહાર નીકળે છે તે કરતાં પહેલેથી જ તેને માટે માર્ગ રાખ્યો હોય તો પાછળથી કંઇ ભય રહેતો નથી."

જુગલના મનમાં વળી પાછું થઇ આવ્યું કે મ્હારી બધી કથા મ્હારી સહીપણીને કહી સંભળાવું. પણ એમ કરવાથી આ ક્ષણે ઉલટું એમને દુઃખ થશે અને આજ તો મ્હારે એમને કંઇક આનંદ આપવો જોઇએ કે એમનું દુઃખ ભૂલી જાય. તેથી મ્હારી કુથલી તો વળી આગળે કહેવાશે એમ મન વાળીને તે બોલી કેઃ—

"બ્હેન!—એમાં શું છે? એ તો આપણે કોઇવાર નવરાં હઇશું ત્યારે વાતો કરીશું. પણ આજ તો આપણે તમારે શું કરવું તેનો વિચાર કરવાનો છે. મ્હારૂં ચાલશે ત્યાં સુધી હું તમને એના પંઝામાં ફસાવા નહિ દઉં."

"અરે બ્હેન-મ્હારા નશીબમાં એ દુઃખ લખ્યું હશે તો કોણ મિથ્યા કરનાર છે?" ચંદ્રપ્રભાએ નીસાસો નાંખતે કહ્યું.

સાંજ સુધી આમ ને આમ એનો જીવ ઉદાસ રહ્યો હતો. કામકાજમાં કંઇ એને ચેન પડતું ન હતું ને રાત પડતાં નાટકશાળામાં જવાની તૈયારી કરવાની વેળા થઇ એટલે એને એમજ થયું કે કમાએલી આબરૂ આજ મ્હારી ધૂળ ધાણી થઇ જવાની છે. આજ મ્હારાથી કંઇ રોજની પેઠે બોલાય કે ગવાય એમ નથી. મ્હારાં ગાત્ર ઢીલાં થઇ ગયાં છે ને પગ પણ ઉપાડવો ભારે થઇ પડ્યો છે. જુગલ એની સ્થિતિ સમજી ગઇ હતી તેથી શૂર ચઢાવવા બોલી કે:—

"અરે જાઓ જાઓ બ્હેન—એમ છેક જ શું હિંમત હારી જાઓ છો ? એક ચિઠ્ઠી આવી તેમાં આટલાં ગભરાઇ જવાતું હશે ? પ્રભુ જો અનુકૂળ હશે તો બળતામાંથી એ ઉગારશે—એના દાખલા ક્યાં નથી સાંભળ્યા ? માટે તૈયાર થાઓ. મ્હારી તો ખાત્રી જ છે કે રંગભૂમિ ઉપર ગયા પછી તમે કોઇ દહાડો પાછાં હઠો એમ નથી. રણભૂમિ ઉપર ગએલા યોદ્ધાઓને તો ત્યાં ઉલટું વધારે શૂર ચઢે છે તેમ તમને પણ આજ થવાનું જ. તમે આજ દીલગીર છો તેથી કંઇ તમારૂં કામ બગડવાનું નથી."

આવી રીતે પ્રોત્સાહન મળ્યા છતાં એના મનમાંથી ભય ગયો ન હતો. એને કંઇક નબળાઇ બહુ જ જણાતી હતી, પરંતુ પ્રેક્ષકો સમક્ષ તેનું આગમન થતાંજ આખી નાટકશાળામાંથી તેને ગર્જના ઉપર ગર્જનાની સાથે વધાવી લેવામાં આવી. આટલું જ એના મનમાં પૂરતો વિશ્વાસ આણવાને—એના લથડતા પગમાં કૌવત આપવાને—બસ હતું.

પરંતુ શરૂઆતમાં એના શબ્દો જરા અચકાતે—અચકાતે નીકળવા લાગ્યા. એની તબીઅત આજ કંઇક ઠીક નહિ હોય એમ એને હમેશ જોનારાઓના સમજવામાં આવ્યું પણ હશે. પરંતુ સર્વથી વધારે તો એના પોતાના જ જાણવામાં આવ્યું, ને તેથી એ ઉલટી નરમ પડવા લાગી. એના અંતઃકરણ ઉપર કેમ જાણે શીતળ જળનો આઘાત થયો હોય એમ એ ધબકારા મારતું બંધ પડવા લાગ્યું. પોતાને હમણાં ચકરી આવશે ને રંગભૂમિ ઉપર જ પડી જવાશે—હજારો લોકોની વચ્ચે પોતાની ફેજેતી થશે—કમાણી ધૂળમાં જશે—નાટકના માલિક પોતાને ઠપકો દેશે—એવી લાગણીઓ એને ઉત્કટ થવા લાગી. એટલામાં એકદમ એનામાં કંઇક અજાયબ જેવો ફેરફાર થઇ ગયો ને બીજે જ ક્ષણે એનો કંઠ અગાઉના કરતાં પણ સવાયા બળથી—વિશેષ મધુરતાથી—અધિક કોમળતાથી ખીલવા લાગ્યો. તેનો પડઘો આખી નાટકશાળામાં—નીચેથી ઉપર—આ ખૂણેથી

પેલે ખૂણે સુધી વ્યાપી ગયો. પ્રેક્ષકો સર્વ સ્તબ્ધ બની ગયા—મોહ પામી ગયા અને એ પોતાનો વેષ અતિ આશ્ચર્યજનક વિશ્વાસથી—દઢતાથી—લાવણ્યથી ભજવવા લાગી.

આવો એકાએક ફેરફાર શાથી થઇ ગયો તેનું કારણ જો એને તે વેળા પૂછવામાં આવ્યું હત તો એ પણ ભાગ્યેજ બરાબર બતાવી શક્ત. એને એટલુંજ સ્પષ્ટ જણાતું હતું કે હજારો માણસની આ મેદનીમાંથી કોઇક અમુક વ્યક્તિયે એના ભણી કાંઇક નિઃશબ્દ સંદેશો પ્રેર્યો હતો—પોતાના તરફની શુભેચ્છા, અનુકંપા અને ઉત્તેજન જણાવનાર વિચારને વિદ્યુતપ્રવાહદ્વારા મોકલ્યો હતો. પ્રેક્ષકવર્ગ સમસ્તની વૃત્તિ તો તે રોજ અનુભવતી, તેથી તે ખુશી થતી ને પોતાના કાર્યમાં વિશેષ રસ સિંચન કરીનો તેનો સ્વાદ ચખાડવા રૂપી બદલો આપતી, પણ આજની વાત તો અત્યાર સુધીના તેના અનુભવની બાહારની હતી. આ સંદેશો મોકલનારની લાગણી તેના પ્રત્યે કાંઇક વિશેષ પ્રકારની હોવી જોઇએ એમ એને લાગ્યું અને એ વિદ્યુતપ્રવાહનો સ્પર્શ પોતાના અંતઃકરણને થતાં જ તેમાં સામો ધ્રુજારો એવા બળથી થયો કે જાણે તેનો પ્રત્યાઘાત જ કેમ તે આપતું હોય એમ એને ભાન થયું-તેમાંથી એક પ્રકારનું નવીન—અપરિચિત—ગાયન ઉદ્ભવતું જણાયું. એ પ્રવાહનું સામર્થ્ય ઘણું હોવાની સાથે તેની અસર પણ ઘણે ઉંડે સુધી પહોંચી હતી. એવી જે કોઇ અજાણી વ્યક્તિ તરફથી એ પ્રવાહ આવતો હતો તેના ભણી એનું પણ વિચિત્ર પ્રકારે આકર્ષણ થવા લાગ્યું. અને આખું નાટક પુરૂં થયું ત્યાં સુધી એ સંબંધ—અદૃશ્ય પ્રવાહ ચાલુ જ રહ્યો. વાહવાહ તો એને રોજ મળતી પણ આજના એના અતિ ઉત્તમ કામથી લોકોની પ્રસન્નતા અતિશય વૃદ્ધિ પામી. આજ સુધી એણે કોઇ દહાડો આવી રીતે ગાયું હોય કે આવી રીતે વેષ ભજવ્યો હોય એમ કોઇના જોવામાં આવ્યું ન હતું. આજ તો એણે હદ જ વાળી દીધી એમ સૌ કોઇ બોલતા—એનામાં કેમ જાણે કોઇ અલૌકિક પ્રાણીએ પ્રવેશ કરીને એને નવીન ઉત્સાહ આપ્યો હોય એમ એના આજના કામ ઉપરથી અનુમાન થતું. એણે ઉંચામાં ઉંચી ફતેહ અગાઉ મેળવી હતી તે કરતાં પણ આજના ગાયનમાં કંઇક એણે સુરાલાપની એવી ખુબી બતાવી-એ નાં એજ ગાયન પણ એવી અવનવી મીઠાશથી ગાઇ બતાવ્યાં કે છેલ્લો પડદો પડયો ત્યારે સર્વ તરફથી એને મળેલા હર્ષનાદનો પોકાર આખી નાટકશાળામાં ઘણી વાર સુધી ગાજી રહ્યો અને છાપરૂં પણ એને બળે તૂટી જશે એવી ભીતિ થવા લાગી.

કેશરીસિંહ છેક આગળના ભાગમાં નહિ પણ વચ્ચેની હારમાં જરા ઉપર, બિશનદાસની સાથે બેઠો હતો. તેણે એનો પ્રવેશ રંગભૂમિ ઉપર જોયો ત્યારથી જ એવો તો એના મોહક દર્શનથી એ ગાંડો બની ગયો હતો કે જાણે નિદ્રાવસ્થા ભોગવતો હોય—કંઇક સ્વપ્નુ જોતો હોય એમ એને લાગવા માંડયું હતું. એની આંખો તો ચંદ્રપ્રભાના ચંદ્ર જેવા ચહેરા સાથે જાણે ચોટી ગઇ હતી. ક્ષણુ પણુ તેના તરફથી એની દૃષ્ટિ ખસતી નહિ. જ્યાં એ ફરતી ત્યાં એની દૃષ્ટિ પણુ સાથે જ જતી, એનો પ્રત્યેક અભિનય-પ્રત્યેક આવભાવ—તૃપ્તિ પામ્યા વિના નિહાળતી, અને જ્યારે એ ગાતી ત્યારે તો એના કર્ણુ ઉપર એનો મધુર સ્વર પડતાં જાણે સામટી ઝીણી સુવર્ણુમય ઘંટાઓનો મૃદુ શબ્દ સ્વર્ગીય ગાન સંભળાવતો હોય એમ એને લાગતું. મોહ-પાશ-બદ્ધ હોય તેમ જ હાલ્યાચાલ્યા વિના એ બેસી રહ્યો હતો. વચ્ચે એક બે વાર બિશનદાસ કંઇક વાત કરવા ગયો પણુ તે એણે સાંભળી નહિ હોય એવું બિશનદાસને લાગ્યું કેમ કે એનો જબાબ કંઈ મળ્યો નહિ. એના મ્હોં ઉપર છવાએલી આતુરતા—એના શરીરની નિશ્ચલ સ્થિતિ—એનું એકાગ્રપણું જોઇને જ બિશનદાસ સમજ્યો કે ભાઇસાહેબ તો તલ્લીન થયા જણાય છે. એની આવી દશા જોઇને બિશનદાસને જરા હસવું પણુ આવ્યું, કેમ કે ચંદ્રપ્રભાની મોહજાળમાં એ એકદમ આવો ફસાઇ જશે એમ પોતાના પણુ ધારવામાં ન હતું.

છેવટનો પડદો પડતાં જ પ્રેક્ષકોએ "વન્સ મોર," "વન્સ મોર" કરીને ફરી ફરી આ દેવાઙ્ગના જેવી સુંદરીનાં દર્શનની અપેક્ષા—અતિ લાલસા બતાવવા માંડી ત્યારે ગરબડ એટલી મચી રહી,—પોતાને સ્થાનેથી ઉઠીને બહાર જવાની તૈયારી કરતા,—ખસતા,—નીચે ઉતરતા પ્રેક્ષકોના પગના ધસારાનો અવાજ એવો તો કઠોર થવા લાગ્યો—જોરથી વાતો કરનારાઓનો શબ્દ એવો કટુ લાગ્યો કે—અગાઉના સ્વર્ગીય દેખાવના સ્વપ્નમાંથી કેશરી-સિંહ તેણે કરીને જાગૃત થઇ ગયો.—પોતે ક્યાં છે તેનું એને ખરેખરૂં ભાન આવ્યું—અને "ચાલ ચાલ આપણે એને મળીએ—હજી મ્હારૂં મન એને જોઇને તૃપ્ત થયું નથી"—એમ બોલતો બોલતો તે બિશનદાસનો હાથ પકડીને ત્યાંથી ઉઠયો.

ભીડમાંથી રસ્તો કાઢવો બહુ મુશ્કેલ હતો તો પણુ ધક્કામુક્કી કરતા બંને જણુ જેમ તેમ કરીને બહાર આવ્યા, અને નાટકશાળાના જે દરવાજા આગળથી સર્વ પાત્રોને બહાર નીકળવાનું હતું તે જ દરવાજા આગળ જઇને

તેઓ ઉભા રહ્યા. કેશરીસિંહનો હાથ બિશનદાસે પકડયો હતો તે કંપતો હોવાથી તેને લાગ્યું કે અત્યારે એના મનની સ્થિતિ કંઇ વિચિત્ર પ્રકારની બની છે. આજ સુધી કોઇ દહાડો આવી અવસ્થામાં એણે એને જોયો હોય એમ એને યાદ આવતું ન હતું, કંઇક વાત કરીને એની નિર્બળતા દૂર કરવાનું એણે ધાર્યું પણ જોઇએ તેવા શબ્દો તે વેળા કોણજાણે કેમે એના મ્હોંમાંથી નીકળી શક્યા નહિ, તેથી આખરે જે થાય તે થવા દેવું એવું મન વાળીને તે શાન્ત થઈ ઉભો રહ્યો.

પોતે સર્વ બહાર નીકળનારને જોઈ શકે પણ પોતાને કોઇ જોઇ શકે નહિ એવી જગા શોધીને તેઓ જરા અંધારામાં ઉભા હતા. દ્વાર રક્ષકને તો આવા રખડુ માણસો એ જગાએ જોવાની ટેવ પડી ગએલી—ઘણાએ કંઇ કંઇ બ્હાનાં કાઢીને—કોઇને મળવા માટે રોજ ત્યાં આવતા તેથી એમના દેખાવમાં કંઇ નવીનતા લાગી નહિ, ને એના તરફથી કંઇ વિઘ્ન નડયું નહિ. એટલે બને જણ રાહ જોતા ઉભા રહ્યા. કેશરીસિંહે નાટકની શરૂઆતમાં બિશનદાસને કહ્યું હતું કે ગમે તે પ્રકારે પણ મ્હારૂં ભવિષ્ય ચંદ્રપ્રભાના ભવિષ્યની સાથે જોડાવાનું છે એમ મને ભાસે છે—તે વાત અત્યારે પાછી એને સાંભરી—એ પ્રસંગ માટે નિર્માણ થએલી ક્ષણ હવે થોડી જ વારમાં આવવાની છે એમ એના મનમાંથી એને સંદેશો મળ્યો. એવી પ્રેરણા શા માટે થતી હશે તે કંઇ એ સમજી શક્યો નહિ અને એનું કારણ શોધવા જવું પણ નિરર્થક હતું. એ લાગણી તો એને ઘણા દિવસથી થયાં કરતી હતી પણ આજની રાતે તે વધારે જોરથી ઉપડી હતી. એનો વિચાર કરવામાં રોકાઇ જવું એ નકામું હતું. હવે તો એ જેમ દોરે તેમજ દોરાવું અને એને અધીન થયાથી જે પરિણામ આવે તે શોધવું એજ માર્ગ ઉત્તમ હતો.

આમ વિચાર તેના મનમાં ચાલતો હતો તેવામાં જ દરવાજા પાસે કંઇક ખડખડાટ એકદમ થયો. દરવાનવાળાએ નીચા નમીને ઘણા માનથી સલામ કરી. પાસે જ રસ્તા ઉપર એક મોટરકાર ઉભી હતી તેનો હાંકનાર કંઇક સતેજ થયો અને ચંદ્રપ્રભા બહાર આવી. કેશરીસિંહને એની માત્ર ઝાંખી જ થઇ પણ તેની સાથે એના અંતઃકરણમાં ધબકારા એવા જોરથી થવા લાગ્યા કે નક્કી એ તેના સાંભળવામાં આવ્યા હશે જ એવી એને ભીતિ લાગી.

બ્હાર નીકળી મોટર પાસે આવતાં જ તે તેની અંદર એક હરિણીની

માફક ફૂદકો મારીને બેસી ગઇ. તેની પાછળ એક બીજી સ્ત્રી આવી તેનો ચહેરો જોતાં જ—બિશનદાસથી "જુગલ!" એમ અણધાર્યો નામોચ્ચાર અતિ આશ્ચર્યથી ચકિત દૃષ્ટિએ થઇ ગયો, પણ એકદમ તે પાછો જાણે છોભાણો પડી ગયો હોય એવો બની ગયો.

ચંદ્રપ્રભાએ મોટરવાળાને ઘણાજ સ્પષ્ટ અક્ષરથી રણકતા અવાજે નેપીયનસી રોડ—ભૂપતસિંહજીનો બંગલો એવી સૂચના આપી કે તરત મોટર ઉપડી. તેની સાથે જ કેશરીસિંહ કુદ્યો. એની તીક્ષ્ણ દૃષ્ટિએ જોયું હતું કે બેસતાં બેસતાં ચંદ્રપ્રભાના હાથમાંથી રૂમાલ પડી ગયો હતો. તે નીચા વળીને તેણે તરત જ ઉચકી લીધો અને પોતાના હાથમાં લઇને ક્ષણ વાર તે નિહાળતો ત્યાં ઉભો રહ્યો. એટલામાં તેને કાને દરવાજાવાળા સાથે કોઇ વાત કરતું હતું તેનો અવાજ પડયો.

"આજ તો ભૂપતસિંહને બંગલે મ્હોટી મીજલસ છે તેથી નાચ માટે એમને બોલાવ્યાં લાગે છે."

"ત્યારે એમનું મ્હોં કંઇક ઉતરી ગયું હોય એમ કેમ દેખાતું હતું?"

"એ તો પ્રભુ જાણે-મ્હોટા લોકોની વાતમાં આપણે શું સમજીએ?"

ભૂપતસિંહનું નામ કાને પડતાં મધ્યરાત્રિના ગુપ્ત લગ્ન પ્રસંગે પોતાની સાથે વાત કરનાર પેલા આધેર વયના રજપૂતનું ચિત્ર કેશરીસિંહની આંખ આગળ ખડું થયું. તે બેની વચ્ચે કંઇ સંબંધ હશે કે નહિ તે તો એ નક્કી કરી શકયો નહિ પણ ત્યાં જઇને શું થાય છે તે જોવાની એને આ વેળા ઉત્કટ ઇચ્છા થઇ આવી. તે ઉપરથી ઝટ રસ્તામાં આગળ જઇને એક ભાડાની મોટર જતી હતી તેને રોકી બિશનને પકડી લાવી તેની અંદર જબરજસ્તીથી જાણે ફેંકતો હોય તેમ બેસાડીને ભૂપતસિંહને બંગલે—નેપીયનસીરોડ કહેતો કહેતો તે પણ અંદર દાખલ થઇ ગયો, અને મોટર જોતાજોતામાં ત્યાંથી અદૃશ્ય થઇ ગઇ.

પ્રકરણ બારમું.

ભૂપતસિંહના ભવ્ય ભવનમાં.

ભૂપતસિંહના ભવ્ય ભવનમાં ભેગા થએલા ભ્રાતૃગણને ભોજન આપવાને માટે આજ પ્રભાતથી જ ભાણ્ડાગાર બધો ખાલી કરવામાં આવ્યો હતો. મેવા મીઠાઇની રકાબીઓના પુષ્કળ ખુમચા ભરાયા હતા. બંગલાના ખડેખંડમાં પ્રકટેલા વીજળીના દીવાની રોશની તેની અંદર ગોઠવેલા સુંદર સર સામનની શોભામાં વૃદ્ધિ કરતી હતી. ઠામ ઠામ ખુશબોદાર ફૂલછોડથી, વિવિધરંગી ક્રોટનથી, પંખા ઘાટનાં પાનવાળાં નાનાં તાલવૃક્ષથી, ફરફરતા ફર્નથી અને અનેક જાતની અન્ય સ્વદેશી તથા વિદેશી વનસ્પતિયોથી ભરેલાં કાચનાં ચકચકિત કુંડાં મૂકી દેવામાં આવ્યાં હતાં. બારણે બારણે, તથા બારીએ બારીએ સુંદર રંગના, બારીક વણાટના, અનેક ચિત્રમય પડદા ટાંગવામાં આવ્યા હતા. ઉપરના હૉલમાં જવા માટેની સીડીને પણ પહેલેથી છેલ્લા પગથીયા સુધી લાલ વસ્ત્રથી જડી દઇને આસપાસ અંતરે અંતરે રાખેલાં વિવિધ રંગીન કુંડાંથી સુશોભિત બનાવવામાં આવી હતી. તરેહ તરેહની પ્રતિમાઓ કઠેરા ઉપર, કોઇ હાથમાં તો કોઇ માથે, વીજળીના દીવા લઇને ઉભી હતી તેથી સર્વ પ્રકાશમય થઇ ગયું હતું. એ મ્હોટા હૉલની છતમાં ગોઠવેલી હજારો ઝીણી ઝીણી તેજીજ તેજસ્વી બત્તીઓ તેના ઉપરના આકાશના કૃત્રિમ રંગ સાથે મળી જઇને તેને ખરેખરા આશમાનનો દેખાવ આપતી હતી. પ્રત્યેક નાના નાના ખંડમાં જુદી જુદી રમત ગમતનાં સાધન તૈયાર રાખવામાં આવ્યાં હતાં. કહીંક બીલીયર્ડ ટેબલ તો કંહીક સીનોમેટોગ્રાફ, કંહીક પીંગપાંગ તો કંહીક સેત્રંજ, કંહીક ગ્રામોફોન તો કહીંક સ્ટીરીઓસ્કોપ, કહીંક જાદુના ખેલ તો કંહીક નાચરંગ, કંહીક ફોટોગ્રાફીક આલ્બમો તો કંહીક આરસપહાણની બનાવટની આગ્રાની સુંદર કારીગીરીવાળી વિવિધ ચીજો—એમ ભિન્ન રૂચિના જનોનાં મનરંજન માટે પૂરી તૈયારી કરવામાં આવી હતી. બંગલાની આસપાસ આવેલા બાગની શોભા તો વચ્ચે વચ્ચે વૃક્ષો ઉપર ટાંગેલાં ચીનાઇ ફાનસોથી—ભૂમિ ઉપર ગોઠવેલા રંગ બેરંગી ગ્લાસમાંના દીવાથી—દોરડાં ઉપર લટકાવેલા ચિત્ર વિચિત્ર પ્રદીપોથી—વિશાળ રસ્તાઓ ઉપર મૂકેલા કીટસન લેમ્પના શીતળ

પ્રકાશથી—બેન્ડના મિશ્ર સંગીતમાંથી આવતા સુસ્વરથી અને ચારે પાસથી પુષ્પોની સુગંધ લઇને વાતા સમીરથી નંદનવનને પણ ભુલાવી નાંખે એવી થઇ હતી.

આમંત્રણમાં દર્શાવેલો સમય થતાં જ મોટરકારો, ઘોડાગાડીઓ ને બાઇસીકલોની બાગમાં ધમાલ મચી રહી. અસાવધ જનોને ચેતવવા માટે તથા આમ તેમ દોડીને અટવાઇ જતાં બાળકોને અટકાવવા માટે થતા વિવિધ સ્વરના ઘંટનાદથી કર્ણપુર ભેદાઇ જવા લાગ્યા. બંગલાના દ્વાર પ્રદેશ આગળ સ્તંભીને એક પછી એક ઉભા રહેતા વાહનમાંથી ઉતરતી યુવતી-ઓનાં વિવિધ વર્ણોનાં કસબી વસ્ત્રોની, તથા હીરા મોતી માણેક આદિ જળહળતાં જવાહીરોથી જડેલાં આભૂષણોની ચોમેર પ્રસરતી પ્રભાથી વિવિધ ઈંદ્રિધનુષોની દ્યુતિ ત્યાં છવાઇ રહી. ધીમે ધીમે ઉપરનો ભવ્ય "હૉલ" ભરાવા લાગ્યો. નૂતન આગમન જેમનું થતું તેઓ પ્રથમથી આવેલાં સ્નેહી સંબંધીઓને જોઇને પ્રહર્ષ યુક્ત હસ્ત મેળાપ કરતાં, વિવિધ વાર્તાલાપમાં પ્રવૃત્ત થઇને આમથી તેમ ત્યાંની વિધવિધ પ્રકારની શોભા નિહાળતાં ફરવા લાગ્યાં. થોડીવારમાં નર્તિકાઓએ નૃત્ય ગાન શરૂ કર્યું તેના મીઠા સ્વરના ઘોષથી તે ભવન ગાજી રહ્યું. હૉલમાં સર્વ પોત પોતાને સ્થાને બેસી ગયા અને પંક્તિ ભોજન સમયે સર્વ વાનીઓ પીરસાઇ રહ્યા બાદ "ભવ"[1] કહેતાં જે શાન્તિ અનુભવાય છે, વૃષા કાલે મેઘજળના પતનની સાથે ગગનનો ગડગડાટ શમી જતાં જે સ્વાસ્થ્ય વ્યાપી રહે છે તે હવે અહીં પધારેલા મીજમાનોમાં જણાવા લાગ્યું. કેટલાંક યુગ્મ બ્હાર ફરતાં હતાં તે પણ આવીને યથેચ્છ સ્થાને બેસી સંગીત શ્રવણમાં વિનોદ લેવા લાગ્યાં. ભૂપતસિંહ પ્રત્યેક-ને આવકાર આપવા માટે દરવાજે જ ઉભા રહેલા હતા તે પણ હવે આવક ઘટતી જવાથી ઉપર આવીને મીજલસમાં દાખલ થઇ ગયા. નાટકમાં ગએલા પૈકી કેટલાક હજી આવવા બાકી હતા તે જ છૂટા છવાયા દાખલ થતા તેમાંથી કોઇ બહુ માન યોગ્ય જણાતા તેમને તેઓ ઉઠીને લેવા જતા. આટલો મ્હોટો જનસમૂહ અંહી એકત્ર થએલો હતો તેથી કોઇ અજાણ્યા માણસને એમ જ લાગે કે ભૂપતસિંહભાઇ તો આખી મુંબઇના માનીતા હશે—સર્વ કોઇ તેમને પીછાનતું હશે—પણ વાસ્તવિક રીતે આવી પાર્ટીમાં

---

૧. નાગરોમાં આ "ભવો"ના" અપભ્રંશથી ઓળખાય છે પણ વાસ્તવિક રીતે તે જમનારાઓ તરફથી યજમાનને અપાતા. "આયુષ્યમાન્ ધનવાન્ પુત્રવાન્ ભવ" એ આશીર્વચનનો છેલ્લો શબ્દ છે.

કેટલીકવાર થાય છે તેમ—આમંત્રણ કરનાર પોતાનું માન વધારવાને માટે—પોતાને ત્યાં મ્હોટા મ્હોટા માણસો પધાર્યા હતા એવું દેખડાવવા માટે—મ્હોટો ખર્ચ કરીને ઘણી ખુશામત તથા કાલાવાલા કરીને કેટલાક ઉંચી પંક્તિના સદ્‌ગૃહસ્થોને પણ પોતાની વિનતિ સ્વીકારવા આગ્રહ કરી આવે છે અને તેમાં જો દેશી રજવાડામાંનો કોઇ મ્હોટો અમલદાર યજમાન થાય તો તેને ખોટું ન લગાડવાની ખાતર પણ કેટલાક તેનો સત્કાર કરવા માટે એટલો શ્રમ લેવા હા પાડે છે. કેટલાક કોઇ નામચીન ગવૈયાનું કે નાયિકાનું ગાયન સાંભળવાને લોભે જ લલચાય છે. કેટલાક કોઇ પ્રિયજનના સમાગમની લાલચે આવે છે. કેટલાંક પોતાના વસ્ત્રાલંકારના અભિમાનથી—પોતાની સર્વ પ્રશંસા કરે એવા ગુપ્ત હેતુથી આવે છે. પણ આમંત્રણ કરનારનો ઉપકાર માનવા થોડા જ આવતા હશે. આવી રીતે ભેળાં થએલાં—વિવિધ પ્રકારના શોખવાળાં સ્ત્રી પુરૂષોમાં વાતો પણ જુદા જુદા વિષયો ઉપર થાય જ એ સ્વાભાવિક છે પણ તેમાં ઘણે ભાગે નિન્દા કે ઇર્ષ્યા વિના બીજું કંઇ હોતું નથી. આ પ્રમાણે અમુક મંડળી અમુક ખૂણામાં અલગ બેઠી હતી તેની અંદર આપણા આજના નિમંત્રક સંબંધે જ જે ગોષ્ઠી ચાલતી હતી તે આપણે સાંભળીએ—

જગમોહનદાસ—" કેમ કંઇ નવા સમાચાર ? "

વિઠ્ઠલદાસ—" જાણો છો ને વળી પૂછો છો શું " ?

પ્રભુદાસ—" જાણતા હોઇએ પણ તમારે મ્હોંએ સાંભળવામાં ઓર મઝા આવે છે. "

જગમોહનદાસ—" લ્યોની ત્યારે—મ્હારે શું—હું તો તડાક ને ભડાક—કહી દેવાનો. કહે છે કે આજ પેલી ચંદ્રપ્રભાને અંહી બોલાવી છે. તેમને બંગલે આપણા ઠાકોર સાહેબ ઘણીવાર જા આવ કરે છે તે કાંઇ છાનું નથી. એ પણ વળી એમના ગામનાં જ જણાય છે. "

ગણપતરાવ—" અરે ગામનાં તો શું—એમના ઘરનાં જ છે. અમે એમની જવળ જ રહીએ છીએ. એ તો એમની કને જ ઉછરી છે. "

રામમોહનરાય—" બેસો બેસો હવે—મહેરબાન—એમ હોય તો એમને પોતાને ત્યાં જનાના માટે લઇ જવા આવે ખરા કે ?

કહે છે કે આજ સુધી તો એ ના પાડતી હતી પણ હવે વાત ચોકસ થઇ છે તેથી આજ બેવડી ખુશાલી છે."

સોરાબજી—"એમ તે વલી બનતું હોસે ? કોઇ પોતાની બુચીની સાથે પરને ખરૂં ? તમે તે કેવા છો ? કહેતા બી દિવાના પન સાલું સુનતા બી દિવાના ?"

ગણપતરાવ—"એમ ઉતાવળા શું કામ થાઓ છો ? જરા પૂરૂં સાંભળો તો ખરા ? એ ક્યાં એની પોતાની છોકરી છે ?"

સોરાબજી—"એમ ? ત્યારે એની પાસે મ્હોટી થઇ કહો છ તે સુ ?"

જગમોહનદાસ—"એ તો, સાહેબ, કોણ જાણે કોનીએ હશે ! રજવાડાના ગોટાળાની આપને શી ખબર પડે ? માંહેલા ભેદ મહાદેવજી જાણે."

પ્રભુદાસ—"પણ અત્યાર સુધી આવી ગુણીયલ ગોરી કોઇને વર્યા વગર રહે ખરી કે ?"

રામમોહનરાય—"એ તેમ હોય—પણ એ કોઇ દહાડો કોઇને ત્યાં આમ ખાનગી રીતે નાચ કરવા જતી નથી—આપણે તો એને નાટકમાં જ જોઇ છે તેથી આ જ કંઇ એના કામની ખુબી ઓર જ જણાશે. આમ પાસે બેશીને એનું ગાણું સાંભળવાની—એનું મધુર મુખડું જોવાની મઝા તો મળશે. આપણે તો ભૂપતસિંહનો ઉપ—"

ગણપતરાવ—"અરે છાના રહો—જુઓ એજ સામા આવે છે."

ભૂપતસિંહ તેમની પાસે થઇને જતે જતે ખીસ્સામાંથી ઘડિયાળ કાઢીને જોતો હતો—અને તેની ભ્રમર વચ્ચેની પડેલી કરચલીથી—તેના મ્હોં ઉપર પ્રત્યક્ષ દેખાતા ઉદ્વેગથી—તે ચીઢાયો હોય એવી ભ્રાન્તિ થતી હતી.

"દોઢ—બજી ગયો—હજી કેમ ના આવી ?"—એમ એના મ્હોંમાંથી ધીમા સ્વરે નીકળેલા શબ્દો કાન દઇને સાંભળનારને એની અધીરાઇ વ્યક્ત કરતા હતા.

ગણપતરાવ—(પાસે આવીને) "કેમ સાહેબ મને કંઇ આજ્ઞા ? આપ શું કામ તસ્દી લ્યો છો ? નીચે કોઇ આવ્યું હોય તો હું તેડી આવું."

ભૂપતસિંહ—" નહિ નહિ, રાવસાહેબ-હજી તો કોઇ આવ્યું નથી અને કોણ જાણે ક્યારે એ આવશે, એને માટે બધા રાહ જોતા બગાસાં ખાય છે તેનો એને મન કંઇ હિસાબ જ નહિ હોય ? "

ગણુપતરાવ—" કોની વાત કરો છો સાહેબ ? "

ભૂપતસિંહ—" અરે બીજા કોની ! મ્હારા મનમાં હોળી સળગાવનારની સ્તો ? એના વિના મને બીજું કોઇ સદા સાંભરે છે એ ક્યાં ? તમે તો એને ને મને ઓળખો છો એટલે તમારી આગળ દીલ ખુલ્લું કરવામાં કંઇ મને શરમ નથી પણ એણે મને રાવસાહેબ, દિવાનો જ કરી દીધો છે. "

ગણુપતરાવ—" ખરા પ્રેમની તો, સાહેબ, વાત જ જુદી છે. "

ભૂપતસિંહ—" આપને એવો અવસર ક્યાંથી મળ્યો હોય ? આહા-પ્રેમ ત્હારી બલીહારી-જાઉં-વા-રી-વા-રી-વા-રી-શું મ્હારે હાળે ગાનારે ગાયું છે ને !! "

ગણુપતરાવ—" એની ખુબી આપના જેવો રસિક હોય તેજ પીછાની શકે. અમારા જેવા રંકનું કંઇ ગજું કહેવાય ? "

ભૂપતસિંહ—" એ તો આપ બરાબર બોલ્યા હો, પણ હવે મને એ ટળવળાવશે ક્યાં સુધી ? "

બારણા પાસે એ બે જણ આમ વાત કરતા કરતા પહોંચ્યા એટલામાં તેમના એક વિશ્વાસુ નોકરે આવીને ઇશારત કરી તેથી ભૂપતસિંહ તેના ભણી ગયો. તે બે એકલા પડયા એટલે નોકરે જરા ધીમે સ્વરે કહ્યું:—" સાહેબ કંઇક અગત્યની બાતમી મળી છે. "

" બાતમી ?—શી બાબતની ? "-જરા ચમકીને ભૂપતસિંહે પ્રશ્ન કર્યો.

" કેશરીસિંહ પાછો આવ્યો છે ? "

" પાછો આવ્યો છે ? ત્હેં શાથી જાણ્યું ? "

" આજ નાટકશાળામાં એને આપણા રઘુભાઇએ જોયો ને એણે મને હમણાં જ આવીને વાત કરી. "

" હરામખોર—મ્હારા રૂપિયા મ્હોં માગ્યા લઈ ગયો તે શું આમ પચાવી પાડવા છે ? જોઇ લેજે હવે ત્હારા શા ભુંડા હાલ થાય છે તે. પણ પેલી રાંડ હજી ક્યાં કહ્યુ કરે છે ? એ પાંશરી દોર થાય તો હમણાં બધું રસ્તે પડે. "

" એટલેથી જ ક્યાં પતે એમ છે ? "

" કેમ વારૂ ? વળી કંઇ નવું લફરૂં જાગ્યું છે ? "

" હાસ્તો, બાપજી—નહિ તો હું આમ બેબાકળો બનીને આવા રંગમાં ભંગ કરવા આવું એ ખરો ? "

" બોલી નાંખને ત્યારે—શું કોઇએ આપણી વાત જાણી ? "

" અરે સાહેબ, એનાથીએ ભુંડી થઇ. "

" આમ તું, મને અધવચ લટકતો રાખ્ય નહિ. જે કહેવું હોય તે ઝટ કહી દે. "

" એ તો બાપજી ! આજ મેલમાં આપણા દાદભા દેશથી એક બાઇને તેડીને આવ્યા તે કહે કે મહારાણા સાહેબ તો આપનાં લગનની તૈયારી કરે છે. "

" મ્હારા લગ્નની ? મને પૂછયા ગાછયા વિના ? અરે જારે જા—ગાંડા એવું તે કંઇ હોય ?— "

" પણ આપ જાણો છો ને, સાહેબ ! એમની બેનની દીકરી રૂપાળી-બાનું હગપણ ઘણા વખતથી એ કરવાને તૈયાર થઇ રહ્યા છે ને વર ખોળે છે. એમણે જાણ્યું કે આપ મુંબઇ પેલી નાયકાની પછવાડે પછવાડે આવ્યા છો ને એનો કેડો છોડતા નથી તેથા કદાચ આપ કંઇ આડું અવળું કરી બેહો તેને બદલે આપને જડએસલાક પહેલેથી જ બાંધી લેવા કે પછી ના હલાય કે ચલાય. જોજોને મને તો લાગે છે કે આપના ઉપર કોણ જાણે હુકમે આવશે કે આપે મુંબઇ છોડીને ઝટ પાછા આવવું. "

" અલ્યા નરછંગ—એ તો માળુ દળી દળીને કુલડીમાં વાળ્યા જેવું થાય—બધી મહેનત પાણીમાં જાય અને આ કાચી કળી— "

આ વાકય પૂરૂં થતા પહેલાં તો બાગમાં પેસતી મોટરનો ધડધડાટ નીચે સંભળાયો ને ઠાકોરે કઠેરામાંથી નજર કરી તો તેમને કોઇ સ્ત્રીનો હાથ મોટરની બારીને અઠીંગીને રાખેલો જણાયો. તેમણે તરત જ અનુમાન કર્યું કે તે ચંદ્રપ્રભા જ હોવી જોઇએ, અને તે ઉપરથી એકદમ પોતાના નોકરને નીચે મોકલી તેને હૉલમાં જવાને બદલે પોતાની સાથે પ્રથમ વાત કરવા માટે પાસેના ઓરડામાં આવવા કહેવડાવ્યું.

આજ્ઞા પ્રમાણે તે ઉપર આવી પણ તેને જોતાંજ ભૂપતસિંહને જણાયું કે રોજના કરતાં આજ તેનો ચહેરો કંઇક જુદા જ પ્રકારનું રૂપ ધારણ

કરતો હતો. તેની સ્વાભાવિક નરમાશ, અને નમ્રતાને બદલે આજ કેમ જાણે વઢવાનો જ નિશ્ચય કરીને ચઢેલે મ્હોંએ રોષમાં આવી હોય એમ લાગતું. છંછેડાએલી સિંહણ જેમ જરાક કોઇ છેડછાડ કરે તો તલપ મારવાને તૈયાર હોય તેવી એ આ વખત જણાતી. ઠાકોર તેનું સાન્ત્વન કરવાને કંઇક મીઠાશના બોલથી આવકાર આપવા જતો હતો પણ તેના મનમાં ધુંધવાતા અગ્નિના બળે કંઇ બેરજ વાક્ય નીકળી ગયું.

"આજ કેમ આટલી બધી વાર થઇ? અમે તો ક્યારની એ તમારી વાટ જોતા બેઠા છીએ."

"આજ મને જરા શ્રમ વધારે પડયો ને કપડાં બદલતાં એ વખત લાગ્યો."

એમ કહેતી કહેતી એ ખરેખર અતિ પરિશ્રાન્ત જ થઇ હોય તેમ ધબ લઇને ખુરશીમાં બેસી પડી. વાસ્તવિક થયું હતું પણ તેમ જ. આખો દિવસ નિરાશ અને ઉદ્વિગ્ન રહ્યા પછી નાટય પ્રયોગમાં તેની આવી અણુધારેલી—અપૂર્વ—અસાધારણ ફતેહ થઇ તેના જ જાણે પ્રત્યાઘાતરૂપે તેનો ઉત્સાહ સર્વ હવે નરમ પડવા માંડતો હતો, અને ધીમે ધીમે એ સુસ્ત બનતી જતી હતી. તથાપિ એને જે વૈદ્યુતિક સંદેશો પ્રેક્ષક મંડળમાંથી કોઈ અજાણી વ્યક્તિ તરફથી પ્રોત્સાહનરૂપે—અનુકંપામય મળ્યો હતો તેને બળે તે કંઇક ટકી રહી હતી—તેનું જ સ્મરણ હજી કર્યા કરતી હતી—એ મોકલનાર કોણ હશે? આટલી બધી વાર મ્હેં આ રંગભૂમિ ઉપર મ્હારો પ્રયોગ દર્શાવ્યો તેમાં કોઇ વખત નહિ ને આજ જ મને કેમ એવો અનુભવ થયો? માત્ર કાલ્પનિક જ હોય તો મને આવું બળ—નિરાશા મટીને આશા—પરાજયને બદલે અપૂર્વ વિજય ક્યાંથી મળે? નક્કી આજ કોઇ નવીન પ્રેક્ષકાર આવેલ હોવો જોઇએ—અને તેના અંતરાત્માને મ્હારા અંતરાત્મા સાથે આજ સંબંધ થયો હોવો જોઇએ—તેનો જ મોકલેલો એ સંદેશો મ્હારા અંતઃકરણ ઉપર અગ્નિવત્ પ્રકાશતા અક્ષરો કોરી ગયો હોવો જોઇએ. અત્યાર સુધી હું હતી તેવી હવે રહી નથી. મ્હારામાં એની જાદુભરી અસરથી કંઇ અવનવો ફેરફાર થઇ ગયો છે.—

આ વિચારની સંકલના ક્યારનીએ ચાલતી હતી તે મોટરમાંથી ઉતરતી વેળા તૂટી ગઇ, અને ભૂપતસિંહ પોતાને એકાન્તમાં બોલાવે છે એ શબ્દો સાંભળતાં પાછી કંઇ એના હૈયામાં ફાળ પડી હતી.

ઉપરનો પ્રશ્નોત્તર થયા પછી ભૂપતસિંહ પોતાની વાત કેમ શરૂ કરવી તેના વિચારમાં હતો. તેની ગુંચવણનો જલદી અંત ન આવવાથી ચંદ્રપ્રભાની અધીરાઇ વધતી ગઇ તેથી તેણે જ પાછી શરૂઆત કરી.

"આપે મને શા કામે અંહી બોલાવી છે?"

"કામ તો એ જ—આજ સુધી હું તને કહેતો આવ્યો છું—વિનવતો આવ્યો છું--પણ તું એકની બે થતી નથી—આજ તો મ્હારે ત્હારો હકારમાં જ જવાબ જોઇએ છીએ. હવે વધારે વિલંબ કામનો નથી. તને જે ગૃહસ્થ સાથે મ્હેં પરણાવી છે તેણે કરાર તોડવાની હિંમત ધરીને અંહી આવવાનું સાહસ કર્યું છે."

"કોણ?—ઠાકોર કેશરીસિંહ? અંહી આવ્યા છે?"

"-હં—તને એ નઠોરનું નામ પણ હજી યાદ જણાય છે?"

"—નામ વિના તો મ્હારે બીજું સ્મરણમાં રાખવાનું હતું એ શું?" જરા મંદહાસ્ય સાથે એણે ઉત્તર વાળ્યો. વાળ્યો તો ખરો પણ એના અંતઃકરણે જ એને જુઠી પાડી. સત્વર પેલા અમૃતમય સુખ-સ્પર્શનું-એની કરાङ्गુલિને સ્મરણ થઇ આવ્યું. જાણે હમણાં તાજું જ ચુમ્બન થયું હોય તેમ પાછો ત્યાં ઝણઝણાટ થઇ આવ્યો. એના મુખ ઉપરની ગ્લાનિનો કંઇક તેને લીધે તિરોભાવ થયો ને તેને બદલે કંઇક અવર્ણ્ય સુખાભાસ પ્રકટ થવા લાગ્યો.

ભૂપતસિંહ આ ફેરફારનું કારણ સમજી શક્યો નહિ તેથી ગુંચવાડામાં પડયો. ખરી વાત શી હશે તે જાણવાની આતુરતાથી એણે અંધારામાં એક ગોળી ફેંકી.

"એ આવ્યો છે એટલું જ નહિ પણ ત્હારાથી છૂટા છેડા કરવા માટે પોતે જ દાવો કરવાને ઉતાવળો થયો છે."

"એમાં શું આશ્ચર્ય? પ્રતિજ્ઞાવાળા પુરૂષ તો વચનને અનુસરે જ."

"તું એનો આટલો પક્ષ ખેંચે છે એ શું? તને કંઇ એ ગમી ગયો જણાય છે.—પ્રતિજ્ઞાવાળો તો બહુ—એનામાં પ્રતિજ્ઞાનો છાંટો એ હત તો આવું હીણું કામ કરવાને કબુલ થાત ખરો કે?"

"જેવી એને લાલચ આપીને ફંદમાં ફસાવનારાઓની પ્રતિજ્ઞા તેવી જ એની!!"

"બોલતે બોલતે આજ તું કંઇ હદપાર જતી જણાય છે!"

"આપને ખોટું લાગ્યું હોય તો તેને માટે ક્ષમા માગું છું"—માત્ર મ્હોંએથી જ આ શબ્દો નીકળ્યા પણ એના અવાજમાં કે દિલમાં કંઈ તેવી લાગણી થઇ હોય એમ જણાતું ન હતું. કેમકે એણે જુદા જ અવાજે જુદી જ જાતનો પ્રશ્ન કર્યો.

"આપે એમને જોયા જણાય છે ?"

"મ્હેં ?—છટ—હુ એવા જોડે મળવાનું કામ મ્હારા નોકરોને સોંપું છું."

"ત્યારે એ કેવા દેખાય છે તે તો આપ ક્યાંથી જાણતા હશો ?" અગાઉનો ત્રણ ચાર મહિના ઉપરનો પ્રશ્ન પાછો એણે અત્યારે પૂછ્યો. "લગ્ન વખતે તો આપે એમને જોયાજ હશે ?"

ભૂપતસિંહનો ક્રોધાગ્નિ હવે જોરમાં ભભુકવા લાગ્યો.

"ત્હારે એ અનાડીની શી પડી છે એ હું સમજી શકતો નથી, કાળો હોય કે ગોરો તેની ત્હારે શી પરવા ?" વચન

"અરે ? પણ જેની સાથે હું લગનની ગાંઠથી જોડાઈ તેનું મ્હોં !—જોયા વિના તેનાથી વિખૂટાં પડવું એ કેવું ?"

આજ એને નક્કી કંઇક ભૂત ભરાયું છે એટલું જ ભૂપતસિંહના કળ્યામાં આવ્યું. એનો મિજાજ કંઇ ઓર તરેહનો આજ જણાતો હતો. રોજ તો એ નરમ ઘેંશ જેવી રહેતી હતી—જેમ વાળે તેમ વળતી—હાજી હા કરતી—પોતાનું મન રાખવા પ્રયત્ન કરતી—પણ આજ તો એનામાં શા કારણથી આમ સામા થવાનું—પોતાની ઇચ્છાને ઉઘાડી રીતે પ્રતિકૂળ થવાનું સામર્થ્ય આવ્યું હશે તે એની અક્કલથી કળી શકાયું નહિ.

"ત્હારે એને જોવાની કંઇ જ જરૂર નથી"—ગુસ્સો મહા મહેનતે દબાવીને ઠંડે કલેજે તેણે ઉત્તર આપ્યો. "હવે તો ત્હારો અને એનો સંબંધ સત્વર તૂટવાનો છે. તું પગલું નહિ ભરે તો એ ભરશે પણ પરિણામ એ તું એ જ આવવાનું છે ને ત્હારે મ્હારી થઇને રહ્યા વિના છુટકો નથી."

ચમકીને કાંઇક જવાબ વાળશે એવી આશાએ તે એના સામું જોતો બેઠો. પણ એ તો જાણે કંઈ સાંભળ્યું જ ન હોય તેમ મૌન ધારણ કરીને પત્થરની પ્રતિમાવત્ સ્થિર બેસી રહી. એનું મ્હોં જરા ભૂપતસિંહના મ્હોંથી આડું રહેલું હતું એટલે એના ઉપર આ ક્ષણે શા વિકાર આવિર્ભૂત થયાં હતા તે કંઈ એ જોઇ શકે એમ ન હતું; પરંતુ તે કેવળ નિસ્તેજ—ફીકું—

પાષાણનું જ બનેલું હોય એવું લાગતું.--ભૂપતસિંહને થોડી વાર રાહ જોયા છતાં ઉત્તર ન મળ્યો એટલે એ કુંશડા સાથે ફરીથી પૂછવા લાગ્યો.

" કેમ મને શો ઉત્તર આપે છે ? મેમાનો બધા ત્હારી રાહ જોઇ રહ્યા છે–બહુ વાર તેમનાથી હું અળગો પડીશ તો તેમને પણ કંઇક વહેમ આવશે. માટે ઝટ બોલી દે. "

" ઉત્તર ?—ઉત્તર બીજો શો ? આપને આજ સુધી હું આપતી આવી છું તેજ–જીવતાં આપ મને પોતાની કરવાની આશા રાખતા હો તો તે સર્વ વ્યર્થ સમજજો. મ્હારામાં પ્રાણ હશે ત્યાં સુધી તો હું મ્હારૂં રક્ષણ કરીશ. પછી તો પ્રભુની જેવી ઇચ્છા. "

ભૂપતસિંહ સ્તબ્ધ બની ગયો—ખસીયાણો પડી ગયો. પોતાની રચેલી [illegible]જી ધૂળધાણી થઇ જતી જોઇને તેને અતિ ક્ષોભ થયો. આ પોતાના જ [illegible]માં રમીને મ્હોટી થએલી બાલિકા—પોતે જ દૂધ પાઇને ઉછેરેલી સાપણ જરા જ ડસવાને તૈયાર થઇ છે ! એના શા ભાર છે કે એ મને આવો અંતઃ[illegible] દે ! હવે મ્હારે એને બળાત્કારે વશ કરવી પડશે એમ ક્રોધાવેશમાં [illegible]કલ્પ કરતો કરતો તે તેને છેડવા જતો હતો તેવામાં એ વિફરાએલી સિંહણની પેઠે ચડપ લઇને ઉભી થઇ. ક્ષણ વાર ભુપતસિંહને પણ ભીતિ લાગી કે એ કોઇક સંતાડેલા શસ્ત્ર વડે કાં તો આત્મઘાત કરશે યા તો મને મારશે તેથી તે પણ જરા પાછો હઠયો. તેનો પિત્તો જરા નરમ પડ્યો અને હજી એક વાર કળે કળે કામ લેવાનો પ્રયત્ન અજમાવી જોવાનું તેને મન થયું.

ચંદ્રપ્રભાના મનમાં પણ આ ક્ષણે એવો જ કંઇક વિચાર થઇ ગયો હતો. જુગલે કહ્યું હતું તેમ પ્રેમ વિના પરણવું તેના કરતાં મરવું સારૂં એ હવે એને પ્રત્યક્ષ પ્રતીત થતું હતું—આવા વૃદ્ધ વયના પુરૂષ સાથે જોડાઇને જીંદગી ગાળવી—એ ચિત્ર જ એને કમકમાટ ઉપજાવતું હતું. અત્યારે તો એ એક જ નિર્ણય ઉપર આવી હતી. ગમે તેમ થાય—પોતાનો જીવ જાય તોપણ એ વાત તો કબુલ ન તે ન જ કરવી–અને તે જ પ્રમાણે તેણે ઉત્તર દીધો હતો. ઘણા દિવસથી મનમાં ભરાઇ રહેલો રોષ તેણે ખાલી કર્યો હતો. આજ રાત્રે નવીન પ્રકટ થએલી કોઇક બીજી જ લાગણીએ તેને આ પ્રમાણે પગલું ભરવાને ઉશ્કેરી હતી. તેનું અંતઃકરણ પત્થર જેવું કઠિન હતું તે આજની રાત્રિયે જ કોમળ બનવા માંડયું હતું. કોઇ અન્ય સ્વાનુકૂળ વ્યક્તિની અપેક્ષા રાખતું હતું. તે વ્યક્તિ જ અદૃશ્ય રહીને તેનામાં

માનસિક બળ રહેલી હતી, અને જરૂર પડશે તો તે અણીને વખતે પોતાને સાહાય્ય પણ કરવાનું નહિ ચૂકે એવી એને ખાત્રી થઇ હતી.

ભૂપતસિંહે બગડેલી બાજી ફરી સુધારવાની આશાએ જરા નરમ અવાજે કહેવા માંડયું:—

"ચંદ્રપ્રભા—કોઇ દહાડો નહિ ને આજ તું કેમ આમ મને તરછોડીને તિરસ્કાર યુક્ત જવાબ આપે છે? મ્હારી સાથે સંબંધ બાંધવામાં—મ્હારી વિનતિ સ્વીકારવામાં તને એવો બાધ શો છે? હું ત્હારા સુખને માટે કંઇ પણ પ્રયત્ન કરવામાં કચાશ રાખીશ નહિ. ત્હેં મને વચન આપ્યું છે તે પણ તું શું ભૂલી ગઇ?"

"ના—હું ભુલી નથી ગઇ—પણ તેમાંથી મુક્ત થવા માગું છું."

"મુક્ત થવા?"

"હા—તેમાંથી છૂટવા.—મને હવે એ વિચાર જ રૂચતો નથી—મ્હેં જ્યારે એ વચન આપને આપ્યું હતું ત્યારે હું એક અણસમજુ બાલિકા હતી. સંસારની મોહ માયા કેવી હશે તેનું મને કશું ભાન ન હતું. એ વચન પ્રમાણે વર્તવાથી હું કેટલું સુખ ખોઇશ—કેવી દુર્દશામાં આવી પડીશ—એનો મને તે વખતે સ્વાભાવિક રીતે કંઇ ખ્યાલજ નહતો. મ્હેં તે માત્ર ઉપકારના બદલા તરીકે જ આપ્યું હતું. હજી પણ હું આપની ઋણી છું. આપને એ વચનથી જ કંઇક ખુશી થશે અને આપની માયા મમતાના બદલામાં આપને મ્હારે ખુશી કરવા જોઇએ એટલું જ સમજીને મ્હેં એમ કહ્યું હતું, પણ હવે મ્હારૂં મન કહે છે કે એ આત્મભોગ આપવાને હું તૈયાર નથી."

"આત્મભોગ?—એમાં કોણ તને બાંધી મારે છે? તને હું શું અંધારા ઓરડામાં પૂરી મૂકવાને લઇ જવાનું કહું છું?"

"અરે આત્મભોગ નહિ તો બીજું શું? સ્નેહ વગર કોઇને પોતાનો હાથ—પોતાનું જીવન સોંપવું એના કરતાં કોઇ સમજુ સ્ત્રીને બીજો વિશેષ આત્મ ભોગ કીયો છે? એવી રીતે વેચાણ થઇને રહેવામાં,—સર્વ પ્રતિજ્ઞાનું—પોતાને અતિ વ્હાલા સર્વ વિષયોનું—આ સંસારમાં અનુભવી શકાય એવાં સુખની સર્વ આશાનું બલિદાન આપવા શિવાય બીજું શું છે?"

વળી પાછો ભૂપતસિંહને ક્રોધનો આવેશ આવી ગયો પણ બળાત્કારે તે તેણે રોકી રાખ્યો.

"ત્હારા મનમાં આ ભૂત ભરાવનાર કોણ છે?"

"કોઇ નહિ"—એના સામું મ્હોં ફેરવીને હિંમતથી ચંદ્રપ્રભાએ કહ્યું. "હું મ્હારી મેળે જ ગાઢ નિદ્રામાંથી હવે જાગૃત થઈ હોઉં એમ મને લાગે છે. બાલિકા મટીને હવે હું એકદમ સ્ત્રીત્વ પ્રાપ્ત કરી ચુકી છું એમ સમજી છું અને આ જાગૃતિની સાથે જ—મ્હારા ભૂલભરેલા વચનમાં કેટલું જોખમ સમાએલું છે તેનું મને ભાન થયું છે. તમે જો ખરેખર ભલા હો—કોઇના જીવને દુઃખ દેવાથી દૂર રહેવા માગતા હો—બીજાને તમે ગણો છો તેવા સ્વાર્થી ન હો—મને જેવી રીતે તમે અત્યારસુધી પુત્રીવત્ ગણીને મ્હારા સુખને માટે જ કાળજી બતાવી છે તેવીજ રીતે મ્હારા ભવિષ્યના સુખને માટે પણ કાળજી રાખતા હો—એક અનાથ બાળા તમારા પંજામાં સપડાએલી છે તેટલા માટે જ તેના ઉપર જુલમ ગુજારવા ન ચાહતા હો—તમે અત્યારસુધી કરેલા પરોપકારનું પુણ્ય પૂરેપૂરૂં પામવાની પાત્રતા ધરાવતા હો—લોક લાજથી પણ ડરતા હો—એકવાર જે સ્ત્રીનાં લગ્ન થઇ ચૂક્યાં તેનાં પુનરપિ લગ્ન આ ભવમાં ન થવા જોઇએ—એકવાર જે સ્ત્રીએ પોતાનું અર્પણ કોઇ પુરૂષને કરી દીધું તે સ્ત્રી અન્યની થવાને યોગ્ય નથી એવી આપણી રૂઢીને પણ માન આપતા હો—તો મને આ મુસ્કેલીમાંથી છુટી કરશો."

"ને હું ના પાડું તો?"

"તો હું મ્હારી મેળે મ્હારૂં સૂઝતું કરીશ."

"એમ! એ તો કહેવું સહેલું છે પણ કરવું કઠણ પડશે."

સામસામે એક બીજાને કેમ જાણે પોતાનું થાય તે કરી લેવાની હામ ભીડાવતાં હોય તેમ બંને ધુરકતાં ઉભાં રહ્યાં હતાં.

"આનું નામ તું ઉપકારનો બદલો કહે છે કે?" ગુસ્સાથી લાલચોળ બની જઇને ભૂપતસિંહે બરાડા પાડતો હોય તેમ ઉદ્દગાર કાઢ્યો. "એક પાસથી માન-પ્રતિષ્ઠાની વાતો કરે છે ને બીજી પાસથી—આપેલું પવિત્ર વચન તોડવા માગે છે.—અને તે પણ એક નજીવા કારણસર—તને ગમતું નથી તેથી જ—એ કંઈ ચાલી શકશે? તું એમ ન સમજીશ કે હું તને ત્હારૂં ધાર્યું કરવા દઇશ. ત્હારા મનમાં તો તું મોતીના ચોક પૂરતી હઇશ, પણ આ મરદના ઘા જોયા નથી ત્યાં સુધી ભલે તું ગમેતેમ બોલે. હું ત્હારી પાસે ત્હારૂં વચન પળાવું નહિ તો મ્હારૂં નામ ભૂપતસિંહ નહિ. ત્હારૂં શું ચાલે એમ છે? તું મ્હારા કબજામાં છે. તને ઓળખતું હતું પણ કોણ? ત્હારામાં જે કંઈ આજ આવ્યું છે તે મળ્યું એ ક્યાંથી?—મ્હેં તને ઉચકી

લીધી ન હત તો તું ક્યારનીએ ખાડામાં પડી પડી સડી ગઇ હત, અને ત્હારે માટે મ્હેં આટલું મ્હારા લોહીનું પાણી કર્યું—તને ખમા ખમા કરી—પાણી માગતાં દૂધ આપ્યું—મહા મહા શ્રમે અને ખર્ચે સારૂં શિક્ષણ આપ્યું—તે શું માત્ર ત્હારા મનની એક અવિચારી લ્હેરને તાબે થવા માટે જ ? જો ત્હારે સામાંજ થવું હોય તો પછી તેમાં વાંક ત્હારોજ છે એમ સમજજે. પરિણામનો દોષાર્થી હું નથી. ભલે જોઇએ તો ખરા—કોણ જબરૂં નીકળે છે—આજકાલની તું કે હું. હું તો તને ત્હારા વચન પ્રમાણે જ વર્તાવીશ. હવે તું કેમ છટકી જાઉછું તે જણાશે. હજી પણ છેલ્લીવાર કહું છું કે આ બધા ઢોંગ જવા દે ને સ્વેચ્છાએ મ્હારી વિનતિ કબૂલ કર. તેમાંજ તને છેવટ સુખ છે. એથીજ તું મ્હારા ઉપકારનો કંઇક પણ બદલો વાળી શકીશ. પણ જો બળાત્કારે મ્હારે ત્હારી સાથે લગ્ન કરવાં પડશે તો પછી—હું સોગન ખાઇને કહું છું કે હું તને રીબી રીબીને મારીશ—જરા પણ દયાની મ્હારી પાસેથી આશા રાખીશ નહિ—ત્હારી આખી જીંદગી સુધી ત્હારે પસ્તાવું પડશે.”

બોલતે બોલતે એને એટલો શ્વાસ ચઢી ગયો હતો કે એ વિશેષ કહી શક્યો નહિ. થાકથી જ એ બોલતો બંધ પડી ગયો ને જાણે ગુંગળાઇ જતો હોય એમ લાગ્યું. એના ક્રોધના આવેશથી એનું લોહી એટલું તપી ગયું હતું કે એનાં અંગેઅંગ કંપવા લાગ્યાં હતાં. એના મ્હોં ઉપર પરસેવાના રેલા ચાલતા હતા, આંખો મીંચાઇ ગઇ હતી ને બંને હાથથી રૂંધાઇ હતી.

ચંદ્રપ્રભાના ગળામાંથી એક નાનો સરખો અશ્રાવ્ય ગદ્દગદ સ્વર નીકળી ગયો, અને એનું મ્હોં ઝટ ફરી ગયું. ભૂપતસિંહના આવા કારી ઘા જેવા શબ્દોથી—એના ત્રાસજનક ધુધવાટથી એ બિચારી ડરી ગઇ. પાંજરામાં પૂરાયલા પક્ષીની માફક છૂટવાનાં ફોગટ ફાંફાં મારવા લાગી. રસ્તો તો કંઇ જડયો નહિ પણ એણે નિશ્ચય કર્યો હતો કે ડગવું તો નહિ—છેવટ સુધી હિંમત રાખવી ને પ્રયત્ન કરે જવો. આ માણસ—આ રાક્ષસ—જો એની ધારણામાં ફાવે તો પોતાને શું દુઃખ ન દે તેનો ખ્યાલ આવતાં તેના અંતઃકરણની ઇતર સર્વ વૃત્તિયો દબાઇ ગઇ. એજ ભયાનક સ્વપ્ન આંખ આગળ ખડું થઇ ગયું.—

એનો ડર જોઇ ભૂપતસિંહ મનમાં જરા ફૂલાવા લાગ્યો—પોતાના વાગ્બાણનો પ્રહાર યથેષ્ટ થયો હતો—એનું કોમળ હૈયું વીંધાયું હતું—એ

પક્ષી ધવાયું હતું ને હમણાં જ પોતાના પગ પાસે આવીને પડશે એમ એ હવે માનતો હતો તેથી મ્હોટે સ્વરે કહેવા લાગ્યો:—

"કેમ હવે ત્હારી અક્કલ ઠેકાણે આવીને ? હવે તને ખાત્રી થઇ ચૂકી કે ત્હારે મ્હારી જાળમાંથી છૂટવાનો એકે માર્ગ રહ્યો નથી—તુ પરિપૂર્ણ રીતે મ્હારી સત્તામાં–મ્હારા તાબામાં છે. હું ચાહું તેમ તને નચાવી શકું એમ છું ને ત્હારૂં રક્ષણ કરે એવું આ પૃથ્વી ઉપર કોઇ નથી."

"નથી કેમ ? છે."—ચંદ્રપ્રભાએ એકદમ સામાં આવી ઉંચું માથું કરી ધુરકીને જવાબ દીધો.

"જોઉં તો ખરો કોની મગદુર છે કે તને હાથ પણ અરાડે !" દાંત કકડાવતાં કકડાવતાં ઠાકોરે પ્રશ્ન કર્યો.

"ભૂલી ગયા !—મ્હારા સ્વામી."

આ શબ્દ કાને પડતાં જ તે નસકોરાં ફુલાવીને તિરસ્કાર પ્રકટ કરતો કરતો—મજાકમાં મ્હોટેથી હસવા લાગ્યો.

"ત્હારો સ્વામી ! !—હવે જાણ્યો જાણ્યો એ બાયલો. એનાથી શું થવાનું છે ? લાંચ ખાતર તો એ તને પરણવા ઉભો થયો છે ને ચાર ચાર મહિના થયા પણ હજી તું જીવતી છે કે મરી ગઇ છે તેની ખબરે કાઢી નથી. એનું તને આ કાળે ભાન થાય છે એજ ત્હારી માઠી દશા સૂચવે છે—ત્હારી અધોગતિ બતાવે છે. જે તને પણ ધિક્કારતો હશે તેની પાસેથી તું મદદની આશા રાખે છે ?"

ચંદ્રપ્રભા ખરેખર ચમકી ! આ વિચાર આજ સુધી એને આવ્યો ન હતો. પોતે તેના કૃત્ય વિષે—તેના સ્વાર્થીપણા વિષે—તેની લોભી પ્રકૃતિ વિષે—અહર્નિશ મનન કરવામાં તેનીજ ભૂલ જોતી હતી—પણ પોતે જે એજ કામમાં ભાગ લીધો હતો તેને લીધે તે માણસ પોતાને કેવી ધારતો હશે તેનો ખ્યાલ એને થયો નહતો. હવે એને લાગ્યું—જાણે આકાશમાંથી એક પત્થર એકદમ પડ્યો હોય તેમ ધાશકો લાગ્યો. "જેમ મને એ માણસને માટે તિરસ્કાર આવે છે તેમ એને મ્હારે માટે પણ શા માટે ન આવવો જોઇએ ? અરે એની પાસેથી મ્હારે આશ્રયની—રક્ષણની—બચાવની શી આશા રાખવી ? મ્હારો એનાપર હક શો છે ? હું એને કદી શોધી શકું–મ્હારી કફોડી સ્થિતિ જણાવી શકું તો પણ એનું હૃદય મ્હારા તરફ આકર્ષાય જ શાનું ?"

એનું હૃદય પીગળતું હોય એમ જણાવાથી ભૂપતસિંહને વળી વિશેષ જોર આવ્યું તેથી પોતે મારેલી ફાંસ વધારે મજબૂત કરવાના હેતુથી—એનો ભય દ્વિગુણિત કરવાની મતલબે—એ કેવળ નિરૂપાય છે એમ સિદ્ધ કરી આપીને પોતાનેજ સ્વાધીન થયા સિવાય એને બીજી ગતિ નથી એમ સમજાવવા માટે—તે કહેવા લાગ્યો કે:—

"તું તો કાગળીયાંમાં સહી કરતી રહી પણ એણે તો દાવો એ દાખલ કરી દીધો છે ને હવે તમારો સંબંધ રહેવાનો એ કયાં છે? હવે કોઇની મદદની આશા રાખવી ફોકટ છે. માટે ડાહી થઇને વિચાર કરી જો કે ત્હારૂં સુખ શામાં છે. મને કે કમને ત્હારે મને વશ તો થવાનું છે જ, તો પછી ખુશીથી હા શા માટે પાડતી નથી? હવે છેલી વાર હું ત્હારો જવાબ માગું છું. કેમ છે? હા કે ના?"

"ના—ના—હજાર વાર ના—આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી હું તો તમારે તાબે થવાની નથી નથી ને નથી જ. મને ચાહે તો દરિયામાં જીવતી ડુબાવી ધો—ચાહે તો સર્પથી ભરેલા ઓરડામાં કેદ કરો—અગ્નિ સળગાવીને બાળી મૂકો—રીબાવી રીબાવીને—ભૂખી તરસી રાખીને મારી નાંખો પણ હું મ્હારા સિદ્ધાન્તમાંથી ડગવાની નથી. પિતા ઉઠીને પુત્રીને પરણવા માગે એવું કંહીએ સાંભળ્યુ છે? જરા પ્રભુનો તો ડર રાખો!"

એ બિચારી એવા આવેશમાં આવી ગઇ હતી કે ભૂપતસિંહે તેને માત્ર ડરાવવા ખાતર ખોટી ગપ જ મારી હતી—કેશરીસિંહને તેની સામે દાવો લાવવાનું કંઈ કારણ ઉપસ્થિત થયું ન હતું—તેથી તેને તો તેવું કરવાનું કંઇ હતું જ નહિ એ વાતનો વિચાર તે વેળા એને આવ્યો નહિ. એ તો મરવાને પણ તત્પર થઇ હતી ત્યાં પછી અન્ય કોઇની એને અપેક્ષાજ કયાંથી હોય?

આ એનો છેવટનો જવાબ સાંભળીને ભૂપતસિંહના છક્કા છૂટી ગયા. એને કંઇક આશાના અંકુર ઉભા થયા હતા તે બધા ઢળી પડયા. પોતે સામદામાદિ પ્રયોગો અજમાવ્યા પણ તે સર્વ નિષ્ફળ ગયા એમ જાણીને એનો ક્રોધ અતિશય પ્રજ્વલિત થયો. એનું ચાલત તો એ ત્યાંને ત્યાંજ એને ઠાર કરત. પણ આટલા બધા લોકોની વચ્ચે પોતાની ફજેતી કરાવવી ઠીક નહિ—હાથે કરીને પોતાના ઉપર ખુનનો આરોપ લાવવો એ કેવળ મૂર્ખાઇ છે એમ તે જ ક્ષણે લાગવાથી તે દાંત પીસતો પીસતો એની નજીક

ધસતો ધસતો—મૂઠી વાળીને એની સામે ધરતો ધરતો—ધુરકવા લાગ્યો:—"ઠીક છે—ઠીક છે—હજી ત્હારો જુસ્સો નરમ પડ્યો નથી. મિજાજ ઠેકાણે આવ્યો નથી પણ યાદ રાખજે કે તને જો હું પાણી પાણી કરી ન નાંખું—ત્હારો મદ ન ઉતારૂં તો મ્હારૂં નામ ભૂપતસિંહ નહિ. જોઉં છું તું કેવી મ્હારા સામી થાય છે. આપણાં લગ્નની હું હમણાં જ વાત ચલાવું છું—પછી તું કેમ છટકી જાય છે તે જણાશે."

આ વેળા તે એની છેક નજીક આવી પહોંચ્યો હતો. તેનો ગરમ શ્વાસ આ બિચારી બાળાના મ્હોં ઉપર સર્પના મ્હોંમાંથી નીકળતી ઝેરી ફુંકની પેઠે ઉડતો આવતો હતો. એને બ્હીક લાગી કે કદાચ હાથ ઉગામી બેસશે પણ એ જરાએ ડગી કે હાલી ચાલી નહિ—જે થાય તે ખમવાને તૈયાર હોવાથી પાષાણની પ્રતિમાવત્ સ્થિર જ રહી. એનું અપરિમિત આવું મનોબળ—આવી અસાધારણ દૃઢતા—આવી અડગ નિર્ભયતા—જોઇને ભૂપતસિંહ ચકિત થઇ ગયો અને એને શાપ દેતો દેતો એની પાસેથી નીકળીને ધીમે ધીમે પાસેના ઓરડામાં ચાલ્યો ગયો.

પ્રકરણ તેરમું.

એક અભિનવ સાહસ.

ચંદ્રપ્રભાની મોટરની પાછળ પાછળ કેશરીસિંહ તથા બિશનદાસ જે મોટરમાં જતા હતા તે ધમધોકાર ભૂપતસિંહના ભવન ભણી દોડતી હતી. તેના વેગે જાણે કેશરીસિંહના મનમાં પણ પ્રવેશ કર્યો હોય તેમ તે અધિક ચંચળ—અધિક અધીરો—બનતો જતો હતો. ક્યારે એને મળું—એની સાથે આ રૂમાલ આપવાને મિષે કંઇ વાત કરૂં—એ પહેલી જ ઉતરીને મિજલસમાં દાખલ થઇ જશે તો મ્હારી આશા સર્વ વ્યર્થ જશે—મ્હારે મળવાનો લાગ જતો રહેશે—એ બ્હીકથી મોટરવાળાને ઘડી ઘડી વધારે ઝડપથી ચલાવવાની પ્રેરણા કરે જતો હતો. બંને જણનાં મન અતિ ઉત્સુક છતાં કોઇ કંઇ બોલ્યાચાલ્યા વિના શાન્તજ બેસી રહ્યા હતા. કેશરીસિંહના મનમાં ગડભાંગ થતી હતી કે આમ કોઇ અજાણી અબળાને હું પારકે ઘેર—વગર તેડે જઇને મળવાનું સાહસ માથે વ્હોરી લઉં છું તેનો પરિણામ

કેવો ગંભીર આવશે? મને કોઇ ઓળખી કાઢશે તો શું થશે? વગર આમંત્રણે જતાં કોઈ રોકશે તો હું શું કરીશ?—ગમે તેમ થાય પણ હવે આ માંડ્યું છે તે તો પૂરૂં કરવું જ એવો પાછો સંકલ્પ થયો—ચંદ્રપ્રભા દુનિયાને છેડે જવા નીકળી હત તો ત્યાં પણ આ વેળા એની પાછળ પાછળ જાત.—દરિયામાં જાત તો એ પી પાછળ પડત. એક રીતનું અંધત્વ આ વખતે એની અંતર્ગત ચક્ષુને ઘેરી લેતું હતું તેથી બીજી તરફનો વિચાર એને સૂઝતો નહતો. કંઇક નવીન ગમત મળશે—એ રમણીનાં ફરીથી દર્શન થશે—એની પાસે જઇને એના લાવણ્યનું પાન તૃપ્તિપર્યંત થશે—ચક્ષુ કૃતાર્થ થશે—જન્મ સાર્થક થશે—દૃષ્ટવ્યની સીમા નિહાળાશે—એની પડી ગએલી નાજુક ચીજ એને આપવામાં એનો હસ્તસ્પર્શ પણ કદાચ થશે—એના ઉપકાર દર્શક શબ્દ સાંભળવામાં અમૃતરસનો સેક કર્ણદ્વારા થશે—એનું હાસ્યયુક્ત મુખારવિંદ, એનો મોહજનક ભાવ નાટકમાં જોયો હતો તે ફરી પાછો જોવાનો અલભ્યલાભ મળશે—એવા એવા તર્કવિતર્કના વમળ મનમાં મોટરની વધતી જતી ગતિની સાથે ઉદ્દભવતા હતા.—અહા-શો એનો કંઠ—શો અદ્દભુત અભિનય! શી આંખની ખુમારી! શો કોમળ કેશકલાપ—શું એનું અત્યુત્તમ સર્વાંગ સૌંદર્ય—જેનો બહિરાકાર આવો ચિત્તભેદક છે તેનું મન કેવું રસિક હશે? એનો અંતરાત્મા પણ નિશ્ચય એવોજ સુંદર હોવોજ જોઇએ. પણ હજી એ નિદ્રાવસ્થામાં છે એવો એને વહેમ પડતો હતો. પ્રભુ કરે ને એને જાગૃતિમાં આણવાનું મ્હારાજ સદ્દભાગ્યમાં લખ્યું હોય તો? કોઇ પ્રેરણા શક્તિ એમ કહેતી કે એમજ થશે—તેથી એનો ઉત્સાહ વૃદ્ધિ પામતો હતો. તેનો અવર્ણ્ય સુગંધમય—મીઠી સુવાસ મ્હેકાવતો—અતિ કોમળ તંતુઓથી બનાવેલો—નાનો નાજુકડો રૂમાલ પોતાના હાથમાં હતો તે ઘડી ઘડી નાક આગળ ધરીને તેનો સુગંધ પોતાના હૃદયમાં ઉતારતો, જાણે તેની મનોમય મૂર્તિનું સ્પર્શ-સુખ એ અનુભવતો હતો. આ વખતે પેલી મધ્યરાત્રે અનુભવેલો કોમળ કર-સ્પર્શ તેને સાંભરી આવ્યો - તે કરની ધવલતા—તેનું અપ્રતીમ લાવણ્ય—નજર આગળ ખડું થઇ ગયું પણ એ અને આ કંઇ એક તો હોયજ નહિ. એવું પાછું એના મનમાં સ્ફુરી આવ્યું એટલે એ વાત વિસારે પાડવા ગયો પણ કોણજાણે કેમે તેની સેળભેળ એના મગજમાં થતી હતી તેને એ અટકાવી શકયો નહિ.

એટલામાં બિશનદાસની અધીરાઇએ જોર કર્યું.—"આપણે આમ

ક્યાં જઇએ છીએ ?"

"કેમ ? ત્હેં સાંભળ્યું નહતું ?"—હસતે હસતે એના ઉતરી ગએલા મ્હોંને માટે એની મજાક કરતાં કરતાં કેશરીસિંહે જવાબ દીધો:—

"ભૂપતસિંહના ભવનમાં—બીજે ક્યાં ?"

"પણ ત્યાંથી આપને આમંત્રણ તો આવ્યું નથી—કહે છે ને ત્યાં આજ મ્હોટી મીજલસ છે. કાર્ડ વગર તમને પેસવાએ કોણ દેશે ?"

"અરે જા રે જા !—કોની મગદૂર છે કે મને અટકાવે ? તું જરાએ ડરતો નહિ—વળી ત્યાં મ્હારે કામ પણ છે."

બિશનદાસ કંઇ સમજ્યો નહિ તેથી આંખ ફાડીને જોઇ રહ્યો.

"જો—દીઠો આ રૂમાલ ? એ મ્હારે એના માલિકને પાછો સોંપવો છે." એમ કહેતાં કહેતાં તે ઉંચો કરીને તેણે પોતાના હોઠ સાથે દાબ્યો. "કેમ, કોઇની ખોવાયલી ચીજ આપણને જડે તે પાછી આપવા જતાં આપણને કોઇ રોકે ખરૂં કે ?"

"અરે વાહ રે વાહ ? હજી આજ જ જોઇ એટલામાં તો કંઇ મોહી પડયા જણાઓ છો ને શું ? હજી ઓળખતા નો છો નહિ ને મળ્યા એ નથી તે પહેલાં આટલી બધી એને માટે લાગણી ક્યાંથી થઇ ?"

"એમાં શું આશ્ચર્ય છે ? એનો માલ કંઇ પચાવી તો પડતો નથી—પાછો આપવો છે. એની ખુશબોથી જ મ્હારૂં મન તર થઇ જાય છે તેથી જરા લોભ લાગ્યો છે."

"પણ આમ કરતાં જોખમ માથે આવી પડશે તેનો વિચાર કર્યો ?"

"જોખમ શેનું ?"

"ચંદ્રપ્રભાને તમે ભૂપતસિંહને ત્યાં ભરી મીજલસમાં મળશો તે શું ઓળખાઇ નહિ જાઓ ? કેમ જાણ્યું એમાં કોઇ પેલા બુરખાવાળા નહિ હોય ?"

"ભલે ને હોય—એ મને શું કરી નાંખનાર છે ? એ લોકને આગળ આવવાનું કારણ આપવાને તો હું આવ્યો નિડર બન્યો છું. હું જાણવા માગું છું કે એ ધા કરનાર કોણ છે માળી ટકો ફૂલ લેશે. એ લોક બહુ તો એ..ન. પૈસા પાછા માગશે એ જ કે બીજું કંઇ ? તે તો હું એમને હમણાં ને હમણાં જ આપી શકું એમ છે. પછી મ્હારે બીજી શી ફીકર ? એ એમ

માનના હશે કે હું ભીખારી છું તેથી મ્હેં ચેક વટાવી ખાધા હશે ને નાણાં પાછાં આપવાની શક્તિ મ્હારામાં નહિ હોય તેથી મને ફજેતો પાડીને કોર્ટમાં ઘસડી પોતાનું ધાર્યું પાર પાડશે પણ તેમાં તો એ ખાંડ ખાય છે. આ ચંદ્રપ્રભાને મ્હેં જોઇ ત્યારથી જ મ્હારા મનમાં કંઇ એવી વૃત્તિ ઉત્પન્ન થઇ છે કે મ્હારાં લગ્ન એની સાથે જ થવાનાં છે. હું તને નાટકશાળામાં જ ન્હોતો કહેતો કે અમારૂં એનું ભવિષ્ય કહીંકથી સંધાયલું છે એમ મને પ્રેરણા થાય છે. જેમ જેમ આપણે એની પાસે જઇએ છીએ તેમ તેમ મ્હારો એ મનોભાવ દૃઢતર થતો જાય છે, તેને હું નિવારી શકતો નથી."

"એ બધી પ્રેરણાની ને પ્રવાહની વાતો તો તમારી જાણી પણ મનની મનમાં રહી જશે. તમે તો ક્યારનાએ પરણી ચૂક્યા છો તે હવે ક્યાંથી પાછા પરણનાર હતા? વળી ચંદ્રપ્રભા પણ કેમ જાણ્યું નવરી હશે તે તમને જ વરશે? આખા શહેરમાં તમારા કરતાં કોઇ વધારે મોજીલો મનગમતો વર એને મળતો જ નહિ હોય કેમ?"

"પહેલી વાત ત્હારી છે તો ખરી પણ મ્હારી પરણેતરે મ્હારાથી છૂટા છેડા મેળવ્યા હશે એટલે હવે એ લફરૂં ક્યાં મ્હારે ગળે વળગવાનું છે? એ એને રસ્તે ને હું મ્હારે રસ્તે. હવે તો હું છૂટો છું તે ગમે તેને ઉઘાડી રીતે પરણી શકું, પણ ત્હેં બીજી વાત કરી તે જરા વિચારવા જેવી ખરી. હજી આપણે એની જોડે વાતે કરી નથી તે પહેલાં અનુમાન કરવું એ તો ખોટું કહેવાય."

"જોજો ભાઇના ઢંગ—હમણાં તો પેલી બિચારીના કોમળ હસ્તસ્પર્શથી ઉલ્લાસ પામતા પામતા—એના સ્મરણમાં જ લીન રહેતા હતા—અને હમણાં એ 'લફરૂં' કાઢી નાંખવાને તત્પર થયા છે."

"પણ એ તો ચંદ્રપ્રભાને જોઇ ત્યાર પહેલાંની વાત. પહેલીનું કેવળ મનોમય સ્મરણ છે, અને આનું તો પ્રત્યક્ષ દર્શન છે. સ્મરણને ચિરકાળ નભાવીને શા કાંદા કાઢું? મને ઓછી જ એ ફરીથી મળવાની છે કે હું એને ઓળખી કઢાવાનો છું? મને એ કદાચ મળશે ને ઓળખશે તો મ્હારો તિરસ્કાર જ કરવાની, કેમકે મ્હેં એના સુખની અવગણના કરી છે ને કેવળ લોભીલાલનો જ વેષ ભજવ્યો છે. ક્યાં એનું સ્મરણ અને ક્યાં આ જીવતી જાગતી—કોમલતાની—લાવણ્યતાની—સૌંદર્યની—સજીવન પુતળી! —આવી તો લલના મ્હેં મ્હારા જન્મારામાં કહીં જોવાની આશાએ ન્હોતી રાખી. એનાં સાક્ષાત્ દર્શન આગળ એ સ્મરણ—એ સ્વપ્ન—ટકી શકે ખરૂં?"

બિશનદાસે જાણ્યું કે હવે બહુ કહેવામાં કંઈ માલ નથી—એનું મન તો લબક્ષબ થતું હતું. આગળની મોટરમાં ચંદ્રભાની સાથે જુગલ છે અને એને મળવાનો લાગ કેશરીસિંહની સાથે જવાથી જ મળે એમ છે એટલીજ આશા એની હિંમત ટકાવી રાખતી હતી. એટલું જો પ્રોત્સાહન ન હત તો ત્યાંનો ત્યાંજ મોટર રોકાવી ને એ તો બ્હાર કૂદી પડી ક્યારનોએ પોબારા ગણી ગયો હત. પોતાના મિત્રનું જે થવાનું હોય તે થાઓ પણ આપણે તો એવું જોખમ ખેડવાના નથી એમ એ કદાચ નિશ્ચય કરત.

" સાચું કહું—બિશન ? તને ગમે તેમ પરસ્પર વિરોધ લાગતો હોય—મ્હારૂં આચરણ અયુક્ત જણાતું હોય—પણ મ્હારા મનમાં કોણ જાણે કેમ—એવું જ થયાં કરે છે કે જે સુકુમાર કરનો મ્હેં મુખાસ્વાદ લીધો છે તે કરવાળી યુવતીનું સ્મરણ અને આ ચંદ્રપ્રભાના દર્શનથી ઉદ્‌ભવતો મનોભાવ વિરૂદ્ધ નથી. મને શા કારણથી આમ લાગે છે તે હું સમજાવી શકતો નથી પણ એવી કંઇક પ્રતીતિ થાય છે એટલુંજ હું સમજી શકું છું. એની અસર કંઇક વિચિત્ર જ છે. ઘડીકમાં મને પેલીનો ત્યાગ કરવા માટે મ્હારા પોતાના ઉપર તિરસ્કાર આવે છે—મ્હારા મનની અસ્થિરતા—ચંચળતા માટે ક્ષોભ થાય છે ને ઘડીમાં પાછાં એ બે એકનાં એક ભાસે છે ને મ્હારૂં આચરણ જેવું હોવું જોઇએ તેવું જ મને લાગે છે. સંસારમાં માયાનો પ્રપંચ બહુ વિચિત્ર છે. એની જાળમાં કોઇ ફસાયા વિના રહેતું નથી, અને તેમાંથી છૂટકારો કેવી રીતે થઇ શકશે તે કોઇ આગળથી જાણી શકતું નથી."

જોતા જોતામાં એમની મોટર ભૂપતસિંહના ભવનના દરવાજા પાસે આવી પહોંચી. પહેલી મોટરથી તેઓ માત્ર બેચાર હાથ જ છેટે હતા. તેઓ એકદમ ઉતરીને આગલી મોટરમાંથી કોણ ઉતરે છે તે બરાબર જોવાય એવે સ્થળે ઉભા રહ્યા. બે સ્ત્રીઓ તેમાંથી નીકળીને ઉપર ગઇ.

બિશનનું હૈયું પાછું ધબકવા લાગ્યું.

" ભાઇ જોયું—એની સાથે કોણ હતું ? "

" ના ભાઇ, મ્હારી દષ્ટિ તો બધી એનામાં જ રમી રહી હતી એટલે મને એવો પ્રશ્ન પૂછવો નિરર્થક છે. "

" વાહ—જુગલને પણ ન ઓળખી શક્યા ? "

" શું અલ્યા આપણી જુગલ !—વાહરે વાહ—ત્યારે તો તુએ આ

મ્હારા સાહસમાં સામેલ જ છે ને ? ત્હારાથીએ ક્યાં છૂટાય એમ છે ? હવે તો ખૂબ ગંમત પડશે હોં. ચાલ ચાલ એ કપડાં બદલે એટલીવારમાં આપણે પહોંચી જઇએ, નહિ તો કરી મહેનત પાણીમાં જશે. હવે આ ત્હારૂં તોબરા જેવું મ્હો ક્યાં સુધી આમ ચઢેલું ને ચઢેલું રાખીશ ? જુગલ, જુગલ, કરતો'તો તે જુગલે તને તો મળી. હવે તો જરા હસ—જરા આનંદી થા—એને ભેટવાને દોડ. "—એમ કહેતો કહેતો એનો હાથ ઝાલીને ઝટ ઝટ બંગલાના હૉલમાં જવા માટેની સીડીપર તે ચડવા લાગ્યો. મોટરમાં આવેલા અને વસ્ત્રાદિ પણ સારાં તેથી તેમને આમંત્રેલા જ ધારીને કોઇએ રોકયા નહિ.

ઉપરની ગેલરીમાં પહોંચતાં જ એક નોકર સલામ કરતો કરતો આવીને પાસેના એક ખંડમાં તેમને તેડી ગયો.

" હવે તો આપણે સાચેસાચુંજ યાહોમ કરીને ઝંપલાવ્યું છે. " બિશનદાસના કાનમાં કેશરીસિંહ કહેવા લાગ્યો. " હવે કંઇ પાછી પાની કરાય તેમ નથી. "

તેઓ જે ઓરડામાં ઉભા હતા તે તથા તેની સાથેના બધાએ, રોશનીનો પ્રકાશ ભીંતે ટીંગાડેલા અરીસાઓમાં પડવાથી તેજના-ભંડાર હોય તેમ ઝગઝગતા હતા. તેમની અંદરની સર્વ વસ્તુઓ દિવસે શોભા આપતી હતી તે કરતાં આ મૃદુ પ્રકાશમાં અધિક રમણીય લાગતી હતી. દિવાલોપર ટાંગેલાં વિવિધ પ્રકારનાં ચિત્રો પણ જાણે હમણાં વાત કરશે એવાં આબેહુબ જણાતાં હતાં. વચલા હૉલમાં હજી બધા ચંદ્રપ્રભાની રાહ જોયાં કરતા હશે પણ તેને લીધે કંઇ નૃત્ય-ગાનમાં ન્યૂનતા દેખાતી નહતી. ટન્જોરની બે પ્રખ્યાત નર્તિકાઓનો નૃત્યાભિનય તે વેળા એવો જામ્યો હતો કે સર્વ તેમના ભાવભાવ લક્ષપૂર્વક જોવામાં—તેમના મૃદુ પદસંચારને લીધે પગના ઘુઘરામાંથી સ્પષ્ટ નીકળતા મૃદંગના મ્હોરાના અક્ષરે અક્ષરનો મધુર ધ્વનિ સાંભળવામાં નિમગ્ન થઇ ગયા હતા, અને ચારે પાસ પરિપૂર્ણ શાન્તિ પ્રસરી રહી હતી. આ બે જણા દૂર ઉભા ઉભા આ ચિત્તાકર્ષક દેખાવ જોયાં કરતા હતા, પણ કેશરીસિંહ ચંદ્રપ્રભાની શોધમાં આમતેમ ડોકીઆં કરતો હતો. એ કયા ખંડમાં હશે તે હજી તે જાણી શકયો ન હતો.

"આટલાંમાં તો એ કંહી દેખાતી નથી"-એમ એને ઉદ્દેશીને તે બોલ્યો.

" ના "—પોતાની જુગલને સંબંધે વાત હશે એમ સમજીને બિશનદાસે જવાબ દીધો.

તેઓ બીજા ખંડોમાં તપાસ કરવા માટે ધીમે ધીમે ફરવા લાગ્યા. જતાં જતાં કેશરીસિંહે કહ્યું—"બિશન ! આપણે હાથે કરીને આપણો પત્તો તો ન જ આપવો હો—અત્યારે તું મને મ્હારા મૂળ નામથી બોલાવતો કે ઓળખાવતો નહિ. મને લાગે છે કે જો હું બેચાર કલાક નામ બદલીશ તો ગંમત વિશેષ પડશે. આપણને ઓળખે એવું ભાગ્યે જ કોઇક અંહી હશે. હવે હું રાવળ હરિસિંહ છું.—જોજે ભૂલ કરીને ભરમ ભાંગી નાંખતો."

"ના-ના-એમ તે, સાહેબ, કંઇ હું ભૂલી જાઉં એવો મૂર્ખ છું? પણ મને આ ઢોંગ ગમતો નથી. મ્હારા દિલમાં તો લખલખ થયાં કરે છે ને હમણાં કોઇક પકડીને બહાર ફેંકી દેશે એમ થાય છે."

"અરે મૂર્ખ ! તું તો હજીએ એવોજ નાહિંમત રહ્યો. કોણ તને બાંધી મારનાર છે? હમણાં તો નક્કી એજ બનવાનું છે કે-આપણને આપણી પ્રિયતમાઓનાં સાક્ષાત્ દર્શન થશે-ને એના કરતાં વિશેષ આનંદની વાત બીજી કઇ હોય?"

"પણ આ તે કંઇ ઠીક કહેવાય? એક તો આપણે ખોટે બહાને દાખલ થયા ને વળી પાછું ખોટું નામ પણ ધારણ કરીએ છીએ."

"ખોટું કોણે કહ્યું? કેશરીસિંહ ને હરિસિંહમાં ફેર કોણ કહે છે? એ તો ન સમજતા હોય તેને માટે છે પણ તને આમ કેમ આજ કંઇક ભૂત ભરાયું છે તે તું આવો બેબાકળો થઇ ગયો છે?"

"ભાઇ મ્હારાં તો આજ ગાત્રજ ગળી ગયાં છે."—એમ કહેતાં એ જરા ડરીને આમ તેમ જોતો જોતો ચમક્યો. જાણે વીજળીની બેટરીનો જ ધક્કો લાગ્યો હોય તેમ સ્તબ્ધ બની ગયો ને કેશરીસિંહ તેની પાસે આવી નરમાશથી કારણ પૂછવા લાગ્યો તેના જવાબમાં એ આંગળી કરીને બોલ્યો કેઃ—

"જુઓ તો ખરા !—પેલી એ આવે."

આટલું બોલતાં બોલતાં એનો તો જાણે શ્વાસ રૂંધાઇ ગયો. કેશરીસિંહ કુદકો મારતો હોય તેમ મ્હોં ફેરવીને બતાવેલી દિશાભણી જોતો જોતો વળી બોલ્યો—"પેલી તે કોણ? ચંદ્રપ્રભા!"

"ના-ના-જુગલ."

આ શબ્દ બોલાયા એટલામાં તો જુગલ પાસેના ખંડમાં થઇને બ્હાર નીકળી અને આ જોડું અચાનક આમ ખુલ્લા પ્રકાશમાં જાણે આકાશમાંથી

જ એકદમ કેમ અચાનક ઉતરી આવ્યું હોય તેમ પોતાની પાસે ઉભેલું જોઇને જરા ખમચી. ડોળા કાઢીને તેમની સામે જોતી જાય અને આંખોએ દેખાય છે તે સાચું કે સ્વપ્નું એમ વિચાર કરતી જાય. આખરે ઓળખાણુ પૂરી થતાં આશ્ચર્યસૂચક પ્રશ્ન કરતી બોલી:—

"અહો ! આ તે કંઇ આભ ફાટ્યું કે શું ?"

બિશનદાસ બિચારો ગભરાઇજ ગયો ને પૃથ્વી માર્ગ આપે તો અંદર સમાઇ જાય એમ ધ્રુજતો ધ્રુજતો દૂરજ ઉભો પણ કેશરીસિંહ સ્વસ્થ બનીને તેની પાસે આવ્યો.

"કેમ જુગલ બેન, ખુશી તો ખરાં ?"

એકાદ ક્ષણ જુગલ ભારે ખમ થઇને વગર બોલે ચાલે ઉભી રહી ને તેની સામેજ ટગર ટગર જોઇ રહી.

"કેમ આજ અમને ફરીથી પાછા આવેલા જોઇને તમને કંઇ આનંદ થતો નથી ?"

"મ્હેં તો આપને ઓળખ્યાએ નહિ. હું તો ભૂલીજ ગઇતી." જુગલે જરા માથું ધૂણાવીને મન સ્થિર કરીને ઉત્તર વાળ્યો. બિશનદાસ પાસે ઉભો હતો તેના તો સામુંએ જોતી ન હતી.

"યાદશક્તિ કંઇ બહેર મારી ગઇ હશે, ખરૂં ? મને ઓળખ્યો ન હોય તો જોઇ લ્યો આ રાવળ હરિસિંહ."

"રાવળ હરિસિંહ !"

"હા, હમણાં થોડાક કલાક એ રૂપેજ રહેવાનું છે અને આ (બિશન દાસ ભણી હાથ કરીને)-મ્હારો જીવજાન દોસ્ત."

"જુગલ ! બ્હાલી જુગલ !—મને છેકજ આમ વિસરી ગઇ ? મ્હારી જોડે એક શબ્દે નહિ બોલે ?"

જુગલ એના સામુંએ શાનું જુએ ? જાણે ત્યાં એ ઉભોજ નથી એમ ગણીને એકલા તેના મિત્રને સંબોધીનેજ એતો વાત ચલાવતી હતી.

"પણ આમ કંઇ નામ બદલવાનું કારણ ?"

"હાલ તો એ કારણ કહેવાય એવાં નથી.–" હસતે હસતે કેશરીસિંહે જવાબ દીધો. "પણ મ્હારા મિત્રને પૂછશો તો કંઇક વધારે ખુલાસો કરી શકશે ખરો. હું જરા જરૂરી કામ માટે જાઉં છું. તમે બંને પેટભરીને ગઇ

ગુજરી વાતો કરી લ્યો. તમારી મદદની પણ કંઈક મ્હારે જરૂર છે."

"મ્હારી!" જુગલ બોલી.

"હા–તમારી. મને કહેશો કે ચંદ્રપ્રભા હમણાં ક્યાં હશે?"

જુગલ ચમકીને તેના સામું જોતી જોતી બોલીઃ—"તમારે તે વળી ચંદ્રપ્રભાનું શું કામ છે?"

"હાલ તો બીજું કંઇ નથી—જરા નિશ્વાસ નાંખતે કેશરીસિંહ બોલ્યોઃ—"માત્ર આ એમની ચીજ એમને પાછી સોંપવી છે."–એમ કહીને પેલો રૂમાલ બતાવ્યો.

"ઓહો!–એટલુંજ ને–લાવોને હું આપી આવું"—હાથ લાંબો કરીને રૂમાલ માગતી હોય એમ જણાવતે જુગલ બોલી.

"ના–ના–માફ કરો–એ કામ તો મ્હારેજ કરવાનું છે."—રૂમાલ દૂર ખેંચી લેતે લેતે એણે જવાબ દીધો. એમ કહીને એ જે બારણામાંથી જુગલ આવી હતી તે બારણા ભણી જવા લાગ્યો–પણ જતે જતે વળી પાછો ફરીને કહેવા લાગ્યો કે—

'જુગલ!–બિશનનો કંઇ વાંક નથી હો.–એણે જે કંઇ કર્યું છે તે માત્ર મ્હારે માટેજ છે. મ્હારા ઉપરનો એનો સ્નેહ અને એની ભક્તિ એવી દૃઢ છે કે હું એનો બદલો વાળવાને અસમર્થ છું. તમને એનું આચરણ અલબત દોષ યુક્ત લાગશેજ. પણ જો તેને માટે ઠપકો ઘટતો હોય તો તે મને દેજો. એની સાથે તો તમારો પૂર્વનો સ્નેહ સંભારીને જ વર્તજો.—એને ઓછું આવવા દેશો નહિ, એ બિચારો તમારે માટે પાણીની બહાર પડેલા મત્સ્યની માફક તલપે છે."

હાસ્યયુક્ત મુખમુદ્રા સાથે ઉપરનું સંભાષણ સમાપ્ત કરતાં જ તે ત્યાંથી નીકળી ગયો.

પ્રકરણ ચૌદમું.

પ્રિયજનનું પુનર્દર્શન.

ભૂપતસિંહના ગયા પછી હૃદય—વ્યથા અસહ્ય લાગવાથી ચન્દ્રપ્રભા પાસેની ખુરશીમાં ઢળી પડી અને વિચારમાં ગોથાં ખાવા લાગી. બધા વખત કરતાં આ વખતનો તેમનો મેળાપ અતિ સંકષ્ટમય હતો. હવે એ આયાસનો અંત આવતાં તેના પ્રત્યાઘાત રૂપે શિથિલતા એના સર્વ અંગે અંગમાં વ્યાપી ગઇ. પણ તેની સાથે એના મનમાં એક પ્રકારની શાન્તિ પણ પ્રસરી ગઇ. પોતે સ્વતંત્ર થવાને પહેલું પગલું ભરી ચૂકી હતી. પોતાની આસપાસ વીંટાયલી જાળમાંથી છૂટવાનો પ્રથમ પ્રયત્ન કરી ચૂકી હતી. એજ એના મનનું સાન્ત્વનકારક હતું.—અને આવા પ્રત્યેક કામમાં પહેલું પગલું ભરવાની હિંમત આવવી એજ મ્હોટી વાત છે. વધારે ડર મનુષ્યને લાગે છે તે પ્રથમ પગલું ભરતાંજ. પણ એમ કરવાથી એને પોતાને હાનિ થશે કે લાભ તે તો હજી કંઇ કળાય એમ ન હતું. વિપક્ષી અતિ બળવાન્—વગ વસીલાવાળો અને સમૃદ્ધિવાન હતો ત્યારે પોતે એક અનાથ—નિરાધાર—અબળા હતી. એ ધારે તો પોતાને હરાવી શકે એમાં નવાઇ ન હતી. એ જો બધે જઇને પોતાની સાથેનાં લગ્નની વાત જાહેર કરી આવે તો પછી પોતાને શી રીતે આ જાળમાંથી છૂટવું? એણે કહ્યું હતું તેમાં ખોટું એ શું હતું? મ્હારો પક્ષ કોણ લેનાર છે? હું કોને આધારે સામી ટક્કર ઝીલી શકું એમ છે? મને જે મદદ કરી શકે એમ છે—તે—મ્હારા સ્વામી—હાલ અંહી આવ્યા છે એમ કહે છે. પણ હું એમની પાસે યાચના કરવા એ શી રીતે જઇ શકું? જેણે દ્રવ્ય-લોભને માટે પોતાનો આત્મા વેચ્યો ને મને અંધારા કુવામાં ઉતારી તેની પાસે હું દીન થઇને મદદ માગવા જાઉં?

આ વિચાર આવતાંની સાથેજ કોઇકનો પદસંચાર બારણાં આગળ થતો સંભળાયો તેથી તે ઉઠીને બેઠી થઇ. કેશરીસિંહનું અંદર પેસવું અને એનું ઉઠવું—બંનેની મળી દૃષ્ટોદૃષ્ટ. વાસ્તવિક રીતે તો એ ક્યારનોએ ધીમે પગલે આવીને બારણું અધખોલું કરીને એને ચુપકીથી નિહાળતો ઉભો હતો. પણ હવે બંનેની આંખેઆંખ મળતાં તે જરા આગળ વધ્યો ને આમ તેના એકાન્ત વાસમાં વગર પૂછે આવવાની ધૃષ્ટતા કરવા માટે

ક્ષમા માગવા લાગ્યો. ચંદ્રપ્રભાએ જરા મસ્તક નમાવીને તેની વિનતિનો જાણે સ્વીકાર કરતી હોય એમ દર્શાવ્યું પણ તે કંઇ બોલી નહિ. કેશરીસિંહ વળી જરા આગળ આવીને બોલ્યોઃ—

"આજ આપનું મધુર ગાયન નાટકશાળામાં શ્રવણ કરવાનો મને અલભ્ય લાભ મળ્યો એ હું મ્હારાં સુભાગ્ય માનું છું."

ચંદ્રપ્રભાએ દૃષ્ટિ ઉંચી કરી એની તરફ જોયું. એનો અવાજ કેમ જાણે પરિચિત હોય તેમ પૂર્વકાળનું કંઇક ભાન કરાવવા લાગ્યો—સૂતેલી સ્મરણશક્તિને જગાડવા લાગ્યો. આ સ્વર પૂર્વે મ્હેં ક્યાં સાંભળ્યો હતો એવો પ્રશ્ન તે પોતાને પૂછવા લાગી.

"આપને મ્હારો પ્રયોગ જોઇને સંતોષ થયો હશે એવી હું આશા રાખું છું."

"સંતોષ કરતાં એ અધિક—હું તો આનંદસાગરમાં નિમગ્ન થઇ ગયો હતો—અતિ હર્ષથી મૂઢ જેવો બની ગયો હતો."

ચંદ્રપ્રભા જરા શરમાઈ ગઇ. શી એની સતૃષ્ણ—સાનુરાગ દૃષ્ટિ? શી એના શબ્દની અવર્ણ્ય મધુરતા? એનો બોલેબોલ જાણે પોતાના અંતઃકરણમાં કોતરાઇ જતો હતો. "આપને મ્હારૂં ગાયન પસંદ પડયું તે જાણીને હું ખુશી થઇ"—બીજો ઉત્તર આપવાની કંઇ સૂઝ ન પડવાથી તેણે સાદોજ જવાબ વાળ્યો.

"આપના કંઠને એકલાનેજ ઉદ્દેશીને હું કહેતો નહતો."

જેમ જેમ એના મુખમાંથી વચન નીકળતાં ગયાં તેમ તેમ ચંદ્રપ્રભાના દિલમાં કોઇ નવીન ભાવ ઉત્પન્ન થતો ગયો—અત્યાર સુધી સ્થિર—નિર્જીવવત્ રહેલું કોઇક સજીવન થઇને ચલાયમાન થતું હોય એમ એને લાગવા માંડયું—પોતાના અદૃશ્ય પતિએ પેલી અંધારી રાત્રે પોતાનો હાથ એકદમ ઉંચો કરીને મ્હોંએ અરકાડયો હતો ત્યારે જે ચંચળતા તેના આખા શરીરમાં જાગૃત થઇ હતી તેના જેવીજ કંઇક લાગણી આ ક્ષણે તે અનુભવવા લાગી. કોઇ અજાણ્યો માણસ આવી રીતે આવીને તેની પાસે ઉભો રહે—વાતચીત કરવાની છૂટ લે—ને તે વળી રાતની વખતે એકાન્તમાં—તો સ્વાભાવિક રીતે તેની નિર્ભર્ત્સના કરીને તેણે દૂર કરવો જોઇએ—પણ આ પુરૂષના સંબંધમાં કોણ જાણે શાએ કારણથી તેને ખાસ એમ કહેવાને એની જીભ ઉપડતી નહતી—તેની સાથે તે કંઇ પરિચિત પણ લાગતો નહતો.

તથાપિ એ જે ધ્રુટ લઇને વાત કરતો હતો તે એના સંબંધમાં કોણ જાણે કેમે—કંઇ વાંધો લેવા જેવી લાગતી ન હતી.

એ એના સામું ટગર ટગર જોયાંજ કરતો હતો અને પોતે હવે કંઇક ઉત્તર તો આપવોજ જોઇએ એમ એને લાગતાં, જરા મજાકના તોરમાં એ હવે બોલી કેઃ—

"આપણે કોઇ દિવસ મળ્યાં હોઇએ એમ મને તો યાદ આવતું નથી."

"તેટલાજ માટે હું ક્ષમા ચાહું છું."—કેશરીસિંહે નીચા વળીને હસતાં હસતાં કહ્યું—"મ્હારે પ્રથમથીજ મ્હારૂં નામ જણાવવું જોઇતું હતું.—મ્હારૂં નામ રાવળ હરિસિંહ છે."

"મ્હારા નામની તો આપને પ્રથમથીજ ખબર હોવી જોઇએ."

"ચંદ્રવત્ શીતળ પ્રકાશ પાડનાર ચંદ્રપ્રભાના નામથી કોણ અજાણ્યું હશે ?"

એના મુખમાંથી નીકળતો પોતાનો નામોચ્ચાર કંઇક અધિક મધુરતા ધારણ કરતો હોય એમ આ વેળા એને લાગ્યું, પણ શાથી એમ થતું હશે તે કંઇ કળાયું નહિ. પણ હવે વાત કેમ લંબાવવી તે એને સૂઝયું નહિ એટલે બંને મૌનાવલંબન કરી રહ્યાં. તરતજ કેશરીસિંહે વાત પાછી ઉપાડી.

"આપને મ્હારા કહેવાથી માઠું લાગે તો તેની હું આગળથીજ માફી ચાહું છું પણ જો આજ્ઞા હોય તો હું મને લાગે છે તે એક વાત જણાવું. હું અંહી દાખલ થયો ત્યારે મને જણાયું કે આપ કોઇ સંકટમાં છો."

ચંદ્રપ્રભા ચૂપ રહી, તેથી પોતાને ઉત્તેજન મળ્યું હોય એમ સહર્ષ માની લઇને તેણે આગળ ચલાવ્યું.

"આપના ખાનગી કામમાં માથું મારવા હું માગતો નથી એ વાતની આપ ખાત્રી રાખજો. મ્હારો હેતુ જો બને તો આપને સાહાય્ય કરવાનોજ છે."

ચંદ્રપ્રભાનો પડેલો આવેગ આ અજાણ્યા પુરૂષનો વિશ્વાસ કરીને તેની પાસે પોતાનાં સર્વ દુઃખનો ઉભરો ખાલી કરવાનો થઇ આવ્યો હતો.—તેને જોતાંજ કંઇ મિત્રભાવ પોતાને કેમ જાણે ઉત્પન્ન થયો હોય એમ એનું હૃદય તેની તરફ તલ્લાવા લાગ્યું હતું. સામા પુરૂષના દિલમાં પોતાને માટે અનુકંપા જરૂર પ્રકટ થએલી છે અને તે એ કંઇ સામાન્ય પ્રકારની નહિ, પણ ગાઢ સંબંધ સૂચક, એમ એનું મન સાક્ષી પૂરવા લાગ્યું. એનો

દેખાવજ પોતાના હૃદયમાં ક્ષણે ક્ષણે કંઇક પ્રતિશબ્દ ઉત્પન્ન કરતો હોય એમ એને ભાન થયું. બીજાં ઓળખાણ ઘણાંની સાથે થયાં હશે પણ આવો આપ્તભાવ કોઇના પ્રતિ એને લાગતો ન હતો. એનું ઉંડું મૂળ શું હશે એ ઘણો વિચાર કરવા છતાં હજી અતર્ક્ય રહ્યું હતું. પણ પોતાને તેનામાં દઢ શ્રદ્ધા ઉત્પન્ન થઇ છે અને આજ સુધી એવી બીજા કોઇનામાં થઇ ન હતી એ તો એ પણ કબુલ કરતી હતી.—આવી લાગણીથી સ્વાભાવિક રીતે એને કંઇક પ્રમોદ થયો—પોતાનું રક્ષણ કરનાર પૃથ્વી ઉપર કોઇક છે ખરૂં એવી પણ હવે આસ્થા બંધાવા લાગી, અને તેથી પ્રથમ જે કેવળ નિરાધાર હોવાનું—બાજના પંઝામાં ફસાયાનું તેને દુઃખ થતું હતું તે કેટલેક અંશે હવે કમી થયું.

"મ્હારી અટકળ ખરી છે કે ખોટી તે કહેશો?" કેશરીસિંહે જરા નરમાશથી, તેના ચિન્તનમાં અંતરાયરૂપ ન ગણાય એવી રીતે પૂછ્યું.

"તમે શાથી જાણ્યું કે હું આફતમાં છું?"—સામા પ્રશ્નથી એણે પ્રશ્નનો ઉત્તર વાળ્યો.

"મ્હારી પોતાની સમજ—જેવી છે તેવી—મને એમ અનુમાન કરવાને પ્રેરે છે. વળી કેટલાક ગામગપાટા પણ અહીં મ્હારા સાંભળવામાં હમણાં આવ્યા તેથી મ્હારી માન્યતાને પુષ્ટિ મળે છે."

"ત્યારે તમારે કાને પણ એ વાત પહોંચી લાગે છે."

"હા—હું તમને શોધતો હતો તેવામાં મ્હેં બે ત્રણ જણને અહીં પાસેના જ ખંડમાં વાત કરતા સાંભળ્યા તેથી મ્હારૂં મન વિશેષ ઉદ્વિગ્ન થયું છે. કહે છે કે ભૂપતસિંહ તમારી સાથે લગ્ન કરવા માગે છે. એવું લગ્ન તમને રૂચિકર તો હોઇ શકે જ નહિ, તેમ સુખદાયી પણ નીવડે નહિ."

"મને તો એથી કમકમાટ ઉપજે છે."—જાણે વીંછીનો દંશ થયો હોય તેમ—પોતાના હૃદયમાં વ્યથા કરતી વાત આપોઆપ બ્હાર આવ્યાથી તે ચમકીને બોલી ઉઠી.

"ત્યારે શું એને અટકાવવાનો કંઇ ઉપાય જ નથી?"

"મ્હારી મતિ મુંઝાઇ ગઇ છે." નિરાશાથી એણે ઉત્તર દીધો. "મ્હારી આસપાસ ધીમે ધીમે જાળ એવી મજબૂત પાથરી દીધી છે—મને એવી તો સજ્જડ રીતે ફાંસામાં ફસાવી છે કે હવે એ દોરીઓનો કર્કશ સ્પર્શ મ્હારા શરીરને છેદે છે—મ્હારા રૂધિરનું પાન કરે છે—પણ (એકદમ કંઇક સાંભરી

આવ્યાથી) મ્હારે આપને આવી વાત કહેવાનો શો અધિકાર છે ! હજી આપનું ઓળખાણ તો તાજું જ છે."

"કેટલાક પરિચય"—કેશરીસિંહે કહ્યું—"એવા હોય છે કે તેની ગણત્રી મિનિટ—કે કલાક—કે વર્ષો ઉપર પણ થતી નથી. એ તો જાણે પૂર્વજન્મના સંસ્કારથી—અગાઉના બંધાએલા હોય એમ પ્રથમ પ્રારંભે પણ કેમ જાણે સૃષ્ટિના આદિ કાળથી ઉત્પન્ન થયા હોય એવા આપો આપ જણાઇ આવે છે. મને તો એમ થાય છે કે હું જાણે મ્હારી આખી જીંદગી આપના સંબંધમાં આવ્યો છું."

"અને મને પણ કંઇક એવું લાગે છે."—બોલતાં શું બોલાઇ તો ગયું પણ એકદમ શરમાઇ જવાથી—અતિ ધૃષ્ટતા ગણાશે એવી બ્હીકથી એણે પોતાની દૃષ્ટિ કેશરીસિંહ તરફથી ફેરવી નાંખી અને પછી આડું જોતી બેઠી.

આ પ્રમાણે પોતાનો દોષ ન ગણાય ને એના વદન-કમલનું દર્શન તૃપ્તિપર્યંત થાય એવો લાગ મળતાં જ કેશરીસિંહે પોતાના ચક્ષુને યથેચ્છ આનંદસુખ અનુભવવા દીધાં. તે એને નિહાળી નિહાળીને જોવા લાગ્યો ને જેમ જેમ એની દૃષ્ટિ સ્થિર થતી ગઇ—એ છબી એના અંતરમાં ઉંડી ઉંડી ઉતરતી ગઈ—તેમ તેમ તેને વધારે વધારે પ્રતીત થતું ગયું કે એ મ્હારી ચિરકાલ પરિચિત છે—અમે આજ જ મળીએ છીએ એમ નથી—મ્હારો સ્નેહ એના ઉપર હમણાં જ બંધાયો એમ નથી—સ્નેહ ઉત્પન્ન થયો હતો એ તો નિર્વિવાદ હતું. ડાહ્યા અને શાણા માણસો ગમે તેમ ધારે—મૂર્ખાઇ માને—પણ પ્રેમ સાથે હમેશ ડાહાપણ અને શાણપણ રહેતું નથી.

व्यतिषजति पदार्थानान्तरः कोऽपि हेतु ।
न खलु बाहिरुपाधीन् प्रीतयः संश्रयन्ते ॥

એ તો કંઇક આંતરિક હેતુથી જ પ્રીતિરસ ઉત્પન્ન થાય છે. એને પ્રથમથી જ એવું ભાન થયું હતું કે મ્હારી તથા આની જીંદગી કંઇક અવર્ણ્ય રીતે નિશ્ચિત જોડાએલી છે તે આ વેળા ખરૂં પડતું જણાયું. પોતાનો તેના ઉપરનો પ્રેમ પોતાના જન્મકાળની પૂર્વે જ કેમ જન્મ્યો નહિ હોય ? પૂર્વજન્મમાં બંનેની એવી વાસના થઇ હશે તેને યોગે જ જન્માન્તરમાં આ વૃત્તિ જાગૃત થતી હશે એમ પણ કેમ ના બને? નહિ તો મ્હારા મનમાં છે તેવું જ એના મનમાં ક્યાંથી આવે ?

આવી પોતાની પ્રેમમૂર્તિ અન્યની બને એ વિચાર એનાથી ખમી પણ

શકાતો નહતો. ભૂપતસિંહને પોતે ઓળખતો હોય એમ એને યાદ આવતું નહતું પણ લોકો કહેતા તે ઉપરથી તે વૃદ્ધાવસ્થામાં આવેલો ને પાજી જણાતો હતો. એવો માણસ પોતાના હાથમાંથી આ રત્ન ઉપાડી જાય—કાગડો દહીંથરૂં લઇ જાય – એ બનેજ કેમ ? આ બિચારી ભોળી ભામાએ તો કહ્યું હતું કે મને કંઇ રસ્તો સૂઝતો નથી પણ હવે તે ગમે તે યુક્તિથી અટકાવવું તો જોઇએજ. હા—એક રસ્તો હતો--પણ એ એને ગમશે ખરો ? હજી હું ભળ્યો છું તો હમણાંજ અને એટલામાં એવી વાત મ્હારાથી થાય પણ શી રીતે ? હું વાત છેડવા જાઉં તો મને ગાંડોજ ગણી કાઢે પણ ઉપાય તો કંઇક સત્વરે કરવોજ જોઇએ. એના મનમાં હમણાં એજ વાત રમી રહી છે. જો આ લોકો વાત કરે છે તેમ ભૂપતસિંહ આજ એને સપડાવીને એની ઇચ્છા ઉપરંત પણ પોતાનાં એની સાથે થવાનાં લગ્નની વાત જાહેર કરી દે તો પછી—આ વિચાર આવતાંજ એના દાંત કકડવા લાગ્યા—ક્રોધનો આવેશ થઇ આવ્યો પણ તે શા કામનો ? એનાથી તે શી રીતે અટકાવી શકાય એમ હતું ?

ચંદ્રપ્રભાનું મન પણ આ વેળા વિચારમાં વ્યાપૃત હતું. આ માણસને જોતાંજ કેમ મ્હારો મનોભાવ બદલાય છે ? એવી શી એનામાં અસાધારણ સબળ આકર્ષક શક્તિ હશે કે એ મ્હારી વૃત્તિઓને હાથમાં લઇને રમકડાની માફક રમાડે છે ? મ્હારી ઉંડામાં ઉંડી લાગણીઓને સતેજ કરી મૂકે છે ! અગાઉ લોક ભૂરકી નાંખવાનું કહેતા હતા તે શું સાચું હશે ? કોણ જાણે કેમે એને જોતાંજ હું અન્ય સર્વ ભૂલી ગઇ છું.—આ એના વિચારો કેશરીસિંહના મનમાં ઘોળાતા વિચારોથી અલગ હતા – જેની કેફમાં એ અત્યારે ઘૂર્ણાયમાન થઇને ડોલતો હતો—જે ખુમારી એને આવી હતી તેવી તો ચંદ્રપ્રભામાં નહતી. પણ એકાએક એને કંઇ નવો જ વિચાર સ્ફુરી આવ્યો. પોતાને કયાંથી સુઝયો તે સમજાયું નહિ પણ જીભે આવી ગયો અને તે સાંભળતાં એ પણ સામો બની ગયો -- વિસ્મયથી ચકિત થઇ ગયો.

" કોઇ કેશરીસિંહ કરીને કહેવાય છે તેના વિષે તમે કંઇ જાણોછો ?"

કેશરીસિંહ જરા અચકાયો—ગુંચવાયો શો જવાબ દેવો તે નક્કી કરી શકયો નહિ.

" તમારે એ પૂછવાનું શું પ્રયોજન છે ?" આખરે એણે સામો પ્રશ્ન કર્યો. " તમારે કંઇ એમની સાથે ઓળખાણ છે ? "

" ના—ના-બહુ તો નહિ—" જાણે બેપરવાઈ રાખતી હોય તેમ છૂટો ને

ઉડાઉ જવાબ દઈને એ બંધ વાળવા ગઈ." હું તો સહજ પૂછતી હતી કે એ કેવા માણસ હશે?"

"એમાં તે શું વળી? બીજાના જેવા એ એ માણસ હશે"—આને આ પ્રશ્ન એકદમ પૂછવાનું કેમ મન થયું હશે એની શોધ કરવા છતાં કેશરીસિંહને કંઇ પત્તો ન લાગવાથી તે બોલી ઉઠયો. એના વિષે કંઇ આડી અવળી વાત એણે સાંભળી હશે? હશે તો કયાંથી? પોતાનું ગુપ્ત લગ્ન પેલી મધ્યરાત્રિએ કોઇ અજાણી સ્ત્રી સાથે થયું હતુ તે વાત શું એને કાને આવી હશે? અને કદી આવી હોય તો તેમાં ચંદ્રપ્રભાને શું લાગે વળગે? લાવને કંઇ વિશેષ ખુલાસો કરી જોઉં, એમ વિચાર કરીને ફરી એણે એ વાત ઉથલાવી.

"તમને એ સવાલ પૂછવાનું કેમ મન થયું તે કહેશો?"

ચંદ્રપ્રભા જરા મંદ મંદ હસીને બોલી-"એ તો કઇ હું એ જાણતી નથી ને જાણતી હોઉં તો કહેવાશે નહિ. મને એ કંઇ એકદમ વિચાર આવ્યો એટલું તો હું કહી શકું છું."

"તે શું લાલની આરતના સંબંધમાં?"

ચંદ્રપ્રભા એના સામું જોઇ રહી. આને કંઇ મ્હારાં લગ્નની વાતની બાતમી મળી હશે? એવો એને સંભ્રમ થયો.

"કદાચ હોયે ખરું" એ સોજ ઉત્તર વાળીને બેસી રહી.

"જો તમને એવી ખાત્રી હોય કે તમને આ બલામાંથી એ છોડાવી શકશે તો હું તમને ખુશીની સાથે તેમનું ઓળખાણ કરાવી આપું."

"મને કંઇ એમને મળવાની દરકાર નથી."

"ત્યારે શું તમારે મન એ એવો અધમ છે?"

"મ્હેં સાંભળ્યું છે કે એ તો પોતાની માનપ્રતિષ્ઠા પૈસાની લાલચે વેચે એવા છે"—ધીરે સ્વરે ધીમે ધીમે એ બોલી.

કેશરીસિંહને એક જબરો આંચકો લાગ્યો—જાણે ચાબકો વાગ્યો. નક્કી આને પેલી વાતની કંઇ ખબર છે ખરી—નહિ તો આવું માર્મિક વચન કાઢે ખરી? પોતાને જે દુર્દશાએ કે દુર્દૈવે એ લાલચમાં ફસાવ્યો હતો—પોતાની પરણેતાની નજરમાં આવો હલકો પાડયો હતો—અરે એકલી તે અજાણી સ્ત્રી જ નહિ પણ આ ચંદ્રપ્રભા જેવી અલંકારરૂપ રમણી પણ જેથી એને ધિક્કારવા શીખી હતી—તેને માટે હવે એને ઘણો પશ્ચાત્તાપ થવા લાગ્યો.

"તમે એને માટે જે સાંભળ્યું જણાય છે તે એક તરફી હશે"—બળાત્કારે પ્રયત્ન કરતે કરતે બચાવની ખાતર એ બોલ્યો,—"તમને એની ચાલચલગત માટે કંઇ બાતમી તો નક્કી મળી હોવી જોઇએ જ. પણ એને એ બાબતમાં જે કહેવાનું હોય તે તમારી સન્મુખ આવીને કહેવાનો અવકાશ આપ્યા પહેલાં એના વિષે આવો મત બાંધી દેવો એ શું અન્યાય આપવા બરાબર નથી ?"

"તમે એના દોસ્ત જણાઓ છો!" ચંદ્રપ્રભાએ એના સામું જોઇને પૂછ્યું.

"હોઇશ તોએ તાલિમિત્ર જેવો" કેશરીસિંહે જરા મરોડમાં હાસ્ય કરતે કરતે કહ્યું. "પણ એને તમે એવો પ્રસંગ આપવાને ખુશી છો ખરાં?"

હવે વધારે વાર આ વાત લંબાવવી પોતાને પસંદ ન હોય અને કંઇક કંટાળો પણ આવ્યો હોય એમ જણાવતાં નિરૂત્સાહથી ચંદ્રપ્રભાએ કહ્યું:—"ભલે, તમારી મરજી હોય તો કોઇ વાર તેડી લાવજો. એમને કહેવું હશે તે હું સાંભળીશ, પણ મ્હારે ગળે એમની વાત ઉતરશે જ એમ હું કહી શકતી નથી."

"હશે, એના મનનું તો સમાધાન થશે"—કેશરીસિંહે ગંભીર ચહેરે ઉત્તર આપ્યો.

આ પ્રમાણે વાત થઇ રહેતાં તે ઉઠીને બહાર નીકળવા જતી હતી એટલામાંજ કેશરીસિંહને રૂમાલ સાંભરી આવ્યો તેથી તે જરા અચકીને બોલ્યો:—

"હું જે કામે આવ્યો હતો તે તો ભૂલી જાઉંછું." એમ કહીને એણે પેલો રૂમાલ પોતાના ગજવામાંથી કાઢીને એને બતાવ્યો.

ચંદ્રપ્રભા જાણે કંઈ પ્રશ્ન કરવા માગતી હોય તેમ આંખ્યો ઊંચી કરીને તેના સામું જોતી ઉભી રહી.

"તમે મોટરકારમાં બેસવા જતાં હતાં તેવામાં એ નીચે પડી ગયો તે મ્હેં લઇ લીધો ને તમને હું આપવા જ આવ્યો હતો."

"એટલા માટે જ આટલી બધી તસ્દી લેવી પડી?" મંદહાસ્યસહિત પ્રશ્ન થયો.

"એ બ્હાનું તો હતું ખરૂં"—કેશરીસિંહે એની આંખ સાથે આંખ મેળવતાં જરા સામું હાસ્ય કરીને ઉત્તર આપ્યો અને એ વખતે એનાં નેત્રમાંથી જે અવર્ણ્યભાવ પ્રકટ થતો જણાયો તે એના અંગે અંગમાં વ્યાપી ગયો—રૂવેરૂવાં સુધી પહોંચી ગયો.

પ્રકરણ પંદરમું.

બિશનદાસની બાહોશી.

કેશરીસિંહ ચાલી ગયા પછી બિશનદાસ અને જુગલ એકલાં પડયાં એટલે બિશનદાસે એને મનાવવા માંડી. અત્યાર સુધી એ તો જાણે ઓળખતી જ ન હોય તેમ મુગી મુગી ઉભી રહી હતી તેથી બિશનદાસની ખાત્રી થઇ કે પોતાના ઉપર એને રોષ તો જબરો આવ્યો હોવો જોઇએ. અને તેમ થાય એમાં આશ્ચર્ય શું હતું? પોતે પોતાના મનમાં સમજતો હતો કે મ્હારી વર્તણુક એવીજ શિક્ષાને પાત્ર છે, પણ હવે એની અસર કેટલે દરજ્જે થએલી છે તે શોધી કાઢવાનો પ્રયત્ન તો કરવો જોઇએ એમ ધારીને એણે એને પટાવવા માંડી પણ એ કંઇ કાચી ન હતી. ખુરશીમાં બેસી ગઇ હતી ત્યાંથી એના સામું પણ જોતી ન હતી તો પછી એનાં નખરાં કે ચાળાનો ભાવે શાનો પૂછે. પોતે મનાવવા માગતીજ ન હતી એવો ઢોંગ મચાવ્યો હતો. કેટલીક વાર એ કંઇક વ્હાલના મીઠા શબ્દ બોલવાનું કરતો પણ જીભ ઉપડતી નહિ. આખરે ખુબ હિંમત કરીને—" કેમ—મ્હારી સાથે એક શબ્દ પણ બોલવો નથીજ?—" એવો પ્રશ્ન એણે કર્યો.

ઉત્તરમાં માત્ર ખભાજ જરા હાલ્યા.

" હું જાણું છું કે તને ખોટું લાગે એવું મ્હારાથી થઇ ગયું છે ને મ્હારી ગેરહાજરીમાં ત્હારે ઘણું દુ:ખ વેઠવું પડયું હશેજ પણ કેશરીભાઇએ તને કહ્યું તે ઉપરથી તું એટલું તો સમજી હોઇશ કે મ્હારે એમની ખાતર એ પ્રમાણે કરવું પડયું હતું. દોસ્તી-દાવો રાખ્યા વિના કંઇ ચાલે?"

" ભલે ને ત્યારે—સ્નેહ મૂકીને દોસ્તીનેજ ઝાલી રાખજો. એવું હતું તો મ્હારી પાસે આવ્યા એ શું કરવા? જાઓને એ તમારા દોસ્ત અને તમે. ફાવે ત્યાં સુધી ફર્યા કરો ને બહાર ચર્યા કરો. અમે અમારૂં ભોગવી લઇશું."

બિશનદાસને જરા ચેતન જોરમાં આવવા લાગ્યું, નિરાશામાંથી આશાના અંકુરો ફુટયા. ન્હોતી બોલતી તે બોલી તો ખરી. હવે મનાશે પણ ખરી. પત્થર જેવી બેસી રહી હતી તેના કરતાં વાતો કરવા લાગી એ પણ ઘણું થયું.

" પણ જોને જુગલ—અગાઉ ભાયડા ભાયડા વચ્ચે પણ એવી કંઇક સ્નેહની ગાંઠ બંધાઇ જાય છે કે તે તોડી તૂટતી નથી. સ્ત્રી પ્રત્યેનો અમારો પ્રેમ પણ ત્યાં આડે આવી શકતો નથી. "

" વાહરે—વાહ—એ તે સ્ત્રી પ્રત્યેનો પ્રેમ કહેવાય ! "

હવે જરા એનું મ્હોં ફરતું ફરતું પોતાના ભણી વળતું હતું એમ બિશનદાસને જણાયું એટલે વળી ઓર હિંમત આવી ને તેથી સામો પોતે એને માધ કરવા જવાને પણ તૈયાર થયો.

" સ્ત્રીને જો પોતાના પતિ ઉપર ખરો પ્રેમ હોય તો એના ઉપર વિશ્વાસ ને શ્રદ્ધા પણ પૂરેપૂરી કેમ ન રહેવી જોઇએ ? '—જાણે પોતાને તેના આ જવાબથી કંઇક ખોટું લાગ્યું હોય એમ દર્શાવતો તે બોલ્યો.

જુગલે માત્ર તુચ્છકારી કાઢતી હોય તેમ સહેજ ઉપહાસ કરતે કરતે કહ્યું:—

" જોયા જોયા એ તો બધાએ ભાયડા સરખા.—તમારાં ચરિત જાણતું હોય તેવું કોઇ બૈરૂં તમારો તો વિશ્વાસ કરેજ નહિ.—ભલેને એનો પ્રેમ ગમે તેટલો હોય તેથી શું થઇ ગયું ? "

" ત્યારે મ્હારા ઉપર હજી ત્હારો પ્રેમ છે તો ખરો ને ! "—એના વચનથી એનેજ બાંધતાં બિશનદાસ બોલ્યો.

' મ્હેં ક્યાં એવું કહ્યુ છે ? "—હજી પણ માથું એનાથી આડું રાખીને એણે ઉત્તર દીધો. ' હશે—આગળ કોઇવાર એવું મ્હારા મનમાં આવ્યું હશે—પણ તેનું આજ શું ? "

" કેમ—આજ બધું પતી ગયું ? ત્યારે હવે શું હું વ્હાલો મટી ગયો ? "

" હોયે ખરૂં—તમારા દિલનેજ પૂછોને—તમે વ્હાલા રહે એવું કર્યું હશે ખરૂં ને "

બિશનનો ચહેરો દયામણો બની ગયો ને ધીરજ ન રહેવાથી એકદમ પાસે આવીને કહેવા લાગ્યો:—

"ના—ના—જુગલ—કહે તો ખરી—તું શું મને હવે નથીજ ચાહાતી ?"

જુગલ ખડખડ હસી પડી તેથી એને વળી વધારે ચીઢ ચડી.

" નહિ જુગલ—ત્હારે મ્હોંએથી મને જે હોય તે કહી દે—બોલ—મ્હારા સમ. "—એના હાથ ઉપર હાથ મૂકીને કાલાવાલા કરવા લાગ્યો.

ઉત્તરમાં માત્ર એક કટાક્ષ—વીંધી નાંખે એવો દૃષ્ટિપાત—મળ્યો. જુગલને હજી આટલેથી પતાવવું ઠીક ન લાગ્યું.

"કહીશું—કોક વાર. હમણાં તો જવા દ્યો. અંહી પારકે ઘેર આ શી રગઝગ?"

"નહિ જવા દઉં—મ્હારા મનનું સમાધાન થયા વિના ખસવા એ નહિ દઉં."

"ત્યારે તમેજ પહેલા કહોની કે મને આમ એકદમ એકલી મૂકીને કહ્યા કારવ્યા વિના નાશી શું કરવા ગયા હતા?"

બિશનદાસ ચેટ પડયા. આ તો ખરેખરી મુશ્કેલી આવી. હજી વચન પ્રમાણે વાત છાની રાખવી કે બધો ભેદ ખુલ્લો કરી દેવો એ ચિન્તામાં એનું ચિત્ત ચગડોળે ચઢ્યું. નથી કહેતો તો એને વહેમ વધારે પડે છે ને કહું તો વચન તોડયું ગણાય છે.

"લ્યો—હું ન્હોતી કહેતી? તમારે અમારી પાસેથી બધી આશા રાખવી પણ તમારી તરફથી અમારે કશાની ન રાખવી. એ તે કોના ઘરનો ન્યાય? તમારા સવાલનો જવાબ પણ, મ્હારા મહેરબાન, હવે મળવાની આશા રાખતા નહિ."

બિશન ગભરાયો પણ વધારે નજીક ખુરશી ખસેડીને કહેવા લાગ્યો.

"જોને જુગલ—વાત તો એવી છે કે મ્હેં જે પગલું ભર્યું હતું તે કેશરીભાઇને માટે હતું એ તો તું જાણે છે. હવે શા માટે ભરવું પડયું એ તો એમની ખાનગી વાત થઇ ને એ પરવાનગી ન આપે ત્યાં સુધી મ્હારાથી તને કહેવાય?"

"કેશરીભાઇ—કેશરીભાઇ—જેમાં ને તેમાં તમારે તો એ જ છે. ત્યારે એમની જોડે જ રહોને. તમારે મ્હારો ખપ ન હોય—પ્રેમ કરતાં દોસ્તીને વધારે ગણતા હો તો એટલાથી જ સંતોષ પામીને બેસી રહો. શું કરવા મને બોલાવવા આવ્યા છો?"

"પણ—વ્હાલી—જુગલ—તું નથી જોતી કે એ પણ મ્હારે ત્હારી ખાતર જ કરવું પડયું છે?"

જુગલનું દિલ જરા પલળ્યું હોય એમ લાગ્યું. પણ હજી અંદરનો ભેદ જાણવાની એની આકાંક્ષા શમી ન હતી તેથી વળી પાછી એણે વાત વધારી.

"જવા દોને હવે, એવું એવું તે કોને સમજાવો છો? એથી કંઇ હું

છેતરાવાની નથી. અમારૂં પેટ નહિ ભરાય તો બીજે જઈ રહીશું. પછી તો તાકડધીના કરજો ને એ દોસ્ત મ્હાલવું હોય ત્યાં સુખેથી મ્હાલજો."

આમ કહેતી કહેતી એ ખુરશી ઉપરથી ઉઠીને જાણે બહાર જવા માગતી હોય તેમ બારણા ભણી ચાલવા લાગી પણ બિશનદાસ વચમાં આડો આવ્યો. એ કહેતી હતી પણ તે માત્ર બહારનું જ, એના અંતઃકરણમાં તો પ્રેમ છે જ એ વિષે એની ખાત્રી હતી તેથી એણે વળી જરા હિંમત આણીને કહ્યું:—

"સાંભળ તો ખરી—મ્હેં જે કહ્યું છે તે બધું અક્ષરે અક્ષર સાચું છે ને કાળે કરીને ત્હેની ખાત્રી થશે કે ત્હારે માટે જ હું આ કામમાં પડયો છું."

જવાબની રાહ જોતો તે ઉભો રહ્યો પણ કંઇ મળ્યો નહિ.

"જુગલ! એક વાત કહું! કેશરીભાઇ આપણા રૂપિયા પાછા આપી દે તો કેવું?"

"વિવાહથી રળીઆમણું શું? પણ હું તો એવો દિવસ જોવાની આશા રાખતી નથી—"

અગાઉના જેવી જ પ્રેમાળ બનીને કેમ જાણે વાત કરતી હોય એમ હવે બિશનને લાગ્યું.

"માન કે ન માન—પણ એટલા માટે જ મ્હારે એમની સાથે જવું પડયું હતું."

જુગલ કંઇ સમજી શકી નહિ તેથી એના સામું ગુંચવણમાં ને ગુંચવણમાં જોઇ રહી.

"તમે શું બોલો છો તે સમજો છો ખરા?"—મજાકમાં એણે પ્રશ્ન કર્યો—"મને કંઇ એમાં ગમ પડતી નથી."

"જો જો હું કહું—પણ ભૂલ્યો—કેશરીભાઇની રજા વિના તો એ કહેવાય એવું નથી—એ વાતનું ત્હારે કામે શું છે? આપણે તો પૈસા મળ્યા એટલે થયું. હવે આપણે સાથે રહી આનંદમાં દિવસ ગુજારી શકીશું એટલું જ બસ છે."

આનો ઉત્તર તો ઘણો જ ખુશકારક મળશે એમ એ ચોક્કસ માનતો હતો પણ તેમાં એ નિષ્ફળ થયો. પેલી તો કંઇ બોલે કે ચાલે!

"કેમ તને એ વાતે ગમતી નથી?"

"બરાબર નહિ."

"ત્રણ મહિના ઉપર તો તું ઘર ચલાવવાને તલપાપડ થઇ રહી હતી

ને એટલી વારમાં આમ બદલાઇ ગઇ ?"

"અમારાં સ્ત્રીઓનાં મનનાં ઠેકાણાં શાં ? અમે તો ત્રણ મહિનામાં ત્રણ હજાર વાર ફરી જઇએ."

"ત્યારે શું તું મ્હારી સાથે નહિ જ રહે ?"

જુગલ આનો શો ઉત્તર આપત તે અમે કહી શકતા નથી પણ તે બોલવા જતી હતી તેવામાં તો ભૂપતસિંહ પોતે જ ત્યાં સામેથી આવતો જણાયો એટલે

"આ પેલા ભૂપતસિંહ આવે"—એમ એણે અધવચથી કહ્યું.

બિશનને તો એને જોતાં જ આંખે અંધારાં આવી ગયાં—પરસેવાના રેલા છૂટવા લાગ્યા.

"બાપરે ! આ શી બલા ! હું એને શો જવાબ દઇશ ? નક્કી મ્હારૂં નામ તો એ જાણવા માગશે જ ને આમંત્રણ વિના કેમ હું દાખલ થયો એનો ખુલાસો માગશે !"

"અરે એ તો તમને પકડાવી પણ દેશે"—જરા માંણુમાંણનું વેર લેવાને કેમ જાણે ક્રૂર બનતી હોય--પોતાને આટલા દિવસ ચિન્તામાં સપડાવી તેનો બદલો વાળવા માગતી હોય તેમ મનમાં હસતી હસતી—એ બોલી.

"પકડાવશે !" પૂરેપૂરો ભયભીત બનીને એ બિચારો બોલ્યો.

"અંહી કંહી સંતાઇ જવાનું એ ઠેકાણું નથી ?"

"અહી તે ક્યાંથી હોય ? આટલા અજવાળામાં ?--પણ છૂટવાનો રસ્તો સૂઝાડું ?--તમારા દોસ્તદાર કહી ગયા છે કે એમને અત્યારે બીજે નામે બોલવવા—ત્યારે તમે એનું જ નામ લઇ પડોને ? કોણ પૂછનાર છે અંહી ?—"

બિશનદાસના મનની ગડભાંગનું સમાધાન થાય તે પહેલાં તો ભૂપતસિંહ ત્યાં આવી પહોંચ્યો.

"અરે જુગલ ! હું તો કયારનોએ ચંદ્રપ્રભાની શોધમાં ફરૂં છું ને એ ગઈ છે કયાં ? અંહી બધા એની રાહ જોયાં જ કરે છે. મ્હારે અને એને કંઇ જરા—પણ--(બિશનદાસ તરફ નજર કરીને) આ કોણ છે !"

એ બિચારો તો થરથર ધ્રૂજવા મંડયો હતો. આ પ્રમાણે સામો આવનાર માણસ બીજો કોઇ નહિ પણ પેલી અંધારી કાળી રાત્રિયે પેલા બુરખાવાળાઓને કામ કરવાની સૂચના આપનાર પોતે જ હતો, એમ એના મને સાક્ષી પૂરી અને એવી રીતે અણધાર્યું ઓળખાણ પડવાથી હવે શો

જવાબ દેવો તેની પણ એને સૂઝ પડી નહિ તેથી એ બોજો તો બિચારી જુગલને ઉપાડી લેવો પડ્યો.

"એ મ્હારા પિછાનવાળા છે. એમનું નામ ઠાકોર કેશરીસિંહ છે."

હવે તો ધ્રુજવાનો વારો બિશનદાસનો ઉતરીને ભૂપતસિંહનો પોતાનો આવ્યો. તે ચમક્યો ને ચશ્માં જરા આઘાં પાછાં કરીને બરાબર ગોઠવી ગોઠવીને એને કાળજીપૂર્વક નિહાળવા લાગ્યો—પગથી શિખા સુધી તપાસવા લાગ્યો. આ તે કેશરીસિંહ હોય? એમ એને સ્વાભાવિક રીતે સંદેહ પડ્યો. ગમે તેમ હોય પણ તે દહાડે જે માણસને કેશરીસિંહ તરીકે મને ઓળખાવવામાં આવ્યો હતો તે તો આ નથી જ એવી એની ખાત્રી થઇ. ચંદ્રપ્રભાનો પાણિગ્રહણ કરનાર આ તો નથી જ. ત્યારે શું તે વેળા કોઇ બીજાને એ નામ ધારણ કરાવીને આણ્યો હશે? ખરેખરો કેશરીસિંહ જો આ હોય તો પછી ચંદ્રપ્રભા પરણી કોને? પોતે મહા પ્રપંચથી રચેલી બાજી આમ પહેલા દાવથી જ હારી જવાશે એમ એ માનતો નહતો. કેશરીસિંહ જેવો દરિદ્ર સામો પ્રપંચ કરવાને સમર્થ નહતો,—તેનામાં એવી બુદ્ધિ જ હોય નહિ—એ વિચારોથી મન વાળવા લાગ્યો પણ શંકાનું પૂરેપૂરૂં નિવારણ થયું નહિ. હવે તો એમાં ઉંડા ઉતરીને એનો સાર કાઢવો જોઇએ. ખરો પત્તો મેળવવો જોઇએ. પણ હમણાં તો જુગલ પાસે ઉભી હતી તેથી એના રૂબરૂ પૂછપાછ કરવાથી ભરમ ઉલટો ભાગી જાય માટે એને પોતાના ખાસ ઓરડામાં કંઇ કામે મોકલવાનું બ્હાનું શોધતો તે બોલ્યો કે:—

"જુગલ—જોની મ્હારા ટેબલપર હું એક કાગળ ભૂલી ગયો છું તે જરા લઇ આવીને બહાર બેસજે. મ્હારે હમણાં આમની સાથે કંઇક ખાનગી વાત કરવાની છે."

હવે ચકિત થવાનો વારો જુગલનો આવ્યો. પોતે કહેતાં શું કહી બેઠી પણ પાછળથી પસ્તાવો થવા લાગ્યો—કદાચ ભૂપતસિંહ એને ઓળખી ગયા હશે ને પછી એને કંઇક વઢશે કે કાઢી મૂકાવશે તો હાથના કર્યા હૈયે વાગ્યા જેવું થશે. એ પણ શું ભૂલમાં પડ્યા હશે? નક્કી જ કેશરીસિંહ છે એમ તો નહિ માનતા હોય? આ તો મશ્કરીની ઠશ્કરી થઇ જશે—" એને એકદમ એમ થઇ આવ્યું કે લાવ્ય ખરૂં કહી દઉં કે 'આ ન્હોય કેશરીસિંહ' પણ એ શબ્દ કોણ જાણે કેમે એના મ્હોંમાંથી તે વેળા નીકળ્યા નહિ.

બિશન બિચારો આંફળો ફાંફળો—ગાભરો—ગાંડા જેવો ઉભો રહ્યો

હતો ને જુગલ કચવાતી કચવાતી તેના સામું દયામણી આંખે જોતી જોતી બહાર ગઇ કે તરત ભૂપતસિંહ એને ધમકાવવા માંડયો.

"કેમ રે અલ્યા ! તું કેશરીસિંહ છે ખરો કે ! "

"ના—બાપજી—એ તો મજાકમાં એણે આમ કહ્યું હતું."

ભૂપતસિંહના મનમાં બે આની શંકા હતી તે આથી દૂર થઇ એટલે એણે નીરાંતનો નિશ્વાસ નાંખ્યો—આ માણસ ખરો કેશરીસિંહ નથી એ તો હવે નક્કી થયું અને પોતાને ધાસ્તી લાગી હતી તે પાયા વગરની હતી એમ પણ ખાત્રી થઇ, કેમકે જો પરણી જનાર માણસ કોઇ ઢોંગી ધૂતારો છે એમ નીકળત તો પોતાની કરી કારવી મહેનત સર્વ ધૂળમાં જાત અને ધારેલો હેતુ પાર પાડી શકાત નહિ.

"મજાક ! મ્હારી સાથે મજાક ! એ તો ઠીક છે કે અત્યારે મ્હારો મિજાજ જરા કાયમ છે. બાકી જો એવી છૂટ કોઇ મ્હારા જ મકાનમાં મ્હારી સાથે લે તો પછી એના ભોગજ મળ્યા જાણવા."

"સાહેબ !—મને માફ કરશો. એ બધો ગોટાળો ભૂલમાં ને ભૂલમાં થઇ ગયો છે—આપ જો રજા આપો તો હું અંહીથી ચાલ્યો જાઉં. મને આવી મીજલસોમાં આવવાની એ ટેવ નથી તેથી મને તો બધું નવું નવું લાગે છે ને મ્હારો જીવ મુંઝાય છે."

ભૂપતસિંહનું મન આ વેળા બીજા જ તરંગમાં ઝોલાં ખાતું હતું તેથી એ શું બોલ્યો તે કંઇ એના સાંભળવામાં એ બરાબર ન આવ્યું. એને એક નવીજ યુક્તિ સૂઝી ને તે કેમ અમલમાં મૂકવી તેનો એ આ વેળા તર્ક વિતર્ક કરતો હતો.

ચંદ્રપ્રભાએ કેશરીસિંહ કેવો હશે તે જાણવાની બહુ આતુરતા બતાવી હતી—એના સંબંધી સવાલો પૂછી પૂછીને મ્હારૂં એણે માથું પકવી દીધું છે. એને એ જાણવાની—એવી પંચાત કરવાની કાંઇ જરૂર નથી પણ હવે ભલે એ પણ એનો સ્વાદ ચાખે. જેને અંધારામાં એ પરણી છે તેનું મ્હોં તો જોયું નથી છતાં તેને માટે એને કંઇ પ્રીતિ ઉત્પન્ન થઇ હોય એમ તે કાંઇ બને? પણ હવે એનો મોહ છે તો જોઇ લે. ખરો કેશરીસિંગ તો કોરે રહ્યો પણ આને જ ત્યાં ઠઠારી દઉં; તેથી એની મેળે જોઇને પસ્તાશે—એનાં મનમાં શેખચલ્લીની ઇમારત ચણી હશે તે બધી આનું દર્શન થતાં જ તૂટી પડશે. પછી તો એ મ્હારૂં કહ્યું માનવાને આનાકાનીએ નહિ કરે. ભલું થયું કે પ્રભુએ આ મૂર્તિને અત્યારે મ્હારે સારૂ જ

અહીં મોકલી. આનાં દિદારજ એવાં છે, ને તેમાં વળી હમણાં તો એ એવો ગાભરો બન્યો છે કે એને જોતાં જ ધિક્કારશે. મ્હારી અટકળ પણ કંઇ કમ નથી. નહિ તો આવી યુક્તિ સૂઝેએ કોને ?—એમ આપ બડાઇ કરતો કરતો એ બિશનદાસને ત્યાંથી ચંદ્રપ્રભા પાસે લઇ જવાને તત્પર થયો.

બિશન બિચારો કતરાતો કતરાતો પોબારા ભણી જવાની પેરવીમાં હતો ને આ દરબાર કંઇ બોલતા કેમ નથી તેના જ વિચારમાં હતો. છેવટે અધીરાઇ વધવાથી પાછી એણે અરજ કરી કે –" સાહેબ ! આપને હરકત ન હોય તો મને રજા આપશો ? "

" અરે એવડી બધી ઉતાવળ શી આવી છે ! " એનો હાથ જોરથી પકડતાં જ ભૂપતસિંહે જરા ધુરકીને જવાબ દીધો—" એમ કંઇ આવો ગુન્હો કરીને ઝટ ન્હાસી જવાશે કે ? "

" પણ સાહેબ ! હું ન્હોતો કહેતો કે આ બધી મજાક છે ? "

" ચાલ ચાલ હવે ત્હારી મજાક બજાક જવા દે. તું મ્હારી મીજલસમાં ખોટું નામ બતાવીને દાખલ થયોહતું ને તેને વળી મજાક કહુંછું ? ત્યારે હવે મ્હારી પણ મજાક ચાખતો જા—"

આ તો હવે શું કરશે તે બિચારો સમજ્યો નહિ તેથી ઉપરના શબ્દો સાંભળીને ઘણો ગભરાટમાં પડ્યો.

" ત્હેં કેશરીસિંહનો હમણાં વેશ લીધો છે તે થોડી વધારે વાર હજી ત્હારે ભજવવો પડશે. "

" અરે પણ બાપજી ! ક્યાં કેશરીસિંહ ને ક્યાં હું ? એ તો જરા ભૂલ થઇ તે માફ કરો, પણ હવે કંઇ જાણી જોઇને મ્હારાથી એમ કહેવાય ? "

ભૂપતસિંહે આ એનો લવારો ગણીને નાકે આંગળી મૂકી પગ ઠોકી ચૂપ રહેવાનો ઇસારો કર્યો.

" ત્હારે માત્ર તું કેશરીસિંહ છે એટલું જ હમણાં માનવાનું નથી પણ જાણે તું ચંદ્રપ્રભાને પરણ્યો હોઉં એમ સમજવાનું છે. "

ભૂપતસિંહના આ શબ્દો એને કાને પડતાં જ એના મગજને કીડો ખોતરવા લાગ્યો.—શું—ચંદ્રપ્રભાને કેશરીસિંહ પરણ્યા?—ત્યારે તો મ્હારે કેશરીસિંહ બનવું ને વળી ચંદ્રપ્રભાનો વર ! ! અહાહા ! હવે સમજાયું. કેશરીભાઇનાં લગ્ન પેલી અંધારી રાતે આમની જોડે જ થયાં લાગે છે ! પણ એ તો બિચારા આને કોઇ નવીજ લલના હજી સુધી માનીને એનો પ્રણય કરે છે–એના કાલાવાલા કરે છે ને એના પ્રેમમાં ગાંડાતુર બની ગયા છે. અરે પણ એમ તે વળી બન્યું હશે ખરૂં ? આ ડોકરો તોપ તો નહિ મારતો હોય ?

આમ વિચાર કરતો જાય ને મલકાતો જાય. ઠીક છે. જોઉં તો ખરો આમાં કંઇ ગંમત તો મળશે. હવે એ કહે છે ત્યારે મ્હારે શી શરમ છે? ક્યાં ખરેખરૂં કહેવાનું છે? આ તો એક નાટક જોઇ આવ્યા તેવું વળી બીજાું. જાૂઠાની માને જાૂઠો પરણે.

એને મલકાતો—જરા હસતો—જોઇને ભૂપતસિંહને નવાઇ લાગી અને વિચાર થયો કે આ તે કંઇ ગાંડો તો નહિ હોય? જરા ગુસ્સો પણ આવવા માંડયો. પોતાની પાસે આવી હિંમત ધરનાર આ તે કોણ હશે? પણ જે હોય તે અત્યારે તો ઘણો કામનો હતો તેથી મનનું સમાધાન કરીને તેને તેણે કહ્યું કે—"તને આ મજાકથી બહુ ગંમત પડતી જણાય છે નાહ વારૂ? છેવટ લગી પણ તને એવી જ ગંમત પડે તો તો ઠીક. ચાલ હવે તૈયાર થયા હોઉં તો હું તને ત્હારી વહુ પાસે લઇ જાઉં."

બિશનથી હવે તો દાંત કાઢયા વિના રહેવાયું નહિ પણ જેમ તેમ કરીને મ્હોં ઠાવકું રાખી તે બોલ્યો:—

"ત્યારે શું, સાહેબ! આ ચંદ્રપ્રભાનાં લગ્ન થઇ ગયાં છે ને તે વળી અમારા કેશરીસિંહ ભાઇની સાથે?"

"અલબત્ત"—ભૂપતસિંહ રોફમાં ને રોફમાં બોલ્યો. ને બિશનદાસને વાત જાણવી હતી તે હવે એણે એની મેળે એને જણાવી દીધી.

"તને એ જોશે ત્યારે જોજે ને એ એવી તો પસ્તાશે કે કેશરીસિંહનું ફરી મ્હોં જોવા જ નહિ માગે ને પછી મ્હારો બેડો પાર—મને પરણવામાં એને શો વાંધો રહેવાનો છે? કેમ આ પેચ ઠીક છે ને?"

અભિમાની માણસ અંહકારની ધૂનમાં એવો તો તણાઇ જાય છે કે ઘડીકમાં તે જેને તુચ્છકારી કાઢતો હોય છે તેનું ખરૂં સ્વરૂપ તત્કાળ ભૂલીને તેની આંખમાં જ ડાહ્યો દેખાવા બીજે ક્ષણે પ્રયત્ન કરે છે.

"અરે સાહેબ! આપની અક્કલની તે કંઇ કિંમત થાય? એ તો નક્કી આપને પગેજ પડવાની. હવે હું આ ભેદથી સમજ્યો કે એ કેશરીસિંહનું નામજ નહિ લે ને આપને ને આપને જ દેખશે."

એના બોલવામાં કંઇક મરોડ હશે કે કેમ એવો શક ભૂપતસિંહને પડયો તેથી એની સામું એ જરા ચીઢાયો હોય એમ થોડી વાર જોઈ રહ્યો. તેજ વખતે એને એકદમ સાંભરી આવ્યું કે આ માણસને મ્હેં પહેલાં કહીંક જોયો છે ખરો. પણ ક્યાં જોયો હશે તે કંઇ યાદ ન આવ્યું. કદાચ મ્હારી અટકળ ખોટીએ હોય એમ મન વાળીને એ વાત ત્યાંથી એણે પડતી મૂકી, અને બારણામાંથી નીકળી આગળ ચાલ્યો પણ પાછળ આવતો બિશનદાસ મૂછમાં હસતો હતો ને આજના મઝા તો ખરેખર કંઇક ઓરજ થવાની છે, એમ હળવે હળવે મનમાં બોલતો હતો તે એના ક્યાંથી જાણવામાં આવે?

પ્રકરણ સોળમું.

પ્રેમ-પોથી.

ચંદ્રપ્રભા બ્હાર નીકળી તેની પછવાડે જ કેશરીસિંહ ગયો. તે ધારતો હતો કે આજ એને ગાવા બોલાવ્યાનું કહે છે તેથી એ હવે મીજલસમાં જવા માટે ઉઠી હશે પણ એનો વિચાર કંઇ પોતાની હાજરી એવી જગાએ આપવાનો ન હતો. વળી જેના બોલાવવાથી તે આવી હતી તેની જોડેનો એનો સંબંધ તૂટી ગયા જેવો જ થયો હતો એટલે હવે તેને વિશેષ ખોટું લાગવાનો કંઇ ડર રહ્યો ન હતો. આજ સવારથી એના મન ઉપર જે આઘાતો આવ્યા હતા તથા ચિન્તાનાં કારણો ઉપસ્થિત થયાં હતાં તેણે કરીને—પોતાને એવી સ્થિતિમાં પણ અણધારી ફતેહ નાટકશાળામાં મળી હતી તેને લીધે—તથા તે પછી અણધાર્યો આ અજાણ્યા છતાં ચિર પરિચિત લાગતા પુરૂષ જોડે મેળાપ થતાં પોતાનામાં પ્રકટેલી નવીન વૃત્તિને લીધે, તેના હૃદયમાં ક્ષોભ વિચિત્ર પ્રકારનો જામ્યો હતો. તેમાં વળી ભૂપતસિંહ જોડે થએલા ચડભડાટે અતિ વૃદ્ધિ કરી હતી. તેથી એકંદર રીતે એના શરીરની તથા મનની સ્થિતિ આ ક્ષણે એવી ન હતી કે એ કોઇની પાસે ગાઇને કે નૃત્ય કરીને તેનું મન રંજન કરી શકે, એટલે એણે તો બાગમાં જવાની સીડીએ થઇને ખુલ્લી હવામાં ફરવા જવાનો વિચાર બાંધ્યો. કેશરીસિંહ પણ હજી વિશેષ વાર્તાલાપના પ્રસંગની અપેક્ષા રાખતો હતો તેથી એને આમ એકલી જતી જોઇને અડચણ ન હોય તો સાથે બાગમાં ફરવા જવાનું પૂછવા લાગ્યો. એની સ્વલ્પ કાળની સંગતિથી પણ પોતાને કંઇક અવર્ણનીય આનંદ થયો હતો તેથી તેના લોભે તેણે પણ એની એ માગણી સ્વીકારી [illegible] બંને જણ પાછલી રાત્રિના શીતળ સમીરની લ્હેરોનો લાભ લેવા ઉદ્યાનમાં ઉતરી પડયાં બંનેનાં અંતઃકરણ વૈદ્યુતિક પ્રવાહથી તો જોડાયેલાં હતાં જ તેથી શાન્ત રહીને ચાલતા છતાં એકના હૃદય-ધ્વનિનો બીજાના હૃદયમાં પ્રતિશબ્દ થતો હોય એમ તેમને લાગતું. કેશરીસિંહ સમજતો કે આ મ્હારા સંબધી જ વિચાર કરે છે ને ચંદ્રપ્રભા જાણતી કે આ ચિન્તન મ્હારૂં જ કરે છે. તેમને એમજ થતું કે અમારો સંબંધ લગનની પવિત્ર ગાંઠથી થાય તો જ અમારો જન્મારો સફળ થાય. જગત્માં પ્રત્યેકને અધિક પ્રિય વસ્તુ કોઇ હતી જ નહિ એમ લાગતું. અત્યારે અનાયાસે આમ તેમનું

મળવું થયું તેથી ભવિતવ્યતા પણ કેમ તેમને સદાને માટે જોડવાનો ઘાટ ઘડતી હોય એમ ભાસતું. વચ્ચે કોઇ તેમના જેવાજ હવા ખાનાર સામા મળતા તો આ બેની જોડીનું અલૌકિક સ્વરૂપ જોઇ પ્રભુએ કેમ જાણે તેમને એક બીજાને માટે જ ઘડયાં હોય એવું સમજી તેમનાં રૂપની તારીફ માંહો માંહે કરતા. પોતે તેવા ભાગ્યશાળી ન હોવાથી કોઇ ઇર્ષ્યા પણ કરતા. એ અજાણ્યો યુવક કોણ હશે તેનો અંદર અંદર પ્રશ્ન પણ કરતા. તેના સામું જોઇને નિરાશાનો ઉદ્દગાર કાઢનારા કોઇ તેને ઓળખતા નહિ કેમકે તેવાઓના સંસર્ગમાં એ કદી આવેલો ન હતો. એ એકાન્તવાસને તથા પુસ્તકોની સોબતને વધારે પસંદ કરતો હતો. તેથી સામાન્ય મનુષ્યો જોડે ઝાઝો હળતો મળતો પણ નહિ. ચાલતે ચાલતે તેઓ કંઇ અસાધારણ સૌંદર્યમય દેખાવ જોતાં તો બંનેના મુખમાંથી તેની પ્રશંસા સાથેજ નીકળી જતી. બંનેના વિચાર મળતા આવતા તેથી પણ તેમનાં અંતઃકરણની વૃત્તિ વિશેષ પ્રજ્વલિત થતી. આખરે કેશરીસિંહને લાગ્યું કે હવે એના પગ ધીમા પડયાં છે તેથી એણે એને પૂછયું કે તમને ચાલતાં ઘણો શ્રમ પડયો જણાય છે માટે ઇચ્છા હોય તો આ પાસેના આસન ઉપર આપણે બેસીએ. વાસ્તવિક રીતે એને નિદ્રાનું ઘેન પણ ચઢવા માંડયું હતું તેથી એણે આ માગણી સ્વીકારી અને બંને જણ એક એકાન્ત સ્થળમાં જઇને બેઠક ઉપર આરામ લેતાં બેઠાં. પોતાને આવો અનુકૂળ પ્રસંગ પ્રભુએ આપ્યો તેને માટે કેશરીસિંહ તેનો અંતઃકરણથી પાડ માનવા લાગ્યો. આવો ને આવો આનંદ ચિરકાળ રહે એમ ઇચ્છવા લાગ્યો. પેલો ઘરડો ખચ્ચર જો તેની ધારણામાં ફાવે અને આને ઉપાડી જઇ શકે તો પછી પોતાની જીંદગી નિરર્થક જ થાય એમ એને હવે લાગવા માંડયું. પણ ધારો કે તેને એ ન પરણી તોએ હું બીજીને પરણી ચૂકયો છું તેમાંથી કેમ કરીને છૂટીશ ?—એ વિચારે પાછો એને ઘેલો બનાવી દીધો. પોતાની પરિણીતા હવે તો કોર્ટમાં પોતાની સામેના દાવામાં ફતેહ મેળવે તો જ સારૂં એમ એ ઇચ્છવા લાગ્યો. તેમ થાય તો પછી આને પગે પડીને એની પ્રીતિ સંપાદન કરવાના ઉપાય લેવાય, પણ એનું દીલ મ્હારી તરફ વળ્યું હશે ખરૂં ? એની આજની વર્તણુંક ઉપરથી કંઇક સારી આશા તો બંધાય છે. એવા એવા વિચાર એના મનમાં ચાલતા હતા.

ચંદ્રપ્રભાને પણ એની સાથે હરવા ફરવાથી—એના સુકોમળ કંઠમાંથી નીકળતાં મીઠાં વાકયો સાંભળવાથી ઘણોજ આનંદ થતો હતો અને વધારે

વાર જો સાથે રહેવાનું થશે તો પોતાનું હૃદય પોતાને હાથ નહિ રહે એવી પણ કંઇક ભીતિ ઉત્પન્ન થતી હતી.

હવે એને એટલી તો ખાત્રી થઇ કે ભૂપતસિંહની સામે થવામાં મ્હારે મદદ જોઇએ છીએ તે નક્કી આ સત્પુરૂપ તરફથી મને મળશે જ, પણ એજ જો કેશરીસિંહ પોતે મ્હારા ધર્મના પતિ હોય તો કેવું સારૂં ?—ક્ષણવાર આવો ગાંડો વિચાર આવ્યો ને પાછો તેની અસંભાવનાથી જ તે તેણે પડતો મૂક્યો. તથાપિ એના મુખ ઉપર કંઇક તેનો સુખાભાસ થયો હોય એમ કેશરીસિંહને જણાયું તેથી એ બોલી ઉઠયોઃ—

"હજી સુધી કંઇ ઉંડા વિચારમાં પડયાં હો એમ જણાય છે. ચાલવાથી શ્રમ અધિક તો ઉત્પન્ન નથી થયો ?"

"મને તો લાગે છે કે તમારી સાથે આખી રાત ચાલું તોપણ ન થાકું. પણ એવો આનંદ તે કંઇ હમેશ પહોંચે છે ? ભવિષ્યની ચિન્તા વર્તમાન સુખને પણ અપૂર્ણ બનાવી દે છે."

"ત્યારે શું વર્તમાનનું આપણે અનિશ્ચિત, અનંત, ભવિષ્યમાં રૂપાન્તર ન કરી શકીએ ?"

"અરે એમ તે કંઇ થતું હશે ?" જરા નિઃશ્વાસ મૂકતે ચંદ્રપ્રભાએ ઉત્તર આપ્યો.

"બધાંને ઉદ્દેશીને કે તમારા પોતાના સંબંધમાં કહો છો ?"

"બંનેને."

"ત્યારે તો તમારા મનમાં પેલું અણગમતું લગ્ન થવાની ભીત હજી વ્યાપીજ રહી હશે ?"

"મ્હારા મનમાં બીજા વિચારનો અવકાશ પણ એ ક્યાં આપે છે ? મ્હારા દીલ ઉપર મ્હોટો ઓથાર ચાંપ્યો હોય એમ રાત દિવસ મને એ બાળી મૂકે છે. જો જરા પણ એ ચિન્તાથી હું દૂર રહી શકી હઉં તો તે આજ રાતેજ. ને તેને માટે ઉપકાર મ્હારે તમારો જ માનવાનો છે."

"હજી પણ તેને ભૂલી જવાનું કરો તો ?"

"અરે પણ તેમ બને જ ક્યાંથી ?"

"શું કોઇ પુરૂષ કોઇ સ્રીને તેની ઇચ્છા ઉપરાંત પરણી શકે છે ? તમે એને શું કામ નથી કહેતાં કે તમારી મરજી તેમ કરવાની નથી."

ચંદ્રપ્રભાએ ડોકું ધૂણાવ્યું.

"અરે એ ઉપાય તો હું લઇ ચૂકી પણ એ માને છે ક્યાં? એ તો કહે છે કે મ્હેં વચન આપ્યું છે તે મ્હારે પાળવુંજ પડશે."

"ત્યારે શું તમારી પાસેથી એ લુચ્ચાએ વચન પણ લઇ લીધું છે?"

"હા—પણ તે માત્ર મ્હારા ઉપરના તેમના ઉપકારની લાગણી તરીકે ને મ્હારી ફરજ તરીકે—જ્યારે હું નાની બાળક હતી ત્યારે મ્હેં વગર સમજણે આપ્યું હતું."

"હ્યો—એવું વચન તે કંઇ આજ બંધન કર્ત્તા થઇ પડે? પ્રેમ વિનાનું લગ્ને શા કામનું?"

"પ્રેમની પોથી તો હજી મ્હેં ઉઘાડીએ નથી." જરા હસમુખે ચહેરે એણે જવાબ દીધો.

"કોઇ દહાડોએ ઉઘાડશો તો ખરાં કે નહિ?"

આ શબ્દો બોલતાં એની આંખોમાંથી જે જુસ્સો—જે તેજ નીકળતું હતું તે નાહ જોઇ શકાયાથી ચંદ્રપ્રભાએ મ્હોં આડું ફેરવ્યું.

"કદાચ ઉઘડે. કોને ખબર?"

"ત્યારે હમણાં જ ઉઘાડી જુઓને? જરા વાંચો તો ખરાં, એમાં શું કહે છે? એને પહેલે પાનેજ કંઇ એવું લખ્યું છે કે તમે તે સમજીને વાંચો તો આ તમારા ઉપર નંખાતી જુલમની બેડીમાંથી હંમેશને માટે છૂટાં થઇ શકો."

ચંદ્રપ્રભાએ નિઃશબ્દ સાંભળ્યા કર્યું તેથી હર્ષનો વિશેષ ઉભરો પોતાને આવતો હોય એમ જણાવતો જણાવતો મહા વેગથી તે કહેવા લાગ્યોઃ—

"ચંદ્રપ્રભા!—હવે મ્હારા હૃદયની વાત તમારાથી વધારે વાર છૂપી રાખવી મુશ્કેલ છે. મ્હારાથી બોલી દીધા વગર રહેવાતુંજ નથી. તમને મ્હેં આજ રાત્રે નાટકશાળામાં પહેલવહેલાં જોયાં ત્યારથીજ મ્હારો જીવ ઉડીને તમારી પાસે આવ્યો છે. મ્હારૂં તો તારા-મૈત્રકજ બંધાયું છે—અરે તેથી પણ વિશેષ—મને તો એમ થાય છે કે મ્હારો પ્રેમ તમારા ઉપરનો માત્ર આજનોજ નથી પણ ચિરકાળનો—પૂર્વ જન્મનો છે.—જો કે મ્હેં તમને મ્હારાં .ચર્મચક્ષુથી તો જોયાં છે આજ જ. તથાપિ મ્હારૂં મન કેમ જાણે તમારાથી ચિરપરિચિત હોય એમ તમને પોતાનાં જ ગણે છે. મ્હારા અંતરમાં કોઇ શબ્દ ફરી ફરીને મને એમજ કહે છે કે મ્હારો સંબંધ તમારી સાથે થવાનોજ છે. આપણે બંને એક બીજાને માટેજ સર્જાયલાં છીએ. માટે મ્હારા પ્રેમનો સ્વીકાર કરી મને સદાને માટે તમારો બનાવો."

આમ બોલતો બોલતો એ ઝનુનમાં ને ઝનુનમાં ઉઠીને એની સામે આવ્યો. તે વેળા એની આંખમાંથી પ્રેમાગ્નિના અંગારા જાણે વર્ષી રહ્યા હતા. તેનો પ્રકાશ ચંદ્રપ્રભાના શરીરને જ નહિ પણ એના આત્માને પણ પ્રજવલિત કરી મૂકતો હતો. એના અંતઃકરણમાંથી આ જે સંદેશો આવ્યો તેની સાથે એ પણ શુદ્ધ અંતઃકરણથી—એક તારથી—સંમત થઇને સામેથી તેવોજ જવાબ વગર બોલે વાળતી હતી. આ ક્ષણે જગતનો અન્ય સર્વે વ્યવહાર ભૂલાઇ ગયો હતો. એક બીજાનાં હૃદય ધબકારા કરીને સામ સામે જાણે પોતાનો આવેગ જણાવી રહ્યાં હતાં. ભૂપતસિંહનો ભય—તેને આપેલું વચન—કેશરીસિંહ સાથેનું ગુપ્ત લગ્ન—એ બધું અત્યારે તો નહિ જેવું થઇ ગયું હતું. આ નવીન પ્રેમસાગરની ભરતીના જોરમાં એ બધું તણાઇ ગયું હતું. એ ભરતીના બળ સામે પોતાનું રક્ષણ કરવાનો ઉપાય એણે કંઇ ચિન્તવી રાખ્યો ન હતો. બીજે કોઇ પ્રસંગે તેનો અવરોધ કરવાને એ જે આડચ લાવી શક્ત તે આ વખત નકામી થઇ પડે એમ હતું. આજના અવનવા પ્રસંગોથી—પોતાની પાસે ઉભેલી આ વિચિત્ર વ્યક્તિના તરફથી પોતાના ઉપર થતી કંઇક જાદુભરી અસરથી—તેના સાન્નિધ્યથી જ પ્રસરતા કોઇક નવીન પ્રકારના મોહક વાતાવરણથી—એનું મન એવું તો અત્યારે મુગ્ધ થઇ ગયું હતું કે એ સામો કાંઇક શબ્દ કહેવા જતી હતી તેને માટે પણ એની જીભ ઉપડી નહિ, તેણે પાથરેલી મોહ જાળમાંથી એ પોતાને છોડવી શકી નહિ. હવે તો તે એની પાસે આવીને એનો હાથ પોતાના હાથમાં લઇને કાલાવાલા કરતો હતો—ઘુટણે પડતો હતો—પોતાનો હાથ ઉચકીને મુખ-સ્પર્શ કરતો હતો—તેની આનંદ-નિદ્રામાં પોતે ક્યાં સુધી પડી રહી હશે એ પણ હવે તો પોતાને ભાન રહ્યું ન હતું. એ અનુપમ સુખમાં અન્ય સર્વ વિસ્મૃત થઇ ગયું હતું. કાળનું વહન પણ જણાતું ન હતું. આવું સુખ અહર્નિશ અનંતકાળ સુધી રહે એજ એ માગતી હતી. જાગૃત અવસ્થાને પણ ઇચ્છતી ન હતી. પણ સર્વ પાર્થિવ પદાર્થોની પેઠે એ નિદ્રાનો પણ અંત આવ્યો. તેમાંથી એ જાગી અને તે કાળની પોતાની સ્થિતિ જોતાં લજ્જાયમાન થઈ નીચું જોઇ ગઇ. કેશરીસિંહ એ અવસ્થામાં એને આવતી જોઇ રહ્યો હતો—એના અંગના પ્રત્યેક ભાવને નિરખી રહ્યો હતો—પોતાની આજીજી નહિ સ્વીકારે એવો હવે એને ભય ન હતો. કંઇક આશા પણ ઉત્પન્ન થઇ હતી. તેના મનની લાગણી પોતાના જેવીજ હોવી જોઇએ એમ માનવાને એને સબળ કારણો મળ્યાં હતાં. તેથી આ મન ગમતા પ્રસંગનો અનિચ્છાએ પણ અંત આવે તે પહેલાં

દાણો ફરીથી ચાંપી જોવાની—તેનેજ .મ્હોંએથી તે મધુર શબ્દો સાંભળવાની—પોતાનું જીવતર સફળ કરવાની—આ તક ન જવા દેવી એવો નિશ્ચય કરીને તે ફરીથી બોલ્યોઃ—

“ મને શો જવાબ છે ?”

ચંદ્રપ્રભાએ ઝટ એનો હાથ છોડી દીધો—પરિપૂર્ણ નિદ્રા-ભંગ થવાથી તે જાણે ઝબકીને જાગી હોય એમ આંખો ચોળતી ઉભી થઇ ગઇ, અને ફરીથી વિશેષ પ્રશ્ન કરવાની કેશરીસિંહની વૃત્તિ જોઇને તેણે તેને ઇશારાથી રોકી દીધી.

“ હમણાં નહિ—આજ મ્હારો જીવ ચકડોળે ચઢ્યો છે—મને કંઇક સ્વસ્થ બનીને વિચાર કરવાનો અવકાશ આપો. હમણાં મને એટલી સુસ્તી આવી ગઇ છે કે મ્હારૂં મન કશા ઉપર સ્થિર થતું નથી. મ્હારી મોટરવાળાને કૃપા કરીને બોલાવશો ? હવે મ્હારે ઝટ મ્હારે મકાને જવું જોઇએ.—વળી કાલ મળીશું. ”

કેશરીસિંહ તેનું આ વખતનું અલૌકિક લાવણ્ય નિહાળતો નિહાળતો—ફરી પાછો પ્રભુ આવો અવસર ક્યારે લાવશે—પોતાના નસીબમાં તે હશે કે નહિ—એવા વિચાર કરતો કરતો ક્ષણવાર ઉભો રહ્યો. પછી પાછો એણે એનો હાથ પોતાના હાથમાં લીધો, ને તેને પોતાના મુખ પાસે લઇ જઇ તે દ્વારા સુધારસનું પાન કર્યું. અને એક છેલ્લી સાકૂત—સાભિલાષ દૃષ્ટિ તેના ઉપર નાંખીને નિશ્વાસ મૂકતો મૂકતો ત્યાંથી ચાલી ગયો.

ચંદ્રપ્રભા ચમકી-એને હવે પૂરી જાગૃતિ આવતાં આ મુખ-સ્પર્શથી અગાઉનો તેવોજ મુખસ્પર્શ સાંભરી આવ્યો. તેજ ઝણઝણાટ આખા શરીરમાં—રગેરગમાં વ્યાપી ગયો—તે કાળનોજ આનંદ તે પાછો અનુભવવા લાગી—અત્યાર સુધી જે વિસ્મરણમાં દબાઇ ગયું હતું તે બધું હવે પાછું તાજું થયું-અને તેજ ક્ષણે પોતાના સ્વર્ગીય સુખની કેમ જાણે નિંદા કરાવવા ખાતર જ—ત્યાં તેણે ભૂપતસિંહ રૂપી કાળને સન્મુખ આવી ઉભેલો જોયો.

પ્રકરણ સત્તરમું.

ચંદ્રપ્રભાની ચિન્તા.

આ અણધાર્યો દેખાવ જોતાંજ ચંદ્રપ્રભા જાણે કોઇએ છાતીમાં કારી ઘા માર્યો હોય તેમ પાછી હઠી ગઈ. એક ક્ષણ પહેલાં તો એ આનંદની અવધિયે પહોંચી હતી—સ્વર્ગીય સુખની સીમા અનુભવતી હતી- તેમાંથી એકદમ આને જોતાંજ જાણે પૃથ્વી ઉપર આવી પડી. ભૂપતસિંહના મ્હોં ઉપર કંઇક હાસ્ય જણાતું હતું તેથી એને લાગ્યું કે કદાચ એનો મિજાજ પાછો ઠેકાણે આવ્યો હશે પણ એવી રીતે બહારથી જ્યારે એ હસમુખો દેખાતો ત્યારેજ અંદરખાનેથી વિશેષ ક્રૂર બનતો હતો એવું એણે ઘણીવાર જોયું હતું તેથી આ વેળા પણ એને વધારે ભય લાગવા માંડયો.—એ ક્યારનો આવ્યો હશે? ક્યાં સંતાઇ રહ્યો હશે? અમારી વાતો એણે સાંભળી હશે? અમારા હૃદયના ઉદ્‌ગારના શબ્દ એને કાને પડતાં નક્કી એનો ક્રોધ વિશેષ પ્રજ્વલિત થયો હશે--એ વિચારે એનો ભય પણ દ્વિગુણિત કર્યો.

"ચંદ્રપ્રભા!—જો આ ત્હારા વર—ઠાકોર કેશરીસિંહ"—એમ કંઇક જાણે મજાકમાં ને કંઇક અનુકંપામાં કહેતો હોય તેમ બિશનદાસને બતાવતો બતાવતો તે બોલ્યો.

આ શબ્દો કાને પડતાંજ ચંદ્રપ્રભાના શરીર ઉપર વીજળીના આઘાત જેવો ચમકારો થઇ આવ્યો. એણે જુદીજ આશા રાખી હતી--વ્યર્થ જાણ્યા છતાં કદાચ સાચું પડે તો કેવું એવી અભિલાષા બાંધી હતી—ને પ્રત્યક્ષ અનુભવ તો આ જુદોજ થયો. તેનાથી ઉત્પન્ન થતા ખેદ—નિર્વેદ-નિરાશાને બળે તે બેઠક ઉપર ઢળી પડી ને પાસે ઉભેલા એ બંને પુરૂષો સામું ટગર ટગર જોવા લાગી.

"એ ત્હારી પાસે દાવાની વાત કરવા આવ્યા છે. એની પણ મરજી ત્હારી પેઠે ઝટપટ છૂટા છેડા કરવાની જણાય છે એટલે હવે તમારા બંનેના મનનું સમાધાન જલદી થઇ જશે."

ચંદ્રપ્રભા બિશનદાસના સામું તાકી તાકીને જોવા લાગી.—આ કેશરીસિંહ!--આ ઠીંગુજી!—જેના મ્હોં ઉપરથી માખ પણ ઉડે નહિ એવા મ્હારા વર? એ તે શું મ્હારા મનોરથ પૂરે! એના તરફની મદદની મ્હેં આશા રાખી હતી! આવા વણિક જેવા અરસિક--માત્ર દ્રવ્ય-લોભી—ની

સ્ત્રી થઇને રહેવું એ તો વળી જે આત્મ-ભોગ આપવાથી પોતે નાસવાનું કરતી હતી તેના કરતાં એ વધારે ભયંકર લાગ્યું. આ બધું જો કે બિચારા બિશનદાસની વિરૂદ્ધ હતું તોપણ તે, વાસ્તવિક રીતે, ચંદ્રપ્રભાના અતિ ક્ષોભ પામેલા મનની તે ક્ષણે થએલી અત્રદશાનો જ પરિણામ હતો એમ કહેવું જોઇએ. એણે જે પોતાના સ્વામીના સ્વરૂપ માટે કલ્પનામય અદ્ભુત ચિત્ર આલેખી રાખ્યું હતું તે ગગન-પુષ્પની પેઠે નિષ્ફળ નીવડયું એટલે એને અન્ય વ્યક્તિ માટે તિરસ્કાર આવે એ સ્વાભાવિક હતું પણ જો એનું મન સ્વસ્થ હત અને તેવે પ્રસંગે એને બિશનદાસની મુલાકાત થઈ હત તો એને એવો હસી કાઢવા જેવો લાગત નહિ. ભૂપતસિંહના ભયાનક રૂપ કરતાં તો એ હજાર દરજ્જે સારો હતો એમ એને કબૂલ કરવુંજ પડત. એની આ અપકૃષ્ટ દશા જોઇને મનમાં કેમ જાણે મલકાતો હોય—જેના વિષે એણે ઉંચા ઉંચા અભિપ્રાયો બાંધ્યા હશે તેને આવો સામાન્ય પંક્તિનો જોતાંજ એને કેવો ખેદ થતો હશે એ વિચાર આવવાથી પોતાની યુક્તિમાં તે કેવો ફાવ્યો છે એમ માનીને જાણે ફુલાતો હોય તેમ તેની સામું હર્ષથી જોતો જોતો—તેના દુઃખમાં પોતાનું સુખ ગણતો—તે સામોજ ઉભો હતો તેને હવે ચંદ્રપ્રભાએ કંટાળીને પોતાની પાસેથી દૂર જવા વિનતિ કરી.

"મ્હારે આમની સાથે જરા ખાનગી વાત કરવી છે માટે આપ અ- મને બંનેને થોડીવાર એકલાં રહેવા દેશો ?"

"અલબત્ત" ભૂપતસિંહે હસતે હસતે જવાબ દીધો. એ જાણતો હતો કે એમાંથી કંઇ અનર્થ તો થવાનો છેજ નહિ.

"ઠીક, ત્યારે હવે તમારાં મન ઘણે દહાડે મળીને ખાલી કરો, ને ઝટ રસ્તા ઉપર આવી જાઓ"—એમ મજાકમાં ને મરોડમાં બોલતો બોલતો ત્યાંથી તે નીકળ્યો પણ જરા આઘે જઇને બિશનદાસના સામું જોઇ—તેને ચેતવણી આપતો હોય તેમ "સંભાળજે હોં"—એમ કહેતો ગયો.

"કેમ—તમે શું કરવા મ્હારી પાસે આવ્યા છો ?"—પહેલોજ પ્રશ્ન ચંદ્રપ્રભાએ પૂછયો.

"હું ?—મને તો કંઇ ખબર નથી !—"અચકાતે અચકાતે બિશન- દાસે જવાબ દીધો.

ચંદ્રપ્રભાની આંખમાંથી અંગારા વરસવા લાગ્યા ને તેનો તિરસ્કાર વધતો ગયો.

"કોર્ટના કામ માટે હશે, પણ એમાં વાત શી કરવાની હતી ?"

"હું એ એમ જ કહું છું. મ્હારે તો એમ તમારાથી છૂટા થવાની ઇચ્છાએ નથી."

ચંદ્રપ્રભાના કાનપર જાણે મ્હોટો પથરો પડયો. "તમે છૂટા, થવા નથી માગતા?"

"ના રે બાઇ—એવું તે કોઇ હાથે કરીને કરતું હશે?"

એના બોલવાની ઢબ જોઇને એ જરા અંજાઇ ગઈ. બિશનદાસનો આત્મ-વિશ્વાસ હવે જરા જોરમાં આવતો હતો. એને લાગ્યું કે હમણાં તો આપણે એને દબાવીશું તેટલી દબાશે અને આ લાગ લઇને મ્હારે મ્હારા મિત્રનું કાર્ય જેમ બને તેમ સાધવું જોઇએ—એની ઇચ્છા પરિપૂર્ણ કરવી જોઇએ.

ચંદ્રપ્રભા ઉપર કેશરીસિંહ કેટલો મોહિત થઇ ગયો હતો તે બધું એ સારી રીતે સમજતો હતો અને ખરી વાત જો આ જાણે તો કદાચ નાશજ પણ થાય માટે એવો સંજોગ ટાળી પોતાની બાજી હાથ કરવા માટે એણે રસ્તો લીધો.

ચંદ્રપ્રભાને પણ જરા જરા ભય ઉત્પન્ન થવા લાગ્યો હતો. આ લફરૂં વળગી જ રહેશે ને મ્હારૂં કંઇ ચાલશે નહિ તો? પણ ભૂપતસિંહને આવી ખબર હત તો એ અહીં એને લાવત જ નહિ. જાણતા હોય તો લાવે જ શાના? હજી કંઇ ભેદ રહ્યો હશે કે શું? એમનો લાભ તો આની પાસેથી પણ પોતાના મનગમતું જ કરાવવામાં રહેલો છે ત્યારે મ્હારી પાસે એને શું કામ મોકલ્યો હશે?

"પણ તમે તો તે વખતે કબૂલ કર્યું હતું તેનું કેમ?"—જરા ચીઢાઇને જાણે પૂછતી હોય તેમ બિજાજ કરતી તે બોલી.

બિશનદાસે માત્ર ખભા જ મરડયા. "એમાં શું? હશે—જોવાશે—પણ તમે કેમ આટલાં છૂટાં પડવાને તલપાપડ થઈ રહ્યાં છો?"

"તેનું તમારે શું કામ છે?"

"નહિ કેમ? આપણે બંનેએ એ વિષે વાત કરવી જ જોઇએ. આટલું બોલી—જાણે નરમ પડયો હોય તેમ બીજે સ્વરે ધીમેથી એ કહેવા લાગ્યોઃ—

"તમે જાણતાં નથી કે હું તમારા હિતને માટે કહું છું? તમને હું મદદ કરવાને—તમારૂં દુઃખ ટાળવાને તૈયાર છું."

સિંહના પંઝામાં ફસાયેલા નાના ઉંદરની આજીજી સાંભળીને તેને જેવું આશ્ચર્ય લાગ્યું હતું તેવું જ આ વેળા ચંદ્રપ્રભાને લાગ્યું.

"તમે તે શું મદદ કરતા હતા!—તમે શું કહેવા માગો છો તે પણ હું તો સમજતી નથી."

"જરા ધીરજ રાખીને સાંભળો તો ખરાં"—એની પાસે જઇને બેસતાં બેસતાં બિશન બોલ્યો:—"મ્હેં સાંભળ્યું છે કે તમને આ ભૂપતસિંહ ઉપાડીને એના જનાનામાં નાંખવા માગે છે. તમે એને વચન આપી ચૂક્યાં છો તેનો એ લાભ લેવા માગે છે ને તમને એ વાત ગમતી નથી—કેમ ખરૂં કે નહિ? ત્યારે પછી તમે જેની સાથે પરણ્યાં છો તેનાં જ થઇને રહેવામાં તમને શો વાંધો છે?"

"વાંધો એજ કે—એ દુઃખ વળી એના કરતાં એ મ્હોટું છે. ઘરની બળી વનમાં ગઇ તો વનમાં લાગી આગ."

"આપનો ઉપકાર થયો—મને આપે ખરેખર બહુ માન આપ્યું છે!"

ચંદ્રપ્રભાએ જાણ્યું કે આને ખોટું લાગ્યું છે તેથી જરા છોભાણી તો પડી ગઇ.

"માફ કરજો. પણ તમે જ મને ચોખે ચોખ્ખું કહી દેવાની ફરજ પાડી છે."

બિશનદાસનું હસવું હવે ખાળ્યું ખળી રહ્યું નહિ.

"ના–ના—એમાં કંઇ માફી માગવા જેવું છે જ નહિ. હું કંઇ એવું કહેવા ન્હોતો માગતો કે તમારો પતિ થવાને હું લાયક છું. મ્હારામાં એવું રૂપે ક્યાં બળ્યું છે?"

ચંદ્રપ્રભાને વળી વહેમ પડયો કે આ તે શું બોલતો હશે? "—ને બીજું એ કે"—બિશનદાસે એનો ગભરાટ જોઇ ખુશ થતે થતે આગળ ચલાવ્યું—"મ્હારી ઇચ્છા—ખોટું લાગે તો માફ કરજો હાં—તમને મ્હારાં પત્ની બનાવવાની જરાએ છે જ નહિ—ખરૂં પૂછો તો હું તો બીજી સાથે ક્યારનોએ પરણી ચૂક્યો છું."

જાણે વજ્રાઘાત થયો હોય તેમ ચંદ્રપ્રભા આ સાંભળીને સફાળી ઉઠી. આ તે કોઈ સાફ ગાંડો છે કે શી બલા? એવો એને તર્ક તરત થઇ આવ્યો. બિશનદાસે જોયું કે હવે મશ્કરીની હદ આવી છે તેથી તેણે તરત પાઘડી ફરી બાંધવા માંડી.

"હું કંઇ કેશરીસિંહ નથી!!"

"શું કહો છો?—તમે નહિ?" એના આશ્ચર્યનો તો હવે પાર જ ન હતો.

"ના-ના"—હસતે હસતે એણે જવાબ દીધો. "એ તો આપણા ભૂપતસિંહભાઇના મનમાં એવું ભૂત ભરાયું કે તમે જો મને કેશરીસિંહ માનો તો તમારા મનમાં જે ખરા કેશરીસિંહ વિષે સદ્વિચાર ઉત્પન્ન થયા હોય તે જતા રહે. તમને એને માટે કંઇક સારી લાગણી થઇ હશે એમ તો એ માનતા હોવા જ જોઇએ ને વાતે ખરી છે—ક્યાં એ ભાઈ ને ક્યાં હું? ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી? હું પણ ભૂપતભાઇની વ્હેલમાં ચઢી બેઠો ને હા એ હા કરીને તમારી પાસે આવ્યો તે કારણસર છે. કેશરીસિંહ ભાઇ મ્હારા જીવજાન દોસ્ત છે અને જગત્માં એની તો જોડ જ મળવી મુશ્કેલ છે."

ચંદ્રપ્રભાને આ વખાણ જાણે ખુંચતાં હોય—તેની માન્યતાની બહાર હોય તેમ તેને અશ્રદ્ધેય ગણીને તે તરફ દુર્લક્ષ આપતી જ—"જાણ્યા જાણ્યા એ તમારા દોસ્ત"—એમ જાણે મનમાં બબડતી બેસી રહી.

બિશન જાણે તે સમજ્યો ન હોય તેમ પોતાની વાત આગળ ચલાવવા મંડયો.

"એમને આ ફંદમાં પડવું પડયું તે એક મિત્રધર્મ બજાવવાની ખાતર જ, અને એ મિત્ર પણ હું જ છું તેથી એમનો હેતુ મ્હારે આપને બરાબર સમજાવવો જ જોઇએ એ મ્હારી ફરજ છે એમ હુ માનું છું."

"મ્હારે એની શી પડી છે? એમણે ગમે તે મતલબે એ કામ કર્યું હોય તેની સાથે મ્હારે કંઇ લેવા દેવા નથી. એ એમ માનતા હોય કે તમને મ્હારી પાસે મોકલીને પોતાના ગુણ-કીર્ત્તનથી મ્હારૂં મન—"

"ના—ના—જો જો ભૂલ કરતાં. એમણે તો મને મોકલ્યોએ નથી ને હું અહીં આવ્યો છું એમ એ જાણતાએ નથી. આ જે હું કહું છું તે મ્હારા પોતાથીજ છે એમ સમજજો. આમ એમના કામમાં હું વચ્ચે પડયો છું એવું એ જાણે તો તો મ્હારા ઉપર બહુ નારાજ થાય."

"ત્યારે હજી એમણે પોતે તો મને દેખાએ દીધી નથી!—મ્હારી સંભાળે લીધી નથી!—હું કયાં છું તેની શોધે કરી નથી!—"

"તમે ભૂલો છો—જુઓ એ પોતે આ આવ્યા—" આઘેથી આજ ક્ષણે કેશરીસિંહને સામો આવતો જોઇને તે બોલ્યો—પછી જેવો તે પાસે આવતો ગયો તેમ પોતે આઘો આઘો ખસતો ગયો ને બંને જણ ભેળાં થઇ ગયાં એટલે ત્યાંથી પોબારા ગણી ગયો!! જતે જતે કેશરીસિંહના સામું જોઇને હસતો ને ચાળા કરતો ગયો તેથી તેને પણ લાગ્યું કે કંઇક રસ્તો થાય એમ છે. તે ગયો તેનું ચંદ્રપ્રભાને કંઇ ભાન ન રહ્યું—તેની

દૃષ્ટિ તો સામે આવતા પોતાના માની લોધેલા પ્રિયતમનુંજ પાન કરતી હતી—જેને અત્યારસુધી તે માત્ર રાવળ હરિસિંહજી રૂપે અન્ય વ્યક્તિ જ સમજતી હતી—પણ જે હવે ખરેખરો ઠાકોર કેશરીસિંહ જ સાબિત થયો હતો તેના તરફજ લાગી રહી હતી.

"આપની મોટર હાજર છે."—એણે ડગલું આગળ ભરીને કહ્યું.

એના સામું હજીએ જોયાંજ કરતી હતી—એક શબ્દ પણ એના મ્હોંમાંથી હજી નીકળતો નહતો. આ તે સ્વપ્નું કે સાચું હશે એવા ખ્યાલમાં જાણે ગરક થઇ ગઇ હોય એમ દેખાતું, પણ એટલામાં જ એના ધુંધવાઇ ગએલા હૃદયમાંથી ક્રોધાગ્નિની જ્વાલા ફુંફાડા મારતી બહાર નીકળી આવી. વાદળાંથી ઘેરાઇ ગએલા આકાશમાંથી એકદમ વરસાદ મુશળધાર તૂટી પડયો. એને કંઇક આ વેળા કેશરીસિંહનું કૃત્ય જુદા જ રૂપમાં દેખાવા લાગ્યું. પોતાને જાણી જોઇને એ ઠગવા આવેલો હોવો જોઇએ એવી એને ભ્રાન્તિ થઇ ગઇ તેથી એને જાણે અંગારા ચાંપતી હોય તેમ એ ધ્રુરકી ઉઠી.

"એમ ? ત્યારે શું તમે દમડીને લોભે એક અનાથ અબળાને ફસાવીને તેનું જીવતર બગાડવાથી ધરાયા નાહ તે તેની સાથે, ખોટું નામ ધારણ કરીને પાછો પ્યાર કરવા આવ્યા ખરૂં ? ધિક્કાર છે તમારા નામને ને તમારા કુળને. એવું તો તમારા વિના બીજું કોણ કરે ? મને તો લાગે છે કે તમે તમારા દોસ્ત ભાઇઓમાં હોડ બકી આવ્યા હશો કે 'કેવી એને હું પાણી પાણી કરી નાંખું છું. જુઓ તો ખરા, હું એને મ્હારી પ્રેમજાળમાં ફસાવું છું. મ્હારી આગળ એના શા ભાર છે ? એક બે કલાકમાં તો હું એને મ્હારૂં રમકડું બનાવીને તમારી પાસે આવું છું કે નહિ ?'–તમારા પોતાનામાં તમને પરિપૂર્ણ વિશ્વાસ હશે તેથી તમે વિજય મેળવવાનું નક્કી ધારીને આવ્યા હશો—પણ યાદ રાખજો કે આ છળભેદ મ્હારી પાસે ચાલશે નહિ. હું તો તમને તે દહાડેથીજ ઓળખી ગઇ છું. તમારે માટે મ્હારા હૃદયમાં પ્રેમ નહિ પણ તિરસ્કાર અને ધિક્કારજ છે."

આ શબ્દો પથ્થરના ગોળાની પેઠે કેશરીસિંહની છાતીમાં વાગ્યા તેથી તે ચીરાઇ ગઇ. હમણાં ચંદ્રપ્રભા હતી તેજ આ કે બીજી એવો પણ એને પ્રશ્ન થવા લાગ્યો. એ શું કહેવા માગે છે તે પણ પૂરૂં એ સમજી શકયો નહિ પણ એને એટલી તો ખાત્રી થઇ કે હવે એણે પોતાના શુદ્ધ સ્વરૂપમાં ખરે નામે ઓળખ્યો છે, પણ એ ખરી રીતે કોણ હતી તે હજી એના સમજવામાં આવ્યું નહતું. પોતે જે અજાણી સ્ત્રીની સાથે તે કાળ રાત્રિએ

ગુપ્ત લગ્ન કર્યાં હતાં—જેનો કોમળ હાથ ઉઠાવીને પોતાને ઓઠે અડકાડયો હતો તે અને આ ચંદ્રપ્રભા એકજ હશે એવી એને અત્યાર સુધી પ્રતીતિ થઈ નહતી.

"ચંદ્રપ્રભા—ચંદ્રપ્રભા—આતે તમે શું કહો છો?"—આગળ જરા વધીને તેની પાસે આવવા જતાં તે બોલ્યો. પણ તેણે તેને હાથથી તરછોડીને દૂર જવા કહ્યું.

"તમારી બધી રીતભાત જ"—(તેને વધારે બાળતી બાળતી તે બોલી) "તમારા જેવા માણુસની પાસેથી આશા રખાય તેવીજ છે. જે લાંચની ખાતર પોતાની માન-પ્રતિષ્ઠાને વેચતાં પણ ન શરમાય—જેને પોતે કદી જોઈ નથી તેવી સ્ત્રીની સાથે માણુમાણુનું લગ્ન કરવા માટે ખરેખરો ભાડાનો વર બનીને આવવાનું પણ સાહસ કરતાં ન લજવાય—તેનાથી બીજી શી આશા રાખવાની હોય?—એટલા અધમ બનાવથી પણ તમને સંતોષ વળ્યો નહિ. લાંચની-તમારી આબરૂ ગુમાવ્યાની ફી ગજવામાં મૂકવાથી પણ તમે ધરાયા નહિ. તે એથી પણ અધોગતિ પામવા—તમે જેની સાથે ખોટું ખોટું પરણ્યા હતા તેને બિચારીને શોધી કાઢી—તેની પાછળ પડી—તમારા બહારના કાલાવાલાથી કાયર કરીને હવે પ્રેમનો ઢોંગ મચાવવા આવ્યા છો! પૈસા પચાવી પડીને પણ તેનો કરાર તોડતાં તમને હિણપે લાગતી નથી! તમારામાં આત્મગૌરવનો છાંટો પણ હોય ત્યારેની? અરે! મ્હારા હૈયામાં તમારે નામે કેવી ઝાળ લાગી છે!—તમને હું કેવા ધિક્કારૂં છું એટલું પણ તમે સમજો તો ઘણું કહેવાય—"

આટલું જુસ્સાભેર બોલતાં એને જાણે ચક્કર આવી ગયાં હોય તેમ આંખો દબાવીને તે, માથે હાથ દઈને બેસી પડી. કેશરીસિંહ તો આભો બનીને સ્તંભ જેવો તેની પાસે ઉભો જ રહ્યો હતો. પણ હવે એનું અંતરપટ ખૂલ્યું—હવે એને ખબર પડી કે ચંદ્રપ્રભાનો રોષ શા કારણથી ઉત્પન્ન થયો હતો. હવે તે સમજ્યો કે આ સ્ત્રી—જેને પોતે પોતાના જીવ કરતાં પણ વ્હાલી ગણતો હતો—અને જેના મૃદુ સ્પર્શ-સુખનો અનુભવ હજી એને તાજો જ હતો—તે અને પડદા પાછળ રહે રહે જેણે હાથ લંબાવીને પોતાના હાથમાં મૂકયો હતો—પોતાનામાં રોમેરોમ હર્ષ ઉપજાવ્યો હતો—પોતાના અંતઃકરણમાં રૂધિર-પ્રસારનો વેગ વધાર્યો હતો—તે બન્ને એકજ હતાં!! જેણે અત્યારે એને ગાંડા જેવો કરી મૂકયો હતો તેનોજ સંપર્ક તે વેળા પણ એવો હૃદય-ગ્રાહી થયો હોય એમાં શું આશ્ચર્ય! પોતાને અત્યાર

સુધી જે લાગણી થતી હતી તે હવે સાચીજ જણાવા લાગી. પ્રથમથી જ પોતાને માટે તે નિર્માણ થએલી હતી એવી જે માન્યતા એને થઇ હતી તે વાસ્તવિકજ હતી એવો હવે નિશ્ચય થયો. પરંતુ ભાગ્યદેવીએ એકબીજાને અંધારી ગલીકુંચીઓમાં થઇને આડેઅવળે રસ્તે ચઢાવીને પાછાં ભેગાં કર્યાં હતાં—હમણાં જ્યારે પોતે સ્વર્ગીય સુખ ભોગવવાની અણી ઉપર આવ્યો હતો ત્યારે જ પોતાને ધક્કેલી પાડી તિરસ્કારને પાત્ર બનાવ્યો હતો ને નવી નવી મુશ્કેલીઓ તથા ગુંચવણ ઉભી કરી હતી.

ઉપરનું ભાન થવાની સાથે આ નવીન પ્રકાશને બળે એ બાળાનો ક્રોધ પણ એને સકારણ લાગ્યો. એનો મુદ્દો તે સમજી શક્યો. પોતે ન મળવાનો કરાર કર્યા છતાં તેને શોધતો શોધતો પાછળ આવ્યો એટલાથી કંઇ એને ખોટું લાગવાનો સંભવ ન હતો. એથી તો ઉલટી એ રાજી થવી જોઇએ. ગમે તે સ્ત્રીને પણ એવી વાત તો અણગમતી હોવી નજ જોઇએ. પોતાના ઉપર કોઇનું આકર્ષણ થાય—પોતે પોતાની પાછળ કોઇને મોહ-રજ્જુથી દોરી શકે એ તો પોતાનું સામર્થ્ય ગણાય. તેથી ચંદ્રપ્રભાને પોતાના ઉપર ગુસ્સો આવ્યો તેનું કારણ એ તો ન જ હોવું જોઇએ. એને જે હૈયામાં કાંટાની પેઠે ખટકતું હતું તે એટલુંજ હતું કે મ્હેં એને મૂળથીજ ઓળખી છે—હું એનું ખરૂં નામ વિગેરે લગ્ન થયું ત્યારથી જ જાણતો હતો ને તે વેળા પૈસાની ખાતર એની જીંદગી ધુળધાણી કરવાના હીણા કામમાં જોડાવાથી શરમાયો નહિ છતાં આજ હવે ખોટો ખોટો પ્રેમનો ડોળ કરીને તેને (તે બોલી હતી તેમ) કંઇક શરત જીતવાની ખાતરજ, બડાશ મારવા માટેજ—આમ ફરીથી પાછો ફસાવવા આવ્યો છું—એવું એ માનતી હોવી જોઇએ. પણ હવે એને એમ પણ લાગ્યું કે આ વેળા તો એનું મગજ જરા ભમી ગયું છે તેથી એ મ્હારે માટે ગમે તેવો ખોટો વિચાર લાવતી હશે, તથાપિ એનું મન શાન્ત થશે ત્યારે તો એ કબુલ કરશે જ કે મ્હારી વૃત્તિ એવી અધમ હતી નહિ ને છેએ પણ નહિ. મ્હારો પ્રેમ કેવો સાચો છે તેની તો એને ખાત્રી થઈ ચૂકી છે. ઘણાએ બહારથી આમ ઠગવાનો પ્રયત્ન કરતા હશે તેની ના નહિ. સ્વાર્થ સાધવા ખાતર કોઇને ભોળવીને ભમાવનારાઓની એ આ જગતમાં ખોટ નથી. પણ તેથી કરીને શુદ્ધ પ્રેમ કંઈ ન ઓળખાય ને ઢાંકયો રહે એ બનતું નથી. સુવર્ણની પરીક્ષા અગ્નિમાં થઇ કે તેની શુદ્ધતા સ્વતઃસિદ્ધ થવાની જ. હમણાં પણ એના અંતઃકરણને જો એ પુછે તો તે સાક્ષી મ્હારા લાભમાંજ આપે. પણ આ એક ભૂલ ભરેલી ભાવના હમણાં એના મનમાં એવી સજ્જડ ચ્હોટી ગઈ છે કે તાત્કા-

ળિક એ પડદો ખસી જાય એમ નથી. આ નવીન શોધના ભણકારાથી એના કાન એવા ભરાઇ ગયા છે કે અત્યારે તો બીજી કોઇ વાત તેમાં પ્રવેશ કરી શકશે કે કેમ એ પણ કહેવું મુશ્કેલ છે, તથાપિ પ્રયત્ન તો કરવો જ જોઇએ, અને વાસ્તવિક વૃત્તાન્ત એને ગળે ઉતારવો જ જોઇએ. એવું લાગવાથી એણે જરા તે સાવધ થાય તો દીનતાથી યથાસ્થિત હકીકત તેની પાસે મૂકવાનું ધાર્યું.

આ કાળે ચારે પાસ પ્રસરેલી શાન્તિનો ભંગ ચંદ્રપ્રભાનાં ડસકાંના કરૂણાજનક શબ્દથીજ થતો હતો. અત્યારે એની વિચાર કરવાની શક્તિ કેવળ લુપ્ત થઇ ગઈ હતી. એનું હૈયું છોલાઇ ગયું હતું—લગભગ ભેદાઇ ગયું હતું. ક્ષણવાર પહેલાં તો પોતે તત્કાળ જાગૃત થએલા અભિનવ પ્રેમના સુખમાં લીન થઇ ગઇ હતી—અવર્ણ્ય આનંદ અનુભવતી હતી. અને તેનીજ પાછળ આ પ્રત્યાઘાત થયો તેથી તેનો પરિણામ વિષમ લાગ્યો—તેની કડવાશ અસહ્ય જણાઇ—સામે ઉભેલા પુરૂષના દીલમાં પોતાના શબ્દ-બાણુથી—વજ્ર-પ્રહારથી—શી વેદના થતી હશે તેનો તો આ વેળા એને શાનોજ વિચાર આવે ?

એને તો આ વેળા એટલુંજ દૃષ્ટિ આગળ તરી આવતું હતું કે પોતાને લાંચની ખાતર પરણનાર—પછી જૂઠે નામે ઠગીને, પોતાનો તેના ઉપરનો પ્રેમ સ્વીકરાવવાને છળભેદ કરનાર—આ પોતાનો કહેવાતો પતિ હતો. આ છેલ્લો વિચારજ એને અતિ દુઃસહ થઇ પડયો હતો. એની આજીજીથી પોતે પ્રેમ-પોથી ખોલી હતી અને તેનાં કોરાં પાનાં ઉપર તેને મન ગમતું લખવાની તક આપી હતી. હવે એ નાં એજ પાનાં ઉપર તેના કલંકરૂપી શાહીના ડાઘા પડયા હતા અને તેની અધમતા તથા વિશ્વાસઘાતને લીધે પોતાનો ભ્રમ દૂર થતાં આંખોમાંથી પડતાં અશ્રુજળની ધારાથી તેના ઉપરનો લેખ બધો ભુસાઇ ગયો હતો. આ પરિણામની અતિ કટુતા આગળ બીજું સર્વ તેને તુચ્છ જણાતું હતું. તેથી તે એંડે એંડે એવા તો જોશથી રૂદન કરતી હતી કે તે સાંભળતાં પાષાણ હૃદય પણ પીગળ્યા વિના રહે નહિ. તેનું પ્રત્યેક ડસકું કેશરીસિંહના પ્રાણને વીંધી નાંખતું હતું અને તેને શુદ્ધિમાં આવવાનીજ તે રાહ જોયાં કરતો હતો.

પ્રકરણ અરાઢમું.

કેશરીસિંહનું પ્રત્યર્પણ.

ધીમે ધીમે એ એનું રૂદન કંઇક હળવું પડવા માંડયું—ડસકાં ઓછાં થવા લાગ્યાં—કાંઇક સ્વસ્થતા આવતી હોય એમ જણાયું. પછી તે તદન બંધ પડી ગયાં. આ આઘાતથી એનું મન જાણે બહેર મારી ગયું હતું તે પાછું પોતાના નિત્ય વ્યાપારમાં જોડાવા લાગ્યું. મ્હારે હવે કંઇક નિર્ણય કરવો જોઇએ—જલદી કરવો જોઇએ, એમ એને વિચાર આવ્યો. એ માણસને માટે તો હવે મને તિરસ્કાર શિવાય બીજું કંઇ આવે એમ છે જ નહિ. મ્હારે એને જણાવી દેવું જોઇએ—સ્પષ્ટ કહી જ દેવું જોઇએ કે તેણે જે રીત ગ્રહણ કરી હતી તેને લીધે પોતાની તરફની કંઇપણ સારી લાગણી તો હવે મેળવી શકનાર છે જ નહિ. તો પછી પોતાનો પ્રેમ તો ક્યાંથી જ સંપાદન કરી શકનાર હતો? એની વાતચીત બધી દગા ભરી જ હતી એવું હજી એ માનતી હતી. એણે તો હવે પોતાનાથી દૂર જ થવું જોઇએ. એનો સંબંધ કોઇપણ પ્રકારે ઇષ્ટ ન હતો તેથી હવે તો પોતાને ભૂપતસિંહની ઇચ્છાને અનુસર્યા વિના છૂટકો જ નથી—ચુલામાંથી નીકળીને ઓલામાં પડવાનું જ મ્હારા નસીબમાં લખ્યું હશે, નહિ તો આવું શું કામ બને? એવા અણગમતા માણસ સાથે જીંદગી ગુજારવી પડે—જેના ઉપર તેનો પ્રેમ તો હતો જ નહિ પણ જેને માટે માત્ર તિરસ્કાર જ હતો તેની સાથે રહેવું પડે તે પણ, જેના ઉપર એક પાસથી પ્રેમવૃત્તિ ઉત્પન્ન થતી હતી ને બીજી પાસથી તિરસ્કાર છૂટતો હતો તેની સાથે જીંદગી ગાળવા કરતાં હજાર દરજ્જે સારૂં હતું—પોતાના એ પતિ ઉપર તેને પ્રેમભાવ ઉત્પન્ન થયો હતો એ તો કંઇ એનાથી ના કહેવાય એમ હતું જ નહિ—એટલામાટે તો તેની આ પાછળની કાપટયમય વર્તણૂંક—તેની અધમતા એને આટલીબધી કડવાશ ભરેલી અને અસહ્ય થઇ પડી હતી.

આમ છતાં,—વળી એને વિચાર આવ્યો કે—ભાગ્યદેવીએ જો અમારો બંનેનો યોગ કોઇ બીજી રીતનો ઘડયો હત તો એના ઉપરનો મ્હારો અખંડ અસ્ખલિત પ્રેમ કેવો મીઠો થઇ પડત! એવા મનોહર યુવકની સાથે જીંદગી ગુજારવામાં મને કેવું અનુપમ સુખ મળત? અમે બંને બીજાજ સંયોગે—કોઇ સુખકર પ્રસંગે મળ્યાં હત—એ મ્હારા પ્રેમને અધિક પાત્ર નીવડયા હત

અને અમારાં હૃદય પરસ્પર પ્રેમથી જોડાયાં હત તો આ સંસાર મને કેવો અમૃતમય બન્યો હત ! મ્હારામાં પ્રેમવૃત્તિ આટલાં વર્ષ જાગૃત થઇ ન હતી ને થઇ ત્યારે આવી રીતે દુઃખ દેવાનેજ શામાટે થઇ હશે ? સુખનો સિદ્ધો રસ્તો મૂકીને મ્હારે ભાગ્યે આવા વાંકાચુંકા ને આડકતરા રસ્તા ક્યાંથી આવ્યા હશે ? મનુષ્યોની જીંદગી સામાન્ય રીતે કેવી હોય છે—પ્રેમીઓની દશા કેવી થાય છે તે વિષે એણે જે કંઇ વાંચ્યું હતું—એને જે કંઇ અનુભવ થયો હતો તે ઉપરથી એણે તો એમજ માન્યું કે ઘણાંનાં નસીબમાં આવું જ દુઃખ લખેલું હશે અને વિરલાંજ ભાગ્યશાળી યુગલ સુખમય જીવન ગાળી સંસારને પાર ઉતરતાં હશે. આ પુરૂષ જો પોતાને માટે યોગ્ય નીવડ્યો હત તો પોતે તેને ખરા અંતઃકરણથી—દૃઢ ભક્તિથી—પ્રેમદાન કરત—એના જીવન સાથે જ પોતાના જીવનનું ઐક્ય મીલાવી દત—એના પ્રાણનો પોતે અંશ બનીને રહત—પોતાનું સર્વસ્વ તેને સમર્પીને તેનીજ થઇને પરિપૂર્ણ સુખ પામત. પણ મ્હારા ભાગ્યમાં એવું ક્યાંથી લખ્યું હોય ? હવે તો મ્હારે એને મ્હારી આંખ્યોથી હંમેશને માટે દૂરજ કરવો પડશે. મ્હારૂં સ્વાભિમાન અને મ્હારો પ્રેમજ તેમ કરવા મને પ્રેરે છે. મ્હારા નસીબમાં તો બીજી બરીઓની પેઠે પ્રેમના બદલામાં દુઃખ જ વેઠવાનું લખેલું છે. એ દુઃખના દાવાનળ આગળ મ્હારૂં અંતઃકરણ બધું શોષાઇ જશે ને સુખનો ઝરો પણ નાશ પામશે.

કેશરીસિંહ ધીરજથી યોગ્ય તકની રાહ જોતો ઉભો જ હતો. જેમ જેમ તેનાં ડસકાં બંધ થતાં ગયાં અને તે વધારે વધારે શાન્ત પડતી ગઇ તેમ એને લાગવા માંડ્યું કે આખી બાજીમાં છેવટનો દાવ જીતવા કે હારવાનો પાસો નાંખવાની વેળા હવે જ આવે છે. હંમેશનું સુખ સંપાદન થશે કે જતું રહેશે તેનો આધાર આ દાવમાં સફળ કે નિષ્ફળ થવા ઉપર જ રહેવાનો. એને એમ ડર તો લાગ્યો કે અત્યારે એનું મન એવું અસ્વસ્થ છે—પોતાના માની લીધેલા અપરાધ રૂપી ફટકાથી એવો તો એને ચણચણાટ થાય છે—એટલો બધો રોષ વ્યાપી ગએલો છે કે હું બોલવા જઇશ તોપણ મને એ કદાચ સાંભળવાનીએ ના પાડશે; અને મને હડસેલી મુકવાની ગાંડી ધુનમાં કદાચ ભૂપતસિંહની ઇચ્છાને અનુકૂળ થવાનું વચન આપી બેસશે.—મ્હારૂં કહેવું એને ગળે ઉતરે તો તો બધાં રૂડાં વાનાં થાય, પણ તે અત્યારે બનશે કે કેમ એવી શંકા ઉત્પન્ન થતાં તેની આનાકાની કરવા લાગ્યો.—પોતાની જીભને ટેરવે—પોતાના હોઠ સુધી—આવેલા શબ્દો

પણ એ પાછા ગળી ગયો—પણ વળી વિચાર થયો કે બોલ્યા વિના બેસી રહેવું એ તો ઠીક નહિ તેથી આખરે તેણે નરમાશથી ઝંપલાવ્યું:—

"ચંદ્રપ્રભા!—મ્હારૂં કહેવું એક ક્ષણભર સાંભળશો?" એણે તો કંઇ ઉત્તર વાળ્યો નહિ, તેમ એના સામું ઉંચું માથું કરીને જોયું પણ નહિ તેથી જરા વાર થોભીને એણે આગળ ચલાવ્યું.

"તમારી દૃષ્ટિયે હું કેવો તુચ્છ—તિરસ્કાર યોગ્ય—દેખાઉં છું તે હું બરાબર સમજું છું પણ તમને જે મ્હારે માટે તિરસ્કાર આવતો હશે તે, **મને પોતાને મ્હારે માટે આવે છે તેની આગળ કંઈ બિસાદમાં નથી.** હા—તમે કહ્યું તેમજ પૈસાની ખાતર ભાડાના વરની ઉપહાસજનક હલકી સ્થિતિ મ્હેં સ્વીકારી—લાંચની ખાતર મ્હારાં માન-પ્રતિષ્ઠા વેચ્યાં—એ મ્હારી અધમતાનું યથાર્થ વર્ણન કરવાને કયા શબ્દ સમર્થ છે! મને જે કહો તે આ પાપને માટે—આ મહા દોષ માટે સાંભળવા—ખમવા હું તૈયાર છું. તમારા ક્રોધને હું ખરેખર પાત્ર જ છું. પણ તે વેળા હું નિરાશામાં ડુબકાં મારતો હતો. મ્હારે એવું ઋણ વાળવાનું હતું કે જે ન વાળી શકું તો મ્હારી આબરૂ જે કંઇ થોડી ઘણી હતી તેને બટ્ટો લાગે એમ હતું. પણ એ બધી કુથલી તમારી આગળ કહીને તમને કંટાળો આપ્યામાં શું ફળ છે? મ્હારા કુકૃત્યને માટે મ્હારે કંઇપણ બ્હાનું કે બચાવ છેજ નહિ. માત્ર એટલું જ જાણવું બસ થશે કે મને લાલચે લોભાવ્યો અને હું પાપના ખાડામાં પડ્યો-અને તે વળી એટલો ઉંડો કે મને પોતાનેએ તેની દશા આવશે એવું ખ્યાલમાં ન હતું. પ્રભુ જાણે છે કે મને મ્હારા એ ઘોર પાપમાટે કેટલો પશ્ચાત્તાપ થયો છે."

કંઇક ઉત્તરની અપેક્ષાએ એ જરા થોભ્યો પણ એ તો હજી હાલ્યા ચાલ્યા વિના જેવી ને તેવી મૌન ધારણ કરીને-નીચું મસ્તક રાખીને બેસી રહી હતી તેથી પોતાનું કહેવું પણ એ બરાબર સમજી હશે કે નહિ તેની એને ખાત્રી ન હતી. પોતાના ગળામાં આ વખતે ડચુરો ભરાતો હોય તેમ થઇ આવ્યું, પરંતુ મહા મહેનતે તેને દબાવીને, ધીમે સ્વરે ગંભીરતાથી પોતાના દાબી રાખેલા જુસ્સાનું બળ દર્શાવતા શબ્દોમાં તે આગળ કહેવા લાગ્યો:—

"અને એ પશ્ચાત્તાપ મને ક્યારે થયો તે તમે જાણો છો? જે ક્ષણે હું મ્હારા કુકૃત્યમાં પડયો તેજ ક્ષણે તેનો ચમકમાટ તો મને છૂટયો હતો; પણ તે વખતે કાંઇ પાછું હઠાય એમ ન હતું; તેને માટેની વેળા તો વીતી ગઇ હતી તેથી મ્હેં મ્હારા પોતાના તિરસ્કારને પણ બળાત્કારે રોકી રાખ્યો.

અને જે હાસ્યરસાત્મક પ્રયોગ ચાલતો હતો તે થવા દીધો. પરંતુ પડદાની બીજી બાજુએથી તમારો મધુર સ્વર મ્હારે કાને પડયો તેની સાથે જ મ્હારા આત્માનાં દ્વાર ખુલી ગયાં અને અનુક્રોશ તથા પશ્ચાત્તાપે પ્રવેશ કર્યો. તમારી નજરમાં હું કેવો નીચ લાગતો હોઇશ—મને તમે કદી જોયો જાણ્યો તો નહિ હોય જ તથાપિ, હું, મ્હારા આત્માની અધમતા સ્વીકારતો, માનવા લાગ્યો કે તમારી આંખ આગળ મ્હારૂં વાસ્તવિક ચિત્ર તો ખડું થયું હશેજ. મને તમે નિઃશંક દરિદ્ર, કપટી, કૃત્રિમ, નરાધમ જ માનતાં હશો ને તેમાં તમારો દોષ પણ હું કેમ કાઢી શકું ?"

વળી એ જરા અચકાયો, પણ સામેથી કંઇ સંજ્ઞા પણ ન મળી તેથી આગળ વધ્યો—હવે તો બોલતે બોલતે એ જરા ગળગળો પણ થઇ ગયો:—

"એટલામા તમારો નાજુક હાથ—પડદામાં થઇને મ્હારા ભણી આવ્યો ને તે મ્હેં મ્હારા હાથમાં લીધો. મને તે ક્ષણ કેવી અનુપમ સુખકારક થઇ પડી તેનો તમને તો ખ્યાલે નહિ આવે. પણ તેની મધુરતા જ પાછળ કડવો સ્વાદ મૂકતી ગઇ, અને તે એટલા માટે જ કે હું પોતે, એવી રીતે પરિપૂર્ણ વિશ્વાસથી પોતાનો હાથ મને સોંપનારના વિશ્વાસને બીલકુલ પાત્ર ન હતો—તેમ સ્પર્શ કરવાને પણ કેવળ અયોગ્ય હતો—એ હું તેજ ક્ષણે જાણતો હતો. અને પછી તો મ્હેં તમારી કોમળ અંગુલિયો ઉચકીને મ્હારે મ્હોંએ અરકાડી અને તેમનું ચુંબન કર્યું!—આહા!—એ ક્ષણનું સ્મરણ હજી મ્હારાં રોમેરોમ ખડાં કરાવે છે—અને એ સુખસ્પર્શ થતાં જ મ્હારો પશ્ચાત્તાપ—મ્હારા મનની વ્યથા ઉછાળા મારતાં મારતાં અવધિયે પહોંચ્યાં. એ સુખસ્પર્શ સમયેજ મ્હેં નિયમ લીધો કે જેના વડે મને આ અપરિમિત સુખ મળ્યું છે તે સન્નારીને હું સર્વદા સન્માન આપીશ અને જો ભાગ્યબળે કદી પ્રસંગ મળે તો મ્હારૂં ગયેલું ગૌરવ પાછું મેળવીશ તથા ભવિષ્યમાં કદી તેને કલંકિત કરીશ નહિ."

ચંદ્રપ્રભાનાં અવયવ હવે કંઇક હાલવા લાગ્યાં હતાં અને કેશરીસિંહને લાગ્યું કે આટલા સંભાષણથી એનામાં કંઇક પણ ભાવનો ઉદય થયો છે ખરો, તેથી તેની હિંમત વધતી ગઇ એટલે જરા જોસબંધ અવાજથી તે કહેવા લાગ્યો:—

"પછી તમારાથી છૂટા પડતાંજ હું ત્રણ ચાર મહિના બહાર ભટક્યો તેમાં મ્હારા જોવા જાણવામાં અનેક વસ્તુઓ આવી. જીંદગીની કિંમત હું સમજવા લાગ્યો, ને મનુષ્યે તે કેવી રીતે ગાળવી જોઇએ એ પણ મ્હારા

ધ્યાનમાં આવ્યું. પ્રેમની પવિત્રતા કેવી છે—તેનાથી મળતો અનિર્વર્ણ્ય આનંદ કેવો હશે તેનું પણ મને ભાન થવા લાગ્યું, અને મ્હારા નસીબમાં તે મળવાનું લખ્યું હોય તો કેવું એવી ઇચ્છા પણ ઉત્પન્ન થઇ. પાછો હું મુંબઇ આવ્યો. તેજ રાત્રે તમારી નાટકશાળામાં તટસ્થ રીતે, તમને વગર ઓળખ્યે—તમારાં વખાણ સાંભળીને મોહિત થએલો હોવાથી—તમને પ્રત્યક્ષ જોવાની અતિ આતુરતાથી—દાખલ થયો અને ત્યાં તમને જોયાં. ”

ફરીથી ચંદ્રપ્રભા ચંચળ થઇ પણ તે લગારજ.

“ તમારા ગૌર તથા સુંદર મુખારવિન્દ ઉપર મ્હારી દૃષ્ટિ પડી ત્યારથીજ મ્હેં જાણ્યું કે મ્હારા મનમાં જે અસ્પષ્ટ—અવ્યક્ત વાસનાઓ અત્યાર સુધી ઉદ્ભવી હતી તેનું સ્થૂળરૂપ તમે જ છો. તે પહેલાં પણ મને કોણ જાણે કેમે—તમારૂં નામ સાંભળ્યું હતું તેટલા ઉપરથી જ એમ થઇ ગયું હતું કે, આપણું ભવિષ્ય પૂર્વજન્મથી જ જોડાયલું છે—આપણે એક બીજાને માટે જ કોઇક રીતે સર્જાયલાં છીએ. એ પ્રમાણે તમારૂં દર્શન થવાની સાથે જ કોણ જાણે કેમ—તે ગાઢ અંધારી રાત્રે મ્હેં ચુમેલા અતિ કોમળ હસ્તનું સ્મરણ મને થઇ આવ્યું. છતાં તે સ્વપ્ન અને તમારૂં પ્રત્યક્ષ દર્શન પરસ્પર વિરોધી હોય એમ મને કોઇ રીતે જણાયું નહિ. એ સ્મરણની તમે સાક્ષાત્ મૂર્તિ હો એમ મને ભાસવા લાગ્યું. પરંતુ ધિક્કાર છે મ્હારા અંધત્વને કે મ્હારા સ્મરણનો વિષય ને પ્રત્યક્ષ દર્શનનો વિષય એ બે એક જ છે એમ મને તે વેળા સૂઝયું નહિ. જેના મધુર હસ્ત-સ્પર્શનું સુખ મ્હેં અનુભવ્યું હતું તેને જ, તૃપ્ત થયા વિના, મ્હારાં ચક્ષુ તે વેળા નિહાળતાં હતાં—તેના જ અંગે અંગનો મરોડ તપાસતાં હતાં—તે જ કિન્નર-કંઠીના અતિ મનોહર સંગીતનું પાન મ્હારી કર્ણેન્દ્રિ દ્વારા હું કરતો હતો—તેની જ નાટ્ય-લીલા મને મુગ્ધ બનાવી દેતી હતી—એ કંઈ હું તે વેળા સમજ્યો નહિ. માત્ર પ્રેમ-લુબ્ધ થઇને—હરિણ જેમ ગીત-ધ્વનિની પાછળ પાછળ ભમે તેમ હું તમારી પાછળ ભમવા લાગ્યો. નાટકશાળામાંથી તમે જે દરવાજે નીકળવાનાં હતાં ત્યાં તમારી હું વાટ જોતો ઉભો રહ્યો ને તમે મોટરમાં બેસવા આવ્યાં તે વેળા તમારાં પુનર્દર્શનથી પણ કૃતાર્થ થયો માનીને—પડી ગએલો તમારો રૂમાલ આપવાને બ્હાને તમારી પાછળ પાછળ આવ્યો. પછીની સર્વ વાત તો તમને સુવિદિત છે. તમારો મેળાપ થતાં, તમારી સાથે વાતચીત થતાં, તમારા મનમાં પણ મ્હારા વિષે સદ્‌વિચાર ઉત્પન્ન થયો છે એમ ખાત્રી થવાથી તમારા પ્રેમનું પાત્ર બનવાને હું ભાગ્યશાળી થઇશ

એવી આશા જન્મ પામવાથી હું સાતમે આકાશ ચઢયો હોઉં એમ ફુલાવા લાગ્યો—પણ—"

આટલું બોલતાં જ, ચંદ્રપ્રભામાં ચંચળતા વિશેષ આવતી જોવાથી—તેના મુખ ઉપર કંઇક આનંદનો પ્રકાશ પ્રજ્વલિત થતો જણાયાથી તે ચમક્યો ને અટકી ગયો. ચંદ્રપ્રભાને હવે એમજ ખાત્રી થઇ ગઇ કે—નક્કી આમને પહેલેથી તો કંઇ મ્હારા સંબંધી ખબર હતી જ નહિ. હું કોણ છું તે એ પહેલેથી જાણુતા નહતા—એમણે જાણી જોઈને મને ફસાવવા ખાતર ઢોંગ રચ્યો હોય એમ હવે મ્હારૂં મન કહેતું નથી. અહો!—શ્રી પ્રભુની કૃપા!—એ મ્હારી માન્યતા સાચી પડે તો ખરે હું સદ્ભાગીજ કહેવાઉં. મ્હારી જીંદગી હવે પછી પરિપૂર્ણ આનંદ અને સુખમય જ થાય. જો એમણે મને પહેલેથી પોતાની પરિણીતા તરીકે ઓળખી જ ન હોય તો એ હારા પ્રતિ ખોટો પ્રેમ દર્શાવેજ શી રીતે?

આ વિચાર આવતાં, એને જે વિષડંખ પ્રથમ લાગ્યો હતો તે મૂળમાંથી નીકળી ગયો. એમની બીજી ભૂલોનો તો કંઇ ઉપાય પણ થાય. એમણે આવું હીણું કામ કર્યું એમ હું કહું છું ત્યારે—મ્હેં પણ શું ઓછું હીણું કામ કર્યું છે? એમણે પૈસાને લોભે કર્યું તો મ્હેં દુનીયાંદારીના અજ્ઞાનથી કર્યું પણ ગુન્હો તો બંનેનો સરખોજ હતો. હેતુ ભિન્ન ભિન્ન તેમાં શું થયું? એમાં તો કોઇ કોઇનાથી ચઢે ઉતરે એમ ન હતું. બંનેએ સાથે રહીનેજ જાણી બુઝીને દોષ કર્યો હતો. બંનેએ માન પ્રતિષ્ઠા સરખી રીતે ગુમાવી હતી. માટે એ બધી વાત તો હવે જવા દેવી. ગઇ ગુજરી સંભારવીજ નહિ. પણ આ નવીન શોધ—આશ્ચર્યકારક શુભ સમાચાર—કે એ મને ચાહે છે—એમનો પ્રેમ કૃત્રિમ નહિ પણ વિશુદ્ધ છે એ કેવી મ્હોટી વાત? એ તો મ્હારા મનમાં વ્યાપેલો સર્વ ઘોર અંધકાર દૂર કરી દઇને તેને એકદમ દેદીપ્યમાન—પ્રકાશમય—કરી મુકે છે—એટલું તેજસ્વી બનાવી દે છે કે મ્હારાથી તેની સામુંએ જોવાતું નથી. હું ખરેખર અંજાઇ જાઉં છું.

ચંદ્રપ્રભાના મનમાં વિચારના આ તરંગ ઉછાળા મારતા હતા પણ એના મ્હોંમાંથી એક શબ્દે નીકળતો ન હતો તેથી બિચારો કેશરીસિંહ પાછો વહેમમાં ગોથાં ખાવા લાગ્યો કે આ તો પથ્થર ઉપર પાણી થયું. મ્હારા કહેવાની કંઇ અસર થઈ હોય એમ જણાતું નથી. મ્હારો ખુલાસો સાચા દીલનો છતાં એને ગળે ઉતર્યો હોય એમ સમજાતું નથી. એ અત્યારે નવીન

પ્રકાશ પડવાથી આનંદના ભારમાં ડુબાઇ જવાથી મૌન ધારણ કરી રહી હશે, ને પોતાના ઉપરના તિરસ્કારથી કે શોકસાગરમાં ડુબવાથી નહિ--એવું તો એ ક્યાંથીજ માની શકે? પણ એટલામાં એણે ઉચું મ્હોં કરીને, મેઘ-જલ પડયા પછી સ્વચ્છ થયેલા અભ્રની પેઠે નિર્મળ બનેલા મુખારવિંદે, તલસતી આંખે, પ્રેમ-જ્યોતિ પ્રકટ કરતી દૃષ્ટિયે તેના સામું જોતે જોતે એકાએક પ્રશ્ન કર્યો:--

"ત્યારે શું તમે મને આગળથી ઓળખી નહતી?—જેનું તમે અંધકારમય મને પાણિગ્રહણ કર્યું હતું તે હું જ છું એમ તમે, મ્હારી પાસે આવ્યા ત્યારે સમજ્યા ન હતા?"

"પ્રભુને સાક્ષી રાખીને હું કહું છું કે મને તેવી ખબર બીલકુલ ન હતી."—ઘણા ગંભીર શબ્દોમાં તેણે જવાબ દીધો. તે સાંભળતાં જ એકદમ એ સફાળી ઉઠી અને એના મ્હોં સામું તાકીને જોતી જોતી ઉભી રહી. પછી આનંદનો ઉભરો ન શમાવી શકયાથી કીકીયારી કરીને-"ઓ મ્હારા પ્રાણનાથ—મ્હારા વ્હાલા—"એમ કહેતી કહેતી એની કોટે બાઝી પડી.

કેશરીસિંહે એને છાતી સરસી ચાંપીને દૃઢ આલિંગન દીધું. પ્રભુએ આ વિક્ષેપ આવી રીતે શમાવ્યો—જે સુખની તે અત્યંત અભિલાષા રાખતો હતો તે પ્રાપ્ત કરાવ્યું—જેને માટે રાત-દિવસ ઝંખતો હતો—જેની સાથે પોતાનું બાકીનું આયુષ્ય ગાળવાને—જેને પોતાની અર્ધાંગના બનાવવાને તે ચાહાતો હતો તેનીજ પાસે પોતાનું સમર્પણ કરાવ્યું તે જોઇને તે મુગે મ્હોંએ તેનો ખરા અંતઃકરણથી પાડ માનવા લાગ્યો. પોતાનું આચરણ નિંદનીય છતાં તેને તેવા રૂપમાં ન જોવા માટે—પોતાનાથી થએલી અવગણનાની ઉદાર મને ઉપેક્ષા કરવા માટે—પોતાના સ્નેહને શુદ્ધ સ્વરૂપમાં જોવા માટે તે પોતાને ગળે વીંટળાયલી વામાનો પણ ઉપકાર માનવા લાગ્યો અને તેને અધિક અધિક આવેગથી આલિંગવા લાગ્યો.

થોડી વાર બંને આમ અણચિન્તવ્યું હોવાથી અધિક પ્રિય થઇ પડેલું—ગાઢ પ્રેમ-રસનું આસ્વાદન નિઃશબ્દ લેતાં લેતાં—પોતાના દીલમાં ચિરકાળથી વ્યાપેલા વિરહાગ્નિને શમાવતાં શમાવતાં, સ્વપ્નવત્ સમાગમ સુખ ભોગવતાં ભોગવતાં, રખેને તે સ્વપ્ન અદૃસ્ય થઇ જાય એવી બીતિથી આંખ પણ ઉઘાડયા વિના—એકમેક થઇને—શરીર જુદાં છતાં એકજ આત્મા હોવાની પ્રતીતિ આપતાં આપતાં ઉભાં રહ્યાં પણ એટલામાં એમને કોઇકના પદ-સંચારથી જણાયું કે તેઓ એકલાં જ આ વેળા ત્યાં ન હતાં. આ પ્રમાણે

ભાન થતાં એકદમ તેઓ વિખુટાં પડી ગયાં ને જોયું તો એક સ્ત્રીને પાસે ઉભેલી દીઠી. તેણે શરમાઇ જઇને કહ્યું:—“ મને માફ કરજો. હું આવે કવખતે આવી ચઢી તે માટે દીલગીર છું.” ચંદ્રપ્રભા તો ગભરાઇને નીચું મ્હોં કરી બેસી ગઇ પણ તે કોણ છે એવો કેશરીસિંહે પ્રશ્ન કર્યાથી તેણે જવાબ દીધો કે “ હું તો ભૂપતસિંહભાઇને શોધવા નીકળી છું. મને કોઇકે કહ્યું કે એઓ આણીપાસ આવ્યા છે તેથી હું અહીં આવી ચઢી.”

પોતાના આવવાનું પ્રયોજન વિશેષ સ્પષ્ટ કરવા તે સ્ત્રીએ વળી કહ્યું કે:—“ મહારાણા સાહેબને ખબર પડી છે કે એઓ આ બહેનને બહુ સતાવે છે તેથી એમને અહીંથી બોલાવી લાવવાનો મને હુકમ કર્યો છે. ક્યાં આ બહેન ને ક્યાં એ ? અમે તો બ્હેનને નાનપણમાં એમને ત્યાં જોયેલાં ત્યારથી જ એમની દીકરી જેવાં ગણતાં પણ એમની મત ફરી ગઇ જોઇને રાણા સાહેબે એમનાં લગ્ન અમારાં રૂપાળીબા જોડે કરવાનું નક્કી ઠરાવી સર્વ તૈયારી કરાવી રાખી છે. મને જોશે ત્યારે તો એ......”

આમ તેના મ્હોંમાંથી શબ્દ નીકળતો હતો એટલામાં જ ભૂપતસિંહ ત્યાં આવી ચઢ્યો અને એકદમ પોતાના દીલનો ઉભરો કાઢતો—“ ચંદ્રપ્રભા ” એટલું બોલ્યો ત્યાં તો એની નજર તેની પાસે ઉભેલાં સ્ત્રીપુરૂષ ઉપર પડી. તેથી તે ચમક્યો અને ખરો કેશરીસિંહ આપોઆપ પોતેજ આ વેળા અહીં આવી ચઢ્યો છે એમ જોઇને જરા ગભરાયો પણ ખરો. એનું મ્હોં ઉતરી ગયું અને એના આશ્ચર્યનો તો પાર જ રહ્યો નહિ. પોતાની ગેરહાજરીમાં પોતાની ગફલતનો પરિણામ કેવો અનિષ્ટ આવ્યો હશે એનો એને સહેજ ખ્યાલ આવવા માંડ્યો. તેની સાથે પોતાના દેશની--રાણા સાહેબના અંતઃપુરની માનીતી ખવાસણને ઉભેલી જોઇને વળી તે આશ્ચર્યમાં વધારો થયો.

“ કેમ આજ કાંઇ ગભરાયલા જણાઓ છો ? ” ખવાસણ મોતીએ હસતાં હસતાં મજાક કરવા માંડી.

“ કોણ મોતી ! આહા--તું અહીં ક્યાંથી ? મ્હેં તો તને ઓળખીએ નહિ. ” બીજાજ ઠેકાણે બલાત્કારે લાવવાનો પ્રયત્ન કરતાં કરતાં તેણે સામો પ્રશ્ન કર્યો.

“ શાની ઓળખો ? હવે તો અલબેલી મુંબઇ નગરીના વાસી થયા એટલે પછી નજર આશમાનમાંજ ફરતી હોય તે અમારા જેવાંનો તો ભાવે શેનો પુછો ? ”

“ ના, ના, એમ તો નહિ. પણ તું અહીં આવી હોઇશ એમ મ્હારા ખ્યાલમાં એ નહિ તેથી એકદમ ધ્યાન પડ્યું નહિ.”

" હવે અમારા વિના ક્યાં છુટકો છે? ચાલો પધારો પાછા હતા ત્યાં ને ત્યાં. મહારાણા સાહેબ તો આપની રાહા જોયાંજ કરે છે પણ આપનો પત્તો મળે ત્યારેની? ત્યાં તો આપનાં લગ્નની ધામધુમ ચાલી રહી છે પણ કહે છે નો વર વનાની જાન જેવું છે. અમારાં રૂપાળીઆ એ બચારાં આપની વાટ વરસાદની પેઠે જોતાં બેઠાં છે. આ બધો ઢાંગ ધંતુરો મુકી દો અને આનો બીચારીનો છેડો છોડો. તમે તો પરણુના પરણશો પણ આજની ધામધુમમાં આ બે આશક માશુકને પરણાવી દો એટલે તમારી દીકરીનાં લગ્નનો લાવો તો લીધો કહેવાય ?"

ભૂપતસિંહ શરમાઇ ગયો—રાણા સાહેબને કાને બધી વાત પહોચી ગઇ તેથી હવે પોતાને બચાવ કરવાનું કંઇ રહ્યું નથી ને તેમની આજ્ઞા માથે ચઢાવવી જ પડશે એવી એની ખાત્રી થઇ. પણ પોતાનો પરાજય થવાની સાથે સામે ઉભેલા શત્રુનો વિજય થાય—પોતે પોતાની કરવા ધારેલી યુવતીને તે ઉઠાવી જાય એ કંઇ હજી એનાથી ખમાયું નહિ તેથી ધુરકીને ડોળા કાઢતો કાઢતો એની સામું જોતો જોતો બોલી ઉઠયો કેઃ—

" કેમ અલ્યા નફટ! લાંચ લઇને કરાર કર્યો તે તોડતાં તને લાજ નથી આવતી ?"

" તમારી લાંચ કબુલજ કોને છે? મ્હારી ઇજતના બદલામાં તમે પચીસ હજાર તો શું પણ પચીસ લાખ રૂપૈયા આપો તો તેના પર પણ હું થુ કરૂં એવો નથી. લ્યો તમારો ચેક—લેતા પરવારો—" એમ કહીને એણે પોતાના ખીસ્સામાંથી પેલો ચેક કાઢીને તેની આંખ આગળ ધરીને તેના કકડે કકડા કરી નાંખ્યા. "હવે આપનો બદલો વળી ચુકયો છે. અને આપે જ ઠરાવેલાં અમારાં લગ્ન અમને બંનેને કબુલ મંજુર છે."

કેશરીસિંહની આ અણધારી વર્તણુક—તેણે જણાવેલો દ્રવ્યનો તુચ્છકાર—જોતાં ચંદ્રપ્રભાના મનમાં પણ એના ચારિત્ર સંબંધમાં જે કંઇ શંકા લેશ માત્ર પણ રહી હતી તે દૂર થઇ ગઇ અને હવે એ એને ખરા ક્ષત્રીય યુવક રૂપેજ જોવા લાગી.

ભૂપતસિંહ સમજયો કે હવે બાજી હાથથી ગઇ તેથી ન છુટકે તેમને ત્યાંજ છોડીને તે નીચી મુછ કરી ચાલતો થયો. આ ખરો કેશરીસિંહ કયાંથી આવ્યો—કયારે ચંદ્રપ્રભાને મળ્યો ને એ બે જણા વચ્ચે આટલો ગાઢ સંબંધ એકદમ કયાંથી થઇ ગયો એ કંઇ એના કળ્યામાંજ આવ્યું નહિ.

કેશરીસિંહ તથા ચંદ્રપ્રભા આખરે પાછાં એકત્રાં પડયાં પણ તેમને હવે શું બોલવું તેની સુઝ પડી નહિ. એક બીજાની આંખમાં તેઓ વાંચતાં હતાં તેજ તેમના હૃદયમાં છવાઇ રહેલા અવર્ણ્ય--અગાધ—પ્રેમની પરીક્ષા કરવાને—છલકાઇ જતા અપરિમિત આનંદની ઉર્મિયોનો વેગ દર્શાવવાને બસ હતું.

ચંદ્રપ્રભાની મોટરમાં તેને બંગલે તેને પહોચાડી અનિચ્છાએ તેનાથી વિયુક્ત થઇને કેશરીસિંહ પોતાને મકાને આવ્યો અને બીજે દિવસ પાછા તેને મળી આવ્યા બાદ તેણે મુંબઇથી તેની સાથે પોતાને દેશ જવાની તૈયારી કરવા માંડી.

ચંદ્રપ્રભાને હવે નાટક મંડળીમાંથી હંમેશને માટે વિદાયગીરી લેવાની હોવાથી તે મંડળીના માલીકને આવું ઉત્તમ પાત્ર પોતાની રંગભૂમિ ઉપરથી અદૃશ્ય થશે—અસંખ્ય પ્રેક્ષકોનાં દીલને ડોલાવનાર—મનને મુગ્ધ કરનાર—હૃદયને હરી લેનાર મોહિની સદા કાળને માટે મુંબઇ છોડીને ચાલી જશે,—પોતાની વાહવાહને વધારનાર, અધિક યશ સંપાદન કરાવનાર—ગામે ગામ કીર્તિ ફેલાવનાર—અતિશય સમૃદ્ધિ પ્રાપ્ત કરાવનાર આ અનુપમ નર્તકી હવે કોઇ વાર પોતાની નાટકશાળાને શોભાવશે નહિ—એ વિચારો આવવાથી ઘણો ખેદ થવા લાગ્યો. તેણે એને ઘણું સમજાવી રોકવા માટે આગ્રહ પૂર્વક આજીજી કરી પણ ચંદ્રપ્રભાએ અને કેશરીસિંહે હવે અન્ય પ્રકારનો વેષ ભજવવાનો નિશ્ચય કરેલો હોવાથી તેઓ તેની માગણી સ્વીકારી શકયાં નહિ. પોતાના પ્રતિ દર્શાવવામાં આવેલી માયા મમતા તથા સ્નેહને માટે—પોતાને આટલી કુશળતા સંપાદન કરાવી વિખ્યાત કરાવવા માટે ચંદ્રપ્રભાએ તેના શેઠનો ઘણાજ વિવેકથી આભાર માન્યો અને આખરે તેને બધી વાતે નારાજ નહિ કરવા ખાતર, મુંબઇની શોખીન નાટયપ્રિય પ્રજાને ફરી એકવાર પોતાનું લાવણ્યમય મુખારવિંદ દર્શાવી—પોતાના મોહક આવભાવથી આંજી નાંખી—છેલ્લી સલામ કરવા માટે તેણે એક પ્રયોગમાં ઉતરવાની હા પાડી તેથી તેના શેઠને ઘણો આનંદ થયો.

આ તેના છેલ્લા પ્રયોગની રાત્રે નાટકશાળા એટલી તો ચીકાર ભરાઇ ગઈ કે ઘણા જણ અતિ પ્રયત્ન કર્યા છતાં, ટીકીટો માટે પુષ્કળ પૈસા મ્હોં માગ્યા આપવાને તૈયાર છતાં પ્રવેશ મેળવી શકયા નહિ તેથી તેમની નાઉમેદીનો તો પારજ રહ્યો નહિ. જેઓ ત્યાં આ પ્રસંગે સ્થાન મેળવી શકયાં તે પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યાં, અને હવે પછી આ સ્વર્ગીય સુખનો

લ્હાવો લેવાનો નથી—આ અપ્સરાનું મનોહારી ગાયન સાંભળવાનું નથી—એવી તેમની ખાત્રી થવાથી તેઓ એનો પ્રત્યેક અભિનય ઘણીજ પ્રીતિથી જોવા લાગ્યાં—એના પ્રત્યેક શબ્દમાં અવનવી મધુરતાનો સ્વાદ ચાખવા લાગ્યાં અને એનાં માદક ગાયનોના એકે એક સ્વરમાં અમૃતનું પાન કરવા લાગ્યાં.

ચંદ્રપ્રભાને પણ આજ પોતાની સર્વ કલા પૂરેપૂરી પ્રકાશમાં લાવવાનો ઉમળકો થાય એ સ્વાભાવિક હતું. ભવિષ્યમાં પોતાના પ્રિયતમ સાથે એકાન્તવાસમાં વસીને, આજ સુધી માત્ર કલ્પના સૃષ્ટિમાંજ ચિત્રાઇ રહેલા ગૃહસ્થાશ્રમનું સુખ ભોગવવાને અતિ ઉત્સુક છતાં, પોતાને આજ સુધી અતિ પ્રિય થઇ પડેલા આ આનંદજનક કાર્યમાંથી હવે સદાને માટે મુક્ત થવાનું છે—હવે પોતાનું સ્મરણ માત્રજ મુંબઇની રસીલી પ્રજાને માટે મુકી જવાનું છે—અને અધિક યશ આ માર્ગે સંપાદન કરવાનાં દ્વાર હવે બંધ થવાનાં છે એ વિચારોએ કંઇક ગ્લાનિ ઉત્પન્ન કરી હતી તેથી એના સર્વ અભિનયમાં તેની પણ છાયા જણાવાથી આ વખતનો પ્રયોગ નાટકશાળામાં મળેલાં સર્વ સ્ત્રી પુરૂષોને અધિક રુચિકર તથા અદ્ભુત પ્રકારની મિઠાશવાળો લાગતો હતો, અને તેઓ પણ સમજતાં હતાં કે આપણી પેઠે એને પણ આપણાથી વિખુટાં પડતાં શોક થાય છે ખરો. આ લાગણીને બળે એના પ્રતિ સર્વનો સમભાવ દઢતર થયો—તેઓનું ચાલત તો અને લગ્ન કરતી અટકાવીને મુંબઇમાંથી ખસવાજ ન દેત પણ એનો આવો સારો સંબંધ થયેલો જોઇને તેઓ એક રીતે ખુશી પણ થયાં હતાં અને પોતાની ખુશાલી અનેક ભેટો દ્વારા પ્રદર્શિત કરતાં હતાં. આખરે નાટક સમાપ્ત થયું. પ્રેક્ષકોની તાળીઓના ગડગડાટ સાથે—અતિ ઉત્સાહથી અપાયેલી "ચીયર્સ" સાથે—હજારો હાર તોરાથી છવાઇ ગયેલી રંગભૂમિ ઉપર છેલ્લો પડદો પડયો અને ચંદ્રપ્રભાનો નાટક મંડળી સાથેનો સંબંધ પણ પૂરો થયો. એને વિદાય કરતી વેળા એના શેઠે અશ્રુ-પૂર્ણ નયને એનો ઘણાજ પ્રેમથી ઉપકાર માન્યો—એની ઉત્તમ કળાનાં ઘણાજ સારા શબ્દોમાં વખાણ કર્યાં—પોતાને ત્યાં જુદી જુદી ઘણી વ્યક્તિયો આજ સુધી પાત્ર રૂપે રહી ગઈ હતી તેમાં આટલી પ્રસન્નતા બીજું કોઇ આપી શક્યું નહતું—એ આદિ જણાવી ગદ્ગદ કંઠે પોતાનો શોક જણાવતાં જણાવતાં એના ગળામાં હીરાનો એક ઘણો કીમતી હાર ના ના કહેવા છતાં પેહેરાવ્યો તે એણે સજળ નયને વિનમ્રભાવે પતિ સમક્ષ ઘણાજ આભારથી સ્વીકાર્યો.

કેશરીસિંહે એનો આ પ્રયોગ બીજીવાર જોયો પણ પહેલે પ્રસંગે એને જે આનંદ થયો હતો તેના કરતાં આ વખત બીજાજ પ્રકારનો થયો. જેને તે એકવાર પોતાનાથી હજારો ગાઉ દૂર માનતો હતો,—જેને પ્રાપ્ત કરવામાં પોતાનું અહોભાગ્ય સમજતો હતો—જે પોતાની માગણી સ્વીકારશે કે કેમ એ વિશે એને હજારો તર્ક વિતર્ક થયાં કરતા હતા—તે અલૌકિક લલના હવે પોતાની જ થઇ હતી—સદા કાળ પોતાની સાથેજ રહેવાની હતી-તેની સર્વ કલાનો લાભ હવે પોતાને એકલાનેજ લેવાનો હતો એ વિચારે હવે તેને એક રીતે મગરૂર બનાવ્યો હતો. પણ તે એટલું તો સમજતો હતો કે જમાવટની જે શોભા આ ઇંદ્રપુરી જેવી નાટકશાળામાં સંગીત આદિનાં સર્વ સાહિત્યોની મદદથી—દ્રૌપદી જેવી સતીનું યથાર્થ અનુકરણ કરી બતાવવામાં તેની ચંદ્રપ્રભામાં આ વેળા જોવામાં આવતી હતી તે તેના ગામડાના એકાન્ત વાસમાં તો હવે પછી જોવામાં આવવાની નથી અને તેટલાથીજ તેનો પણ આ વખતનો હર્ષ સીમાયે પહોચ્યો હતો. પોતાનો સંબંધ આવી મનગમતી-સર્વ ગુણ સંપન્ન પ્રિયા સાથે કરાવવા માટે પ્રભુનો તે પાડ માનતો હતો અને પોતાનું બને ત્યાં સુધી એના પ્રત્યેક કોડ પુરા કરીને મુંબઇ છોડવા માટે એને કોઇ પણ પ્રકારે મનમાં ઓછું ન આવે એમ વર્તવા નિશ્ચય કરતો હતો. પ્રસંગોપાત પોતાને મુંબઇ પાછું આવવાનું થશે એમ તો તે જાણતો હતોજ તેથી ચંદ્રપ્રભાને હંમેશને માટે આ રંગીલી નગરીની મોજ ખોવાની થશે એમ તેને લાગતું નહતું. હવેથી તે પોતાની સાથે આવશે ત્યારે પોતાના પરિચિત મંડળમાં હરવા ફરવાથી તે વિશેષ માનને પાત્ર થશે એમ પણ એ સમજતો હતો અને તેથી એને આ લગ્નને માટે પશ્ચાત્તાપ કરવાનું કારણ નહિ રહે એવી એની ખાત્રી હતી.

આખરે મુંબઇ છોડવાનો દિવસ પણ આવી પહોચ્યો, અને તેમને ઉપડવાની વાત આપ્ત જનો દ્વારા કેટલાક વર્ગમાં જણાઇ ગયાથી ટ્રેન ચાલવાને વખતે કોલાબા સ્ટેશન ઉપર ઘણી ધમાલ મચી રહી તેઓને છેવટનું માન આપવાને ઘણાં ધનાઢ્ય સ્ત્રી-પુરૂષો સ્ટેશને આવેલાં હતાં તેમનાથી છુટાં પડતાં, સજલ નયને તેમની છેલ્લી સલામ લઇને તેઓ પોતાના રીઝર્વ્ડ સલુનમાં બેઠાં.

તેમની સાથે માત્ર બિશનદાસ અને જુગલકિશોરીજ હતાં. તેઓ ભલભલાને પણ ભાગ્યેજ મળતું હશે એવું માન મુંબઇના મ્હોટા લોક તર-

ફથી પોતાનાં શેઠ શેઠાણીને વગર માગે અતિ ઉમળકાથી અપાતું જોઇને–તેમને માટેની મુંબઇની પ્રજાની ખરા અંતઃકરણની લાગણી જોઇને અંજાઇજ ગયાં અને તેમના જેવા પ્રેમાળ, દયાળુ, ઉચ્ચ વૃત્તિવાળા જોડાની નોકરીમાં પોતાને રહેવાનો અવસર મળ્યો એ પણ પોતાની નશીબદારી માનવા લાગ્યાં.

બિશનદાસ અને જુગલનો કજીયો હવે પતી ગયો છે એ વાચકને કહેવાની કંઇ જરૂર છે ?

કેશરીસિંહની પ્રજા ચંદ્રપ્રભા જેવી ચકોર, સ્વરૂપવાળી તથા ગુણવતી ઠાકુરાણીનું પોતાના સરદાર સાથે આગમન થવાનું છે એમ સાંભળી હર્ષભરી તેને વધાવવા તત્પર થઇ રહી હતી. એમની પધરામણીના આનંદોત્સવમાં ભાગ લેવા આતુર બનેલાં આબાલ-વૃદ્ધ-જન વર્ષાદની પેઠે તેમની વાટ જોતાં હતાં. નિશાળમાંથી રજા મળ્યાથી ખુશાલીમાં ચોપાસ દોડતાં બાળકો આ માંગલિક પ્રસંગની યાદગીરીમાં વ્હેંચાવાની મીઠાઇ લેવા માટે પડાપડી કરી રહ્યાં હતાં. પોતાના દરબારનાં માનીતાં પત્નીને આવકાર આપવા માટે કુંકમ, અક્ષત તથા પુષ્પમાળાઓ લઇને દરવાજા પાસે ભેગો થએલો ગામનો સ્ત્રીવર્ગ રાસડા લેવામાં અને ગીત–ધ્વનિથી આખો પ્રદેશ ગજવી મૂકવામાં વ્યાપૃત થઇ ગયો હતો. લોકોના કોલાહલની સાથે સ્વદેશી વાદ્યોનો કર્કશ ઘોષ કર્ણને બધિર કરી મૂકતો ચારે દિશાએ સંભળાતો હતો. સ્વસ્તિ વાચન આદિના પાઠની ધ્વન પાસેના શિવાલયમાં મચાવતા બ્રાહ્મણો હોમની તૈયારી કરતા હતા. દરબાર તરફથી આખા ગામને આજ ભોજન આપવાનું હોઇને તેને માટે થતી રસોઇની સુગંધ ચારે પાસ પ્રસરી રહી હતી. ટુંકામાં પ્રતાપગઢની તવારીખમાં કોઇ દહાડો કોઇએ નહિ દીઠેલો કે નહિ સાંભળેલો––અપૂર્વ મહોત્સવ આજ ઘેર ઘેર થઇ રહ્યો હતો અને આનંદ આનંદ સિવાય બીજું કંઈ કહીં જોવામાં આવતું નહિ. સાંજને વખતે પૂરતા દમામ સાથે આગળ દોડતા સ્વારોને લઇને ખુલ્લી ઘોડાગાડીમાં બેઠેલાં આપણાં નાયક-નાયિકાએ ગામના પાદરમાં દેખાવ દીધો કે વાદ્યોના સ્વર વિશેષ જોરથી હવામાં ફેલાવા લાગ્યા.—લોકોનો કોલાહળ વૃદ્ધિ પામવા લાગ્યો–ચોતરફ ઉડતી ધૂળથી વાતાવરણનો રંગ પણ જાણે ધુમસ વ્યાપી ગઇ હોય એવો થઇ રહ્યો અને આવકાર માટે સામે જતા લોકોની હચડા હચડીમાં કાચાપોચા ને નબળા બિચારા કચરાઇ જ જવા લાગ્યા.—બાળકો તથા બાલિકાઓના આનંદની તો અવધિજ થઇ ગઇ. કોઇ પડતાં–કોઇ અથડાતાં–કોઇને વાગતું––પણ આ માંગલિક પ્રસંગે રૂદનનો અમાંગલિક શબ્દ કોઇના

મ્હોંમાંથી નીકળતો નહિ. ગાડી ગામના દરવાજા પાસે આવતાંજ બંને ઉતરી પડયાં અને વસ્તીની શુદ્ધ પ્રેમની લાગણીને માન આપવા ખાતર તેમનો સત્કાર ઉપકાર સહિત સ્વીકારવા માટે,—જે પ્રભુની કૃપાથી તે મન-વાંચ્છિત ફળ પામી શક્યો હતો—અંહીથી જતી વખત પોતે જે ઇચ્છા રાખી હતી તે પાર પાડી શક્યો હતો—પોતાની સાથે પોતાના પૂર્ણ પ્રેમનું પાત્ર—રમણીરત્ન સદાને માટે સુખ દુઃખના સાથી રૂપે લાવી શક્યો હતો અને શત્રુઓનો પરાજય કરી શક્યો હતો—તેને શ્રદ્ધાપૂર્વક—વિનીત ભાવથી નમન કરવા માટે,—બ્રાહ્મણોએ કરી રાખેલી સર્વ તૈયારીમાં ભાગ લઇને હવનની પૂર્ણાહુતિ સમયે સજોડે હાજર રહી અગ્નિદેવતાને ઘૃતમિશ્રિત શ્રીફળની સાથે ચુંદડીનો હોમ આપવાને માટે,—સ્ત્રીઓનાં મંગલગીત શ્રવણ કરવા માટે, બાળકોનો નિર્દોષ આનંદ પ્રત્યક્ષ અનુભવવા માટે, તે પાસેના શિવાલયમાં પોતાની અર્ધાંગના સાથે ગયો. તેમની પાછળ ગ્રામ્યજનોનાં ટોળે ટોળાં હર્ષનાદ કરતાં મૃદંગ કાંસ્ય આદિ વાદિત્રો વગાડતાં, ગર્જના કરતાં કરતાં ચાલતાં હતાં તે તો બહારજ ઉભાં રહ્યાં. ચંદ્રપ્રભાએ મુખ આચ્છાદન કરવાનો રિવાજ રાખ્યોજ ન હતો તેથી તેની સ્વર્ગીય કાન્તિ, અનુપમ લાવણ્ય, અભિનવ સુંદર વસ્ત્રાલંકાર, વિનય યુક્ત વર્તન, સર્વ પ્રતિનો પ્રીતિભાવ તથા મુખ ઉપર છવાઇ રહેલું હાસ્ય જોઇને સર્વેને તેના ઉપર પણ સ્વાભાવિક પ્રેમ—માતૃભાવ—ઉત્પન્ન થયો, અને પૂર્ણાહુતિ સમાપ્ત થતાં સર્વ જયજય-કારના ગગન-ભેદી ઘોષની સાથે આ સુખી દંપતિને આશીર્વાદના વિવિધ શબ્દોથી વધાવી લેવા લાગ્યા. બ્રાહ્મણોને મનમાનતી દક્ષિણાથી સંતુષ્ટ કરીને, સ્ત્રી મંડળમાં સાકરના પડા વેહેંચાવીને, બાળકોને મીઠાઇથી રાજી કરીને, અન્ય પ્રજા-વર્ગને હવનની પ્રસાદીથી તૃપ્ત કરીને, મહા મુશ્કેલીથી માર્ગ કરતે કરતે તેઓ બહાર નીકળ્યાં અને પગે ચાલતાં ચાલતાંજ પોતાના મુકામ તરફ વળ્યાં. તેમને અનુસરનાર યાચક ગણની, ભાટચારણોની, ગાયકોની, નર્તિકાઓની, તથા મંગલ-પાઠકોની ભીડ કંઈ ઓછી ન હતી. માર્ગમાં ઠામ ઠામ તોરણો બાંધી દીધાં હતાં તથા ધ્વજાપતાકાથી પ્રત્યેક સ્થળ શણગારવામાં આવ્યું હતું, અને મકાનોનાં બારી બારણાંમાં તથા છાપરાં અને અગાશીઓ ઉપર પણ લોકોની ઠઠ તેમને નિહાળવા માટે એટલી તો જામી હતી કે આખું અંતરીક્ષ મનુષ્યમય થઇ ગયું હોય—તેમના તરફથી ઉરાડવામાં આવતા ગુલાલથી આકાશ બધું ગુલાબી થઈ ગયું હોય—વચ્ચે વચ્ચે તેમના ઉપર નંખાતાં પુષ્પોથી ગગનમાંથીજ જાણે પુષ્પ-વૃષ્ટિ થતી હોય, સાક્ષાત્ દેવતાઓજ જાણે તેમને અદૃશ્ય રહીને આવકાર આપતા

હોય એમ ભાસતું. મકાન પાસે આવી પહોંચતાં ત્યાંની શોભા કંઇ અસાધારણજ જોવામાં આવી. દરવાજા પાસે ઉભી કરેલી આસોપાલવની કમાનો ઉપર સ્વાગતના શબ્દો ઝળકી રહ્યા હતા. સૈનિકજનો માર્ગની બંને બાજુ શસ્ત્ર ધરીને સલામી માટે ગોઠવાઇ ગયા હતા. એક તરફથી બેન્ડ વાજાંનો પણ મંગળ અને મધુર ધ્વનિ કર્ણને આનંદ આપતો હતો. પ્રેક્ષકોનાં ચારે પાસ ભરાયેલાં ટોળે ટોળાંએ માર્ગને વિશેષ સંકુચિત કરી દીધો હતો. તેમની હચડાહચડી ને ચીચીયારીમાં નોબત તથા શરણાઇનો અવાજ દબાઇ જતો હતો. આ પ્રમાણે આનંદમાં નિમગ્ન થઇને નૃત્યગાન કરતી પોતાની વસ્તી સાથે ગાજતે વાજતે ગૃહ-દ્વારના ઉમરા પાસે પહોંચતાંજ કેશરીસિંહનાં વૃદ્ધ માતાએ દ્વાર-દેશ પાસેજ તેને તથા તેની ધર્મ-પત્નીને ઓવારણાં લઇને, કુંકુમાક્ષત તથા પુષ્પ છાંટીને, આનંદાશ્રુ સહિત ભેટીને, શુદ્ધ પ્રેમાળ અંતઃકરણથી આશીર્વાદ સાથે આવકાર આપી અંદર પધરાવ્યાં. સ્વસ્થ થતાંજ કેશરીસિંહે સર્વજનોને પોતપોતાને સ્થાને વિદાય થવાની રજા આપી અને ચકિત બની ગએલા બિશનદાસ તથા હર્ષ ઘેલી જુગલની સાથે યથોચિત દિવસ-વ્યાપારમાં બંનેએ તે દિવસ ગાળ્યો.

કેશરીસિંહની મ્હોટામાં મ્હોટી ઉમેદ આ પ્રમાણે પરિપૂર્ણ રીતે પાર પડવાથી તેણે હવે પોતાનું ધ્યાન પ્રજા-હિતનાં કાર્યોમાં પરોવ્યું. ઇગ્લંડમાં તેણે લીધેલી ઉંચા પ્રકારની કેળવણીથી ઉદ્દભવેલા સદ્દવિચારને બળે, યૂરોપ ખંડના મ્હોટા મ્હોટા દેશોમાં પોતાના પર્યટન સમયે જોવામાં આવેલી જુદી જુદી લોકકલ્યાણકારક સંસ્થાઓનું યથાશક્તિ અનુકરણ કરવાની તેને પ્રબળ ઇચ્છા થઈ. પોતાની પ્રજાની સ્થિતિ સુધારવા માટે કેળવણીનો પ્રચાર વિશેષ કરવાની આવશ્યકતા પ્રથમજ જણાતાં તેણે પોતાના ગામે ગામમાં શાળાઓ સ્થાપી ને સુશિક્ષિત શિક્ષકોને યોગ્ય સાધન સાથે સુપરદ કરી. કૃષિ-કર્મ ઉપર જ ઘણાનો નિર્વાહ ચાલતો હોવાથી, તેમ જ પોતાની ઉપજનું પણ મ્હોટું સાધન તે હોવાથી તેમાં કેમ સુધારો થાય—જમીન કેમ વધારે સારી રીતે ખેડાય—સ્વલ્પ વર્ષાગમ છતાં ફલ-પ્રાપ્તિ કેમ વિશેષ થાય, તે સર્વ પ્રત્યક્ષ શીખવવા સારા એક કૃપિ-શાસ્ત્રીને કામે લગાડી—સુધરેલી પ્રજામાં વપરાતાં નવીન હળ આદિ સાધનોનો ઉપયોગ શરૂ કરાવ્યો, અને પુખ્ત વયે પહોંચ્યા પછી કન્યાઓને તથા વિવાહિત સ્ત્રીઓને અવકાશનો સમય આત્મોન્નતિ માટે ગાળવાનું સુલભ થાય તેવા હેતુથી પુસ્તકશાળાઓની સાથે વૃદ્ધ આચાર્યો રાખીને તેમને ઉપદેશ અપાવવાનો

તથા ભરત શીવણ આદિ સ્વાભાવિક સુલભ કળાઓમાં તેમને વિદેશીય શિક્ષિકાઓ દ્વારા ઉંચું જ્ઞાન પ્રાપ્ત કરવવાનો આરંભ કર્યો. આવો તેનો સ્વાર્થત્યાગ, સદુપદેશ, સ્વધનસંચયનો પરોપકારાર્થે વ્યય,—પોતાની પ્રજાને સદ્વર્તનશાલી, ઉદ્યોગી તથા ધનાઢ્ય બનાવવા માટેની નિરંતર કાળજી, —તેમના હિતમાં વૃદ્ધિ કરનાર નવાં નવાં સાધનો પૂરાં પાડવાની યોજનાઓ —ધાર્મિક તથા નૈતિક વિષયોમાં બાળપણથીજ પ્રીતિ ઉત્પન્ન કરવા માટે શાળાઓમાં દાખલ કરેલું તેનું શિક્ષણ,—આપણા દેશના પ્રાચીન ઇતિહાસનો સદ્બોધ, મહાપુરૂષો તથા વીરાંગનાઓનાં જીવન ચરિત્રો દ્વારા આપવા માટે રચાયેલાં તેમની જ કથાઓનાં નાનાં નાનાં પુસ્તકોનો સર્વત્ર થતો પ્રચાર—કલા-કૌશલ્યમાં સુધારો કરવા માટે થએલું બહારના કારીગરોનું આમંત્રણ—આદિ જોઇને તેની પ્રજાએ તેને માટે બાંધેલી સારી આશાઓ સફળ થવાનાં શુભચિન્હ પ્રત્યક્ષ જણાવા લાગ્યાં અને થોડા વર્ષમાંજ એની નાનકડી જાગીર પ્રગતિના એક દૃષ્ટાન્ત રૂપ બનશે એમ ચારે પાસથી સર્વ કહેવા લાગ્યા.

બિશનદાસને હવે વેપારી કે દુકાનદાર થવાની બ્હીક મટી ગઈ હતી. તેને તો કેશરીસિંહે પોતાનો ખાનગી કારભારી નીમ્યો હતો, અને વિશ્વાસનું પૂર્ણ સ્થાન હોવાથી, ખાનદાન કુટુમ્બનો હોવાથી, ઘણાં વર્ષ તેના ગાઢ પરિચયમાં આવેલો હોવાથી તેની પ્રીતિ સંપાદાન કરવા માટે તે સર્વ રીતે યોગ્યજ હતો. પોતાના સ્વામીની આજ્ઞાનું પાલન તે ઘણીજ કાળજીથી અને ખંતથી કરતો. સુપાત્રને દાન કરતો. ખેડુતોની સ્થિતિ સુધારવા માટે તેમને જેમ બને તેમ દેવાના બોજામાંથી મુક્ત રાખવા કોશેશ કરતો. જળાશયો બંધાવી આપવામાં સારી મદદ કરતો. ઉઘરાત વસુલ કરવામાં નરમાશ રાખતો. સારી ખેડ કરનારને ઇનામ આપતો. નબળાને બોધ આપી આર્થિક આશ્રયથી ઉત્તેજિત કરતો. સારાં સારાં સાધનો પૂરાં પાડીને તેમના ઉત્સાહને વધારતો અને તેમની આબાદીમાંજ પોતાના સ્વામીનું ખરેખરૂં હિત સમાયલું છે એમ સમજી તેમનાં કુટુમ્બને સારી સ્થિતિમાં રાખતો.

राजन् दुधुक्षसि यदि क्षितिधेनुमेनाम् ।
तेनाद्य वत्समिव लोकममुं पुषाण ॥
तस्मिंश्च सम्यगनिशं परिपोष्यमाणे ।
नानाफलैः फलति कल्पलतेव भूमिः ॥

એ શાસન અનુસાર ભૂમિને ગૌવત્ ગણીને—લોકોને તેના વાછડા રૂપ માનીને તેમના પોષણ વડે એ ગૌમાંથી વધારે દૂધ—ભૂમિમાંથી વધારે સમૃદ્ધિ—મેળવવા પ્રયત્ન કરતો. વાછડાના મ્હોંમાંથી તેનું જીવન-સત્વ હરી લઇને—તેને દુર્બળ કરીને પોતાના સ્વામીનો સ્વાર્થ સાધવા જતાં અંતે હાનિ થશે એમ એ યથાર્થ સમજતો હતો, તેથી રાજા-પ્રજા ઉભયના કલ્યાણ માટે પ્રત્યનશીલ રહેતો અને તેણે કરીને તેની પોતાની વાહવાહ વધવા માંડી એટલુંજ નહિ પણ તેના સ્વામીનું ગુણ-કીર્ત્તન સ્થળે સ્થળે થવા માંડયું ને પ્રજા સમસ્ત ઉપકારના બોજા તળે ડૂબી જઇને તેનુંજ નામ સ્મરણ કરવા લાગી તથા સુખ સંપત્તિમાં દિવસો વ્યતીત કરતી કરતી, દુષ્કાળ રૂપી ઉપાધિથી સદાને માટે મુક્ત થઈ.

બિશનદાસ કેશરીસિંહનો તેમ જુગલકિશોરી ચંદ્રપ્રભાનો જમણો હાથ બની હતી. તેણે સ્વપ્ને પણ નહિ ધારેલી પોતાના સુખની આશાઓ ફલીભૂત થયાથી હવે તે ગૃહિણી-ધર્મ યથાર્થ પાળવાને શક્તિમાન્ થઇ હતી. પોતાને નાનપણમાં મુંબઇ જેવા શહેરમાં મળેલી સારી કેળવણીને પ્રભાવે તેણે ચંદ્રપ્રભાના હૃદયમાં પણ તેનો પ્રદીપ જાગૃત કર્યો હતો અને બંને જણ શ્રમ લઇને ગામે ગામ પોતાના સ્વામીઓની સાથે ફરવામાં, બાળાઓને માટે શાળાઓ સ્થાપવાની હીલચાલ આગળ વધારવામાં, પ્રૌઢ સ્ત્રીઓને અવકાશનો સમય નિરર્થક પ્રલાપ કે નિન્દામાં નહિ ગાળતાં સદુપયોગી, લાભકારક કાર્યોમાં ગાળવાનું સમજાવવામાં—તેને માટે જોયતાં સાધનો પૂરાં પાડવામાં—અતિ આનંદ તથા ઉલ્લાસથી ભાગ લેતાં;—માંદાંની સારવાર કરવા માટે વૈદ્યો તથા સુશિક્ષિત સ્ત્રીઓની ગોઠવણ કરતાં;—તથા પોતે પણ જવા યોગ્ય સ્થળે જઇને દરદીઓને આશ્વાસન તથા આહાર વસ્ત્રાદિકની મદદ આપી તેમની આશિષ સંપાદન કરતાં. ટુંકામાં પોતાનું રાજ્ય નાનું છતાં તેની સકલ પ્રજા કેમ સુખી રહે—દ્રવ્યોપાર્જનના માર્ગ કેમ નવા નવા ગ્રહણ કરે—કુદરતી બક્ષીસોનો કેમ વિશેષ લાભ લે—ખનિજાદિ પદાર્થોની ઉત્પત્તિ કેમ વધે—એવા ને એવાજ વિચારમાં આ આખું કુટુમ્બ કાલ-નિર્ગમન કરતું.

આમ સર્વ પ્રકારે સુખી છતાં—પ્રતિદિવસ વિશેષ પ્રશંસા પામવા છતાં—આ યુગલના મનમાં એક વાતની ચિન્તા રહેતી હતી. મહારાણા સાહેબને કેશરીસિંહના આ સર્વ સ્તુત્ય પ્રયત્નો જાહેર થયા હતા તેથી તેઓને તેને માટે સદ્‌વિચાર ઉત્પન્ન થાય તેમાં કંઈ આશ્ચર્ય જેવું ન હતું. યુવકોને ઇંગ્લંડ મોકલવાથી તેઓ સ્વદેશના કલ્યાણમાં કેવી રીતે વૃદ્ધિ કરી શકે છે—

અભ્યુદયના નવા નવા માર્ગ કેવા ખુલ્લા કરે છે—પ્રજાનાં મન રંજન કરવાની સાથે—તેમને સુખી તથા સંતુષ્ટ રાખીને—રાજના પોતાના ખજાનામાં પણ કેવી રીતે ઉપજનો વધારો આણે છે—વિદેશીય ઉપયોગી સાધનો દાખલ કરીને રાજની આબાદી કેવી વધારી શકે છે, એ સર્વ પોતે હવે પ્રત્યક્ષ જોઇ શકતા હતા. તેથી તેનો લાભ પોતે મેળવવાને—પોતાના રાજ્યમાં કેશરીસિંહને કોઇ સારી પદ્વી આપવાને તત્પર થયા હતા. પરંતુ તેનું લગ્ન કોઇ અજ્ઞાત જ્ઞાતિની કન્યા સાથે થયું હતું તેથી તેમના મનમાં મ્હોટો ખચકો પડયો હતો, અને પોતાના જૂના વિચારને તે વાત રૂચતી ન હોવાથી કેશરીસિંહને દરબારમાં આવવાનું આમંત્રણ હજી મોકલવાનું તેમને ઉચિત લાગતું ન હતું. ભૂપતસિંહના કહેવાથી તેમણે એટલું તો જાણ્યું હતું કે ચંદ્રપ્રભાને પોતાને ત્યાં સોંપી જનાર મનુષ્યની આકૃતિ અને પોશાક કુલીન રજપૂતના જેવાંજ લાગતાં હતાં. તેની બોલી પણ તેવીજ હતી, પણ જ્યાં સુધી તે કોનું બાળક લાવ્યો હતો—પોતે કોણ હતો—શા સંજોગમાં મૂકી ગયો હતો—તે વાતનો નિશ્ચય ન થાય ત્યાં સુધી છાતી ઠોકીને તો કેમ કહેવાય કે એ અવર વર્ણની નજ હતી ?

કેશરીસિંહનો પ્રેમ ચંદ્રપ્રભા ઉપર સંપૂર્ણ હતો અને એની કુલીનતા વિષે એને તો કંઇ શંકા હતી જ નહિ, તેમ મહારાણા પાસે જવા માટે તે બહુ ઉત્સુક પણ ન હતો, પરંતુ ચંદ્રપ્રભાને પોતાને મનમાં જરા આશંકા સ્વાભાવિક રીતે આવવા લાગી હતી. સ્ત્રૈરિક બુદ્ધિ પ્રમાણે કોઇક કોઇક વાર ગામમાં થતી ચર્ચાની વાત એને કાને આવતી ત્યારે તે ક્ષોભ પામતી, પરંતુ પોતાના સ્વામીને તે જાણવા દેતી નહિ. પોતાના જન્મની ગુહ્ય વાત આટલે વર્ષે હવે સત્ય પ્રકાશમાં આવે એ બનવું અસંભવિત છે એમ એ માનતી હતી, અને તેથીજ રાજકુલમાં પોતાનો કે પોતાના સ્વામીનો પ્રવેશ આ ભવમાં તો થવાનો નથી જ એવો મત બાંધી તેની સર્વ આશા છોડી બેઠી હતી. તેને લીધે પોતાને બંનેને મળવાની વિશેષ પ્રતિષ્ટા પણ પોતે ખોઇ છે એમ માનતી. તેથી હવે તો આપણી નાની જાગીરમાં જ રહીને દિવસ ગાળવાના છે એવું એને કોઇ કોઇ વાર થઇ આવતું અને તેને લીધે જરા નિર્વેદ જેવું પણ વખતે આવી જતું. પરંતુ એની ઉત્પત્તિના સંબંધમાં પથરાઇ રહેલા અંધકારનો પ્રભુને નાશ કરવો હશે—એમને બંનેને અધિક ઉન્નતિમાન્ અને કીર્તિમાન્ બનવાનું એમના ભાગ્યમાંજ લખેલું હશે—ચંદ્રપ્રભાના ઉપર આજ સુધી લાગેલા એટલા કલંકનો પણ આભાસ ધોવાઇ જવાનો હશે ને તેને લીધે એનું સ્વરૂપ વિશેષ લાવણ્યમય થવાને

સર્જાયલું હશે તેથી એક દિવસ એ પોતાના ભવનમાં સ્નાન કરવા બેઠી હતી ત્યારે એના કંઠમાંનું માદળીયું, જે સેરમાં પરોવેલું હતું તે તૂટવાથી એના હાથમાં આવી પડ્યું અને આ પ્રમાણે નહીં ધારેલી વાત બનવાથી આજ સુધી જેના ઉપર એનું બીલકુલ લક્ષ ગયું નહતું તે એને કંઇક ચમત્કૃતિમય ભાસવા માંડ્યું. આ માદળીયામાં શું હશે એ જાણવાનો હવે એને વિચાર થયો. પહેલાં તો બીજાં તેવાં આભૂષણોની પેઠે એમાં લાખજ ભરેલી હશે એમ એ માનતી પણ જ્યારે એને યાદ આવ્યું કે એ માદળીયું પોતાની કોટમાં નાનપણથીજ રહેલું છે ત્યારે એમ પણ ભાન થયું કે મને મ્હારા આશ્રયદાતાને ત્યાં રાખવામાં આવી તે પહેલાંનું એ કદી કેમ ન હોય ? કેટલાંક કુળમાં એવાં માદળીયાંમાં કોઇ ગુપ્ત મંત્ર કાગળ ઉપર લખીને રાખવાનો રિવાજ હોય છે તેમ આમાં પણ કદાચ કંઇ કાગળ હોય તો ? આ વિચાર આવતાંજ એણે તેના ખૂણા ઉપરનું પતરૂં તપાસવા માંડ્યું. તે ઘણાં વર્ષો પહેલાં સંધાયલું હોવાથી અને રાત દિવસ કોટમાં રહેલું હોવાથી કંઇક જર્જરિત થઈ ગયું હતું ને તેમાં એણે જોરથી ખેંચવા માંડ્યું એટલે એક તરફથી તે ઉખડી ગયું અને એણે રાખેલી માન્યતા મુજબજ તેમાં ગડ વાળીને મૂકેલો એક કાગળ એની દૃષ્ટિયે પડ્યો. તે જોતાંજ કંઇક એના મનમાં અવનવો ઉલ્લાસ થઇ આવ્યો. આગામી વૃત્તાંન્તોનો ભેદ પૂર્વથી કેટલીક વાર કળ્યામાં આવે છે તેમ એને પણ શંકા થઇ કે નક્કી આમાં મ્હારા કુળની કંઇક હકીકત લખેલી હશે—પ્રભુ કરે ને આ પડદો દૂર થાય—મ્હારૂં નામ સુપ્રતિષ્ઠિત થાય--મ્હારૂં કુળ કીયું હશે—મ્હારાં માતપિતા કોણ હતાં—તે આમાંથી જણાય તો કેવી મઝા પડે ?--આવો વિચાર આવવાની સાથે અધીરાઇ વધતી જવાથી એણે તે કાગળ ધીમેથી—ફાટે નહિ એવી સંભાળ રાખીને—બ્હાર કાઢ્યો ને તેની ગડેગડ ઘણાજ નરમ હાથે ઉકેલતે ઉકેલતે જ્યારે તે આખો પોતાની દૃષ્ટિ પાસે ખુલ્લો થયો ત્યારે વાંચવા માંડ્યો તો એના હૃદયના હર્ષનો પાર રહ્યો નહિ. પોતે જે જ્ઞાન મેળવવા ઇચ્છતી હતી —જે હકીકત જાણવા માગતી હતી તે એમાં છે એમ જણાયું.—જે પ્રકાશ આજ સુધી પડ્યો ન હતો ને હવે પડવાની આશા પણ ન હતી તેજ પ્રકાશ તેનાથી પડવા લાગ્યો, એટલે નીગળતે વસ્ત્રે દોડતી દોડતી પોતાના સ્વામી પાસે જઇને-- "જુઓ, જુઓ,--આજ કંઇ આપણી દશા ફરવાનાં શુભ ચિન્હ જણાય છે," એમ કહેતી કહેતી તેની સોડમાં જઇને કાગળ સામીજ દૃષ્ટિ રાખીને ઉભી રહી. કેશરીસિંહને પણ તેની આ અજાયબ જેવી વર્તણુકથી—શું હશે તે જાણવાનું કુતૂહલ ઉત્પન્ન થવાથી—પોતાનું કામ પડતું મૂકીને તે

ઉભો થઇને એજ કાગળ વાંચવા લાગ્યો અને જ્યારે તેણે તેના પ્રારંભની લીટીઓ વાંચી ત્યારે તેના પણ આનંદની સીમા રહી નહિ. તેને હવે જણાયું કે પોતે જેને વગર ઓળખે પોતાની પ્રાણપ્રિયા બનાવી હતી ને પોતાના સર્વસ્વનું દાન કર્યું હતું—તે બીજી કોઇ નહિ પણ વીરક્ષેત્ર મેવાડના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ—પ્રૌઢ પ્રતાપી રાણા પ્રતાપસિંહના શૂરા સરદાર સલુમ્બરાના રાવત કલ્યાણસિંહના વંશજ રાજસિંહની પુત્રી હતી, અને તેની માતાએ પોતાના સ્વામીના અકાળ સ્વર્ગવાસથી અતિ ખિન્ન થઇને જ્યારે તેની સાથે શુદ્ધ સતીરૂપે સહગમન કરીને દૂર દેશમાં પોતાનો પ્રાણ ત્યાગ કર્યો હતો ત્યારે પોતાના ભાઇ અજબસિંહને સોંપી હતી. આટલા ઉપરથીજ તે બંને અનુમાન કરી શક્યાં કે એ બાળકને ભૂપતસિંહ પાસે સોંપી જનાર બીજો કોઇ નહિ પણ અજબસિંહ જ હોવો જોઈએ. તે પોતે પરણેલો ન હતો ને લશ્કરી નોકરીમાં જોડાયલો હતો તેથી તેનાથી એ બાળકની સંભાળ લેવાય એમ ન હતું એ પણ હવે સ્પષ્ટ થયું. આવી રીતે આવા દીર્ઘકાળ ઉપરની વાત આમ અચાનક પ્રસિદ્ધ થવાથી તેમનાં અંતઃકરણ હર્ષથી પ્રફુલ્લિત થયાં અને બિશનદાસ તથા જુગલને બોલાવીને તેમણે આ વધામણીના શુભ સમાચાર કહ્યા તેથી તેમણે પણ તે દિવસ કુંકુમના અક્ષરથી તવારીખમાં નોંધવા લાયક માનીને આખા ગામમાં ઉત્સવ તરીકે પાળવાની ગોઠવણ કરવા માંડી. થોડી વારમાં તો આ વધાઈ ઘેર ઘેર ફેલાઇ ગઇ અને કેશરીસિંહ તથા ચંદ્રપ્રભાના પ્રથમ પ્રવેશ સમયે જેટલો આનંદ પ્રજાને થયો હતો તે કરતાં પણ આજ સર્વને વિશેષ થએલો હોવાથી—પોતાની રાણી બીજી કોઇ નહિ પણ પોતાના પૂર્વજોના વિજયવંત, માનીતા સરદારની વંશવેલી વધારનાર હતી એવી તેમની ખાત્રી થવાથી તેમણે અતિ ઉત્સાહથી મંગલ કીર્ત્તન કરીને—ઉપરા ઉપરી પડાપડી કરતા કરતા વાજતે ગાજતે રાજદ્વાર પાસે આવીને પોતાનાં અભિનંદન આપીને તે હર્ષ પ્રદર્શિત કર્યો. કેશરીસિંહે પુરૂષ મંડળનો તથા ચંદ્રપ્રભાએ સર્વ સ્ત્રી મંડળનો અતિ આભાર માની તેમને શર્કરા આદિથી સંતુષ્ટ કર્યાં, અને અજબસિંહ હાલ ક્યાં હશે તેની શોધ કરવા માંડી. મહારાણાશ્રીના લશ્કર ખાતામાં તપાસ કરતાં એવી ખબર મળી આવી કે હવે તેઓ નિવૃત્ત થઇને ચિત્તોડ આવીને રહેલા છે તેથી તેમના ચરણમાં પોતાનાં શિષ નમાવીને તેમને પોતાના ખરા ઉપકારક રૂપે પ્રણામ કરવા માટે તથા તેમનો આશીર્વાદ પામવા માટે બંને જણ ચિત્તોડ ગયાં. ત્યાં તે વૃદ્ધ કુલજનને આમ અકસ્માત્ પોતાના બાળકનું એક નવ યૌવનારૂપે ફરી ગએલું સ્વરૂપ જોઇને અપૂર્વ આનંદ થયો,

ને જેને તેણે ફરીથી જોવાની આશા મૂકી હતી છતાં જેની કુશળતા માટે સદા મનમાં ચિન્તા રહેવાથી અહર્નિશ જેના કલ્યાણ માટે પોતે પ્રાર્થના કર્યા કરતો હતો તેને આજ આવી સુખી અવસ્થામાં જોવા પામ્યો તેથી પોતાને તે પૂરો ભાગ્યશાળી ગણીને દયાળુ પ્રભુનો પૂર્ણ ભક્તિ-ભાવથી પાડ માનવા લાગ્યો. કેશરીસિંહનું પણ તેને હવે ઓળખાણ થતાં આવા સારા સંબંધને માટે તે તેને ધન્યવાદ આપવા લાગ્યો અને બંને બાળકો જગત્ નિયંતાની કૃપાથી અહર્નિશ સુખ ભોગવી પ્રજાનાં કલ્યાણને અર્થે સતત પ્રયત્નશીલ રહે એવી આશિષ આપવા લાગ્યો.

આ શુભ પરિણામના સમાચાર મહારાણા સાહેબને અજબસિંહ પોતેજ જાહેર કરી આવ્યો તેથી તેમની પ્રીતિનો જુસ્સો જે આજ સુધી દબાઇ રહ્યો હતો તે હવે ઉછાળા મારતો બહાર આવ્યો અને તેમણે તરતજ આ યુવક તથા યુવતીને યોગ્ય સન્માન સાથે પોતાના દરબારમાં તેડાવ્યાં ને તેમની ઉત્પત્તિ તથા સ્થિતિ વિષે આખા રાજ્યમાં સત્ય હકીકત પ્રસિદ્ધ કરાવવાની સાથે કેશરીસિંહને પોતાના અમાત્ય નીમવાનો પણ હુકમ આપ્યો તેથી એ શરમાઇને તેમને ચરણે પડયો અને પોતાની યોગ્યતા કરતાં વિશેષ માન આપવાની તેઓ સાહેબે કરેલી આ મ્હોટી કૃપાને માટે ઉપકારના શબ્દો નહિ જડી આવવાથી હર્ષાશ્રુથીજ તે જણાવીને શાન્ત રહ્યો.

ચંદ્રપ્રભાને પણ મહારાણા સાહેબે પોતાની પાસે બોલાવી માથે હાથ મૂકી પોતાની પુત્રી સ્થાપી, 'અખંડ સૌભાગ્યવતી ભવ' એમ આશિષ આપી તેથી એ પણ એમના ઉપકાર તળે દબાઇ ગઇ અને મહારાણા સાહેબના અંતઃપુરમાં સન્માન સાથે પ્રવેશ કરવાની અનુજ્ઞા મળવાની એણે જે ચિરકાળથી ઇચ્છા રાખી હતી તે આ પ્રમાણે ફલીભૂત થતાં એ પોતાને કૃતકૃત્ય માનવા લાગી.

